સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1689/57 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 5 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૧ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧ | ઈશાન કિશનનું તોફાનઃ ૪૨ બૉલમાં સેન્ચુરી ૧૩






નિર્મલા સીતારમણ આજે સવારે ૧૧ વાગ્યે અંદાજપત્ર રજૂ કરશે

# બજેટના ૩ મંત્ર હશે ઉત્પાદન, નોકરીઓ, અર્થતંત્રની રૉકેટગતિ

## પેટ્રોલ, ડીઝલ પરની ઍક્સાઇઝ ડ્યૂટી વધી શકે છે

## ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચાર રાજ્યને ખાસ લાભ મળવાની શક્યતા

## અક્ષયઊર્જા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે વધુ રાહતની વકી

નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરી, રવિવારે સવારે ૧૧ વાગ્યો સતત નવમું અંદાજપત્ર (બજેટ) રજૂ કરશે. તેમાં ઉત્પાદન, રોજગારી અને અર્થતંત્રને નવું જોમ પાડતી અનેક જોગવાઇના સમાવેશની આશા રખાય છે. પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ અને આસામમાંની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેઓને લાભ કરાવવા બજેટમાં કેટલીક જોગવાઇ થવાની શક્યતા છે.

દેશમાં રસ્તા, રેલવે, અક્ષયઊર્જા, સંરક્ષણ ક્ષેત્રના ઉત્પાદન, શહેરી આંતરિક માળખા (ઇન્ફ્રાસ્ટ્રક્ચર) અને પરિવહન જેવા ક્ષેત્રે મૂડી ખર્ચમાં વધારો થવાની આશા છે.

અંદાજપત્રમાં અક્ષયઊર્જા ઉપરાંત, ગ્રીન હાઇડ્રોજન, બેટરી સ્ટૉરેજ અને ઇલેક્ટ્રિક મોબિલિટીના લાભાર્થે કેટલાક પગલાં જાહેર થઇ શકે છે.

અમેરિકાએ ભારતના માલસામાન પર વધારેલી ટૅરિફ અને વૈશ્વિક વેપારમાં ઊભી થયેલી સ્પર્ધાને લીધે નિકાસકારો અને સ્થાનિક ઉત્પાદકોને સહાય કરવા વિવિધ પગલાંની બજેટમાં જાહેરાત થવાની શક્યતા છે.

દેશની સ્વતંત્રતા પછી આ પહેલી વખત રવિવારે અંદાજપત્ર રજૂ કરાશે.

નિર્મલા સીતારમણ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ સુધીના નાણાકીય વર્ષ (૨૦૨૬-૨૭)નું અંદાજપત્ર રવિવારે રજૂ કરવાના છે, પરંતુ તે અગાઉ આવકવેરા અને જીએસટીમાં રાહત આપી જ દેવાઇ છે તેમ જ આંતરિક માળખા માટેનો ખર્ચ વધારાયો છે અને ભારતીય રિઝર્વ બૅન્કે વ્યાજદર ઘટાડ્યો હોવાથી નવી મોટી જાહેરાતની સંભાવના નથી જણાતી.

વૈશ્વિક અસ્થિરતાને લીધે સ્વદેશી માલસામાનનું ઉત્પાદન વધારવા અને સ્થાનિક બજારમાં વધુ વેચાણ માટે સરકાર પર દબાણ છે. મધ્યવર્તી બૅન્ક ફુગાવાને (જુઓ પાનું ૨) ▸▸

## સોના-ચાંદી પરની કસ્ટમ્સ ડ્યૂટીમાં પણ રાહત અપાશે?

ભારતમાં સોના અને ચાંદીના ભાવ તાજેતરના રેકોર્ડ ઊંચા સ્તરથી ઘટ્યા છે, પરંતુ હજુ એ ઘણા ઊંચા છે, જેના કારણે ખરીદદારો અને રોકાણકારો આજના કેન્દ્રીય બજેટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

બજારની અટકળો આયાત જકાતમાં સંભવિત ફેરફારો પર કેન્દ્રિત છે, જે ૨૦૧૨-૧૩ માં ભૂતકાળમાં થયેલા વધારા અને ગયા વર્ષે દાણચોરીને રોકવા માટે ડ્યૂટીમાં લગભગ ૬ ટકાનો તીવ્ર ઘટાડાની યાદ અપાવે છે. ઝવેરીઓ (જુઓ પાનું ૨) ▸▸

# મી સુનેત્રા અજિત પવાર...

## મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા ડેપ્યુટી સીએમ બનેલાં સુનેત્રા પવારને નાણાં ખાતું ન મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન તરીકે દિવંગત એનસીપી પ્રમુખ અજિત પવારનાં પત્ની સુનેત્રા પવારે શનિવારે શપથ લીધા હતા. તેમને રાજ્યના એક્સાઈઝ ખાતું, રમત-ગમત, લઘુમતી વિકાસ અને વક્ફ ખાતાના પ્રધાન તરીકેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. જોકે, અજિત પવાર પાસે રહેલા નાણાં ખાતાની જવાબદારી તેમને આપવામાં આવી નહોતી, જે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર (જુઓ પાનું ૨) ▸▸



મુંબઈમાં લોકભવન ખાતે મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન તરીકે સુનેત્રા પવારની યોજાયેલી શપથવિધિમાં દેવેન્દ્ર ફડણવીસ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને એકનાથ શિંદે. (અમય ખરાડે)

## વડા પ્રધાન મોદીએ શુભેચ્છાઓ પાઠવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહારાષ્ટ્રના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન બનેલાં સુનેત્રા પવારને શુભેચ્છાઓ પાઠવી હતી. મને વિશ્વાસ છે કે સુનેત્રા પવારજી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યકાળ શરૂ કરશે, આ જવાબદારી સંભાળનાર તેઓ પ્રથમ મહિલા છે, એમ મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું. મને વિશ્વાસ છે કે તેઓ રાજ્યના લોકોના કલ્યાણ માટે અથાક મહેનત કરશે અને સ્વર્ગસ્થ અજિતદાદા પવારના વિઝનને પૂર્ણ કરશે, એમ પણ વડા પ્રધાને કહ્યું હતું.ઉ■

## સુનેત્રા પવારને મહોરું બનાવી...

## વિલિનીકરણના શરદ પવારના પેંતરાની ભાજપે હવા કાઢી નાખી?

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અંતિમ સંસ્કાર દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ એનસીપી (એસપી)ના વડા શરદ પવારને મળ્યા ત્યારે જ તેમની આંખમાં રમતા સાપોલિયાંને ઓળખી ગયા હતા અને તરત જ તેમણે પોતાની રમત ચાલુ કરીને શરદ પવારને મહાત આપી હોવાની ચર્ચા અત્યારે રાજકીય વિશ્લેષકોમાં થઈ રહી છે.

એવો દાવો કરવામાં આવ્યો હતો કે ગુરુવારે શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ અજિત પવાર જૂથના અધિકારી સાથે વિલિનીકરણની યોજના બનાવી ત્યારથી, આ પગલાને પાટા પરથી ઉતારવાની યોજનાઓ શરૂ થઈ ગઈ છે. આ કાવતરા એ માન્યતાથી જન્મ્યા હતા કે શરદ પવાર પાર્ટીના નિર્વિવાદ નેતા બનશે, જે (જુઓ પાનું ૨) ▸▸

# પાકિસ્તાન સળગ્યુંઃ ૧૨ શહેર પર ક્રાંતિકારીઓનો હુમલો

▸ બલૂચિસ્તાનની હિંસામાં ૭૦ ક્રાંતિકારી, ૧૫ સલામતી કર્મચારીનાં મોત

▸ પાકિસ્તાનના સૈનિકો ચોકી છોડીને ભાગ્યા

કરાચીઃ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં શનિવારે સવારે ક્રાંતિકારીઓએ ૧૨ શહેર પર એકસાથે હુમલા કર્યા હતા. તેનાથી ડરીને પાકિસ્તાનના સૈનિકો ઘણી ચોકી છોડીને નાસી ગયા હતા. ક્રાંતિકારીઓએ અનેક પોલીસ સ્ટેશન પર કબજો કર્યો હતો. આ હુમલામાં બન્ને પક્ષે મોટી જાનહાનિ થઇ હોવાનો અહેવાલ છે. પ્રાંતની ઘણી જેલમાંના કેદીઓને પણ મુક્ત કરાવાયા હોવાનું કહેવાય છે.

બલૂચ ક્રાંતિકારીઓએ શનિવારે પ્રાંતના ગ્વાદર, ક્વેટા, પસની, મસ્તુંગ, નુશ્કી જેવા કુલ ૧૨ શહેર પર કરેલા હુમલાથી પાકિસ્તાનનાં સલામતી દળો ઊંઘતા ઝડપાયા હતા અને ડરીને ચોકીઓ તેમ જ પોલીસ સ્ટેશન છોડીને ભાગી ગયા હતા. બલૂચ લિબરેશન આર્મીએ પ્રાંતના લોકોને જાહેરમાં ક્રાંતિકારીઓને સાથ આપવાની અપીલ કરી હતી. ક્રાંતિકારીઓએ બલૂચિસ્તાનમાંની અનેક (જુઓ પાનું ૨) ▸▸

## યુકે-ચીન વચ્ચે અબજો પાઉન્ડના નિકાસ અને રોકાણ સોદા થયા

લંડનઃ બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરે તેમનો ચીન પ્રવાસ પૂર્ણ કર્યો છે. મુલાકાત દરમિયાન તેમણે અબજો પાઉન્ડના નિકાસ અને રોકાણ સોદાઓ કર્યા હોવાનો તેમજ ચીન સાથે અગાઉના તણાવપૂર્ણ સંબંધોમાં સ્થિરતા આવી હોવાનો દાવો કર્યો છે.

ડાઉનિંગ સ્ટ્રીટે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું કે આ અઠવાડિયે તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન બ્રિટન અને ચીન વચ્ચે ૨.૨ અબજ પાઉન્ડની નિકાસ ડીલ, પાંચ વર્ષમાં લગભગ ૨.૩ અબજ પાઉન્ડના માર્કેટ એક્સેસ કરાર અને સેંકડો લાખો પાઉન્ડના નવા રોકાણ પર હસ્તાક્ષર થયા છે.

સ્ટાર્મરે જણાવ્યું કે અમે ચીન સાથેના સંબંધોમાં સ્થિરતા, સ્પષ્ટતા અને લાંબા ગાળાની વ્યૂહરચના લાવી રહ્યા છીએ. જેથી અમે વ્યવસાયો અને કામકાજી લોકો માટે ફાયદાઓ ઘરઆંગણે લાવી શકીએ. તેમણે કહ્યું કે ચીન સાથે જોડાણ એ એકમાત્ર રસ્તો છે જેના દ્વારા આપણે બ્રિટિશ વ્યવસાયો માટે વિકાસ સુનિશ્ચિત કરી શકીએ છીએ. ઘરઆંગણે સારી નોકરીઓને સપોર્ટ કરી શકીએ અને આપણી રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ કરી શકીએ છીએ.

આ બાજુ ચીન પક્ષે મનોરંજન બ્રાન્ડ પોપ માર્ટ-વાયરલ રમકડા લબુબુના નિર્માતાએ લંડનને તેનું પ્રાદેશિક કેન્દ્ર બનાવવાની અને યુકેમાં સાત સ્ટોર ખોલવાની યોજનાની પુષ્ટિ કરી છે. જેથી ૧૫૦થી વધુ નોકરીઓનું સર્જન થશે.



**ફૂલ ખિલે હૈં ગુલશન ગુલશનઃ**
નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ-ભવન ખાતે ત્રીજી ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી ખુલ્લા રહેનારા 'અમૃત ઉદ્યાન'ના દ્વાર સામાન્ય જનતા માટે ખોલતા પહેલાં પત્રકારોને આ બગીચો બતાવાયો હતો. (પીટીઆઇ)

## આજથી સિગરેટ અને પાન મસાલા મોંઘાં થશે

નવી દિલ્હીઃ પહેલી ફેબ્રુઆરીથી અમલી બને તે રીતે તમાકુ અને સિગરેટના ઉત્પાદનો પર વધારાની આબકારી જકાત અને પાન મસાલા પર વધારાનો સેસ લાગુ પડશે.

આ તમામ વસ્તુઓ પર પહેલી ફેબ્રુઆરીથી સર્વાધિક ૪૦ ટકા જેટલો જીએસટી લાગુ પડશે. સેસ અને આબકારી જકાત વર્તમાન પહેલી જુલાઈ ૨૦૧૭થી લાગુ કરવામાં આવેલા ૨૮ ટકા જીએસટી અને (જુઓ પાનું ૨) ▸▸

## લળી-લળીને લોન મેળવી, સ્વમાન પણ ગુમાવ્યુંઃ પાકિસ્તાની પીએમ

ઈસ્લામાબાદઃ વિદેશી લોન મેળવવા પાકિસ્તાનને સ્વાભિમાનના ભોગે માથું નમાવવા અને સમાધાન કરવા મજબૂર કરવામાં આવ્યું હતું, એમ વડા પ્રધાન શાહબાઝ શરીફે નાણાકીય સહાય માટે મૈત્રીપૂર્ણ દેશો પાસે જવાના અપમાન વિશે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે.

શુક્રવારે અહીં દેશના પ્રખ્યાત ઉદ્યોગપતિઓ અને નિકાસકારોના સન્માનમાં આયોજિત એક સમારોહને સંબોધતા, શરીફે તે મુશ્કેલ સમયને યાદ કર્યો જ્યારે પાકિસ્તાન નાદારીના ભયનો સામનો કરી રહ્યું હતું અને કેટલાક લોકો તેને ટેક્નિકલ ડિફોલ્ટની આરે હોવાનું વર્ણવતા હતા. તેમણે (જુઓ પાનું ૨) ▸▸

જેફ્રી એપસ્ટીન કૌભાંડના 30 લાખ પાનાં જાહેરઃ ક્લિન્ટન, બેઝોસ, મસ્કનાં નામ

## મીરાં નાયર ગઇ હતી સૅક્સ કૌભાંડીની પાર્ટીમાં

ન્યૂ યોર્કઃ ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મમદાનીની માતા અને ભારતીય મૂળનાં ફિલ્મનિર્માતા મીરાં નાયર સેક્સ કૌભાંડની આરોપી ગિસ્લેન મેક્સવેલના ઘરે યોજાયેલી મોટી પાર્ટીમાં હાજર રહ્યા હોવાનો ખુલાસો જેફ્રી એપસ્ટીનની ફાઇલ્સને લગતા તાજેતરમાં જાહેર થયેલા દસ્તાવેજોમાં થયો હતો.

જેફ્રી એપસ્ટીનનું સેક્સ ટ્રાફિકિંગના ખટલાની રાહ જોતા ૨૦૧૯માં જેલમાં જ નિધન થયું હતું. અમેરિકાના ન્યાય વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા અંદાજે (જુઓ પાનું ૨) ▸▸

### ૧૩ વર્ષની છોકરી સાથેના ટ્રમ્પના કાંડનોય ઉલ્લેખ

વૉશિંગ્ટનઃ અમેરિકાના ન્યાય વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ) દ્વારા સૅક્સ કૌભાંડના ગુનેગાર જેફ્રી એપસ્ટીનને લગતા બહાર પડાયેલા ગુપ્ત દસ્તાવેજોમાં અમેરિકાના હાલના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અંદાજે પચીસ વર્ષ પહેલાં ન્યૂ જર્સીમાં ૧૩થી ૧૪ વર્ષની છોકરીને સૅક્સ માટે ફરજ પાડી હોવાનો આક્ષેપ કરાયો હતો. વાઇટ હાઉસે આ દસ્તાવેજોના સંબંધમાં તાત્કાલિક કોઇ નિવેદન નહોતું આપ્યું. દસ્તાવેજોમાં (જુઓ પાનું ૨) ▸▸

## મોદીની મુલાકાત પહેલા જલંધરમાં ડેરા બાલન અને પાંચ સ્કૂલને બૉમ્બની ધમકી

ચંડીગઢઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ડેરાના વડામથકની મુલાકાતના એક દિવસ અગાઉ જલંધરસ્થિત ડેરા સાચાખંડ બાલન અને પાંચ સ્કૂલને બૉમ્બવિસ્ફોટ કરવા સંબંધિત ઈમેલ શનિવારે મળ્યો હતો.

ગુરુ રવિદાસ જયંતી નિમિત્તે શોભાયાત્રા માટે રજા જાહેર કરી હોવાને કારણે બંધ રહેલી સ્કૂલોની સઘન સુરક્ષા ચકાસણી કરવામાં આવી હતી અને એ દરમિયાન કશું શંકાસ્પદ મળી આવ્યું નહોતું એમ જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે વડા પ્રધાન મુલાકાત લેવાના હોવાને કારણે ડેરાની સુરક્ષા અગાઉ જ વધારી દેવામાં આવી હતી. ઓછામાં ઓછી પાંચ સ્કૂલને બૉમ્બવિસ્ફોટ સંબંધિત ઈમેલ મળ્યો હતો જેને પગલે પોલીસે સ્કૂલના પરિસરોની સઘન ચકાસણી કરવા બૉમ્બ ડિસ્પોઝેબલ સ્કવોડને બોલાવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. ભાંગફોડવિરોધી તપાસના અંતે કશું જ શંકાસ્પદ ન મળી આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. ધમકીભર્યા ઈમેલનો આશય વડા પ્રધાનની જલંધર મુલાકાત અગાઉ લોકોમાં ગભરાટ ફેલાવવાનો હોવાનું માનવામાં આવે છે. આ મામલે હાલ તપાસ હેઠળ છે, એમ તેમણે કહ્યું હતું. ગુરુ રવિદાસની ૬૪૯મી જયંતી નિમિત્તે રવિવારે મોદી ડેરા બાલનની મુલાકાત લેશે. (એજન્સી)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

## તા. ૧-૨-૨૦૨૬ થી તા. ૭-૨-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મકર રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ મકર રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. માર્ગી બુધ શીઘ્ર ગતિએ તા. ૩જીએ કુંભ રાશિમાં પ્રવેશે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર મકરમાંથી કુંભમાં તા. ૬ઠ્ઠીએ પ્રવેશે છે. માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨જીએ સિંહ રાશિમાં પ્રવેશે છે. તા. ૫ મીએ કન્યા રાશિમાં, તા. ૭મીએ તુલા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. તા. ૨જી, ૬ઠ્ઠી, ૭મીએ નોકરીના નિર્ણયો સફળ બનતા જણાશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. મુસાફરીમાં તા. ૪, ૫, ૬ઠ્ઠીએ અનુકૂળ તકો મેળવશો. મુસાફરી દ્વારા નાણાં ઉઘરાણીનાં કામો સરળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને તા. ૪થી, ૫ મીએ પ્રાસંગિક જવાબદારીમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં તા. ૬ઠ્ઠી, ૭મીએ અભ્યાસની સફળતાનો અનુભવ કરશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે તથા દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે. નોકરી માટે તા. ૨, ૬, ૭ શુભ પુરવાર થશે. નોકરીના અધિકારીનું માર્ગદર્શન મેળવશો. વ્યાપારમાં વિકાસ થાય. વેપારના મિત્રો ઉપયોગી થશે. ગૃહિણીઓને પ્રાસંગિક જવાબદારીમાં સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓના અધ્યયન નિયમિતપણે જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કામકાજમાં પરિવર્તનો લાવી શકશો. નોકરીમાં તા. ૩, ૪ શુભ જણાય છે. તા. ૪થી, ૬ઠ્ઠી, ૭મીએ કારોબારની નાણા આવક મેળવશો. નોકરીના સહકાર્યકરોમાં સંપનો અનુભવશો. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. મુસાફરીઓ આ સપ્તાહમાં સાનુકૂળ બની રહેશે. મહિલાઓના તીર્થપ્રવાસ સફળ જણાય છે. વિદ્યાર્થીઓ અધ્યયનમાં એકાગ્રતા અને નિયમતતા જાળવી શકશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણની તક મેળવશો. તા. ૨જી, ૫મી, ૬ઠ્ઠીએ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નોકરીના આ સપ્તાહના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નવી ભાગીદારી, નવા કારોબારના સંબંધો રચાઈ શકે તેમ છે. વ્યવસાયના નાણાંના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા પ્રકારના અભ્યાસમાં સફળતા અને પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવશો. નોકરીમાં માનપ્રતિષ્ઠા મેળવશો. તા. ૨, ૪, ૫ નોકરી ક્ષેત્રે યશપ્રાપ્તિ દર્શાવે છે. અનારોગ્યમાં ઝડપી સુધારો આવશે. મદદ્નીશ મેળવશો. બેન્ક લોન મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં પડોશ સંબંધોમાં સુખદ અનુભવની પ્રાપ્તિ થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાનો અનુભવ થશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું કામકાજ મેળવી શકશો. નોકરીના મિત્રોમાં યશ મેળવશો. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. નોકરી માટે આ સપ્તાહ શુભ જણાય છે. તા. ૫, ૬, ૭ શુભ જણાય છે. તા. ૭મીએ ભાગીદારનો સુખદ અનુભવ કરશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના નિયમિત અભ્યાસ જળવાઈ રહેશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહક વેપાર સફળ નીવડશે. નોકરીમાં સ્થાન બદલી શક્ય છે. નોકરીના સ્થળ. જરૂરી સાધનો ઈત્યાદિના પ્રશ્નનો ઉકેલ આવશે. તા. ૨, ૩, ૬ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નવી આવકના સાધનો મેળવશો. મહિલાઓને કુટુંબ જીવનનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને યશસ્વી અનુભવ થશે. પ્રવાસમાં નવી ઓળખાણો થશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર રોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૨, ૩, ૫ શુભ જણાય છે. પ્રવાસમાં યશસ્વી કાર્યો પૂર્ણ થાય. રાજકારણમાં સફળતા મેળવશો. મિત્રોમાં યશ મેળવશો. વેપારમાં પ્રગતિ જળવાઈ રહેશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતાનો અનુભવ થાય.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે. નોકરી માટે તા. ૨, ૪, ૫, શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં યશ અનુભવશો. પ્રવાસમાં વિશિષ્ટ કાર્યો પૂર્ણ થાય. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીની જવાબદારીમાં સરળતા જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષામાં સફળ પરિણામો પ્રાપ્ત કરશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ માટેની તક મેળવશો. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૧, ૨, ૭ કાર્યક્ષેત્રે સફળતા દર્શાવે છે. નાણાં વ્યવહાર અનુકૂળ બની રહેશે. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. પ્રવાસ વિશેના નિર્ણયો સરળતાથી લઈ શકશો. મહિલાઓ આ સપ્તાહમાં સ્વજનોનો સહયોગ પ્રાપ્ત કરશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની સાધન સામગ્રી પ્રાપ્ત થતી જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવશો. નોકરી માટે તા. ૧, ૪, ૫ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ અને સંઘભાવનાનો અનુભવ કરશો. પ્રવાસ એકંદરે ઉપયોગી પુરવાર થશે. ભાગીદાર ઉપયોગી થશે. નાણાં વ્યવહાર પૂર્ણ થઈ શકશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૪, ૫, ૬ નોકરી માટે શુભ જણાય છે. નોકરીમાં અપેક્ષાનુસાર કામકાજ પૂર્ણ થઈ શકશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા કુટુંબના કામકાજ પૂર્ણ થઈ શકશે. મહિલાઓને આ સપ્તાહમાં સ્વજનોનો સુખદ અનુભવ થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાનો અનુભવ થશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૧–૨–૨૦૨૬, વ્રતની પૂનમ, માઘી પૂર્ણિમા

ભારતીય દિનાંક ૧૨, માહે માઘ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ–૧૫
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ–૧૫
પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૩–૫૭ સુધી, પછી આશ્લેષા
ચંદ્ર કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૫, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ સવારે ક. ૧૧–૨૩, મધ્યરાત્રે ક. ૦૦–૧૮
ઓટઃ સાંજે ક. ૧૭–૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૩૫ (તા. ૨)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ – પૂર્ણિમા. વ્રતની પૂનમ, માઘી પૂર્ણિમા, માઘસ્નાન સમાપ્તિ, અન્વાધાન, કુલધર્મ, ગુરુ રવિદાસ જયંતી, અગ્નિ ઉત્સવ (ઓરિસ્સા), ફ્લોટિંગ ફેસ્ટિવલ – થૈ પુષ્પમ (દક્ષિણ ભારત), શુક્રોદય પશ્ચિમ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬–૪૨.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, કુળદેવી–દેવતા, તીર્થદર્શન. કુળદેવી દેવતા, તીર્થ દર્શન, રીતિરિવાજ પરંપરા અનુસાર વિશેષ નૈવેદ્ય અર્પણ, વ્રતની પૂનમનો ઉપવાસ, શનિ ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે, પીપળાનું પૂજન, તીર્થમાં સ્નાનનો મહિમા, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, સીમંત, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, યંત્ર, વાહન, બી વાવવું, સુવર્ણ ખરીદી.
ફેબ્રુઆરી–૨૦૨૬નાં સંક્ષિપ્ત ગ્રહ–રાશિ–નક્ષત્ર, ઉદય –અસ્તઃ તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૭ મિ. ૧૪, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૩૦.
ચંદ્ર ઉદયઃ ક. ૧૮–૦૩, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૬–૪૧ (તા. ૨) બુધ ઉદયઃ ક. ૦૭–૪૪, બુધ અસ્તઃ ક. ૧૮–૫૬, શુક્ર ઉદય ક. ૦૭–૩૯, અસ્તઃ ક. ૧૮–૫૧, મંગળ ઉદયઃ ક. ૦૬–૫૯, અસ્તઃ ક. ૧૮–૦૧, ગુરુ ઉદયઃ ક. ૧૮–૩૬, અસ્તઃ ક. ૦૫–૪૫, શનિ ઉદયઃ ક. ૦૯–૫૭, અસ્તઃ ક. ૨૧–૪૮, તા. ૧ ફેબ્રુઆરી, સૂર્યોદયના સમયે મકર રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે કર્ક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૬ઠ્ઠીએ ધનિષ્ઠા, તા. ૧૯મીએ શતતારા નક્ષત્રમાં પ્રવેશે છે., મંગળ તા. ૧૫મીએ ધનિષ્ઠા નક્ષત્રમાં પ્રવેશે છે. બુધ તા. ૭મીએ શતતારા, તા. ૧૫મીએ પૂર્વાભાદ્રપદા, શુક્ર તા. ૧૧મીએ શતતારા, તા. ૨૨મીએ પૂર્વાભાદ્રપદા, ગુરુ પુનર્વસુ નક્ષત્ર, મિથુન રાશિમાં રહે છે. રાહુ શતતારા નક્ષત્ર, કુંભ રાશિમાં, કેતુ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે. શનિ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, મીન રાશિમાં ભ્રમણ કરે છે.
આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર–શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર–મંગળ પ્રતિયુતિ લગ્નજીવનમાં સાવધાની જરૂરી, ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ મહત્ત્વકાંક્ષાઓને પૂર્ણ કરવા મહેનત કરવી પડે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–મંગળ પ્રતિયુતિ, ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ (તા. ૨)
ગ્રહગોચરઃ સૂર્ય–મકર, મંગળ–મકર, માર્ગી બુધ–મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–મકર (શુક્ર પશ્ચિમમાં ઉદય) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧-૨-૨૦૨૬ થી તા. ૭-૨-૨૦૨૬

રવિવાર, માઘ સુદ–૧૫, વિ. સં. ૨૦૮૨, તા. ૧લી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૩–૫૭ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, માઘી પૂર્ણિમા, માઘસ્નાન સમાપ્તિ, અન્વાધાન, કુલધર્મ, ગુરુ રવિદાસ જયંતી, અગ્નિ ઉત્સવ (ઓરિસ્સા), ફ્લોટિંગ ફેસ્ટિવલ – થૈ પુષ્પમ (દક્ષિણ ભારત), શુક્રોદય પશ્ચિમ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬–૪૨. શુભ દિવસ.

સોમવાર, માઘ વદ–૧, તા. બીજી. નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૨–૪૭ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૨–૪૭ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, ગુરુ પ્રતિપદા, ગાણગાપુરયાત્રા. સામાન્ય દિવસ.

મંગળવાર, માઘ વદ–૨, તા. ૩જી, નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૨–૧૦ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. બુધ કુંભમાં રાત્રે ક. ૨૧–૫૨. લગ્ન, શુભ દિવસ.

બુધવાર, માઘ વદ–૩, તા. ૪થી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૨–૧૨ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮–૧૯ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. મોઢેશ્વરી માતા પ્રાગ્ટય (મોઢેરા), બુધોદય પશ્ચિમ, શબ્બેબારાત (મુસ્લિમ), હર્ષલ માર્ગી સવારે ક. ૦૮–૦૪, ભદ્રા બપોરે ક. ૧૨–૨૧થી ૨૪–૧૦. લગ્ન, ઉપનયન, ખાતમુહૂર્ત, શુભ દિવસ.

ગુરુવાર, માઘ વદ–૪, તા. પાંચમી, ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૨–૫૬ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૧–૪૮, શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિર પ્રાણ – પ્રતિષ્ઠા મહોત્સવ (ગોરેગાંવ–મુંબઈ), શુક્ર કુંભમાં મધ્યરાત્રે ક. ૨૫–૧૨. લગ્ન, ખાત, ઉપનયન, શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, માઘ વદ–પાંચમ, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪–૨૩ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિરમાં સહસ્ર ભોજન મહોત્સવ (ગોરેગાંવ–મુંબઈ), સૂર્ય ધનિષ્ઠામાં બપોરે ક. ૧૪–૦૫, લગ્ન, શુભ દિવસ.

શનિવાર, માઘ વદ–૬, તા. ૭મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૭ સુધી (તા. ૮મી) પછી સ્વાતિ. ચંદ્ર કન્યા બપોરે ક. ૧૩–૨૧ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૪. શુભ દિવસ.

# બંગાળની ટીએમસી જેટલી ભ્રષ્ટ સરકાર એકેય નહીંઃ અમિત શાહ

કોલકાતાઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પશ્ચિમ બંગાળમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણીમાં ઉત્તર બંગાળની તમામ વિધાનસભા બેઠકો પર વિજય મેળવશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે આ દાવો કર્યો હતો.

તેમણે એ પણ દાવો કર્યો કે ભારતમાં પશ્ચિમ બંગાળની ટીએમસી સરકાર કરતાં વધુ ભ્રષ્ટ કોઇ સરકાર નથી. પશ્ચિમ બંગાળના સિલિગૂડીમાં પાર્ટી કાર્યકરોની એક બેઠકને સંબોધતા શાહે આરોપ લગાવ્યો કે રાજ્યમાં મમતા બેનરજી સરકારના અધિકારીઓ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) પ્રક્રિયા પૂર્ણ કરવામાં ચૂંટણી પંચ (ઇસી)ને સહકાર આપી રહ્યા નથી.

શાહે જણાવ્યું કે એસઆઇઆરમાં મમતા બેનરજીના અધિકારીઓ ચૂંટણી પંચને સહકાર આપી રહ્યા નથી. પરંતુ ભારતીય જનતા પાર્ટી એસઆઇઆરને સમર્થન આપી રહી છે. તેમજ અમે એ સુનિશ્ચિત કરીશું કે અહીં મતદાર યાદીને શુદ્ધ કરવામાં આવે. અમે ચૂંટણી પંચને સંપૂર્ણ સહયોગ આપીશું. ચૂંટણી તોફાનની ભવિષ્યવાણી કરતાં શાહે કહ્યું કે ભાજપ આગામી વિધાનસભા ચૂંટણીમાં ઉત્તર બંગાળની તમામ બેઠકો વિજય મેળવશે. તેમજ દાવો કર્યો કે લોકો ટીએમસીના સિન્ડિકેટ રાજ અને ભ્રષ્ટાચારથી કંટાળી ગયા છે. અમિત શાહે વધુમાં જણાવ્યું કે ૨૦૨૬ની ચૂંટણીઓમાં આપણે તૃણમૂલ કોંગ્રેસ સરકારને સંપૂર્ણપણે ઉખેડી ફેંકવાની છે. તેમણે બંગાળને સંપૂર્ણપણે બરબાદ કરી નાખ્યું છે. હું આજે તમને કહી રહ્યો છું કે ૨૦૨૬નું વર્ષ બંગાળ માટે પરિવર્તનનું વર્ષ બનવા જઇ રહ્યું છે.

## અમેરિકી શસ્ત્રોનું જબરું વેચાણઃ

# ઈઝરાયલ ૬.૬૭ અને સઉદી નવ અબજ ડૉલરનાં હથિયારો ખરીદશે

વૉશિંગ્ટનઃ ટ્રમ્પ વહીવટીતંત્રએ ઈઝરાયલને ૬.૬૭ અને સાઉદી અરેબિયાને નવ અબજ ડૉલરના શસ્ત્રો વેચવાની મંજૂરી આપી દીધી છે. ઈરાન પર અમેરિકાના સંભવિત હુમલાના વધી રહેલા જોખમને કારણે અખાતના દેશોમાં સર્જાયેલી તણાવપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં રાખીને અમેરિકાના વિદેશ ખાતા દ્વારા શુક્રવારે આ જાહેરાત કરવામાં આવી હતી. વિદેશ ખાતાએ અમેરિકાની સૅનેટને જાણ કર્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ગાઝા માટેની શસ્ત્રવિરામની યોજના સાથે આગળ વધી રહ્યા છે જેનો આશય પેલેસ્ટાઈનના આ પ્રદેશનું નવનિર્માણ અને વિકાસ કરી ઈઝરાયલ-હમાસના યુદ્ધનો અંત આણવાનો છે. ઈઝરાયલ-હમાસ વચ્ચે બે વર્ષ ચાલેલા યુદ્ધમાં હજારોએ જીવ ગુમાવ્યા હતા.

# ૧,૯૦૦ કરોડનો ખર્ચ થશે રામમંદિરના નિર્માણમાં

## ૩૦ એપ્રિલ સુધીમાં કામ પૂરું થઈ જશે

અયોધ્યાઃ અયોધ્યાસ્થિત રામ મંદિરના નિર્માણનું સંપૂર્ણ કાર્ય ૩૦ એપ્રિલે પૂરું થવાની શક્યતા છે. રામ મંદિરના નિર્માણમાં ૧,૯૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હોવાનું રામ ટેમ્પલ કન્સ્ટ્રક્શન કમિટીના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ શનિવારે કહ્યું હતું. રામ ટેમ્પલ કન્સ્ટ્રક્શન કમિટીની પૂરી થયેલી બે દિવસની બેઠક બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે એક વખત મંદિરના નિર્માણ કાર્ય પૂરું થઈ જાય એટલે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનું ચાવીરૂપ કાર્ય કરી રહેલી લાર્સન ઍન્ડ ટુબ્રો (એલ ઍન્ડ ટી) અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) જેવી કંપનીઓ ૩૦ એપ્રિલે મંદિરના પરિસરમાંથી બહાર નીકળી જશે.

૩૦ એપ્રિલ સુધીમાં તમામ પેપર વર્ક અને પેમેન્ટની પ્રક્રિયા પૂરી કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# તિરુપતિ લાડુ વિવાદઃ ક્લીનો ચિટના દાવો પોકળ, ઘીમાં પ્રાણીની ચરબી હતી

અમરાવતીઃ આંધ્ર પ્રદેશ સરકારે તિરુપતિ લાડુ ભેળસેળ કેસમાં વાયએસઆરસીપીના ક્લીન ચિટના દાવાને ફગાવી દીધો છે અને જણાવ્યું હતું કે લેબ રિપોર્ટ્સમાં ઘીમાં પ્રાણી અને વનસ્પતિ ચરબી સાથે ભેળસેળ હોવાનું સૂચવવામાં આવ્યું છે. નાણા પ્રધાન પય્યાવુલા કેશવે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (એનડીડીબી) અને સેન્ટ્રલ ફૂડ ટેક્નોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (સીએફટીઆરઆઈ) દ્વારા કરવામાં આવેલા પરીક્ષણોમાં ઘીના નમૂનાઓમાં પ્રાણીની ચરબી, રસાયણો અને અન્ય ભેળસેળ મળી આવી હતી. કેશવે આરોપ લગાવ્યો હતો કે પાછલી વાયએસઆરસીપી સરકારે શ્રી વેંકટેશ્વર સ્વામીમાં વિશ્વાસ રાખ્યા વિના તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી) લાડુ માટે ઘીની ખરીદીને એક વ્યાપારી વ્યવહાર તરીકે ગણી હતી.તેમણે આરોપ લગાવ્યો હતો કે તારણો અગાઉની વાયએસઆરસીપી સરકારે દબાવી દીધા હતા. કેશવે ભૂતપૂર્વ શાસન પર ૨૦૧૯ પછી તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી) માટે કડક ઘી ખરીદી ધોરણોને હળવાં કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે બિનઅનુભવી અને નાની કંપનીઓને ઘી સપ્લાય કરવાની મંજૂરી મળી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### બજેટના ૩ મંત્ર

અંકુશમાં રાખવા વિવિધ પગલાં લઇ જ રહી છે. સરકાર બજેટમાં વાહનોના ઇંધણ - પેટ્રોલ અને ડીઝલ પરની આબકારી જકાત (એક્સાઇઝ ડ્યૂટી) વધારે એવી શક્યતા છે, પરંતુ તેનો બોજો ગ્રાહકો પર નાખવાને બદલે ગયા વર્ષે ખનિજ તેલના વૈશ્વિક ભાવમાં થયેલા ઘટાડાને પગલે જરૂરી બનેલા ઈંધણના છૂટક ભાવમાંના ઘટાડાની સામે 'ઍડજસ્ટ' કરતી કોઇ જાહેરાત કરે એવી આશા છે.

સ્થાનિક અને વિદેશી રોકાણકારોને આકર્ષવા નવી જાહેરાતની પણ સંભાવના છે. મધ્યમ વર્ગના લોકો વધુ ખરીદી કરી શકે તે માટે કેટલીક જોગવાઇ બજેટમાં રહેવાની આશા છે. આ ઉપરાંત, કૉર્પોરેટ ટૅક્સના દરમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી જણાતી, પરંતુ ડિજિટલાઇઝેશનની મદદથી તેને વધુ સરળ બનાવવા પગલાંની જાહેરાતની સંભાવના છે. બજેટમાં લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટેના ક્રેડિટ-ગૅરન્ટી સપોર્ટમાં વધારો કરીને તેમાં રોજગારીની તક વધારવા પ્રયાસ કરી શકાય છે. (એજન્સી)

### સોના-ચાંદી

કહે છે કે ગ્રાહકો બજેટને આતુરતાથી જોઈ રહ્યા છે, કસ્ટમ્સ ડ્યૂટીમાં રાહત અને ઝવેરાત ખરીદી માટે રૂ. ૨ લાખની મર્યાદામાં વધારો થવાની આશા રાખે છે.

એમનું કહેવું છે કે ઊંચા ભાવ ઘરગથ્થુ બજેટ પર ભાર મૂકે છે. જ્યારે કસ્ટમ ડ્યુટીમાં હજુ સુધી કોઈ ફેરફારની જાહેરાત કરવામાં આવી નથી, બજેટ પછી બુલિયનના ભાવમાં તીવ્ર પ્રતિક્રિયા આવવાની અપેક્ષા છે.

### પાકિસ્તાન સળગ્યું

સરકારી ઇમારત પર પણ કબજો કર્યો હતો. પાકિસ્તાનના લશ્કરે હાથ ધરેલી વળતી કાર્યવાહીમાં અંદાજે ૭૦ ક્રાંતિકારી માર્યા ગયા હોવાનું કહેવાય છે. આ અથડામણમાં પાકિસ્તાનના ઓછામાં ઓછા ૧૫ સૈનિક કે સુરક્ષા દળના જવાન પણ માર્યા ગયા હતા. બલૂચિસ્તાનના ક્વેટા ઉપરાંત પસની, મસ્તુંગ, નુશ્કી અને ગ્વાદર જિલ્લામાં બંદૂકો તેમ જ અન્ય શસ્ત્રોથી સજ્જ ક્રાંતિકારીઓએ ઘણી જગ્યાએ હુમલા કર્યા હતા. તેમાંના અમુક હુમલા આત્મઘાતી હોવાનું પણ કહેવાય છે.

મસ્તુંગમાં ક્રાંતિકારીઓએ શહેર અને પોલીસ સ્ટેશન પર કબજો કર્યો હતો. અહીંથી ઓછામાં ઓછા ૩૦ કેદી તકનો લાભ લઇને ભાગી ગયા હતા.

ક્વેટા અને ગ્વાદરમાં પણ પરિસ્થિતિ ગંભીર છે. ઘણી જગ્યાએ પાકિસ્તાનનાં સુરક્ષા દળો અને ક્રાંતિકારીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. ક્વેટા, સિબી અને ચમનમાં મોબાઇલ ફોનની ડેટા સર્વિસ બંધ કરી દેવાઇ હતી. (એજન્સી)

### આજથી સિગારેટ

કમ્પેનસેશન સેસનું સ્થાન લેશે. તમાકુ, ફિલ્ટર કૈની, જર્દા, સેન્ટેડ તમાકુ, ગુટખા જેવા તમાકુના ઉત્પાદનો માટે પહેલી ફેબ્રુઆરીથી એમઆરપી આધારિત વેલ્યૂએશન યંત્રણા દાખલ કરવામાં આવશે જ્યારે પૅકેજ પર જાહેર કરવામાં આવેલી છૂટક વેચાણ કિંમતને આધારે જીએસટી નક્કી કરવામાં આવશે. (એજન્સી)

### લળી-લળીને

કહ્યું કે જ્યારે મે પદ સંભાળ્યું ત્યારે આર્થિક પરિસ્થિતિ અત્યંત નાજુક હતી, અને સામાન્ય માણસને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. શરીફે ૨૦૨૩માં પેરિસમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના મેનેજિંગ ડિરેક્ટર સાથેની તેમની મુલાકાતનો ઉલ્લેખ કર્યો, જેના પછી વૈશ્વિક ધિરાણકર્તાએ એક આર્થિક કાર્યક્રમને મંજૂરી આપી જેણે દેશના અર્થતંત્રને સ્થિર કરવામાં મદદ કરી. જ્યારે તમે લોન મેળવવા જાઓ છો, ત્યારે તમારે તમારા આત્મસન્માનના ભાવે કિંમત ચૂકવવી પડે છે. તમારે સમાધાન કરવું પડે છે. ક્યારેક, અયોગ્ય માગ આવી શકે છે, અને તેને પૂર્ણ કરવાનું કોઈ કારણ ન હોય ત્યારે પણ તમારે તેનો અમલ કરવો પડે છે, એમ તેમણે કહ્યું.

### મીરાં નાયર

૩૦ લાખ પાનાંના અહેવાલમાં પેગી સિગલ દ્વારા એપસ્ટીનને ૨૦૦૯ની ૨૧ ઑક્ટોબરે મોકલાયેલા એક ઇમેલમાં મીરાં નાયરના નામનો ઉલ્લેખ હતો. આ ઇમેલના ટાઇટલ (મથાળું) અને સબ્જૅક્ટ (વિષય)નો જાહેર કરાયેલા અહેવાલમાં ઉલ્લેખ નથી, પરંતુ ઇમેલના લખાણમાં કહેવાયું હતું કે 'ફિલ્મ માટેની પાર્ટી બાદ ગિસ્લેનના ટાઉનહાઉસ (ઘર)માંથી હમણાં જ નીકળી છું. બિલ ક્લિન્ટન અને જેફ બેઝોસ પણ ત્યાં હતા... જેન પિગોઝી, દિગ્દર્શિકા મીરાં નાયર વગેરે ત્યાં હતાં. આ ઉપરાંત, ૨૦૧૨-૧૩માં ઇલૉન મસ્કે પણ એપસ્ટીનને પૂછ્યું હતું કે પોતે તેના ટાપુ પર પાર્ટી કરવા ક્યારે આવી શકે. જેફ્રી એપસ્ટીનની ફાઇલ્સને લગતા તાજેતરમાં જાહેર થયેલા દસ્તાવેજોમાં આ પાર્ટી દરમિયાન કંઇ ખોટું કે વાંધાજનક થયું હોવાની વાત નથી કરાઇ.

ઇમેલના સ્ક્રીનશૉટમાં આ પાર્ટી શેના માટે હતી, તેનો કોઇ ઉલ્લેખ નથી, પરંતુ મીરાં નાયરની ફિલ્મ 'એમેલિયા' માટેની હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં હિલેરી સ્વૉન્ક અને રિચર્ડ ગિઅરે અભિનય કર્યો હતો. (એજન્સી)

### ૧૩ વર્ષની છોકરી

જણાવાયું છે કે ટ્રમ્પે પોતાના માર-એ-લાગો એસ્ટેટ ખાતે યોજેલી પાર્ટીઓમાં ઇલૉન મસ્ક, ડોનલ્ડ ટ્રમ્પ જૂનિયર અને ઇવાન્કા ટ્રમ્પ સહિત અનેક મહાનુભાવ હાજર રહેતા હતા. દસ્તાવેજોમાં એક જગ્યાએ અજાણી મહિલાને એમ કહેતા ટાંકવામાં આવી હતી કે હું ૧૩ કે ૧૪ વર્ષની હતી ત્યારે ટ્રમ્પે મારી સાથે સૅક્સને લગતું દુષ્કર્મ કર્યું હતું.

### મી સુનેત્રા

ફડણવીસ અત્યારે સંભાળશે એવું કહેવાઈ રહ્યું છે. રાજ્યસભા સાંસદ પદેથી રાજીનામું આપનાર ૬૨ વર્ષના પવારને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અહીં લોકભવન ખાતે એક સંક્ષિપ્ત સમારોહમાં પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. તેમણે મરાઠીમાં સોગંદ લેતા શરૂઆત કરી હતી કે, મી સુનેત્રા અજિત પવાર પ્રતિજ્ઞા કરતે કી...

આજે વહેલી સવારે, તેમને રાજ્ય એનસીપી વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. ભાજપ-શિવસેના-એનસીપી 'મહાયુતિ' સરકારમાં નાયબ મુખ્ય પ્રધાનપદ તેમજ નાણાં ખાતું સંભાળનારા અજિત પવારનું ૨૮ જાન્યુઆરીએ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં નિધન થયું હતું.

સુનેત્રા પવાર શપથ લેવા માટે ઉભાં થતાં 'અજિત દાદા અમર રહે' (અજિત દાદા અમર છે)ના સૂત્રોચ્ચાર થયા હતા.

આ સમારોહમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, એનસીપીના નેતાઓ પ્રફુલ્લ પટેલ, સુનીલ તટકરે અને છગન ભુજબળ સહિત અન્ય લોકો હાજર રહ્યા હતા. સુનેત્રા પવારના નાના પુત્ર જય પવાર અને તેમની પત્ની પણ હાજર રહ્યા હતા. તેઓ રાજ્ય વિધાનસભાના બંને ગૃહોના સભ્ય નથી અને તેમના સ્વર્ગસ્થ પતિ દ્વારા રજૂ કરાયેલા બારામતી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી લડે તેવી અપેક્ષા છે.

રાજકીય પરિવારમાંથી આવતા, લૉ પ્રોફાઇલ રહેતાં સુનેત્રા પવારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પોતાની નણંદ અને વર્તમાન એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળે સામે પવાર પરિવારના ગૃહ પ્રદેશ બારામતીમાં ચૂંટણી લડ્યાં હતાં.

સુળે સામે હાર્યા બાદ, તેઓ રાજ્યસભામાં ચૂંટાયાં હતાં.

હવે તેમને ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે કામ કરતી વખતે એનસીપીને એક સાથે રાખવા અને ગઠબંધન રાજકારણનું સંચાલન કરવાના મુશ્કેલ કાર્યનો સામનો કરવો પડશે, પરંતુ તેમનો તાત્કાલિક પડકાર એ હશે કે બંને એનસીપી જૂથોના બહુપ્રતિક્ષિત વિલિનીકરણ સાથે આગળ વધવું કે નહીં તે નક્કી કરવું.

### શરદ પવારના

ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધન અથવા એનસીપી (અજિત પવાર) ના એક વર્ગના પક્ષમાં નહીં હોય. ભાજપે અજિત પવારના કેમ્પમાં સુનેત્રા પવાર અંતિમ શબ્દ બને તે સુનિશ્ચિત કરવા માટે તમામ વ્યવસ્થા કરી આપી હોવાનો દાવો થઈ રહ્યો છે. દેવેન્દ્ર ફડણવીસના પક્ષને આશા છે કે જો સુનેત્રા પવાર ચાર્જમાં હોય તો તેઓ પાર્ટીને તેમના કન્ટ્રોલમાં રાખી શકશે. શરદ પવારની છાવણીને તેમની પદોન્નતિ વિશે લૂપમાં રાખવામાં આવ્યા નહોતા, અને તેથી જ અનુભવી નેતાએ મીડિયાને કહ્યું હતું કે તેઓ રાજ્ય પ્રધાનમંડળમાં તેમના પ્રવેશ વિશે અંધારામાં હતા. 'અમને નાયબ મુખ્ય પ્રધાન તરીકે સુનેત્રા પવારના શપથ ગ્રહણ સમારોહ વિશે કોઈ જાણકારી નથી,' એમ શરદ પવારે શનિવારે સવારે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

#### જો એનસીપીનો વિલય વાસ્તવિકતા બને તો શું થાય?

જો વિલય થાય તો પણ, ભાજપ ખાતરી કરવા માગે છે કે શરદ પવારને નિર્ણય લેવાનો એકાધિકાર ન મળે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તરીકે સુનેત્રા પવારની નિમણૂક પાર્ટીમાં તેમની સ્થિતિ મજબૂત કરવા માટેનું એક પગલું છે જેથી તેઓ વિલિનીકરણ પછી કાર્યકરોને પોતાની પાછળ એકત્રિત કરી શકે. ભગવા પક્ષને એનસીપી (અજીત પવાર)ના નેતાઓના એક જૂથનો મજબૂત ટેકો છે જેઓ માને છે કે જો એકીકરણ થાય તો તેમને ભારે નુકસાન થશે. આ નેતાઓ માને છે કે જો શરદ પવાર ફરીથી એકીકૃત એનસીપીના વડા બનશે તો તેમની કારકિર્દી અવરોધોનો સામનો કરશે. ટિકિટ વિતરણ, તેમજ પક્ષના વારસો અને ભૂમિકાઓની વાત આવે ત્યારે એનસીપી (એસપી)ના નેતાઓ તેમના પર વર્ચસ્વ મેળવવાની શક્યતા છે, તેવો તેમને ડર છે. પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે જેવા કેટલાક લોકોએ આ રમતની પહેલ કરી હતી. આ લોકોએ કંઈક વિચારીને આવું નક્કી કર્યું હશે, એમ વરિષ્ઠ પવારને કહેતા ટાંકવામાં આવ્યું હતું.

પીઢ નેતાએ વધુમાં દાવો કર્યો હતો કે બંને જૂથોને એક કરવાની તેમના સ્વર્ગસ્થ ભત્રીજા અજિત પવારની ઇચ્છા હતી અને તેઓ તેના વિશે આશાવાદી હતા. 'હવે અમને લાગે છે કે તેમની ઇચ્છા પૂર્ણ થવી જોઈએ. અજિત પવાર, શશિકાંત શિંદે અને જયંત પાટીલે બંને જૂથોના વિલિનીકરણ અંગે વાતચીત શરૂ કરી હતી. વિલિનીકરણની તારીખ પણ નક્કી થઈ ગઈ હતી - તે ૧૨મી (ફેબ્રુઆરી) નક્કી કરવામાં આવી હતી. કમનસીબે, અજિતે તે પહેલાં જ અમને છોડી દીધા,' એમ તેમણે કહ્યું હતું.

મહાયુતિની રમત સફળ થશે કે નહીં તે સમય જ કહેશે. બીજી તરફ ભાજપના ઉત્તર મુંબઈના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે શનિવારે એવો દાવો કર્યો હતો કે તેમને નથી લાગતું કે એનસીપીનાં બે જૂથોનું વિલિનીકરણ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે એનસીપીનું નેતૃત્વ અજિત પવાર પાસે હતું અને હવે સુનેત્રા પવાર પાસે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પ્રફુલ્લ પટેલને એનસીપીના રાષ્ટ્રીય પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા છે.

# કચ્છના છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટનો દરજ્જો મળ્યો, ગુજરાતનું પાંચમું વેટલૅન્ડ બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બન્નીના રતન તરીકે જાણીતા ‘છારી-ઢંઢ’ને સત્તાવાર રીતે ‘રામસર સાઇટ’ જાહેર કરાઈ છે. આ બાબત પ્રવાસનની તેમજ ઉદ્યોગની દ્રષ્ટિએ ગુજરાતમાં અનોખું સ્થાન ધરાવતા રાજ્યના સૌથી મોટા જિલ્લા કચ્છ માટે ગૌરવની વાત છે. છારી-ઢંઢ ગુજરાતનું પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતું વેટલૅન્ડ બન્યું છે. ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત છે કે કચ્છ જિલ્લામાં આવેલ ‘છારી ઢંઢ પક્ષી અભયારણ્ય’ને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા રામસર વેટલેન્ડ્સની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. આ સાથે જ ગુજરાતમાં રામસર સાઇટ્સની સંખ્યા હવે વધીને પાંચ થઈ છે.

આ અંગે વધુ માહિતી આપતા વન અને પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઇટનો દરજ્જો મળવાથી પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા, સ્થાનિક વિકાસ અને વૈશ્વિક ઓળખ સહિતનાં ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન આવશે.

આ અંગે મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત વેટલેન્ડ્સના સંરક્ષણ અને સંવર્ધનમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. દેશના કુલ વેટલેન્ડ ક્ષેત્રફળના ૨૧ ટકા કરતાં વધુ હિસ્સો ગુજરાતનો છે, જે અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ છે. ગુજરાતના વેટલેન્ડ્સ અંદાજે ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકા જેટલો ભાગ ધરાવે છે. રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા અને વેટલેન્ડ સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી-ઢંઢ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલેન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે. ગાંધીનગર સ્થિત ગીર ફાઉન્ડેશન ગુજરાતમાં વેટલેન્ડ ઇકોસિસ્ટમ્સની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વૈજ્ઞાનિક સંશોધન, મોનિટરિંગ પ્રોગ્રામ્સ અને વેટલેન્ડ સંશોધન અને દસ્તાવેજીકરણમાં સક્રિયપણે સંકળાયેલું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, કચ્છના ઇકો-ટૂરિઝમ અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે આજે એક સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. એશિયાના સૌથી મોટા ઘાસના મેદાન ગણાતા બન્ની વિસ્તારના છેડે આવેલ ‘છારી-ઢંઢ’ કન્ઝર્વેશન રિઝર્વને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય મહત્ત્વની વેટલેન્ડ સાઇટ એટલે કે ‘રામસર સાઇટ’ તરીકે જાહેર કરવામાં આવી છે. નળ સરોવર, થોળ, ખીજડિયા અને વઢવાણા બાદ છારી-ઢંઢ હવે ગુજરાતની પાંચમી અને કચ્છની પ્રથમ રામસર સાઇટ બની છે. છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઇટ તરીકે મળેલી આંતરરાષ્ટ્રીય માન્યતા ગુજરાત માટે ગૌરવની બાબત છે. રાજ્યના પર્યાવરણીય સંરક્ષણના પ્રયાસોને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવે છે. આ માન્યતા થકી છારી-ઢંઢ વેટલેન્ડનું દીર્ઘકાલિન સંરક્ષણ સુનિશ્ચિત થશે, પ્રવાસી તથા સ્થાનિક પક્ષીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન મજબૂત બનશે અને દુર્લભ તથા લુપ્તપ્રાય પ્રજાતિઓના સંરક્ષણ માટે વિશેષ પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત, રામસર દરજ્જાથી વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન મળશે, જેના પરિણામે સ્થાનિક સમુદાય માટે રોજગાર અને આવકના નવા અવસર ઊભા થશે. પર્યાવરણ જાગૃતિ, શિક્ષણ પ્રવૃત્તિઓ અને સમુદાયની સહભાગિતામાં પણ નોંધપાત્ર વધારો થશે.

રાષ્ટ્રીય સ્તરે વાત કરીએ તો, ભારતના કુલ ૧૧૫ રાષ્ટ્રીય વેટલેન્ડ્સમાંથી ૮ રાષ્ટ્રીય વેટલેન્ડ્સ ગુજરાતમાં આવેલાં છે. ઉપરાંત, રાજ્યમાં ૧૯ વેટલેન્ડ્સ એવા છે જે મહત્ત્વપૂર્ણ પક્ષી અને જૈવ વૈવિધ્યતા વિસ્તારો તરીકે ઓળખાય છે, જે પ્રવાસી તેમજ સ્થાનિક પક્ષીઓ માટે મહત્ત્વપૂર્ણ આશ્રયસ્થાન પૂરું પાડે છે. ■

# ગુજરાતના ડાંગ, મહીસાગર, અરવલ્લી અને છોટાઉદેપુરમાં ભરશિયાળે અષાઢી માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ડાંગ, મહીસાગર, અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લાના વાતાવરણમાં વહેલી સવારથી જ અચાનક પલટો જોવા મળ્યો હતો. ડાંગ જિલ્લાના સાપુતારા, આહવા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. અહીંના મોટાભાગના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો અને ગાઢ વાદળો છવાયેલાં રહ્યાં હતાં. આહવાના કેટલાક ભાગોમાં સમયાંતરે વરસાદ પડ્યા કર્યો હતો, જેના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો અને ભેજમાં નોંધપાત્ર વધારો થયો હતો.

મોડી રાત્રે સાપુતારા, ઘોટીયામલ અને નજીકનાં ગામોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો, જેના કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. વરસાદની તીવ્રતા ઓછી હોવા છતાં, શિયાળાની ઋતુ દરમિયાન અણધાર્યા વરસાદથી ઊભા પાકને નુકસાન થવાની ચિંતા ખેડૂતોમાં હોવાનું જાણવા મળ્યું હતું.

તે જ પ્રમાણે મહીસાગર જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. શિયાળાના સમયગાળામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ વરસતા ખેડૂતો ચિંતીત બન્યા હતા. ખાસ કરીને ખાનપુર તાલુકાના છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. નોંધનીય છે કે, મહીસાગર જિલ્લામાં આ સમયે ઘઉં, ચણા અને રાઈ સહિતના રવી પાક ઊભા છે. મહીસાગર જિલ્લામાં આ સમયે ઘઉં, ચણા અને રાઈ સહિતના રવી પાક ઊભા છે. આવા સમયે કમોસમી વરસાદ પડવાથી પાકને નુકસાન થવાની શક્યતા રહે છે. ખાસ કરીને જો વરસાદની માત્રા વધે તો પાકમાં રોગચાળો ફેલાવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. આ ઉપરાંત બાગાયતી પાકો, શાકભાજી અને ઘાસચારાને પણ અસર થવાનો ભય છે, જેના કારણે પશુપાલકો પણ ચિંતિત બન્યા છે.

અરવલ્લી જિલ્લાના માલપુર-મેઘરજ પંથકમાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદથી ખેતીમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ઘઉં અને બટાકાના પાકમાં રોગ આવવાની શક્યતાઓ છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો. બોડેલી નગરમાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી જવા પામી હતી. ■

# મુખ્ય પ્રધાને સુરતવાસીઓને ₹ ૩૪૨ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સુરતની મુલાકાત લીધી હતી. મુખ્ય પ્રધાને સુરત મહાનગરપાલિકાના રૂ.૧૭૩.૭૮ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૬૯ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરી સુરતવાસીઓને કુલ રૂ.૩૪૨ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં કુલ રૂ. ૧૭૩.૭૮ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ૧૭ વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ, ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂ. ૧૬૯ કરોડના ખર્ચે સાકાર થનારા ૨૪ નવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પર્યાવરણની જાળવણી અને ઊર્જા બચત માટે બનાસકાંઠાના વિઠોદર ખાતે સુરત મનપા દ્વારા સ્થાપિત ૧૦ મેગા વોટના સોલાર પાવર પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારની ‘જાહેર આવાસોના પુનઃવિકાસ યોજના-૨૦૧૬’ અંતર્ગત કતારગામ વિસ્તારના ગોટાલાવાડી ટેનામેન્ટના ૧૩૦૪ આવાસનું પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી) ધોરણે રિડેવલપમેન્ટ પૂર્ણ કરવામાં આવ્યું છે, જે આવાસોનું નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ લોકાર્પણ કરી આવાસ લાભાર્થીઓ માટે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો પણ કર્યો હતો.

સુરતના અક્ષરવાડી, ડભોલી, કતારગામમાં અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમ ખાતે આયોજિત સમારોહમાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, સુરત શહેર આજે દેશભરમાં વિકાસ, સ્વચ્છતા અને શહેરીકરણનું ઉત્તમ મૉડેલ બની ગયું છે. સુરતની સ્વચ્છતા એ સુરતવાસીઓમાં આવેલા બદલાવ અને સ્વચ્છતા પ્રેમનું પરિણામ છે. સુરત પોતાની સ્વચ્છતા, શિસ્ત અને આધુનિક શહેરી આયોજનના જોરે આજે મુંબઈ જેવા મહાનગરોને પણ પાછળ પાડી રહ્યું છે

તેમણે રાજ્યના વિકાસના ગ્રોથ એન્જિન બનેલા સુરતના વિકાસને નમૂનારૂપ ગણાવતા કહ્યું કે, સુરત દેશનું સૌથી ઝડપથી વિકસી રહેલું શહેર છે અને ઔદ્યોગિક વિકાસના કારણે સમગ્ર ભારતમાંથી લોકો અહીં રોજગાર માટે સ્થાયી રહ્યા છે, એટલે જ સુરતે ‘મિની ભારત’નું બિરૂદ મેળવ્યું છે. ડાયમંડ અને ટેક્સટાઇલ કેપિટલ તરીકે ઓળખાતું સુરત આજે સ્વચ્છતા, ગ્રીન મોબિલિટી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પણ અગ્રેસર છે.

સુરત જેવા શહેરો દેશની આર્થિક ગતિશીલતાના કેન્દ્રો છે, જે ‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ તરફની યાત્રામાં નેતૃત્વ આપતા રહેશે. આજે સુરતને મળેલા રૂ.૩૪૨ કરોડના વિકાસ કામો શહેરીજનોના ‘ઈઝ ઑફ લિવિંગ’માં વધારો કરશે. ગોટાલાવાડી ટેનામેન્ટના ૧૩૦૪ આવાસના જનભાગીદારીથી રિડેવલપમેન્ટને કારણે લાભાર્થી પરિવારોને સુરક્ષિત, આધુનિક અને આરામદાયક આવાસ મળશે એમ પણ તેમણે કહ્યું હતું.

એર પોલ્યુશન કંટ્રોલ, ઈ-મોબિલિટી, પ્રદૂષણમુક્ત પરિવહન અને જાહેર આવાસ યોજનાઓમાં પણ સુરતે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે એમ જણાવી મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે ૨૦૦૫માં શરૂ કરેલી શહેરી વિકાસની યાત્રાના પરિણામે આજે ગુજરાત સર્વાંગી વિકાસનું મૉડેલ સ્ટેટ બન્યું છે. ■

# નકલી દવાઓ મામલે સરકાર જાગીઃ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર, કમિશનરોની નિમણૂક કરી

મુંબઈ સમાચાર ઈમ્પેક્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં ચિંતાનો વિષય બનેલા નકલી દવાના મુંબઈ સમાચારે ઉઠાવેલા મુદ્દા મામલે રાજ્ય સરકાર મોડી મોડી પણ જાગી હતી. સરકારે આરોગ્ય વિભાગમાં અમુક નિમણૂક કરી છે, જેમાં કમિશનર અને એડિશનલ કમિશનર સહિત લગભગ ૩૬ કરતા વધારે અધિકારીઓનો સમાવેશ થાય છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં આ નકલી દવાઓનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. રાજકોટના સદભાવના ટ્રસ્ટના મેડિકલ સ્ટોરમાંથી લીધેલી દવા નકલી હોવાની ફરિયાદ થઈ હતી. આ ફરિયાદ અને સાથે આ મુદ્દાને મુંબઈ સમાચારે સતત ઉજાગર કર્યો હતો. ટ્રસ્ટના સંચાલકોથી માંડી રાજકોટ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ સાથે સતત સંપર્ક કરી સમગ્ર મામલે ચોંકાવનારી વિગતો બહાર લાવવામાં આવી હતી. ડ્રગ વિભાગમાં અપૂરતા સ્ટાફની વિગતોને પણ સરકાર સમક્ષ રજૂ કરી હતી.

રાજકોટ ખાતે મેકલોઈડ કંપનીની એક ડુપ્લિકેટ દવા પકડાઈ હતી. અહીંના ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તેજલ મહેતા સાથે પણ મુંબઈ સમાચારે વાત કરી હતી. અધિકારીઓએ પહેલા તો એક-બીજાને ખો આપવાની પરંપરા જ અપનાવી હતી.

દરમિયાન આ ગંભીર પ્રશ્ન મામલે રાજકોટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિયેશનના પ્રમુખ અને ઓલ ઈન્ડિયા લેવલે વાઈસ ચેરમેન મયૂરસિંહ જાડેજાએ મુંબઈ સમાચારના પ્રયત્નોને બિરદાવ્યા હતા અને સરકારને ટકોર કરી હતી કે નકલી દવાઓના મુદ્દાને અત્યંત ગંભીરતાથી લઈ કાર્યવાહી કરવામાં આવે. આ અંગે આખરે સદ્ભાવના ટ્રસ્ટના સંચાલકે મૌન તોડવું પડ્યું હતું. તેમણે પોતે જે ડિસ્ટ્રિબ્યૂટર્સ પાસેથી ખરીદી કરે છે તે સરકાર માન્ય હોવાનું જણાવ્યું હતું. આ સમગ્ર બનાવમાં શાયોના ડિસ્ટ્રિબ્યૂટર્સનું નામ બહાર આવ્યું હતું. જોકે તંત્ર એ હજુ માત્ર અધિકારીઓની નિમણૂક કરી છે, તેમના દ્વારા આખા મામલાની સઘન તપાસ થાય અને મુખ્ય સૂત્રો સુધી પહોંચી સખત કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત છે. ■

# ગુજરાતમાં ૧૪.૭૦ લાખ ફોર્મ સાથે વાંધા-દાવાની પ્રક્રિયા પૂર્ણ, ૧.૮૩ લાખ નામ રદ કરવાની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ સર હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી સર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. મુસદ્દા યાદીમાં નાગરિકો પોતાના દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકે તે માટે અગાઉ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ની સમયસીમા રખાઈ હતી જેમાં વધારો કરી ભારતના ચૂંટણીપંચે ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ નિર્ધારિત કરી હતી. સમયસીમા પૂર્ણ થતા ચૂંટણી પંચ દ્વારા કયા જિલ્લામાં કેટલા ફોર્મ(નં ૬, નં ૭, નં ૮) મળ્યા તેની વિગતો જાહેર કરવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન રાજ્યભરમાંથી નાગરિકો તરફથી કુલ ૧૪,૭૦,૧૨૫ ફોર્મ્સ મળ્યાં છે. જેમાં ફોર્મ નં ૬ની કુલ સંખ્યા ૭,૨૫,૯૨૦ છે, ફોર્મ નં ૭ની કુલ સંખ્યા ૧,૮૩,૨૩૫ છે જ્યારે ફોર્મ નં ૮ની કુલ સંખ્યા ૫,૬૦,૯૭૦ છે. સૌથી વધુ ફોર્મ અમદાવાદઃ ૨,૧૬,૦૮૪ ફોર્મ, સુરતઃ ૧,૩૧,૧૫૩ ફોર્મ અને આણંદઃ ૭૮,૭૯૦ ફોર્મ મળ્યાં હતાં. જ્યારે સૌથી ઓછા ફોર્મ ડાંગઃ ૪,૦૦૧ ફોર્મ, નર્મદાઃ ૭,૩૯૭ ફોર્મ અને તાપી જિલ્લામાંથી ૮,૦૯૬ ફોર્મમાંથી મળ્યાં હતાં. ■

# બનાસકાંઠામાં કૂતરું કરડ્યાના ત્રણ મહિના બાદ યુવકને હડકવા ઉપડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં એક યુવક ખેતી કામ કરવા માટે આવ્યો હતો જ્યાં તેને કૂતરું કરડ્યું હતું. જોકે તેણે યોગ્ય સારવાર ના કરાવતા હડકવા ઉપડ્યો હતો. હાલ આ યુવક પાલનપુર હૉસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહ્યો છે. તેને હડકવા ઉપડ્યો તેનો એક વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

મળતી વિગત મુજબ, આ યુવક મૂળ સાબરકાંઠાનો રહેવાસી છે. તે પાલનપુર તાલુકાના નળાસર ગામમાં ભાગિયા તરીકે કામ કરવા માટે આવ્યો હતો. આ યુવકને આજથી આશરે ત્રણ મહિના પહેલા એક કૂતરું કરડ્યું હતું, પરંતુ તે સમયે યુવકે કોઈને જાણ પણ ના કરી અને આ વાત સામાન્ય ગણીને ભૂલી ગયો હતો. સ્વાભાવિક છે કે, જ્યારે પણ કોઈ પ્રાણી તમને કરડે તો એન્ટિ-રેબીઝ વેક્સિન (હડકવા વિરોધી રસી) લેવી જરૂરી છે, પરંતુ આ યુવકે એન્ટી-રેબીઝ વેક્સિન લીધી ન હતી.

એન્ટિ-રેબીઝ વેક્સિન ના લેવી એ તેની જિંદગીની સોથી મોટી ભૂલ હતી, જેનું અત્યારે તે પરિણામ ભોગવી રહ્યો છે. યુવકને શરીરમાં હવે હડકવાનાં લક્ષણો દેખાઈ રહ્યાં છે, એટલું જ નહીં પરંતુ સ્થિતિ એટલી વધારે ખરાબ થઈ ગઈ છે કે, આ યુવક હવે બીજા લોકોને બચકા ભરવા લાગ્યો છે અને હિંસક બની ગયો છે. ગામના લોકોએ મહામહેનતે તેનો દોરડાથી બાંધ્યો હતો અને પોલીસને જાણ કરી હતી. પોલીસની મદદથી યુવકને પાલનપુરની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે સિવિલ હૉસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. સુરક્ષાના કારણોસર અને યુવક અન્ય કોઈને ઈજા ન પહોંચાડે તે માટે તેને બાંધેલી હાલતમાં જ રાખવાની ફરજ પડી છે. ડૉક્ટરો તેને ઊંઘમાં રાખવાની દવા આપીને સારવાર શરૂ કરી છે. એટલું જ નહીં, પરંતુ તેના પરિવારને પણ સાવચેતીના ભાગરૂપે રસી આપવામાં આવી છે. આ યુવક અત્યારે જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહ્યો છે. ■

# એન્જિનિયરિંગ કોલેજોની બેઠકો બીજા રાઉન્ડ પછી પણ ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મેડિકલની જેમ એન્જિનિયરિંગ સામે પણ વિદ્યાર્થીઓએ મોઢું ફેરવી લીધું હોય તેવું આંકડાઓ જણાવે છે. ગુજરાતમાં ડિગ્રી એન્જિનિયરિંગના કોર્સ માટે એડમિશનના બીજા રાઉન્ડમાં પણ વિદ્યાર્થીઓએ ખાસ રસ દાખવ્યો નથી.

બીજા રાઉન્ડની કુલ ૨૧,૩૬૩ બેઠકમાંથી સેલ્ફ ફાયનાન્સ એન્જિનિયરિંગ કોલેજોમાં ૨૯૧ વિદ્યાર્થીએ એડમિશન લીધું હતું.

જ્યારે સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ એન્જિનિયરિંગ કોલેજોમાં ૩૭૨ બેઠકો હતી, પરંતુ ફક્ત બે જ બેઠક લેવામાં આવી હતી. ડિપ્લોમા એન્જિનિયરિંગ પ્રવેશમાં ચિત્ર થોડું સમાધાનકારી છે. સરકારી ડિપ્લોમા કોલેજોમાં ચૌદ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો, જ્યારે ૨૫૪ વિદ્યાર્થીઓને ખાનગી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ મળ્યો હતો. આમ, કુલ ૨૬૮ ડિપ્લોમા એન્જિનિયરિંગ બેઠકો ભરાઈ હતી.

શિક્ષણ સાથે જોડાયેલા લોકો અને કોલેજના સંચાલકો ચિંતામાં મુકાયા છે. નિષ્ણાતો માને છે કે મર્યાદિત નોકરીની તકો, વૈકલ્પિક કારકિર્દી માટે પહેલી પસંદગી અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો તરફ વિદ્યાર્થીઓનો રસ જેવા પરિબળો રાજ્યભરમાં એન્જિનિયરિંગ પ્રવેશમાં ઘટાડાનું કારણ બની શકે છે. ■

# નળ સરોવરના જમીન કૌભાંડમાં ૧૫ જેટલા રોકાણકારોનાં નાણાં ગયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નળ સરોવર પાસે સસ્તી જમીનનું વચન આપી બનાવટી પ્લોટના નામે લગભગ ૧૫ જણ છેતરાયા હોવાની માહિતી બહાર આવી હતી. રોકાણકારો સાથે રૂ. ૫૦ લાખ જેટલી રકમની છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

આ કૌભાંડ ૨૦૧૧માં શરૂ થયું હતું જ્યારે પાલનપુરના હીરાના કારખાનાના માલિક જયંતી પ્રજાપતિને નરોડાથી કાર્યરત અંજની બિલકોમ દ્વારા નળ ઉપવન નામના પ્રોજેક્ટ સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. આરોપીઓ પ્રવીણ પટેલ, અશોક પટેલ, છગન પટેલ અને હિમાંશુ પટેલે દાવો કર્યો હતો કે ૧૫૦ એકરનો પ્રોજેક્ટ નળ સરોવર નજીક સ્થિત છે અને તેમણે બ્રોશર અને ફોટોગ્રાફ્સ દ્વારા રોકાણકારોને લલચાવ્યા હતા.

આ યોજના હેઠળ રોકાણકારોને ૭૨ મહિના માટે દર મહિને રૂ. ૫,૦૦૦ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, જેમાં સંપૂર્ણ ચુકવણી પછી રજિસ્ટર્ડ પ્લોટ દસ્તાવેજોની ખાતરી આપવામાં આવી હતી. ઓફર પર વિશ્વાસ કરીને, જયંતીએ રોકાણ કર્યું અને લગભગ ૧૫ અન્ય લોકોને પણ આ સ્કીમમાં જોડ્યા હતા.

૨૦૧૧ અને ૨૦૧૮ ની વચ્ચે, બધાએ સાથે મળી રૂ. ૫૦ લાખ જેટલું રોકાણ કર્યું હતું, પરંતુ રકમ લઈ લીધા બાદ કથિત આરોપીઓએ દસ્તાવેજ ન આપ્યા અને કોઈ જવાબ આપવાનું પણ ટાળ્યું હતું.

વર્ષોના વિલંબ પછી, ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને નરોડા પોલીસે છેતરપિંડીનો કેસ નોંધ્યો હતો.

આરોપીઓ હાલમાં ફરાર છે અને તપાસ દરમિયાન વધુ પીડિતો બહાર આવે તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ■

# મોરબી બ્રિજનું રિસ્ટોરેશનઃ સરકાર પાસે જવાબ માગ્યો હાઈ કોર્ટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી ઝૂલતા પુલ મુદ્દે થયેલી રિટની સુનાવણી હાઇ કોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચ સમક્ષ થઇ હતી. જેમાં હાઇકોર્ટે મોરબી બ્રીજના રિસ્ટોરેશન અંગે શું કાર્યવાહી કરવાની છે તે અંગે હાઇ કોર્ટે રાજ્ય સરકારને જવાબ આપવા કહ્યું હતું. કોર્ટે ટકોર કરી હતી કે ગોંડલના રિસ્ટોરેશન માટે તમે પ્લાન કર્યો હતો, પરંતુ મોરબી માટે કંઇ સામે આવ્યું નથી. હેરિટેજ બ્રીજનું કઇ રીતે રિસ્ટોરેશન કરશો એ જણાવો. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. સુનાવણી દરમિયાન હાઇ કોર્ટે સરકારને પૂછ્યું હતું કે આ સમગ્ર પ્રકરણમાં જે અધિકારીઓએ ભૂલ કરી છે તેમની સામે શું પગલાં લેવામાં આવ્યા છે, એ અંગેનું કોઇ સોગંદનામું કરવામાં આવ્યું છે?. રાજ્ય સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે આ મામલે સપ્ટેમ્બર મહિનામાં સોગંદનામું કરાયું છે. જે મુજબ મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસરને પગાર સંબંધી સજા કરવામાં આવી છે.

બીજી તરફ પીડિતો તરફથી કહેવામાં આવ્યું હતું કે, પીડિતો તરફથી કંપની અને સરકાર જોડેથી દંડાત્મક વળતર મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. જેમાં ઓરેવા કંપનીએ સોગંદનામું કર્યું છે, પરંતુ સરકારનો જવાબ સામે આવ્યો નથી. તે ઉપરાંત બ્રીજના રિસ્ટોરેશનનો મુદ્દે પણ કંઇ સામે આવ્યું નથી.

આ તબક્કે હાઇ કોર્ટે પીડિતોના વકીલોને કહ્યું હતું કે સુઓમોટો રિટમાં અમે બ્રીજના રિસ્ટોરેશનના મુદ્દે ચકાસણી ચોક્કસથી કરી શકીએ. ■

# મૈસુરમાં ચાલતી ડ્રગ્સની લેબનો પર્દાફાશ કરી ૧૦ કરોડનું એમડી જપ્ત કર્યું એનસીબીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ સુરતના દસ્તાન નજીક એક ફોર્ચ્યુનર કાર સાથે ત્રણ ડ્રગ પેડલરોને ઝડપી લીધા હતા. જેની તપાસમાં એનસીબીએ ગુજરાત, કર્ણાટક અને રાજસ્થાનમાં ફેલાયેલ એક મોટા ઇન્ટર-સ્ટેટ ડ્રગ્સ ટ્રાફિકિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી મૈસુરમાં ચાલતી ગુપ્ત ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ લેબ શોધી કાઢી હતી. ૧૦ કરોડથી વધુનું ડ્રગ્સ, અફીણ અને ૨૫ લાખ રોકડા પણ કબજે લેવાયા હતા.

ગુજરાત એનસીબીને મળેલી બાતમીના આધારે ૨૮ જાન્યુઆરીએ સુરત નજીક દસ્તાન ફાટક પાસેથી કર્ણાટક પાસિંગની ફોર્ચ્યુનર ગાડી રોકીને તપાસ કરતાં ગાડીમાંથી આશરે ૩૫ કિલો મેફેડ્રોન (એમડી ડ્રગ્સ) મળી આવ્યું હતું. આ ઓપરેશન બાદ એનસીબીની ટીમે સુરત પોલીસની સંયુક્ત કાર્યવાહી હેઠળ પાલસાણામાં આવેલા દસ્તાન રેસિડેન્સી ખાતે રહેતા મહિન્દ્રકુમાર બિશ્નોઇના ઘરમાં સર્ચ હાથ ધરાયું. બિશ્નોઇના ઘરમાંથી ૧.૮ કિલો અફીણ, રૂ. ૨૫.૬ લાખ રોકડ તેમજ ડ્રગ્સ બનાવવા ઉપયોગી વિવિધ રસાયણો મળી આવ્યા હતા. મહિન્દ્ર બિશ્નોઇને આ સમગ્ર ડ્રગ્સ નેટવર્કનો માસ્ટરમાઈન્ડ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. એજન્સીની તપાસ દરમિયાન ખુલ્યું કે મહિન્દ્ર બિશ્નોઇ અગાઉ પણ અફીણ અને ડ્રગ્સના ધંધામાં સંડોવાયેલો હતો. એનડીપીએસ કેસમાં જેલમાં હતો તે દરમિયાન અન્ય કેદીઓ સાથે સંપર્કમાં આવી તેણે સિન્થેટિક ડ્રગ્સ બનાવવાની યોજના ઘડી હતી. જેલમાં રહી તેણે ડ્રગ્સ બનાવવાની પ્રક્રિયા, માર્કેટ ડિમાન્ડ અને સપ્લાય ચેઇનની વિગતો મેળવી અને જામીન પર બહાર આવ્યા બાદ ૨૦૨૪માં મૈસુરના હેબ્બલ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં એક ગુપ્ત લેબ શરૂ કરી હતી. આ લેબને કેમિકલ ક્લીનિંગ પ્રોડક્ટ્સ બનાવતી યુનિટ તરીકે દર્શાવાઈ હતી. એનસીબીની ટીમે મૈસુરની આ લેબમાં દરોડો પાડી તપાસ કરી હતી. ■

# પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતના ટેબ્લો મોખરે, સતત ચોથા વર્ષે ‘પોપ્યુલર ચોઈસ’ પુરસ્કાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૭૭ મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ચોથી વખત ‘પોપ્યુલર ચોઈસ કેટેગરી’માં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બદલ વિધિવત્ રીતે ગુજરાત રાજ્યના પ્રતિનિધિઓને ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો, જેમાં ગુજરાતના ટેબ્લોને સતત ચોથી વખત ‘પોપ્યુલર ચોઈસ કેટેગરી’માં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે.

કેન્દ્રીય રાજ્ય રક્ષાપ્રધાન સંજય સેઠના હસ્તે આપવામાં આવેલી આ ટ્રોફી અને પ્રમાણપત્રનો ગુજરાત રાજ્ય વતી મુખ્ય પ્રધાનના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર કિશોર બચાણીએ સ્વીકાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ‘સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ્’ વિષય આધારિત ચાલુ વર્ષનો ટેબ્લો ગુજરાત સરકારની માહિતી કમિશનર કચેરી દ્વારા નિર્માણ કરવામાં આવ્યો હતો. આ સાથે જ ટેબ્લો નિર્માણની પ્રક્રિયા સમયે રાષ્ટ્રીય રંગશાળા ખાતે યોજાયેલ વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યોની સ્પર્ધામાં ગુજરાતના નૃત્યને પ્રોત્સાહક ઇનામ પ્રાપ્ત થયું હતું.

વર્ષ ૨૦૨૩માં પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહ્વાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલરૂપે રજૂ કરવામાં આવેલા ‘ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત’ ટેબ્લોને ‘પોપ્યુલર ચોઈસ’ શ્રેણીમાં ઍવોર્ડ મળ્યો હતો. આ વિજય પરંપરાને આગળ વધારતાં વર્ષ ૨૦૨૪માં રજૂ કરવામાં આવેલા ગુજરાતના ‘ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજ’ થીમ આધારિત ટેબ્લોએ ‘પોપ્યુલર ચોઈસ’ શ્રેણીમાં ઍવોર્ડની સાથે સાથે ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની ‘જ્યુરીઝ ચોઈસ’ શ્રેણીમાં પણ બીજો ક્રમ મેળવ્યો હતો.

ગુજરાતની વિકાસ ગાથા અને પ્રાચીન વિરાસતની ઝાંખી દર્શાવતો ‘આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદ્ભૂત સંગમ’ ટેબ્લો ‘પોપ્યુલર ચોઇસ ઍવોર્ડ’ જીત્યો હતો. ■

# ગણેશોત્સવ ૨૦૨૫: ૧૦ મંડળો, સાઉન્ડ એમ્પ્લિફાયર માલિકો સામે કાર્યવાહી કરાઇ

લાતુર: લાતુરમાં ગયા વર્ષે ગણેશોત્સવ દરમિયાન ધ્વનિ પ્રદૂષણ બદલ ૧૦ મંડળો અને એટલી જ સંખ્યામાં સાઉન્ડ એમ્પ્લિફાયર માલિકો વિરુદ્ધ કેસ દાખલ કર્યા હતા. રાજ્યભરમાં ગયા વર્ષે ૨૭ ઑગસ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન આ તહેવાર પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિબંધ હોવા છતાં ડીજે સિસ્ટમ્સ તરીકે જાણીતા સાઉન્ડ એમ્પ્લિફાયર્સને કારણે ધ્વનિ પ્રદૂષણના નિયમોના ઉલ્લંઘનની અનેક ઘટનાઓ સામે આવી હતી.

અમને જાણવા મળ્યું હતું કે ૧૦ મંડળોએ ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. લાતુર પોલીસે ૨૭ જાન્યુઆરીના રોજ ૧૦ ગણેશ મંડળોના પ્રમુખો તેમ જ ૧૦ 'ડીજે/ડોલ્બી' માલિકો સામે પર્યાવરણ (સંરક્ષણ) ધારા ૧૯૮૬ અને ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ની કલમ ૧૫ અને ૧૯ હેઠળ કોર્ટમાં કેસ દાખલ કર્યા હતા.

આ ગુનામાં પાંચ વર્ષની જેલની સજા અથવા એક લાખ રૂપિયા સુધીનો દંડ કે બંને થઇ શકે છે, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)

# થાણે કોર્ટે પત્નીની હત્યાના કેસમાં પતિને નિર્દોષ જાહેર કર્યો

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે પત્નીની હત્યાના કેસમાં પચાસ વર્ષના પતિને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે જુબાનીઓમાં વિસંગતિઓ તેમ જ ફરિયાદ પક્ષ ગુનો સાબિત કરવામાં નિષ્ફળ ગયો હોવાનું નોંધ્યું હતું. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે ડાયઘર વિસ્તારના રહેવાસી મોહંમદ તારીક પિરમોહંમદ શેખને તેની પત્ની શગુફ્તા શેખની હત્યાના આરોપમાંથી નિર્દોષ જાહેર કર્યો હતો.

કેસની વિગતો અનુસાર શગુફ્તા શેખ ૧૯ મે, ૨૦૨૪ના રોજ તેના ઘરમાં અનેક ફ્રેક્ચર અને ઇજાઓ સાથે મૃત અવસ્થામાં મળી આવી હતી. ફરિયાદ પક્ષનો કેસ શગુફ્તાના ભાઇ અને પિતાની જુબાની પર આધારિત હતો, જેમણે આરોપ લગાવ્યો હતો કે આરોપી વારંવાર શગુફ્તા સાથે ઝઘડો કરતો હતો અને ઘટનાની રાતે આરોપીએ તેમને ફોન પર જણાવ્યું હતું કે તેણે શગુફ્તા પર લાઠીથી હુમલો કર્યો હતો, જેમાં તે બેભાન થઇ ગઇ હતી.પોલીસે દાવો કર્યો હતો કે આરોપીએ ડાયઘર પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું હતું અને ગુનો કબૂલ્યો હતો. પોસ્ટમોર્ટમમાં પણ હિંસક મૃત્યુની પુષ્ટિ થઇ હતી.કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે મૃતકના ભાઇએ જુબાની આપી હતી કે તેની બહેન તેને આરોપી દ્વારા કરાતો અભદ્ર ભાષાનો ઉપયોગ અને તેના ચારિત્ર્ય પર શંકા વિશે કહેતી હતુ, પરંતુ આ દલીલ 'ખૂબ જ અસ્પષ્ટ' છે. કોર્ટે મૃતકના પરિવારના સભ્યોની જુબાનીમાં વિસંગતીઓ પણ દર્શાવી હતી. (પીટીઆઇ)

### જળપ્રદૂષણ રોકવા ગંદા પાણી પર પ્રક્રિયા થશે

# ઘાટકોપરથી ભાંડુપ કૉમ્પ્લેક્સ સુધી અંડરગ્રાઉન્ડ વોટર ટનલ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધારાવીથી ઘાટકોપર અને આગળ ભાંડુપ કૉમ્પ્લેક્સ સુધી તૃતીય સ્તરે શુદ્ધ કરેલા પાણીને પહોંચાડવા માટે ૯૭૦ મિલ્યન લિટર એમએલડીની ક્ષમતા ધરાવતી અંડરગ્રાઉન્ડ ટનલ બાંધવાની મુંબઈ મહાનગરપાલિકાએ યોજના હાથ ધરી છે. આ વોટર ટનલને નિર્માણને લગતી પ્રાથમિક કામગીરી હાલમાં ચાલી રહી છે.

સાત નવા સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) બાન્દ્રા, વરલી, ધારાવી, વર્સોવા મલાડ, ઘાટકોપર અને ભાંડુપમાં દરરોજ ૨,૪૬૪ મિલ્યન લિટર (એમએલ) ગંદા પાણી પર બીજા અને ત્રીજા સ્તરની પ્રક્રિયા થશે. હાલમાં ગંદા પાણી પર પ્રાથમિક સ્તરની પ્રક્રિયા કરીને તેને ખાડી, નદી અને અરબી સમુદ્રમાં ઠાલવવામાં આવે છે પણ હવેથી બીજા અને ત્રીજા સ્તરની પાણી પરની પ્રક્રિયાને કારણે દરિયામાં પ્રદૂષણનું પ્રમાણ ઘટશે. આ પ્રોજેક્ટ ૫૦ ટકા ગંદા પાણી પર તૃતીય સ્તરની પ્રક્રિયા કરવાની યોજના ધરાવે છે.

ઘાટકોપર એસટીપીથી ભાંડુપ એસટીપી અને આગળ ભાંડુપ કૉમ્પ્લેક્સ સુધી ત્રીજા સ્તરની પ્રક્રિયા કરેલા શુદ્ધ પાણીના પરિવહન માટે પાઈપલાઈન માટે હાલમાં બાંધકામ ચાલી રહ્યું છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ તાજેતરમાં ભાંડુપ કૉમ્પ્લેક્સ પ્રોજેક્ટ સાઈટસની મુલાકાત લીધી હતી.

ટનલ બોરિંગ મશીન(ટીબીએમ)નો ઉપયોગ કરીને પહેલી ટનલ ખોદવામાં આવવાની છે. ભાંડુપ કૉમ્પ્લેક્સથી ભાંડુપ એસટીપી વચ્ચે ૪,૩૬૫ મીટરનું અંતર છે. ભાંડુપ કૉમ્પ્લેક્સમાં જમીનની નીચે ૧૭૫ મીટર ઊંડાઈએ લૉન્ચિંગ શાફ્ટ ઊભું કરવામાં આવ્યું છે, જેમાં શાફ્ટનું ૪૫ મીટરનું ખોદકામ પૂર્ણ થયું છે, જ્યારે ભાંડુપ એસટીપીમાં ૧૦૪ મીટર ઊંડાઈએ રીટ્રાઈવલ શાફ્ટ (પુનર્પ્રાપ્તિ)ની યોજના છે.

બીજા ટીબીએમની મદદથી ભાંડુપ એસટીપી અને ઘાટકોપર એસટીપી વચ્ચે પ્રસ્તાવિત ટનલના ખોદકામ માટે આવશ્યક અલાઈનમેન્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ અંતર ૭,૨૪૫ મીટરનું છે. ભાંડુપ એસટીપીમાં ૧૫૫ મીટર ઊંડાઈએ લૉન્ચિંગ શાફ્ટ ઊભું કરવામાં આવી રહ્યું છે, તેમાંથી શાફ્ટનું ખોદકામ ૭.૭ મીટર ઊંડાઈ સુધી પૂર્ણ થયું છે. એકંદરે આ પ્રોજેક્ટમાં ૧૧,૬૧૦ મીટર ટનલિંગનો સમાવેશ થાય છે.

પાલિકા કમિશનરે જણાવ્યું હતું કે એસટીપી પ્રોજેક્ટ ગંદા પાણીમાંથી ઘનકચરો, હાનિકારક રસાયણ અને રોગ પેદા કરતા જીવાણુઓને દૂર કરે છે અને પાણીના પુર્ન ઉપયોગ માટે સુરક્ષિત બનાવે છે અને કુદરતી જળ સ્રોત પર દબાણ ઓછું કરશે. વધતી જતી વસતી અને ઝડપી શહેરીકરણ સાથે સ્યુએજ ટ્રીટમેન્ટ એ શહેરી માળખાકીય સુવિધાઓનો આવશ્યક ભાગ છે.

સાત એસટીપીને અપગ્રેડ કરવાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ લગભગ બે દાયકાથી અટકી પડયો હતો અને મે, ૨૦૨૨માં લગભગ ૨૫,૯૬૩ કરોડ રૂપિયાના ખર્ચે તેનું કામ શરૂ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટમાં વિલંબ થવાને કારણે અને જીએસટીમાં છ ટકા વધારાને કારણે પ્રોજેક્ટની કિંમત ૨૭,૩૦૯.૮૯ કરોડ થઈ ગઈ છે.

બારમાં પાનાનું ચાલુ

## રાજકારણીની

ચિત્રકામ, સંગીત, ફોટોગ્રાફી અને ખેતીમાં રસ હોવાનું કહેવાય છે. લગ્ન પછી, તેમણે કાટેવાડી ગામમાં સક્રિયપણે ખેતી કરવાનું શરૂ કર્યું હતું.

૧૯૯૯માં શરદ પવાર દ્વારા સ્થાપિત એનસીપી, જુલાઈ ૨૦૨૩માં તેમના ભત્રીજા અજિત પવાર ભાજપ અને શિવસેનાની મહાયુતિ સરકારમાં જોડાયા પછી વિભાજીત થઈ ગઈ. તેમને નાયબ મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનને જંગી વિજય મળ્યા પછી સત્તામાં આવેલી દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારમાં પણ તેઓ આ જ પદ પર રહ્યા.

પોતાની વેબસાઇટ પર પ્રખર પર્યાવરણવાદી અને સામાજિક ઉદ્યોગસાહસિક તરીકે ઓળખ ધરાવતાં સુનેત્રા પવારે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પવાર પરિવારના ગઢ બારામતીમાં પોતાની નણંદ અને વર્તમાન એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળે સામે ચૂંટણી લડવાથી રાજકીય કારકિર્દી શરૂ કરી હતી.

સુળે સામે હાર્યા બાદ, તેઓ રાજ્યસભા માટે ચૂંટાયા હતા.

તેમના મોટા પુત્ર પાર્થ પવાર, માવળથી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અસફળ લડ્યા બાદ બાજુ પર રહ્યા છે. નાના પુત્ર જય, એક ઉદ્યોગસાહસિક છે.

અજિત પવાર ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં રાજકારણમાં પ્રવેશ્યા હતા, પરંતુ સુનેત્રા પવાર ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી સુધી રાજકીય ચર્ચાથી દૂર રહ્યા હતા. ૨૦૧૦માં, તેમણે પર્યાવરણની જાગૃતિ વધારવા અને પર્યાવરણ પ્રત્યે સભાન સમુદાયોને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત એક બિન-સરકારી સંસ્થા, પર્યાવરણીય ફોરમ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી હતી.

તેમના નેતૃત્વ હેઠળ આ સંસ્થાએ ભારતમાં ઇકો-વિલેજ મૉડેલનો પાયો નાખ્યો, જે એક નવીન અભિગમ છે જે પર્યાવરણીય પ્રથાઓને ગ્રામીણ વિકાસમાં એકીકૃત કરે છે. તેમની વેબસાઇટ મુજબ, તેમણે જૈવવિવિધતા સંરક્ષણ, લુપ્તપ્રાય પ્રજાતિઓનું રક્ષણ, જળ સંસાધન વ્યવસ્થાપન અને દુષ્કાળ નિવારણ માટેના અભિયાનોનું પણ નેતૃત્વ કર્યું છે.

સુનેત્રા પવાર શરદ પવાર દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા વિદ્યા પ્રતિષ્ઠાનના ટ્રસ્ટી પણ છે. તેમણે ફ્રાન્સ સ્થિત વર્લ્ડ એન્ટરપ્રેન્યુરશીપ ફોરમના થિંક-ટેન્કના સભ્ય તરીકે ટકાઉપણું અને સામાજિક નવીનતા પર આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે નિર્મલ ગ્રામ અભિયાન હેઠળ મહારાષ્ટ્રના ૮૬ ગામોમાં સ્વ-સહાય જૂથ ચળવળનું નેતૃત્વ કર્યું છે, જેમાં બારામતીના એક ગામ કાટેવાડીને ઇકો-વિલેજમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે, સ્વચ્છતા, આરોગ્ય, સમુદાય પશુધન વ્યવસ્થાપન અને ઘન કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. સુનેત્રા પવાર બારામતીના હાઇ-ટેક ટેક્સટાઇલ પાર્કના અધ્યક્ષ પણ છે, જે એક મલ્ટી-મોડલ ગાર્મેન્ટ ઉત્પાદન સુવિધા છે જેમાં ૧૫,૦૦૦થી વધુ ગ્રામીણ મહિલાઓને રોજગારી મળે છે. અત્યાર સુધી પવાર પરિવારના મૌન સભ્યને હવે ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે કામ કરતી વખતે એનસીપીને એકસાથે રાખવા અને ગઠબંધનની ગતિશીલતા પર વાટાઘાટો કરવાના મુશ્કેલ કાર્યનો સામનો કરવો પડી રહ્યો છે, પરંતુ તેમના માટે તાત્કાલિક પડકાર એ રહેશે કે તેઓ નક્કી કરે કે બંને ગઈકાલ જૂથોના બહુપ્રતિક્ષિત વિલીનીકરણ સાથે આગળ વધવું કે નહીં.

## માણસ કરતા

અથવા અન્ય નેતાઓ વચ્ચેની બેઠકમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો હોત, તો બધાએ તેનો સ્વીકાર કર્યો હોત, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. રાજકારણમાં હવે સામૂહિક નિર્ણય લેવાનું ચલણ હોવાથી કદાચ શરદ પવારે શંકા વ્યક્ત કરી છે કે હવે બંને એનસીપીના એકીકરણની પ્રક્રિયા ખોરવાઈ જશે.

સંજય શિરસાટે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે જો આ પદ અજિત પવારના જૂથને જ ફાળવવાનું હતું, તો ઉતાવળ શા માટે કરવી પડી? આ પ્રક્રિયા આઠ દિવસ પછી પણ થઈ શકી હોત. દેવેન્દ્ર ફડણવીસ જે પણ નિર્ણય લેશે તેને અમારો ટેકો છે જ. વિરોધ કરવાની અમારી માનસિક તૈયારી પણ નથી. એ લગભગ નિશ્ચિત છે કે એનસીપી પ્રમુખ પવાર પરિવારમાંથી હશે. ભાજપ અથવા અમે (શિવસેના) એનસીપીના નિર્ણયને ટેકો આપીશું.

## રાજ્યમાં ૧૧,૦૦૦થી

કરવા માટે ૧૦ ટકાથી વધુ માસિક કમાણી થશે, એવું જણાવ્યું હતું.

રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં રોકાણકારોએ રૂપિયા રોક્યા બાદ કંપનીની ઓફિસને તાળાં મારીને આરોપીએ રફુચક્કર થઇ ગયા હતા. તેમણે બાદમાં રોકાણકારોને પ્રતિસાદ આપવાનું બંધ કરી દીધું હતું, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આરંભિક તપાસમાં રોકાણકારો સાથે ૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરાઇ હોવાનું સામે આવ્યું હતું.

તપાસમાં એવું પણ જાણવા મળ્યું હતું કે અનેક સરકારી અધિકારીઓ અને અમલદારો, કેટલાક નિવૃત્ત અધિકારીઓએ આ યોજનામાં રોકાણ કર્યું હતું.

ત્રણેય આરોપી વિરુદ્ધ મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (એમપીડીએ) એક્ટ, ૧૯૯૯ અને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૬૧ (૨) (ફોજદારી કાવતરું) તથા ૩૧૬ (૫) (વિશ્વાસઘાત) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. થાણે પોલીસે આરોપીઓના બૅંક ખાતાં, નાણાકીય દસ્તાવેજો અને નાણાં પ્રવાહોની તપાસ શરૂ કરી છે. આગામી દિવસોમાં વધુ ધરપકડની શક્યતા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## સુનેત્રા પવારને

કે બંને પક્ષ ભેગા થવાના હતા. અજિત પવાર એનસીપીનું વિલીનીકરણ કરવાના હતા કે કેમ એ સવાલનો જવાબ આપવાનું ભુજબળે ટાળ્યું છે. મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે આ પ્રશ્નને બે થી ત્રણ વખત ટાળ્યો. ભુજબળની પ્રતિક્રિયા પછી ઘણા લોકોના ભવાં ઊંચકાયા છે.

સુનેત્રા પવાર નાયબ મુખ્ય પ્રધાન બનશે એની કોઈ જાણકારી નહીં હોવાના શરદ પવારના નિવેદન વિશે પૂછવામાં આવતા છગન ભુજબળે કહ્યું કે હું આ મુદ્દે કંઈ કહેવા માગતો નથી. વિધિ મંડળની બેઠક તાત્કાલિક બોલાવીને પત્ર પાઠવવા અંગે હું શુક્રવારથી કોશિશમાં હતો. બેઠક ન થાય ત્યાં સુધી આગળ કોઈ નિર્ણય ન લઈ શકાય.

## અંતિમસંસ્કાર થવા

એક હોટેલમાં બેઠક યોજાઈ જેમાં પ્રફુલ્લ પટેલ, સુનીલ તટકરે, ધનંજય મુંડે અને છગન ભુજબળ હાજર હતા. ત્યાર બાદ રાતના તટકરે અને પ્રફુલ્લ પટેલ તાત્કાલિક મુંબઈ આવ્યા હતા. ધનંજય મુંડે અને હસન મુશ્રીફ મુખ્ય પ્રધાનને મળ્યા હતા. ત્રીજા જ દિવસે સુનેત્રા પવારનું નામ આગળ કરવામાં આવ્યું હતું. અજિત પવારના અસ્થિ વિસર્જન પહેલા પણ એનસીપી નેતાઓ સીએમને મળ્યા હતા. પવાર પરિવારને આ અંગે જાણ નહોતી કરવામાં આવી.સુનેત્રા પવાર, જય પવાર અને પાર્થ પવારને માહિતી મળતા ત્રણેય તાત્કાલિક મુંબઈ જવા નીકળ્યા હતા. પ્રતિભા પવારને ફોન પર આ અંગે જાણ કરવામાં આવી. બંને એનસીપીના વિલીનીકરણ માટે ફક્ત અજિત પવાર જ ઉત્સુક હતા. અન્ય નેતાઓની વિલીનીકરણની ઈચ્છા નહોતી. પાર્થ પવારનો પણ નારાજ હતા.

## શરદ પવારની

હતો. જોકે પવારે કોઈ પર સીધો આરોપ લગાવ્યો ન હતો, પરંતુ તેમણે કહ્યું કે આ નિર્ણય પવાર પરિવારને ચર્ચામાં લીધા વિના લેવામાં આવ્યો હતો.

૧૫ મિનિટની આ વિસ્ફોટક પ્રેસ કોન્ફરન્સમાં શરદ પવારે પ્રફુલ્લ પટેલ, સુનીલ તટકરે, ધનંજય મુંડે, પાર્થ પવાર અને સુનેત્રા પવારને ખલનાયક બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કારણ કે જે દિવસે અજિત પવારના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, તે જ રાત્રે બારામતીની સિટી ઇન હોટેલમાં સુનિલ તટકરે, પ્રફુલ્લ પટેલ, ધનંજય મુંડે અને હસન મુશ્રીફ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. આ બેઠક પછી, સુનિલ તટકરે અને પ્રફુલ્લ પટેલ તાત્કાલિક મુંબઈ જવા રવાના થયા હતા. તેમણે મુંબઈમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિવાસસ્થાન વર્ષા બંગલોમાં એક બેઠક યોજી હતી. આ બેઠકમાં, સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. પવારે એવો સંકેત આપવાનો પ્રયાસ કર્યો કે આ નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો છે.

# જૈન મરણ

**ક. દ. ઓ. જૈન**

માતુશ્રી દેવકાબાઇ રાયચંદ શીયાદ (ગામ સુજાપુર)ના સુપુત્ર રતિલાલભાઇ (ઉં. વ. ૭૨) ગુરુવાર, તા. ૨૯-૧-૨૬ના દેહપરિવર્તન કરેલ છે. તે તરલાબેનના પતિ. અ. સૌ. ચાંદની પ્રણવ જાનીના પિતા. પ્રણવ મનોજ જાનીના સસરા. સ્વ. હંસાબેન ખીમજી મોતા, સ્વ. રતનબેન વર્ધમાન દંડ તથા અ. સૌ. વર્ષાબેન નવીન લોડાયાના ભાઇ. માતુશ્રી મીઠીબાઇ લક્ષ્મીચંદ નાગડા તથા માતુશ્રી હીરબાઇ ચાંપશી નાગડા રાપર ગઢવારીના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસ હાલ મુલુંડ રસીલાબેન હિંમતલાલ શેઠ (ઉં. વ. ૮૫) તે સ્વ. હિંમતલાલ મણીલાલ શેઠના ધર્મપત્ની. તે નિલેશ, જયેશ, મીનાના માતુશ્રી. આશાબેન, રુપાબેન, નીતીનભાઇના સાસુ. સિદ્ધાર્થ, જીમિત, ભાવિન, યશ્વીના દાદી. તે માનસી, આકાંક્ષા, જિનલના મોટા સાસુ. પિયર પક્ષે સ્વ. રતિલાલ દુર્લભદાસ શાહ (તળાજા)ના દીકરી. તા. ૨૮-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. માતૃવંદના તા. ૨-૨-૨૬ સોમવારના ૯.૩૦થી ૧૧.૩૦ ઠે. પેલેસ બેન્કવેટ હોલ, ૧લે માળે, એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાલંભા નિવાસી હાલ મુંબઈ સ્વ. લક્ષ્મીચંદ પ્રભુલાલ મહેતાના પુત્ર વિનોદરાય મહેતા (ઉં.વ. ૯૩) તા. ૩૧-૧-૨૬, શનિવારના અરિહંતશરણ પામ્યા છે. તે ચંદનબેનના પતિ. વિનય, દક્ષા, આશા, જાગૃતિના પિતા. માલવના સસરા. શ્વસુર પક્ષે હિંમતલાલ ટોકરશી શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧/૨/૨૬, રવિવારના ૧૧ થી ૧. સ્થળઃ રોટરી કલબ, જુહૂ તારા રોડ, મિલિયોનર શોરૂમની સામે, સાંતાક્રુઝ (વે.) લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

દામનગર નિવાસી હાલ મલાડ સ્વ. ઉમેદચંદ મથુરાદાસ અજમેરાના પુત્રવધુ અ. સૌ. દિવ્યાબેન (ઉં. વ. ૭૩) તે સ્વ. અનંતરાય તથા સ્વ. પ્રવીણભાઇના નાનાભાઇ નરેન્દ્રના ધર્મપત્ની. તે અપૂર્વ, અ. સૌ. કિરણ નિરંજન માલી, અ. સૌ. વૈશાલી જીજ્ઞેશ પંચમિયાના માતુશ્રી. અ. સૌ. જિજ્ઞાના સાસુ. તે પિયર પક્ષે પાલિતાણા સ્વ. ધનજીભાઇ મોતીચંદ કપાશીના દીકરી શુક્રવાર, તા. ૩૦-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧-૨-૨૬ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. શ્રી વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય (મોટો ઉપાશ્રય), ૫મે માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ, પારેખ ગલીની બાજુમાં. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા ઓશવાળ જૈન**

મહુવા નિવાસી હાલ માટુંગા રસિકલાલ ગોપાલજી શાહ (ઉં. વ. ૯૯) તે સ્વ. ચંચળબેન ગોપાળજીના સુપુત્ર. સ્વ. દિવ્યાબેનના પતિ. સ્વ. પ્રતાપભાઇ, સ્વ. પન્નાલાલભાઇ, સ્વ. સરસ્વતીબેન, સ્વ. રંભાબેનના ભાઇ. રાજેન્દ્ર, ગિરિશ, સ્વ. ભરત તથા નયના નરેન્દ્રકુમારના પિતાશ્રી. શીલા તથા પ્રફુલ્લાના સસરા. તા. ૩૧-૧-૨૬ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ મીરારોડ, સ્વ. પુષ્પાબેન જ્યંતિલાલ ભાયચંદ ઝાટકીયાના સુપુત્ર રાજેશ (ઉં. વ. ૬૮) તા. ૨૯/૦૧/૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે ધારિણીબેનના પતિ. મેઘા સાગર સંગોઈ તથા હર્ષ (મીત )ના પિતાશ્રી. સ્વ. કિરીટભાઈ, સ્વ. દીપકભાઈ, સ્વ. મુકેશભાઈ, નીતિનભાઈ તથા ચારૂબેન ધનસુખરાય લાખાણી, સ્વ. રીટા સંજય જોસા, કોયલબેન મનોજભાઈ જોષીના ભાઈ, સ્વ. અરૂણાબેન કિશનભાઇ મનુભાઈ ભાયાણીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨/૨/૨૬ના રોજ ૩ થી ૫. સ્થળ : શ્રી શાંતિનગર સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સેક્ટર - ૬, મીરારોડ ઈસ્ટ.

**ઝાલાવાડી સ્થા. દશા. શ્રી. જૈન**

કાનીયાડ નિવાસી હાલ ભાયંદર, સ્વ. લીલાબેન તથા સ્વ.ધીરજલાલ દેસાઈના પુત્ર વિનોદભાઈ ધીરજલાલ દેસાઈ, (ઉં.વ.૮૧)તા. ૨૯/૦૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે, તે અરુણાબેનના પતિ. દિપેશ, આશિષના પિતા. દર્શના, દિવ્યાના સસરા. સ્વ. ગાંડાલાલ મોહનલાલ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ વિસા ઓસવાળ જૈન**

વેરાવળ નિવાસી, હાલ બોરીવલી, સૂર્યકાંત અમૃતલાલ શાહ (ઉં.વ.૮૮) તા. ૩૦/૦૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દિરાબેનના પતિ. ગૌરવના પિતાશ્રી તથા તૃપ્તિના સસરા. રતિલાલ લીલાધર શાહના જમાઈ. સ્વ. મહેન્દ્રભાઈ અને સ્વ. જયેન્દ્રભાઈના ભાઈ. સ્વ. જયાબેન અને આશાબેનના દેર-જેઠ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની ખાખરના નિર્મલા (શાંતા) જયંતીલાલ સાલીયા (ઉં. વ. ૭૧) તા. ૨૯-૧-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. જયંતીલાલના પત્ની દેવકાબેન દેવજી ગેલાના પુત્રવધુ. પ્રીતેશ, નિલેશ, દિવ્યાના મમ્મી. દેશલપુરના મણીબેન ગાંગજી ખીમજી વીરાના સુપુત્રી. વસંત, રાજેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. નીલેશ સાલીયા, ૨૦૩, કારવીલો ગોમંતનગર, જે.એસ.રોડ, દહીંસર (વેસ્ટ).

વડાલાના વસનજી સાવલા (ઉં.વ. ૮૬) તા. ૩૦-૧-૨૬ના શુક્રવારના અવસાન પામેલ છે. સ્વ. દેવકાબાઇ દેવશી ગેલાના પુત્ર. સ્વ. નાગજી, સ્વ. પુરબાઇના ભાઇ. સાડાઉના સ્વ. કરમશી હભુના દોહીત્રા. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ કેશવજી દેઢીયા, ૭૧/૧, લોનાવલા સહકારી ગૃહ રચના હા. સોસાયટી, જી બોર્ડ, મહારાષ્ટ્ર બેંકની સામે, લોનાવલા-૪૧૦૪૦૧.

દેવપુરના વિજયાબેન પુનશી નિસર (ઉં. વ. ૯૪) હ્યુસ્ટન (યુ.એસ.એ.) મધ્યે તા. ૨૬-૧-૨૬નાં સમાધિ મરણ પામેલ છે. ધનબાઇ હંસરાજ વેરશીના પુત્રવધૂ. પુનશીભાઇના પત્ની. જ્યોતિ, ગીરીશ, રાજેનના માતુશ્રી. કોટડા (રો)ના જેઠીબાઇ લીલાધર આસુ પાસડના સુપુત્રી. ચાંપશી, રવિલાલ, હીરબાઇ, ઉર્મીલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે.

કોટડા રોહાના હરખચંદ દેવરાજ ગાલા (ઉં. વ.૫૮) તા.૨૯/૧/૨૬ ના અવસાન પામ્યા છે. લાધીબાઈ દેવરાજ ના પુત્ર. જયા ના પતિ. હીરલ, ચૈતાલી, નેત્રીના પિતાજી. જવેરબાઈ આણંદજી, કાંતાબેન વિસનજી, હંસા નવિન, વિમળા વિસનજી, પુષ્પા દિનેશ છગનલાલના ભાઈ. કોટડા હિરબાઈ હીરજીના જમાઈ. પ્રા. કરશન લઘુ નિસર હોલ, દાદર(ઈ), ટા.૨ થી ૩.૩૦. નિ. હરખચંદ ગાલા, સાઈરામ સો. સંગીતાવાડી, ડોંબિવલી (ઈ).

કુંદરોડીના રમણીકલાલ રામજી મામણીયા (ઉં. વ. ૭૧) તા. ૩૦-૦૧-૨૬ના રોજ મુંબઇમાં અવસાન પામેલ છે. મુલબાઇ રામજી રવજીના સુપુત્ર. મંજુલાબેનના પતિ. વિરલ, ભાવીનીના પિતા. સ્વ. ધનજી, સ્વ. કલ્યાણજી, તલકશી, શાંતીલાલ, સ્વ. સાકરબેન ધનજી વોરા, રૂક્ષ્મણીબેન કાંતીલાલ છેડા, ગં.સ્વ. શાંતાબેન લાલજી દેઢીયા, દેશલપુર કંઠીના ગં.સ્વ. વિમળાબેન જયંતીલાલ વીરાના ભાઇ. સ્વ. જવેરબેન માવજી ભવાનજી વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ફોન રૂબરૂ તુલ્ય. એડ્રેસ : મંજુલાબેન મામણીયા, ૨૦૧, ગીતાંજલી, રામદાસ સુત્રાલે માર્ગ, શણગારની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

પ્રતાપરના ચંચળબેન ભવાનજી વોરા (શાહ) (ઉં. વ. ૮૪) તા. ૩૦/૦૧/૨૦૨૬ના અવસાન પામેલ છે. તે હાંસબાઈ દામજી ભારમલ વોરાના પુત્રવધૂ, ભવાનજીના પત્ની. સ્મિતા, દિનેશ, ભક્તિના માતુશ્રી. દેશલપુર કંઠીના ઉમરબાઈ તથા વેલબાઈ ડુંગરશી જેસંગ છેડાના પુત્રી. આણંદજી, વસનજી, મણિલાલ, નાનબાઈ નાનજી, રૂક્ષ્મણી અરવિંદ, મંજુલા સુંદરજી, રંજન લક્ષ્મીચંદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. આપનો ફોન રૂબરૂ મળ્યા તુલ્ય. ઠે. દિનેશ ભવાનજી શાહ, એ- ૨૧૦૩, ગીતાંજલિ પેરેડાઇઝ, ચોક્સી હોસ્પિટલની સામે. મારવે રોડ, મલાડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૬૪.

લાયજાના મણીલાલ શામજી છેડા (ઉં. વ. ૭૨) તા. ૨૮-૧-૨૬ ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. ચંદાના પતિ. રોબિનના પિતા. કેશરબાઈ શામજીના પુત્ર. ઉત્તમચંદ કાંતીલાલ, તારાના ભાઈ. હાલાપુરના પુરબાઈ પુનશી જીવરાજના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં.કરસન લઘુ નિસર હોલ, દાદર(વે). ટા.૪ થી ૫.૩૦. નિ. મણીલાલ છેડા, ૨૭, પટેલ મહલ, શંકરમઠમ રોડ, માટુંગા (સે.રે.).

મેરાઉના પ્રબોધ ગાલા (ઉં. વ. ૬૯) તા. ૨૯/૧/૨૬ના અવસાન પામેલ છે. ચંચળબેન રાઘવજીના પુત્ર. ચંદ્રીકાના પતિ. વિનીત, આશ્વીના પિતા. કેતન, ધીરેન, છાયાના ભાઈ. કારાઘોઘા પ્રભાવંતીબેન લાલજી ગાંગજીના જમાઈ. પ્રા. શ્રી સુમતિનાથ ભગવાન જૈન દેરાસર, ૫મે માળે, ન્યુ સંકુલ, કિંગસર્કલ (ઈ.). સમય ૩ થી ૪:૩૦. ઠે. પ્રબોધ ગાલા, ૭૦૧, સપના બિલ્ડિંગ, રામચંદ્ર લેન, મલાડ (વે).

કોડાયના અ.સૌ. જયાબેન વસંતલાલ લાલન (ઉં. વ. ૭૬) તા. ૩૦/૧/૨૬ના અવસાન પામેલ છે. ચંચળબેન ભવાનજી રતનશી લાલનના પુત્રવધૂ. વસંતલાલના ધર્મપત્ની. શ્વેતા, એકતાના માતુશ્રી સમાઘોઘાના મણીબેન લખમશી રામજી વોરાના સુપુત્રી. કાંતી, વિમળા, રંજન, સં. પક્ષે લીં.અ.સં. ધર્મેશ મુનિ, રમણીક, વિનોદના બેન. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે. નિ. વસંત લાલન, બી-૨, સુદામ કૃપા, સુદામ વાડી, આયરે રોડ, ડોંબિવલી (ઇ).

વાંકીના ખેતબાઈ કુંવરજી છેડા (ચૌધરીયા) (ઉં. વ. ૯૫) તા.૨૮-૧-૨૬ ના દેશમાં અવસાન પામેલ છે. રાજબાઈ કેશવજી ચૌધરીયાના પુત્રવધૂ. કુંવરજીના ધર્મપત્ની. બેરાજાના જેઠીબાઈ વેલજી સાવલાની સુપુત્રી. ખીમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.નિલેશ મોરારજી છેડા. આનંદ નગર, વસઈ (વેસ્ટ), ૪૦૧૨૦૨.

**કાળધર્મ**

શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાય. ગચ્છાધિપતિ પૂ.આ. દેવજી સ્વામી યુગદ્રષ્ટા પૂ.આ. વ્રજપાલજી મ.સા. કચ્છ કેસરી પૂ.આ. પુનમચંદ્રજી મ.સા. ગુરૂણી પૂ. મણીબાઇ મહા. (છસરા) પૂ.આ. પુનમચંદ્રજી મ.સા. અને પુ. મણીબાઇ મહા (છસરાવાલા)નાં પૂ.આ. નવિનચંદ્રજી મ.સા.ના આજ્ઞાનુવર્તી નિડર વક્તા બા.બ્ર.પૂ. સુભદ્રાબાઇ મહા (ઉં. વ. ૮૨) તા. ૩૧-૧-૨૦૨૬, શનિવારના શ્રી ઘાટકોપર (હીંગવાલા) વર્ધમાન સ્થા. સંઘમાં કાળધર્મ પામ્યા છે. તે સંસાર પક્ષે રત્નકુક્ષીણી માતુશ્રી સાકરબેન કુંવરજી રવજી દેઢીયા (કચ્છ : લુણી)ના સુપુત્રી.

# પારસી મરણ

જલ બરજોરજી વાડીવાલા (ઉં. વ. ૮૬) તે છાયા વાડીવાલાના પતિ. તે મરહુમ બરજોરજી અને નાજામાઇ વાડીવાલાના દીકરા. તે આયેશા, મહેરનોશ, જિમીના પિતા. તે રોશન, કેટીના સસરા. તે અવાનના ગ્રાન્ડફાધર. તે મરહુમ નવલ વાડીવાલાના ભાઇ. ઉઠમણું તા. ૧-૨-૨૬ના. ઠે. બી. વિંગ. ૨૦૫, બીજા માળે, હિલા ટાવર્સ, ભારત રાઇસ મિલ કમ્પાઉન્ડ, લાલબાગ, પરેલ (ઇસ્ટ), મુંબઇ-૧૨.

દરાન સોરાબજી દેબુ તે મરહુમ સીલ્લુંના ધની. તે મરહુમો બાનું સોરાબજી દેબુના દીકરા. તે મરહુમો બોમી, ફિરોઝ, નરગીશ નાયગામવાલા, ડોલી બારીયા ને કેતી માસ્તરના ભાઈ. તે પોરસ, સાઈરસ, કાલી, રોહિન, અરમઈતી, એનજીનયરના મામા. તે સામી, કેશમીરા ને અરનાઝના કાકા. તે મરહુમો નાજામાય બરજોરજી સુતરીયાના જમાઈ. (ઉં.વ. ૯૩). રહેવાનું ઠેકાણું: ૧-બી, માતા મીલસ સી.એચ.એસ., ફ્લેટ નં. ૧૫, ત્રીજા માળે, એલફિસ્ટન બ્રીજ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા તા. ૨-૨-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં. ૨માં છેજી.

સામ જાલ કામા તે એબનના ધન્યાણી. તે મરહુમ જાલુ જાલ કામાના દિકરા. તે કેરસીના ભાઈ. તે રુઝબે ને કેરસીના કાકા. તે ડોલી તથા મરહુમ પરવેઝ વાઝાવાના જમાઈ. તે ફીરોઝના બનેવી. (ઉં.વ. ૬૭). રહેવાનું ઠેકાણું: ૩૩ સ્ટેશન ટેરેસ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૧-૨-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાલા અગિયારીમાં ડુંગરવાડી પર છેજી.

ખુરશીદ નાદીર પટેલ તે રશનેના ધની. તે મરહુમો દીના નાદીર પટેલના દિકરા. તે હુશમોઈન, રુતુશત્રા ને ખુશમીનાના પપ્પા. તે સફના, બીના ને નેવીલના સસરા. તે હોશંગ, જરબાનું ને મરહુમ હોરમઝદના ભાઈ. તે તાઈના ને ભુમીશાના બપાવા. (ઉં.વ. ૮૧). રહેવાનું ઠેકાણું: ટી-૫૦૨, સાકેત ટાવર, કે. કે. માર્ગ, સાકેન કોમ્પ્લેક્ષ આગળ, માજીવાડા, થાને, મુંબઈ-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયા તા. ૨-૧-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે થાને અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

મહુવા ગામના હાલ ભક્તિ પાર્ક વડાલા ઇસ્ટ ગં. સ્વ. નીલાબેન અનંતરાય ગાંધી તા. ૩૦-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પારુલ, ચેતન, શેફાલીના માતુશ્રી. સોહમના દાદી. તેમ જ રિષભ જાહનવી, અદિતિ, અને અમોલના નાની. પિયર પક્ષે પ્રભુદાસ લાલદાસ મહેતાના દીકરી. હરિલાલ નરોત્તમદાસ ગાંધીના પુત્રવધુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કોળી પટેલ**

ગામ કોથા, હાલ ગોરેગામ સ્વ. પરસોત્તમ હરીલાલ પટેલના ધર્મપત્ની ગં. સ્વ. સવિતાબેન (ઉં. વ. ૯૦) ગુરુવાર, તા. ૨૯-૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિનેશ, મુકેશ, અશોક, જયોત્સના ઉર્ફે ગીતાના માતુશ્રી. તે અનુસુયા, શિલ્પા, જાગૃતિ અને જયંતીભાઇના સાસુમા. તે જિગ્નેશ, દેવ, ઉષા, દિશા, નિશાના દાદીમા. તેમનું બન્ને પક્ષનું બેસણું સોમવાર, તા. ૨-૨-૨૬ના બપોરના ૨થી ૫. તેમ જ પુચ્છપાણી (બારમું) સોમવાર, તા, ૯-૨-૨૬ના સમય ૨થી ૪ નિવાસસ્થાને રાખેલ છે. ઠે-૨/૧૨, મોતીલાલ નગર નંબર -૦૧, બેસ્ટ નગરની સામે, ગોરેગામ (પશ્ચિમ) લૌકિક રિવાજ બંધ છે.

**ગોભવા મોઢ વણિક**

સ્વ. વસંતભાઇ નટવરલાલ વોરા (ઉં. વ. ૯૧), મૂળ વતન રાજકોટ હાલ ડોમ્બિવલી તા. ૨૯-૧-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. જે સ્વ. તરુણાબેનના પતિ. સ્વ. મનીલાલ શાહના જમાઇ. શિતલ, સેજલના પિતાશ્રી. પિન્કી તથા સંતોષકુમારના સસરા. કાશ્વીના દાદા. સ્વ. દિનેશભાઇ, સ્વ. મુકુંદભાઇ, સ્વ. અનંતભાઇ, સ્વ. જયસુખભાઇ, સ્વ.દયાબેન, સ્વ. પ્રભાબેન, ગં. સ્વ. પુષ્પાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મનસુખલાલ પલણ (ગામ મથલ) હાલ મુલુંડ (ઉં. વ. ૮૬) તા. ૨૯-૧-૨૬ના રામશરણ પામ્યા છે. તે સ્વ. પ્રેમાબેન માધવજી પલણના સુપુત્ર. મંજુલાબેનના પતિ. જયેશના અને ઉમેશના પિતાશ્રી. નમિતાબેન અને હિનાબેનના સસરાજી. સ્વ. પ્રભાબેન નેણસી દેવજી ગણાત્રા ગામ અકરીના જમાઇ. સ્વ. જયંતીલાલ અને જયશ્રી જગદીશ માખીસોતાના બનેવી. દામજીભાઇ, સ્વ. મેઘજીભાઇ, ત્રિવેણીબેન ગોપાલજી તન્ના, લીલાવંતીબેન તેજપાલ કારિયા, સ્વ.લક્ષ્મીબેન અને સેનતારાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧-૨-૨૬ના સમય સાંજે ૪.૩૦થી ૬. ઠે. પદ્માવતી બેન્ક્વેટ હોલ,એમ.જી. રોડ શિવસેના ઓફિસની ઉપર, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

પરેશ રસિકલાલ પરીખ (ઉં.વ. ૬૭) તા. ૨૯-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રેરણાબેનના પતિ. સ્વ. રસિકભાઈ અને સ્વ. કુસુમબેનના પુત્ર. અંકિતના પિતાશ્રી. કિન્નરીના સસરા. સ્વ. શ્રીકાંતભાઈ તથા ગં. સ્વ. સ્નેહલતાબેનના જમાઈ. રેણુકા, રાગીનીના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨-૨-૨૬, સોમવારે બેવેસ્ટી હોલ, ધરમ પેલેસની પાસે, પાટીદાર સમાજની સામે, મુંબઈ-૪માં સાંજે ૫ થી ૭.

**હાલાઇ ભાટિયા**

વિલેપાર્લે નિવાસી ઇન્દુમતી ધરમસિંહ વિઠ્ઠલદાસ વૈદ (ઉં. વ. ૮૩) તે સ્વ. વલ્લભદાસ જમનાદાસ સરૈયાના સુપુત્રી. મનિષના માતા. પીંકીના સાસુ. સ્વ. પુરુષોત્તમભાઇ, સ્વ. દામોદરભાઇ, સ્વ. વિરેનભાઇ, મૂળરાજભાઇ, સ્વ. ભાનુબેન (સ્વ. ધનીબેન), સ્વ. ગુણીબેન, સ્વ. મધુરીબેન, ગં. સ્વ. હંસાબેનના ભાભી. તે સ્વ. બહાદુરભાઇ તથા સ્વ. કરસનદાસભાઇ સરૈયાના બેન. ચિ. કિશનના દાદી. તા. ૩૦-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ દેશલપુર ગુંતલી સ્વ. સુંદરબેન પરષોત્તમ આથાના મોટા પુત્ર સ્વ. મંગલદાસના ધર્મપત્ની. ગં. સ્વ. જયવંતીબેન (શાંતાબેન) હાલ મુલુંડ (ઉં.વ. ૮૭) તા. ૨૯-૧-૨૬ના રામશરણ થયેલ છે. તે હિંમત, મધુ, મહેશ, દિપક, રાજેશ, કલ્પના વિનોદ પોપટના માતુશ્રી. ગં. સ્વ. શોભનાબેન નરોત્તમ, ગં. સ્વ. જયશ્રીબેન ઉમરશી, સ્વ. લીલાવંતી, સ્વ.ચંદુબેનના ભાભી. નિશા, નયના, સ્વ. દિના, હિનાક્ષીના સાસુ. કચ્છ ગામ ગઢશીશાના સ્વ. મોંઘીબેન જેઠમલ દામજી ચોથાણીના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૨-૨૬ના ૫થી ૭. ઠે. કાલીદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

ચાવંડ નિવાસી હાલ પરેલ, અરવિંદભાઈ શામજીભાઈ થડેશ્વર (સોની) (ઉં. વ. ૭૮) ૩૦/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. સચિન તથા અમીબેનના પિતા. શીતલના સસરા. સારંગના દાદા. સ્વ. બાબુભાઇ મોતીભાઈ સત્તિકુંવર (જીવાભાઈ ગોવિંદ) મોટા દેવળીયાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨/૨/૨૬ના રોજ ૪.૩૦ થી ૬. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**ગણદેવી લાડ વાણિક**

જીતુભાઈ કાપડિયા (ઉં.વ.૭૩) તે ચંપકલાલ ભૂખણદાસ કાપડીયા તથા માલતીબેનના સુપુત્ર. અલકાબેનના પતિ. કેયુર તથા મિતાલી પ્રણવ મોદીના પિતાશ્રી. ભારતીબેનના સસરા, ઉર્વશી પ્રદીપ નિમકસરી, સ્વ રીટા રમાકાંત ભગત, ડોલર પ્રદીપ શાહ, કેતકી ભરત મર્ચન્ટ, તથા બીના પ્રદીપ પારેખના ભાઈ. યતીનભાઈ સેવંતીલાલ ગાંધી, સુધાબેન, ઉષાબેન રજનીકાંત માલવિયા, સ્વ. ઉમાબેન કોરે, કિરણાબેનના બનેવી. શુક્રવાર તા. ૩૦. ૧. ૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**હાલાઈ લોહાણા**

બળેજ નીવાસી, હાલ કાંદીવલી, પ્રવીણ (ઉં. વ.૭૦) તે સ્વ. મણીબેન વલ્લભદાસ ગોવીન્દજી કોટેચાના પુત્ર. સ્વ. રશ્મીન, લલીત, ગીતા શરદકુમાર રૂઘાણી, મુકેશના ભાઈ. ગં.સ્વ. સુધા, નીતા તથા સંધ્યાના જેઠ. અર્જુન, રિદ્ધિ, કૃષ્ણા- પુજા, વૈભવના મોટાકાકા. તા. ૩૧-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કંડોળીયા બ્રાહ્મણ**

દિવવાળા હાલ મુંબઇ નાલાસોપારા ચંદ્રિકાબેન અશોકભાઈ વ્યાસ (ઉં. વ.૭૧)તા. ૩૧.૦૧.૨૬ને શનિવાર કૈલાસવાસી થયેલ છે. તે અશોકભાઈના ધર્મપત્ની દિપાલી હાર્દિક અધ્વર્યુ તથા સ્વ. ઝંખનાબેનના માતુશ્રી. જસવંતીબેન અરવિંદભાઈ જોશી, હંસાબેન યોગેશભાઈ અધ્યારૂ, વિણાબેન કિરણભાઈ ભટ્ટના ભાભી. પિયરપક્ષે જાફરાબાદવાળા, સ્વ. ભાનુશંકર કેશવજી ભટ્ટના દિકરી. યોગેશભાઈ, નયનભાઈ, ભાવનાબેન પ્રકાશભાઈ વ્યાસ, જ્યોતીબેન જયેશભાઈ પંડયાના મોટાબેન. લૌકિક પ્રથા બંધ છે.

## અજિત ૧૨ ફેબ્રુઆરી

હશે. આજે અખબારમાં મેં જે જોયું. પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે જેવા કેટલાક નામ જેમણે કેટલાક નિર્ણયો લેવા માટે પહેલ કરી છે,' એમ તેમણે કહ્યું હતું. પવારે એવો સંકેત આપ્યો કે સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવાનો નિર્ણય 'ઉતાવળમાં' મુંબઈમાં મહાયુતિ સરકારના નેતાઓ દ્વારા લેવામાં આવ્યો હોઈ શકે છે.જો પરિવારમાં કોઈ સમસ્યા હોય, તો પરિવાર એક સાથે ઉભો રહે છે. પરિવારમાં કોઈ સમસ્યા નથી. હું આ અંગે કોઈ ટિપ્પણી કરીશ નહીં, એમ તેમણે જણાવ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@
bombaysamachar.com

# વિમાન આજે ફ્લાઈંગ કોફિન બની ગયાં છે...

**માત્ર સામાન્ય નાગરિકો જ નહીં, પણ વીવીઆઈપી ગણાતી વ્યક્તિઓ પણ આજે હવાઈ પ્રવાસ કરતા ફફડે છે. નાનાં-મોટાં વિમાનો તૂટી પડવાની કે તેમાં ખામી સર્જાવાની ઘટનાઓ આપણે ત્યાં ચિંતાજનક હદે વધી રહી છે. તેનો અર્થ એ થાય કે, મેન્ટેનન્સમાં ખામી છે ને પ્લેન ઉડાડતાં પહેલાં બધું બરાબર છે કે નહીં તેની કોઈ જ ચકાસણી કરાતી નથી અને વિમાની હોનારત પછી એનાં કારણ ક્યારેય બહાર આવતા નથી. આમ આજે વિમાની પ્રવાસ જીવસટોસટ બન્યો છે... આ સિનારિયો ડરામણો છે.**



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પ્લેન ક્રેશમાં નિધન પછી સોશ્યલ મીડિયા પર એક મીમ્સ ફરી રહ્યું છે. મીમ્સમાં પ્લેનમાં પ્રવાસ કરવા જઈ રહેલી વ્યક્તિ પત્નીને પોતાની લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસીઓ ક્યાં મૂકી છે તેની વિગતો આપી રહ્યો છે...

મીમ્સમાં આ બહુ નાનકડી વાતને એકદમ ચોટદાર રીતે કહી દેવામાં આવી છે કે, હવે પ્લેનની મુસાફરી એ જીવસટોસટની રમત છે ને જીવતા પાછા આવો તેની કોઈ ગેરંટી નથી.

અજિત પવારનો કિસ્સો તો નજર સામે જ છે તેથી તેના વિશે ઝાઝું કહેવાની જરૂર નથી, પણ ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોનો હવાઈ મુસાફરીનો સિનારિયો જોશો તો આ વાત સાવ સાચી લાગશે. એક સમયે ઈન્ડિયન એરફોર્સના ટચૂકડાં મિગ ટ્રેઈનિંગ ફાઈટર જેટને 'ફ્લાઈંગ કોફિન' કહેવાતાં હતાં. મિગ લઈને નિકળનારો પાઈલટ પાછો આવે તેની કોઈ જ ગેરંટી નહોતી. અત્યારે ભારતમાં બધાં જ વિમાનોની હાલત એવી જ છે ને નાનાં-મોટાં બધાં વિમાનો તૂટી પડવાની કે તેમાં ખામી સર્જાવાની ઘટનાઓ ચિંતાજનક હદે વધી રહી છે.

થોડાં મહિના પહેલાં એટલે કે ૨૦૨૫ના જૂનમાં અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૭૧ ઉડાન ભર્યાના ૩૨ સેકન્ડમાં તો તૂટી પડેલી ને ૨૪૨ લોકો મોતને ભેટેલાં એમાં માત્ર એક પ્રવાસી બચી ગયેલો. આ પ્રવાસી આજે પણ માનસિક યાતનાની જિંદગી તો જીવી જ રહ્યો છે. તેથી વિમાનમાં મુસાફરી કરો એટલે ફ્લાઈંગ કોફિનમાં મુસાફરી કરતા હો એ રીતે ઊંચા જીવે જ મુસાફરી કરવી પડે છે. પાછા આવો તો તમારાં નસીબ બાકી વૈંકુંઠમાં મળીશું. આ સ્થિતિ માત્ર સામાન્ય લોકોની જ છે એવું નથી. વીવીઆઈપી કહેવાતા મહાનુભાવો પણ આ જ ફફડાટ -ડર સાથે પ્રવાસ કરે છે.

## વિમાનમાં ખામી નહોતી, છતાં ય...

ગુજરાતના મુખ્યમંત્રી પાકિસ્તાને પ્લેન ઉડાવી દેતાં માર્યા ગયેલા. અજિત પવારના નિધન સમયે મીડિયામાં પ્લેન ક્રેશમાં મરાયેલા રાજકારણીઓમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાનો ઉલ્લેખ પણ થયો. બળવંતભાઈનું ૧૯૬૫માં પ્લેન ક્રેશમાં નિધન થયેલું એ વાત સાચી છે, પણ એમનું મોત વિમાનમાં ખરાબીના કારણે નહીં, પણ પાકિસ્તાન સામેના યુદ્ધના કારણે થયું હતું. પાકિસ્તાન એરફોર્સે તેમના પ્લેનને ઉડાવી દેતાં બળવંતભાઈ સહિત ૮ લોકો મોતને ભેટ્યાં હતાં.

બળવંતરાય મહેતા ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ તાતા કેમિકલ્સના બીચક્રાફટ કોમ્પ્યુટર એરક્રાફટમાં મીઠાપુર માટે નીકળ્યા હતા. તેના પાઈલટ તરીકે ઈન્ડિયન એરફોર્સના ભૂતપૂર્વ પાઈલટ જહાંગીર એન્જિનિયર હતા. મહેતા બપોરે ૩ વાગ્યે મીઠાપુરની તાતા કેમિકલ્સ પહોંચવાના હતા. તેમની સાથે પત્ની સરોજબહેન, 'ગુજરાત સમાચાર'ના રિપોર્ટર કે.પી. શાહ અને ત્રણ સહાયક હતા. બપોરે લગભગ દોઢ વાગે તેમનું વિમાન રવાના થયું પણ આ વિમાન કદી મીઠાપુર પહોંચ્યું જ નહીં. યુદ્ધ ચાલુ હતું તેથી ભારત અને પાકિસ્તાનનાં યુદ્ધ વિમાનો એકબીજાની હદમાં ઘૂસીને બોમ્બમારો કરતાં હતાં. બળવંતભાઈનું વિમાન ભૂજની નજીક હતું ત્યારે પાકિસ્તાની રડાર પર દેખાયું. પાકિસ્તાન એરફોર્સે આ વિમાનને ભારતીય એરફોર્સનું વિમાન સમજી લીધું. તરત જ ફ્લાઈંગ ઓફિસર કૈસ હુસૈન પોતાના યુદ્ધ વિમાન એફ-૮૬ સબરેસમાં નિકળ્યો.

પાકિસ્તાન એરફોર્સનું બીજું વિમાન પણ રવાના થવાનું હતું પણ તેમાં ખામી સર્જાતાં ના નીકળી શક્યું. હુસૈને ભારતીય સરહદમાં ઘૂસીને મહેતાના વિમાનને ઉડાવી દીધું. ભારતીય પાઈલટ જહાંગીર એન્જિનિયર હુમલા માટે તૈયાર જ નહોતા તેથી બચાવની તક જ ના મળી અને મીઠાપુરથી ૧૦૦ કિલોમીટર દૂર સુથલી ગામ પાસે આ વિમાન તૂટી પડ્યું,જેના આઠેય પ્રવાસી માર્યાં ગયાં. પાછળથી ૨૦૧૬માં પાકિસ્તાની પાઈલટ હુસૈને જહાંગીરનાં પુત્રીને પત્ર લખીને માફી માગી હતી.

ભારતમાં પ્લેન ક્રેશ થાય પછી તેનાં કારણ વિશે બહુ ચોવટ થાય છે પણ સ્થિતિમાં કોઈ સુધારો કદી થતો નથી. આપણે સામાન્ય લોકોની વાત છોડીએ, પણ વીવીઆઈપીઓના કિસ્સા જોઈશું તો પણ આ વાત સમજાશે. ભારતમાં સંજય ગાંધીથી શરૂ કરીને અજિત પવાર સુધીની ઘણી જાણીતી હસ્તીઓ પ્લેન ક્રેશમાં ક-મોતને ભેટી છે. ગયા વરસે જુલાઈમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીનું અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. આ સિવાય માધવરાવ સિંધિયા, લોકસભાના સ્પીકર જીએમસી બાલયોગી, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખર રેડ્ડી, ભારતના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવત સહિતના લગભગ ૨૫ જેટલા મહાનુભાવો પ્લેન ક્રેશમાં મોતને ભેટ્યા છે. આ પૈકી વિજય રૂપાણી સામાન્ય ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યા હતા, પણ બીજા મહાનુભાવો તો સ્પેશ્યલ પ્લેનમાં નીકળ્યા હતા છતાં પ્લેન ક્રેશ થતાં છેક ઉપર પહોંચી ગયા તેનો મતલબ એ કે, વીવીઆઈપી હોય કે સામાન્ય માણસ, ભારતમાં પ્લેનના મેન્ટેનન્સમાં ધાંધિયા જ છે. આ બધા વીવીઆઈપી અલગ અલગ પ્રકારના પ્લેનમાં પ્રવાસ કરતા હતા. કોઈ એરફોર્સના પ્લેનમાં હતું તો કોઈ ખાનગી કંપનીનાં પ્લેનમાં હતું, પણ બધાંનો અંજામ એક જ સરખો કરુણ આવ્યો. તેનો અર્થ એ થાય કે, મેન્ટેનન્સમાં ખામી છે ને પ્લેન ઉડાડતાં પહેલાં બધું બરાબર છે કે નહીં તેની કોઈ જ ચકાસણી કરાતી નથી. આ ઘોર બેદરકારી કહેવાય પણ આ બેદરકારી ભારતમાં સામાન્ય છે. ભારતમાં આંગળાં ચાટીને પેટ ભરવાની માનસિકતાના કારણે કંપનીઓ કે એરલાઈન્સ કરોડો ખર્ચીને આધુનિક એરક્રાફ્ટ લઈ આવે, પણ તેને માટે ક્વોલિફાઈડ સ્ટાફ રાખવાની તસદી નથી લેવાતી કેમ કે ક્વોલિફાઈડ સ્ટાફ માટે જંગી ખર્ચ કરવો પડે. ભારતમાં સારા નહીં પણ સસ્તાની બોલબાલા છે તેથી સારા એન્જિનિયરો કે ટેકનિકલ સ્ટાફ રાખવાની વાત તો છોડો પણ આપણે ત્યાં પાઈલટ પણ સારા રખાતા નથી. સસ્તામાં જે મળે તેને રાખી લેવાનો. અજિત પવારનું પ્લેન ઉડાવી રહેલો પાઈલટ જ બે વાર દારૂના નશામાં ચૂર થઈને પ્લેન ઉડાવતાં પકડાયેલો એટલે એરલાઈન્સે તેને કાઢી મૂક્યો પછી ખાનગી કંપનીમાં જોડાયેલો એવા મીડિયાના ચોંકાવનારા રિપોર્ટ્સ છે..!

આઘાતની વાત પાછી એ છે કે, આ પૈકી મોટા ભાગના કિસ્સામાં મોતનું સાચું કારણ જ બહાર આવ્યું નથી. અમદાવાદમાં અઢીસોથી વધારે લોકોનો ભોગ લેનારું પ્લેન કઈ રીતે તૂટી પડ્યું એ હજુ કોઈને સમજાતું નથી. પ્લેનમાં ટેકનિકલ ખામી હતી એટલે તૂટી પડ્યું એવી ગોળ ગોળ વાતો કરી દેવાય પણ ચોક્કસ કારણો અંગે કદી ફોડ પડાતો નથી. સ્વાભાવિક રીતે જ ટેકનિકલ ખામી મેન્ટેનન્સના અભાવે સર્જાય ને તેના માટે પાઈલટ નહીં, પણ ગ્રાઉન્ડ સ્ટાફ જવાબદાર હોય પણ કદી કોઈની સામે પગલાં નથી લેવાતાં. જે ગયા એ ગયા, હવે નીચેવાળાને શું કરવા પરેશાન કરવા એમ સમજીને ભીનું સંકેલી લેવાય છે.

આ માનસિકતા ડરામણી છે. એક રીતે લોકોના જીવ સાથે રમત છે, પણ કમનસીબે આ રમતને રોકવા માટે કશું કરાતું નથી. ભારતમાં નાગરિક ઉડ્ડયન માટે અલગ મંત્રાલય છે અને તેની સાથે સંકળાયેલી એજન્સીઓ પણ છે. પણ સરકારી રાહે કામ કરતી એજન્સીઓને સુધારો કરવામાં રસ જ નથી. થોડા સમય પહેલાં ઈન્ડિગોની સેંકડો ફ્લાઈટ્સ રદ થયેલી ને હજારો મુસાફરો રઝળી પડેલા. લોકોએ ફરિયાદોનો ઢગ કર્યો પછી દેખાવ ખાતર થોડોક દંડ ફટકારવામાં આવ્યા પણ પછી આગળ કશું થયું નથી. તેનું કારણ એ કે, આપણે ત્યાં સરકારી તંત્રમાં બેઠેલાં લોકોને માણસના જીવની કંઈ કિંમત નથી ને આ સ્થિતિ કદી બદલાવાની નથી. ■

---

### ડેટા એક્યુરેસીઃ

# સોશ્યલ મીડિયા પર ફરતું બધુંય સાચું નથી હોતું...

### સરળતાથી જાણી લો કે કયો ડેટા સાચો છે કે ખોટો...

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@
bombaysamachar.com

ઈન્ટરનેટની વિશાળ દુનિયામાં અનેક પ્રકારના ડેટા છે. સર્ચ એન્જિન કંપની ગૂગલે તેના સર્વરમાં અનેક કેટેગરીમાં આ ડેટાને વર્ગીકૃત કરી રાખ્યા છે. જ્યારે કોઈ સર્ચ કરવામાં આવે ત્યારે એ ચોક્કસ રીક્વેસ્ટથી જે તે ડેટા આપણા સુધી પહોંચે છે. સર્ચ એન્જિન સાથે AIએ હાથ મિલાવતા ઘણી રાહત થઈ છે. AIનો ડેટાબેઝ અને સર્વર્સમાં રહેલો ડેટા ઘણા ખરા અંશે જુદો પડે છે, જે કેટેગરી ફોર્મેટમાં સર્ચ કરીને આપે છે. સોશ્યલ મીડિયા પર દરરોજ એવી માહિતીનો ઢગલો થાય છે કે, એમાંથી સાચું શું એ શોધવું મુશ્કેલ થઈ પડે છે. માહિતીના ધોધમાં ગંગાજળ કયું અને કયું ગટરનું પાણી એવી સ્થિતિ વચ્ચે ડેટા એક્યુરેસીનો મુદ્દો ચર્ચામાં છે.

ગૂગલ અને એમેઝોન જેવી કંપની દર વર્ષે આવા સેંકડો ફેક ડેટા ડિલિટ કરે છે. જેથી સાચી માહિતી લોકો સુધી પહોંચતી રહે.. ઘણાય એવાં પ્લેટફોર્મ છે જેમાં હકીકત શું એ સરળતાથી જાણી શકાય છે.




**ડેટાની તપાસ આવી રીતે પણ કરી શકાય...**

સૌ પ્રથમ તો એ તપાસો કે ડેટા રો છે કે કોઈ લીંકમાં આવેલો છે. લીંકમાં આવેલો હોય તો એ લીંક ફેક નથી ને? આ ચેક કરો. લીંક કોપી કરીને ગૂગલ સર્ચ કરો. સાચી હશે તો એની ઓફિશિયલ વેબસાઈટ ખૂલી જશે, નકલી હશે તો અંગ્રેજી સિવાયની કોઈ વિચિત્ર ભાષામાં તે ખૂલશે. આના પર ક્લિક ન કરશો આનો અર્થ એ થયો કે, ડેટામાં નક્કી કંઈક ખોટું છે. રો ડેટામાંથી કોઈ એક લાઈન કે શબ્દને કોપી કરવાના બદલે ટાઈપ કરીને ગૂગલ સર્ચ કરો, જો ડેટા સાચો હશે તો એ સંબંધિત બીજા કેટલાક વિષયોની પણ લીંક બતાવશે, જે ઓફિશિયલ હશે. મીડિયાનાં માધ્યમોની વેબસાઈટ સિવાય પણ વાયરલ વીડિયો કે ફોટોના ફેક્ટ ચેક થાય છે. આવું થાય ત્યારે ડાયરેક્ટ કંઈક પગલાં લેવાના બદલે ગૂગલમાં જ પ્રશ્ન કરો. દાખલા તરીકે : છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે વાયરલ ક્યો ડેટા થયો, ક્યો ફોટો કે વીડિયો થયો? વિરાટ કોહલીએ પોતાનું ઈન્સ્ટાગ્રામ સસ્પેન્ડ કરી નાખ્યું એ સમાચારા પણ સાચા અને ડેટા પણ સાચો હતો.

**વાયરલ મેસેજ...**

ચૂંટણીના સમયમાં પ્રચાર પૉલિસી ચાલે છે. ખાસ કરીને ચૂંટણીકાર્ડના અપડેશનને લઈને. આવા સમયે મિત્ર વર્તુળ કે આસપાસના લોકોને પણ એ મેસેજ વિશે પૂછી શકાય. એ મેસેજ બતાવીને ખરાઈ પણ કરી શકાય , કારણ કે, ભૂલથી પણ ફેક ડેટા કે લીંક પર ક્લિક વાગી જાય તો સાયબર ફ્રોડના શિકાર થતાં કોઈ રોકી ન શકે. એક ઉદાહરણ જોઈએ...

'ટેસ્લા' ઈ-કાર જ્યારે ભારતમાં આવવાની હતી એ સમયે સોશ્યલ મીડિયા પર એક મેસેજ વાયરલ થયો હતો કે, ટેસ્લા રાજસ્થાનમાં પોતાનો પ્લાન્ટ શરૂ કરી શકે છે. આ મેસેજ વેલ ડ્રાફ્ટ હતો. વાયરલ પણ ખૂબ થયેલો હતો. હકીકત એવી હતી કે, આ મેસેજ જ ખોટો હતો. માત્ર વાયરલ કરવાના વિષયથી તૈયાર કરાયો હતો. મેસેજની શૈલી એવી હતી કે, ભલભલા વ્યક્તિ કે નિષ્ણાંત તો એકવાર વાંચીને ભેખડે ભરાઈ જાય. માહિતીનો વિસ્ફોટ થયો હોય એવા યુગમાં સારી માહિતી કરતા સાચી માહિતીનું મહત્ત્વ સૌથી વધારે છે.

**ક્યા વિષયોમાં ડેટા સૌથી વધુ મૂંઝવણ સર્જે છે...**

મલ્ટિમીડિયાનો યુગ છે અને દરેક વિષય ફોટો-વીડિયો રૂપે પ્રાપ્ય છે. આવા સમયે સવાલ એ પણ થાય કે ડેટાના ઢગલા વચ્ચે સાચા ડેટામાં કેવી કન્ફ્યુઝન થતી હશે? જવાબ ઘણા બધા છે. ઈતિહાસ એમાં પહેલા ક્રમે આવે છે. વિકિપીડિયાને સૌથી સરળ સોર્સ માનવામાં આવે છે. આમાં માહિતી સરળ અને સ્પષ્ટ છે, પરંતુ ઘણીવાર આમાં પણ ગફલા થઈ જાય છે. ખાસ કરીને જ્યારે વિષય ઈતિહાસ સંબંધિત હોય. અમેરિકાની રિસર્ચ કંપનીએ દાવો કર્યો હતો કે, સૌથી વધારે ગફલા ઈતિહાસના ડેટા સાથે થાય છે. જુદા-જુદા મ્યુઝિયમની મુલાકાત કરીને પછી આ ડેટા તૈયાર કર્યો અને ઈતિહાસ સંબંધિત ચોક્કસ વેબસાઈટ પર મૂક્યો. ભારતીય સ્વતંત્રતા સંગ્રામના કેટલાક કિસ્સાઓ પણ ઈન્ટરનેટ પર વગર ઓથેન્ટિકેટ સરનામે ફરે છે. ઘણીવાર મીડિયાના અહેવાલમાંથી પણ ખ્યાલ આવે છે કે, જે તે વેબસાઈટ ઉપર પણ ડેટા તદ્દન ખોટો મૂકી દીધો છે.

**દસ હજાર વધુ લિસ્ટેડ ડેટાને ફૂંકી માર્યો...**

એક વર્ષમાં ગૂગલે ૧૦ હજારથી વધારે લીંકને ડિએક્ટિવ કરી દીધી, કારણ કે, મેપ્સ પરના લોકેશનથી લઈને વેબસાઈટ સુધી બધુ જ ફેક હતું. ગૂગલ પર ડમી એકાઉન્ટથી ફેક બિસનેસ લિંક તૈયાર કરી હતી અને મેપ્સ પર એની ચોક્કસ યાદી પણ હતી. ગત વર્ષે જુલાઈ ૨૦૨૫માં મોટી સંખ્યામાં આઈટી કંપનીઓએ કર્મચારીની છટણી કરી હતી. આ ડેટા પ્રાયવેટ હતો, જેનો ઉપયોગ કરીને કેટલીક ફેક લીંક તૈયાર કરાઈ હતી. હકીકતમાં જ્યારે એ કર્મચારીને આની ખબર પડી ત્યારે કંપની સામે ઘણા પ્રશ્નો ઊભા થયા.. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*વર્ષ ૨૦૨૩માં ૧૦ લાખથી વધારે લીંક અને ફોટો ગૂગલે ડિલિટ કર્યા, કારણ હતું એક વિષયના ડેટાની લાખોવાર થયેલું કોપી-પેસ્ટ!*

---

# ઘણા નર્સિંગ હોમ સ્તન કેન્સર અટકાવવા માટે ઈન્જેક્શન આપી રહ્યા છે, શું તે ખરેખર કામ કરે છે?



ફોકસ પ્લસ

નિધી ભટ્ટ
feedback@
bombaysamachar.com

દેશમાં લોકો પૈસા કમાવવા માટે નકલી કામ કરતા રહે છે, આવા હજારો કેસ મળી શકે છે. ચાલો તમને સ્તન કેન્સર અંગે ચાલી રહેલી છેતરપિંડી વિશે જણાવીએ.

આજકાલ સોશિયલ મીડિયા પર અને કેટલાક નર્સિંગ હોમમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ''એક ઇન્જેક્શનથી ક્યારેય સ્તન કેન્સર નહીં થાય.'' આવા દાવાઓ સાંભળીને ઘણા લોકો મૂંઝવણમાં મુકાઈ જાય છે. આ માટે લોકો પાસેથી ૪ હજારથી વધુ ચાર્જ લેવામાં આવે છે અને સમસ્યા એ છે કે સામાન્ય લોકો જે તેના વિશે વધુ જાણતા નથી તેઓ આ જાળમાં ફસાઈ રહ્યા છે. જો તમે આ પાછળનું સત્ય જાણો છો, તો તમે ચોંકી જશો. સત્ય એ છે કે અત્યાર સુધી બજારમાં આવી કોઈ રસી આવી નથી, જે સ્તન કેન્સરને સંપૂર્ણપણે અટકાવી શકે. ચાલો તમને તેના વિશે વિગતવાર જણાવીએ.

## વાસ્તવિક સત્ય શું છે?

વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો માને છે કે અત્યાર સુધી સ્તન કેન્સર અટકાવવા માટે કોઈ માન્ય રસી નથી. વિશ્વ આરોગ્ય સંગઠન (ઠંઇઘ) અને યુએસ ૠઉઅ (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન) એ પણ આવા કોઈ ઇન્જેક્શનને મંજૂરી આપી નથી. એટલે કે જો કોઈ નર્સિંગ હોમ કે ક્લિનિક આ દાવો કરી રહ્યું છે, તો તે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યું છે.

## સંશોધન ક્યાં સુધી પહોંચ્યું છે?

સ્તન કેન્સરની રસી પર સંશોધન ચોક્કસપણે ચાલી રહ્યું છે અને કેટલાક પ્રારંભિક પરિણામો પણ પ્રોત્સાહક છે.

સેન્ટ લુઇસની વોશિંગ્ટન યુનિવર્સિટી (૨૦૨૪) ખાતે એક ફેઝ-૧ ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી જેમાં ટ્રિપલ-નેગેટિવ સ્તન કેન્સરના દર્દીઓને નિયોએન્ટિજેન ડીએનએ રસી આપવામાં આવી હતી. આમાં લગભગ ૮૭ ટકા દર્દીઓમાં કેન્સર ૩ વર્ષ સુધી પાછું આવ્યું ન હતું.

હાર્વર્ડ અને ગઈઈ (નેશનલ કેન્સર ઇન્સ્ટિટ્યૂટ, યુએસએ) જેવી સંસ્થાઓ પણ આ દિશામાં કામ કરી રહી છે. પરંતુ અત્યાર સુધી કોઈ રસી વ્યાપારી ઉપયોગ માટે એટલે કે સામાન્ય લોકો માટે ઉપલબ્ધ નથી.

## ભય શું છે?

જો કોઈ નર્સિંગ હોમ દાવો કરી રહ્યું છે કે તેમની પાસે એક એવું ઇન્જેક્શન છે જે સ્તન કેન્સરને અટકાવશે, તો તે સંપૂર્ણપણે નકલી છે. આ માત્ર છેતરપિંડી જ નથી પણ દર્દીઓના જીવન સાથે પણ રમત છે. વાસ્તવિક રસી હજુ પણ સંશોધન અને પરીક્ષણની પ્રક્રિયામાં છે, જે ઘણા વર્ષો સુધી ટકી શકે છે.

## તમારે શું કરવું જોઈએ?

આવા કોઈપણ દાવા પર વિશ્વાસ ન કરો કે આ ઈન્જેક્શન લેવાથી કેન્સર અટકશે.

કોઈપણ તબીબી સારવાર પહેલાં ફક્ત પ્રમાણિત ડૉક્ટર અને સરકારી/માન્યતા પ્રાપ્ત સંસ્થાની સલાહ લો.

જો કોઈ નર્સિંગ હોમ અથવા ક્લિનિકમાં આવું ઈન્જેક્શન આપવામાં આવી રહ્યું હોય તો તાત્કાલિક સંબંધિત આરોગ્ય વિભાગને જાણ કરો.

સ્તન કેન્સરની રસી પર સંશોધન ચોક્કસપણે ચાલી રહ્યું છે અને આગામી વર્ષોમાં તે તબીબી વિજ્ઞાનની એક મોટી સિદ્ધિ હોઈ શકે છે. પરંતુ અત્યાર સુધી સામાન્ય લોકો માટે આવી કોઈ દવા કે ઈન્જેક્શન ઉપલબ્ધ નથી. તેથી આવા ખોટા દાવાઓથી સાવધાન રહો અને સાચી માહિતી પર વિશ્વાસ કરો. ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અરિજિત સિંહ કે ઈન્દ્રિયજિત સિંહ?

કમાલ કહેવાય ને! ટોચ પર કાયમ રહેવાના વલખા મારવાની ઈન્દ્રિય, કુબેરના પ્રતિસ્પર્ધી બનવાની ઈન્દ્રિય, રોજ પોતાના જ નામના વધુ ને વધુ પ્રેમમાં ગરકાવ થતા જવાની ઈન્દ્રિય, ઈનસિક્યુરિટીના દોરડા ઉપર તણાવની લાકડીથી અવલંબન જાળવ્યા કરવાની ઈન્દ્રિય અને અન્ય શું કરે છેની ચિંતામાં ઊંઘની ગોળીઓ ખાધા કરવાની ઈન્દ્રિય ઉપર એક જ ઝાટકે વિજય નોંધાવી દીધો અરિજિત સિંહે ... સંસ્કૃત અને ગુજરાતીમાં અરિનો અર્થ રિપુ એટલે કે દુશ્મન થાય છે. તો આ માણસે તો, ખરેખર માનવ જીવનના બધા જ દુશ્મનોને પરાસ્ત કરી નાખ્યા. તમે ટોચ પર હો અને તમે રિટાયર્ડ થઈ જાઓ. બે જ કારણે, કાં તો તમે પાગલ થઈ ગયા હો અથવા તમને બુદ્ધત્ત્વ પ્રાપ્ત થઈ ગયું હોય (અત્યારની Hap Generation જેને Enlightenmentના નામે ઓળખે છે એ) ડોન બ્રેડમેનને ટેસ્ટ મેચની દરેક ઈનિંગની ૧૦૦ રનની સરેરાશ સિદ્ધ કરવા માત્ર ચાર જ રનની જરૂર હતી છેલ્લી ઈનિંગમાંથી અને બ્રેડમેન આઉટ થયા ઝીરો પર, એમની સરેરાશ રહી હતી ૯૯.૯૬ની. પણ ૧૦૦ની સરેરાશ માટે અગાઉની જાહેરાતની ઉપરવટ જઈને એક વધુ ટેસ્ટ એ ન રમ્યા તે ન જ રમ્યા. અરિજિત બીજું ઘણું બધું હશે જ પણ એ સંગીતનો બ્રેડમેન તો ખરો જ.

અને કારકિર્દી કેટલી... માંડ ૧૨ કે ૧૫ વરસની. બે-ત્રણ કરોડ એક શોના લેતો હતો. વધારેય હોઈ શકે. પણ ક્રેઝ એટલે માઈકલ જેક્સનના શરૂઆતના દિવસોની યાદ અપાવી દે એવો ક્રેઝ. શરૂઆતના સા થી ઉપરના સા સુધીના સાત સૂર ગળામાં એવી નિપુણતાથી રમાડતો કે સ્વયમ્ સંગીતને વિચારોમાં ડૂબાડી દે. અને એય કેવી શરૂઆત સાથે?! રિયાલીટી શોમાં મળેલા જાકારાથી તો શરૂઆત કરી અરિજિતે. પણ મૃદુ લયનો આ માણસ નિરાશાને બદલે ખંતને દિલ દઈ બેઠો. શરૂ કરી દીધો રિયાઝ કોઈ ન જાણે એમ. અનહદ ભરોસો હતો એને ઉપરવાળાના આશીર્વાદ અને પોતાની શક્તિ ઉપર. આવું સાયુજ્ય હોય ત્યાં સ્વીકૃતિની દેન છે કે આવવામાં ચું કે ચાં કરી શકે! વિત્યા જ્યાં વરસ થોડા કે આ જ અસ્વીકૃત અવાજ



કરોડો રસિયાઓનો ધબકાર બની બેઠો. લગ્નની સંગીત મહેફિલો, મોટરગાડીઓની મ્યુઝિક સિસ્ટમ, અનેક દિમાગોની સંગીતની આરક્ષિત Space અને સંગીત થેરાપી દ્વારા ઉપચાર પામતા લાખો હૃદયનો કબજો લઈ બેઠો આ અવાજ. અને પાછો કેવો માણસ! મનોજ ખંડેરિયા કહે છે એમ હવા જેવો સરળ... 'ફેમ ગુરુકુલ'માંથી જાકારો મળ્યા બાદ ૨૦૦૫થી ૨૦૧૨ સુધી સાત વરસ એટલે કે ૭x૩૬૫ દિવસ સ્ટ્રગલના (અને આ દિવસો વિષે જેણે સ્ટ્રગલ કરી હોય એને જ પૂછવું કે આ સમયમાં એક ક્ષણથી બીજી ક્ષણ સુધી જતાં દિવસો કેમ લાગી જતા હોય છે...) અરિજિતે આ સમય દરમિયાન માપી લીધું કે જે અવાજ છે એનાથી દિગ્વિજય તો શું વિજય પણ નહીં પામી શકાય. એટલે સિંહના આ બચ્ચાએ ગળાની અંદરની વ્યવસ્થાની એ રીતે કુશળતાથી ફેરબદલી કરી કે જેથી અવાજમાં શૃંગારમય આળસ ઉમેરાય અને અવાજની sex appeal સીમા સીમાડાઓ પાર કરી જાય. અને ચાલી... અરિજિત સિંહની વાત ચાલી. તે એવી ચાલી ચાલી ચાલી કે કલકત્તા (હજી જૂનું અને મને બહુ ગમતું નામ)થી ડબ કરીને એ મુંબઈમાં સ્ટુડિયો મિક્સિંગ માટે રવાના કરે. બંદો પોતે આવે તો આવે, ના ય આવે. પણ પરિણામ? સારું, વધુ સારું, એથી ય વધુ સારું...

મારા હે પરમ પ્રિય વાચક! જીવવા માટે મેક્સિમમ પાંચ-સાત કરોડ, વાડી વજીફા ઈત્યાદી અહમ્ ભર્યું જીવવા ૨૫ કરોડ અને 'મારી પાસે ૧૦૦ કરોડ છે' એવડા અહમ્ ભર્યું જીવવા માટે ૧૦૦ કરોડ તો બહુ થઈ ગયા. બાકીના બધા કરોડો અબજો ખર્વો નિખર્વો પરાર્ધો શંકુઓ લઘુશંકામાં મત્સ્ય ઉદ્યોગ છે, એવું અરિજિતને કેવળજ્ઞાન કયાંથી આવ્યું હશે! ભારતના જોવાલાયક સ્થળમાંથી સાંભળવાલાયક ગવૈયા બનવા માટે અરિજિત સિંહ પ્લેબેક સીંગિંગને સલામ કરી રહ્યો છે ત્યારે મને ૮૩-૮૪ સુધીના મહેંદી હસન કે એથીય વધુ ઉત્કૃષ્ટ જાદુગર મળશે? તમને શું લાગે છે? આજે તો અમૃત ઘાયલ, એમના જિગરજાન શૂન્ય પાલનપુરી અને બન્નેના અનુજ શોભિત દેસાઈ અરિજિતને વહાલ કરવા આવી રહ્યા છે...

**મોજ સઘળી એમનાથી હેઠ છે**
**શાયરી બહુ ખૂબસૂરત વેઠ છે**
**સુખ ગણી જેને પ્રશંસે છે જગત**
**એ અમે છાંડી દીધેલી એંઠ છે**

**ઘાયલ**

**આમ તમને હું ભલે પ્રેમનો શાયર લાગું**
**દર્દ સરખાવીને દેખો તો પયંબર લાગું**

**ઓથ લેવી પડે પથ્થરની મને માન્ય નથી**
**શૂન્ય છું, ઠીક છું, ઈચ્છા નથી ઈશ્વર લાગું**

**શૂન્ય**

**અજાણ્યાને ગણી ઈશ્વર, બહુ આગળ જવાનું છે**
**નવાં સંધાન આંખે ભર, બહુ આગળ જવાનું છે**

**સફર પોતે છે મંઝિલ, ક્યાં તું મંઝિલ શોધવા બેઠો!**
**ફરી શરૂઆત મનમાં ધર, બહુ આગળ જવાનું છે**

**ઝડપ પર કાપ મૂકવાના, નકામા લાગણીવેડા**
**નયન નાહક ન ભીનાં કર, બહુ આગળ જવાનું છે**

**વહેતું જળ તું, ખળખળવાનો તારો ધર્મ છે કાયમ**
**અટકવાના ફગાવી ડર, બહુ આગળ જવાનું છે**

**મૂકી મૂર્તિ, મહાલય, માન્યતા - માણસ બની જા તું**
**વટાવી દે બધા પથ્થર, બહુ આગળ જવાનું છે**

**શરાફત, ખાનદાની ક્યાં સીમિત છે આ જનમ પૂરતી?**
**રટી લેજે અઢી અક્ષર, બહુ આગળ જવાનું છે**

**શોભિત**

આજે આટલું જ. ■

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# અભણ ને ભણેલ: કવિના અંતરનો અવાજ બનેલું કચ્છી કાવ્યસર્જન

*અભણ ને ભણેલ બ સામ-સામે ભેરા થેઆ;*
*ભણલ ચેં અભણકે યાર વિઞે કિડાં તો?*
*અભણ ચેં કિડાં મ-કર સવારજે પોરમેં તું;*
*જિડાં મિલે મુલ મુંકે વિઞા આઉં ઉડાંતો.*
*તૂં પ તડે ચો-ત ખરો ડાકુંવામું ભરીઘોને;*
*ઉગેં સઉં નિકરેં સેં વિઞે ભલા કિડાં તો?*
*ભણલ ચેં યાર તું-ત ગાલ છડ મુંજી ન્યાર;*
*તો વારેંજીં ધક્ક થોડા ખ્યાં જિડાં તિડાં તો.*
*અભણ : આઉં જલિયાં ધક્ક તડે તું ચો કેડ્રી ચિક કે;*
*સીંધુ હેડો ભનેંતો સે આય કીંક સારેં તો.*
*કંધ મિંજા કુછેંતો ને અધ્ધર તો ઉલરેં સે;*
*ચો-ત ખરો અજ ભલા કેડી મોથ મારે તો.*
*કોટ-બોટ પેરે હલેં રખે ગોટ ભનેં તું-તાં;*
*ચોત ખરો કયો ગોઠ વિઞી કરે ન્યારે તો.*
*અજજો રૂવાભ તોજો આય જૈટલમેન જેડો;*
*ખતેંજો હી વીંટો કેડો કુછણમેં વારે તો.*

*અનુવાદ: એક દિવસ ભણેલો અને અભણ બે સામસામે ભેગા થઇ ગયા. એટલે અભણ સાક્ષરને કુતૂહલવશ પૂછે છે કે તું સવાર સવારમાં ક્યાં જાય છે? સૂટ-બૂટ પહેરીને, ખતનો થપ્પો હાથે ધરીને ક્યાં જાય છે? આજનો તારો રૂઆબ તો જેન્ટલમેન જેવો વર્તાય છે.*

*ભણેલ : ખતબત નઈ ભોથા હી ત મુંજી ડિગ્રી આય;*
*ઈનમેં કિંમત આય મુંજે ભણતરજી.*
*ઑફિસમેં વેંધો તડે સાહેભ હી ન્યારિંધો;*
*તડે મુંજી નોકરીજી પાસ થીંધી અરજી.*
*નોકરી-પ ફુટરી અજ-ત મુકે મિલી વેંધી;*
*પોય ભસ પીડા લોંધી જિંધગી તા ભરજી.*
*અેંડે ખાતેમેં તાં યાર ઘુસી વેંણું ખપે પોય;*
*કમ કયો ન-કયો ઈ પાંજી જેડી મરજી.*

અનુવાદ: સાક્ષર એને જવાબ વાળે છે કે આ કોઇ ખત (ટપાલ) નો થપ્પો નહીં પરંતુ મારી ભણતરની ડિગ્રી છે, જ્યારે ઓફીસ જઇશ ત્યારે સાહેબ આ જોઇને મારી નોકરી પાક્કી કરશે, એવી સરસ નોકરી જ્યાં કામ કરીએ કે નહીં કોઇ ચિંતા નહીં.

અભણ : પિક ધિક ધિક આંકે, નિયથજા ભધ એૈ તાં
હરામજો જ ખાધેલા એૈ ભલા ભણોંતા.
ધૂડ પિઈ આંજી ભણતરમેં આઉં આંકે ચાંતો;
અડે! જેંજો ખ્યો રિજક તેંજી ખુટી ખણોતા.
સાહેભ ભની વેઆ ત-એ અલાનું-પ ધ્રૂજો ન-તા;
અડાઈયે છેણે જેડો થોંટો ચાહે હલોતા.
ખુરસીતેં વિઠે વિઠે સિકારકે ન્યાર્યો વિઠા;
આયો કો' આડમેં તાં છિક્કી સઉં છણોતા.



અનુવાદ: આ સાંભળી અભણ માર્મિક વાત કરે છે કે ધિક્કાર છે તમને લોકોને તમે લોકો ભણીગણીને હરામનું જોઈએ છે અને બીજાનું રજક (મહેનત)નું ખાઈ જાઓ છો. સાહેબ બન્યા પછી તો ઈશ્વરનો ખૌફ પણ નથી રહેતો. આ રીતે થોડા કડવા વેણ ઉચ્ચારે છે.

*ભણેલ : છિક્કી સઉં ન છણો ત કરિયુંપ કુરો તડે;*
*ડિગ્રિયું ગિનોતા સેં હૂંઈ નત્યું મિલેં કીં.*
*વરેંતા વિઞાઈયું જડે થોથા ઉથલાયમેં ને;*
*વાંચે-વાંચે કરિયુંતા- ઉજાગરા રાત-ડીં.*
*ભણે પુઠીઆ ભવ અસીં અધ તા ફિટાઇયું તડે;*
*મડ-મડ ઉકરોંતા પરીક્ષામેં પાસ થિઈ.*
*વાંજણી વિચાડી કુરો પીડા બુજે વીઆજેજી;*
*તોજો પ આય તાલ ઍડો સમજયાં કી?*

અનુવાદ: એટલે સાક્ષર તાત્ત્વિક વાસ્તવિકતા સાથે રજુઆત મૂકે છે, કરીએ પણ શું? આ ડીગ્રીઓ એમ જ મળતી નથી. વર્ષો વીતે, મહેનત કરીએ, રાતદિવસના ઉજાગરા કરી અડધી જીંદગી ગુજારે ત્યારે માંડમાંડ પાસ થવાય છે આ પરીક્ષાઓમાં. વાંઝણી શું જાણે પ્રસુતિની પીડા?

આમ, તો આ કૃતિ હજુ લાંબી છે પણ સાર્થક જોઈએ તો નીચેની પંક્તિઓથી સમજી શકાય કે, શ્રીમદ ગીતામાં શ્રી ગીરીધર આપે છે એ સંદેશ મુજબ કર્મનો ખેલ ખૂબ ન્યારો છે. અધર્મ, અકર્મ અને અનીતિનું પરિણામ દુષ્કર અને દુઃખદાયી જ હોય છે. આવું કરવા કરતા અડધો કટકો રોટલો જો મીઠો લાગે તો રોટલાથી પિત્ઝા સુધીની ઘટમાળ શા કામની? જેમાં ઝાઝું હોય તો પરવારીએ નહી અને રાતની ઊંઘ પણ હરામ કરી જીવનસુખ છીનવાઈ જાય. નીતિ પ્રમાણિકતાનું દૃષ્ટાંત કૂતરા સાથે સરખાવી આપતા નીચેની પંક્તિઓમાં કવિ કહે છે કે એક ટુકડો રોટલી ખાનાર કોઈ પણ આવારુંને જોઈ માલિની ચોકીદારીનો ધર્મ નિભાવે છે. ભણતર તો કળયુગમાં કર્મનીતિ વધારવા કે સુધારવા વપરાય, આંતરિક વિકાસ, સમાજ કલ્યાણ માટે ઉપયોગી બનવાથી જુદું જો અનીતિમાં જીવન વીતે તો નકામું, એથી તો અમે અભણ સારા.

*અભણ : અસીં અભણ ચોપા ને ઍ બ પગા ન્યાર્યો;*
*આ કનાં તાં કુત્તા ખાસા ઘણીકે ત ખિજેતા.*
*ટુકર હિકડી માની મથે ડીં રાત ચોકી કરી;*
*બારાતુ કો' ડિસેંતા ત તેરંઈ તેકે ભસેંતા.*
*તડે આં જેડા ત ન્યાર્યો વફા મળે જફા કરી;*
*સાંઆય વિગરજા થઈ ઍડો કુલ્લા સિર્ખતા.*
*તોભાંડે! તોભાંડે! આનું કલજુગ એ જ વ્યાર્યા;*
*જમાનેકે અજ આંજી ભણતર મુઠે તાં.*

જૈન સંસ્કારોથી ઘડાયેલા અને કચ્છી ભાષા પ્રત્યે અઢળક પ્રેમ ધરાવતા કવિ તેજપાલ ધારશી કચ્છી સાહિત્યના સાચા શ્રેષ્ઠી રહ્યા છે. તેમની કવિતા 'ભણેલ અને અભણ' બંને વર્ગને સ્પર્શે એવો ભાવલોક વસે છે; ક્યાંક સરળ બોલી, તો ક્યાંક વિચારની ઊંડાણ. કચ્છી ભાષા અને સાહિત્યના આકાશમાં 'તેજવાણી' એક એવો સ્નેહઝરણાં સમો અવાજ છે, જે કોઈ પાંડિત્યનો દાવો કર્યા વગર સીધો હૈયામાં પ્રવેશે છે.

કવિ પોતાને ઉચ્ચ કોટિના કવિ તરીકે ઓળખાવ્યા વિના પોતાની રચનાઓથી સાબિતી આપે છે કે સાચું કાવ્ય તો અંતરના સ્ફુરણમાંથી જન્મે છે. તેજવાણી તેમનો પહેલો કચ્છી કાવ્યસંગ્રહ, ૯૨ રચનાઓ; જે માત્ર શબ્દોનું સંકલન નહીં, પરંતુ જીવનના અનુભવો, લાગણીઓ, શ્રદ્ધા અને કચ્છી માટીની સુગંધથી ભરેલો આત્મિક દસ્તાવેજ છે. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

રાતે ઇલિયાસે આંખો ખોલી. બ્લ્યુ રંગના ઝાંખાપાંખા અજવાસમાં એણે નિર્મલને જોયો. એ સૂતો હતો. એના મોં પર માસ્ક ન હતું. ઓક્સિજનનો બાટલો નહતો. ઇલિયાસ ધીમેથી ઊભો થઇને એની પાસે ગયો. એના જમણા હાથના પંજાની નસમાં આઇવીની નિડલ ભરાવેલી હતી. બેડની બાજુના સ્ટેન્ડ પર લટકતી બોટલમાંથી થોડી થોડીવારે એક ટીપું ટપકતું હતું. ઇલિયાસે ડો. ત્રિવેદીને નર્સને સૂચના આપતાં સાંભળેલા : 'જરૂર પડ્યે આઇવી મારફત તોસિલિઝુમેબના બે ઇન્જેક્શન પણ આપી શકાય.' આઇવી મારફતે અપાતું આ બીજું ઇન્જેક્શન હતું.

'દોસ્ત', એણે ધીમે સાદે કહ્યું. કોઇ જવાબ ન મળ્યો.

'મૈં ઇલિયાસ....કૈસે હો?'

નિર્મલે આંખો પટપટાવીને ખોલી, પણ કાંઇ બોલ્યો નહીં. ફક્ત જમણો હાથ ઊંચો કર્યો. ઇલિયાસે નિડલ ખસી જશે એની બીકે એનો હાથ પકડી લેતાં પૂછ્યુ:

'કૈસે હો દોસ્ત?'

'અચ્છા હું...એસા લગ રહા હૈ...'

'અસલી ઇન્જેક્શન કા અસર હૈ....બાકી તો તૂમ અલ્લાહ કો પ્યારે હોનેવાલે થે....' ઇલિયાસ બોલ્યો. નિર્મલ સહેજ હસ્યો.

'તૂમ કૈસે હો?' નિર્મલે બેઠા થવાની કોશિશ કરતા કહ્યું.

'લગતા હૈ મૈં ભી અચ્છા હું...' થોડીવાર અટકીને પછી બોલ્યો: 'મૈં નિકલુંગા દો-દિન મેં....ડોક્ટર બોલે કિ કૂછ રિપોટ્ર્સ બાકી હૈ.'

'મૈંને અબ જિંદગી ઔર મૌત કે બારે મેં સોચના હી બંધ કર દિયા હૈ...' નિર્મલે કહ્યું.

'દોસ્ત, તુમ ભી ઠીક હો કર બાહર નીકલોગે. યહાં સે છુટને કે બાદ હમ મિલતે રહેંગેં.' ઇલિયાસે કહ્યું.

અચાનક રાતપાળીના એક ઇન્ટર્ન ડોક્ટરે પૂછ્યું:

'ક્યા....કિસી કો કૂછ તકલીફ હો રહી હૈ?'

'કોઇ તકલીફ નહીં...બાતેં કર રહે હૈ...' ઇલિયાસે કહ્યું.

'સો જાઓ...રાત બહુત હો ચુકી હૈ.' ઇન્ટર્ન ડોક્ટર બોલીને ચાલતો થયો.

**'બહતરીન લોગ ઇત્તફાક સે મિલતે હૈ, ઔર**
**ઇત્તફાક હર કિસી કે નસીબ મેં નહીં હોતે હૈ...'**

ઇલિયાસ શેર કહીને નીકળી ગયો.

***

ડો. શાહે નિર્મલનો જીવ બચાવ્યો હોવાની હકીકત જાણ્યા બાદ પવિત્રા વિચારતી થઇ ગઇ કે નિર્મલની હાલત દિવસે દિવસે વધુ કથળતી જાય છે. મનને મુંઝવી નાખતા મુંઝારાનું શું....? પળેપળની વેદનાનું શું....? માથા પર લટકતી અનિશ્ચિતતાનું શું.....? ગૂંગળાવી નાખતા ધુમાડાથી ગૂંગળાતા માયલાનું શું....?

ક્યારેક આપણા મનમાં ઊઠતા સવાલોના આપણી કે કોઇની પાસે જવાબ નથી હોતા. અવાવરુ કૂવામાં બૂમો પાડવાથી પડઘાતા અવાજ સિવાય બીજું કાંઇ હાથ લાગતું નથી... બંધ ઓરડાના એક ખૂણામાં બેસીને રડવાથી વેદના એક ખૂણેથી બીજે ખૂણે અફળાયા કરે, બસ એટલું જ. એનાથી પીડા કે વેદના ઘટતા નથી. ખાલીખમ કૂવો કે ગૂમસૂમ ખૂણો આપણી સાથે રડતાં નથી...હિબકે નથી ચડતાં.

સૂકેતુનો ફોન આવ્યો. ક્યાંય સુધી રીંગ વાગી. પવિત્રાને થયું જાણે કૂવામાંથી પોતાનો જ અવાજ ઘૂમરાઇને પાછો ફરી રહ્યો છે. એણે કાન પર હાથ મૂકી દીધા.

'મમ્મી, ફોન વાગે છે...' કિનુએ દોડતી આવીને એને ઢંઢોળતાં કહ્યું.

'હં....હં...હા...હા...' એણે ફોન ઉપાડ્યો. કિનુ પાછી રૂમમાં જતી રહી.

'પવિત્રા, તને ખબર પડી નિર્મલની....? ખોટું ઇન્જેક્શન અપાઇ ગયું હોત તો.....' સૂકેતુ અટકી ગયો.

'નિર્મલ બચી નથી ગયો. એ હજી સિરિયસ છે એટલે તો ડો. શાહે એને પ્રાઇવેટ હોસ્પિટલમાં ખસેડવાની ના પાડી.' પવિત્રાએ કહ્યું.

> અવાવરુ કૂવામાં બૂમો પાડવાથી પડઘાતા અવાજ સિવાય બીજું કાંઇ હાથ લાગતું નથી....

'એ ડોક્ટર છે... આવી પરિસ્થિતિમાં શું કરવું ને શું ન કરવું એમને જ ખબર હોય.'

'પણ સૂકેતું, મને નથી ખબર પડતી કે મારે શું કરવું...?' પવિત્રાએ કહ્યું.

'આપણને ખબર હોય કે આપણે કાંઇ કરી શકવાના નથી... ત્યારે આપણી પાસે છેલ્લી કક્ષાનો વિચાર કરવાનો ઉપાય છે કે વધુમાં વધુ શું થશે?'

'સૂકેતુ, તું આ શું બોલે છે? મૃત્યુની બાબતમાં અને એ પણ પોતાના માણસના કેસમાં હું આવું કઇ રીતે વિચારી શકું? હું રોબોટ નથી. હું માણસ છું....નિર્મલની પત્ની છું.'

'તો પછી તું બીજો એક્સ્ટ્રીમ વિચાર કર કે નિર્મલને કાંઇ નહીં થાય....' સૂકેતુએ કહ્યું.

'કેસની ગંભીરતા જાણતી હોવા છતાં હું આવું કઇ રીતે વિચારી શકું? તું મારી કશ્મકશ સમજ.'

'તું બે અંતિમોની વચ્ચે ઊભી રહીને વિચારે છે. પીડા, દુઃખ કે યાતનામાંથી તત્કાળ મુક્તિ મેળવવા તારે કોઇ એક અંતિમ બિંદુ પર રહેવું પડે.' સૂકેતુએ કહ્યું.

***

નકલી ઇન્જેક્શનોને મામલે મુખ્ય પ્રધાને ત્રણેય સામે કચકચાવીને ખટલો ચલાવવાનો આદેશ આપ્યો હોવાથી સંબંધિત દરેક ડિપાર્ટમેન્ટ હરકતમાં આવી ગયું હતું. પોલીસ ખાતાએ આકરી સજા અપાવવા કાયદાની કડક કલમો લગાવીને કેસના કાગળિયા તૈયાર કર્યા... સરકારી વકીલે રાત જાગીને પેપરવર્ક કરી નાખ્યું. સ્થળ પરથી એકઠા કરાયેલા પુરાવાઓના ખડકલા તૈયાર રખાયા...ટીવી મીડિયાએ આખા દેશમાં હલચલ મચાવતા ન્યૂઝનો મારો ચલાવ્યો. કેસની ગંભીરતા અનેક ગણી થઇ ગઇ. એક મજાની વાત એ બની કે ત્રણેયમાંથી એકેયનો કેસ લડવા કોઇ વકીલ તૈયાર થયો નહીં. આનું કારણ સમજી શકાય એવું હતું. દુનિયાભરને ભરડો લેનારા...માનવજાતને ભરખી જનારા કોરોનાના કપરા કાળમાં ત્રણેયના અમાનુષી કારનામા. ત્રણેયને સદોષ માનવવધની આકરામાં આકરી સજાનો માચડો તૈયાર થઇ ગયો હતો. ત્રણેયના કોફીનમાં આખરી ખિલ્લો ઠોકાવાનો બાકી હતો......અને એ આખરી ખિલ્લો હતો ડો. શાહની જુબાની, પરંતુ એ પહેલાં એમનું વિધિવત નિવેદન લેવાનું હતું. ડો. શાહ એના માટે તૈયાર હતા.

***

પુત્રના પરાક્રમથી કેશુકાકા ફુલીને ફાળકો થઇ ગયા હતા. આખો દિવસ ટીવીની સામે ખોડાઇ રહેતા. આ ઘટનાથી તેઓ સોલંકીની નજીક આવી ગયા હતા...અવારનવાર સોલંકીને ફોન કરીને નિર્મલના સમાચાર પૂછી લેતા. એની પાસેથી મળેલા સમાચાર એ પવિત્રાને ફોન કરીને જણાવતા.

સોલંકીએ નિર્મલને તોસિલિઝુમેબ ઇન્જેક્શનની અસર થઇ રહી હોવાના સમાચાર આપ્યા કે તરત જ એમણે પવિત્રાને કોલ કર્યો.

'હાંભળ, નિર્મલને ઇન્જેક્શનની સારી અસર થવા લાગી છે. તું જોજે, હમણાં બેઠો થઇ જાસે.'

નિર્મલને કાંઇ નહીં થાય એવા બિંદુ પર આવેલી પવિત્રાની આંખો સજળ થઇ.

'થેન્ક યુ કેશુકાકા.....' એ ભીના અવાજે બોલી.

'અરે એમાં થેન્ક યુ નો કે'વાનું હોય.....દવા દવાનું કામ કરે ને દુવા દુવાનું કામ કરે. એક બાજુ દવાની ને બીજી બાજુ દુવાની અસર થાવા માંડી છે.' એમણે કહ્યું.

'કેશુકાકા, નિર્મલ ઘરે આવે પછી સૌથી પહેલા મારે તમને મળવું છે.' પવિત્રા બોલી.

'મળસું જલદી મળસું....આ લોકડાઉનનું ઉઠમણું થઇ જાવા દે એટલે મળસું.' કેશુકાકા બોલીને પોતે જ હસી પડ્યા.

એક હમસફર સાથે લાગણીને તાંતણે બંધાઇ જાનારો આ માણસ કોણ છે....? આ સંબંધને શું નામ આપવું....?' ફોન કપાઇ ગયા પછી પવિત્રા ક્યાંય સુધી વિચારતી રહી. એણે તરત જ સૂકેતુનો ફોન કર્યો.

'સૂકુ, બે અંતિમોની વચ્ચેથી નીકળીને એક્સ્ટ્રીમ પર જઇને ઊભી રહી અને નિર્મલના સમાચાર મળ્યા. હી ઇઝ રિકવરીંગ.'

'ઘણીવાર એક્સ્ટ્રીમિઝમ ફાયદેમંદ હોય છે. એની વે, મારી પાસે પણ એ ન્યૂઝ આવી ગયા હતા. બસ, તને કોલ કરવા જતો હતો.'

'સૂકુ, હું તને થેન્ક યુ નહીં કહું કેમ કે તું મારો અને નિર્મલનો દોસ્ત છો. તું સાચી દોસ્તીની સાચી મિસાલ છો. તને મળીને ભેટવું છે.' પવિત્રા બોલી.

આપણે નિર્મલને લેવા સાથે જઇશું. સૂકેતુએ કહ્યું.

***

જાફરભાઈ અને ઝુબૈદા ટીવી પર ન્યૂઝ જોઇને ગભરાઇ ગયાં હતાં. ગભરાટમાં સોલંકીને ફોન કરીને વાત જાણી લીધી. ઇલિયાસના સમાચાર પૂછી લીધા પછી થોડી રાહત અનુભવી હતી. બીજે દિવસે ખુદ ઇલિયાસે ફોન કરીને અમ્મી સાથે વાત કરી હતી.

'અમ્મી, મૈં ખૈરિયત સે હું....ફિકર ના કરેં....'

'અલ્લાહ કા શુકર હૈ......બસ, તૂ જલદી ઘર આજા....મૈં તેરા ચાંદ સા મુંહ દેખુંગી...વો મેરી ઇદ હોગી...'

'ખુદા હાફિઝ...' ઇલિયાસે ફોન કટ કર્યો.

***

એક રાતે એમ્બ્યુલન્સોના અવાજે આખી હોસ્પિટલને જગાડી દીધી. હોસ્પિટલમાં હલચલ મચી ગઇ. અડધી રાતે એક કલાકમાં લગભગ ચાળીસ નવા પેશન્ટ્સ આવ્યા. દિવસની ડ્યૂટી કરીને ઘરે ગયેલાં તમામને પાછા બોલાવી લેવાયા. દરેક દરદીની ફોર્માલિટી પૂરી કરીને દાખલ કરવામાં આખું તંત્ર કામે લાગી ગયું. હોસ્પિટલના સિનિયર ડોક્ટરો, નવા ઇન્ટર્ન ડોક્ટરો, નવી જૂની નર્સ અને વોર્ડબોય સહિત તમામ દોડધામ કરી રહ્યા હતા. આમાંના કેટલાક ગંભીર દરદીઓને સીધા ઓક્સિજન પર રખાયા....કેટલાકને ઇન્જેક્શન આપવાની શરૂઆત કરવામાં આવી.

હોસ્પિટલના આંગણે બાંધેલું શામિયાણું ભરાઇ ગયું. લોબીમાં સામસામે પથારીઓ કરાઇ....પથારીઓ વચ્ચેનું અંતર ઘટાડીને પાથરણાં પાથરી દેવાયા...બે બેડ વચ્ચેની જગ્યામાં પથારીઓ ઊભી કરાઇ.

અચાનક બીજી કટોકટી ત્રાટકી. દરેક વોર્ડમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા પણ વધવા લાગી. દરદીઓ ટપોટપ મરી રહ્યા હોવાના સમાચાર પ્રસરી ગયા. કોલાહલ મચી ગયો. અંધાધૂંધી સર્જાઇ. એક તરફ નવા દરદીઓને ભરતી કરવાની કામગીરી ચાલતી હતી ને બીજી તરફ મૃત દરદીઓના નિકાલનો વિધિ થતો હતો. કોઇ પાસે વિચારવાનો સમય નહતો. ડો. શાહે સોલંકીને સાઇડમાં બોલાવ્યો.

'સોલંકી, આપણે ઇન્જેક્શનો ચેક કરવા પડશે....કદાચ ઇન્જેક્શનો નકલી હોય.' સોલંકીને ધ્રાસ્કો પડ્યો.

'સર, સીએમએ ખાતરી આપીને અસલી ઇન્જેક્શનો મોકલ્યા છે.' સોલંકી બોલ્યો.

'ભૂલ કોઇથી પણ થઇ શકે છે સોલંકી....આપણે દૂધના દાઝેલા હતા...છાશ ફૂંકીને પીવી જોઇતી હતી.' ડો. શાહે કહ્યું.

સોલંકી અને ડો. શાહ ઉપર જઇને ઇન્જેક્શનોના બોક્સ ખોલીને ચેક કરવા માંડ્યા. લગભગ હજારેક ઇન્જેક્શનો પરનું લખાણ વાંચતા ગયા.....અસલી ઇન્જેક્શનો બાજુ પર મુકતા ગયા.

'સર, આ છેલ્લું બોક્સ છે જેમાંથી ઇન્જેક્શનો વપરાયા છે.' સોલંકીએ કહ્યું.

ડો. શાહ ચેક કરવા લાગ્યા. સોલંકી પણ અધ્ધર શ્વાસે એમાં જોડાયો. છેલ્લું આખું બોક્સ ચેક કરી લીધા બાદ બંનેએ નિરાંતનો શ્વાસ લીધો... પણ, ટપોટપ થઇ રહેલા મૃત્યુનો પ્રશ્ન યથાવત રહ્યો. બંને ચિંતિત ચહેરે પાછા ફર્યા. ત્યારે વોર્ડબોયઝ અને ઇન્ટર્ન ડોક્ટરો કાળા પ્લાસ્ટિકમાં પગથી માથા સુધી મુશ્કેટાટ બાંધેલા મૃતદેહોને હોસ્પિટલની બહાર ઝાડ નીચે ખડકવા લઇ જઇ રહ્યા હતા. બહાર ઝાડ નીચે ઊભેલા બે જણ પ્લાસ્ટિક પર દરદીનું નામ અને નંબર ચોંટાડતા હતા. દરદીના નામ કરતાં દરદીનો નંબર મોટા અક્ષરે લખેલો હતો. મૃત્યુ બાદ દરદી નંબર બનીને રહી ગયો હતો....

(ક્રમશઃ) ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## પચાસ વર્ષ પછી પણ જીવિત છે રહસ્યમયતા...

# અગાથા ક્રિસ્ટીની અમર દુનિયા

**ટેકનોલોજી બદલાઈ ગઈ છે, સમાજ બદલાયો છે, પરંતુ લાલચ, પ્રેમ, ભય અને અપરાધવૃત્તિ આજે પણ એમની એમ અણનમ છે અને એટલે જ આ લેખિકાની કથાઓ ૫૦ વર્ષ પછી પણ લોકભોગ્ય બની રહી છે**

જે લોકોને, ખાસ કરીને વાચકોને, મર્ડર- મિસ્ટરી વાર્તાઓ વાંચવાનો શોખ હોય તેમના માટે અગાથા ક્રિસ્ટીનું નામ અજાણ્યું નહીં હોય. જેમને પુસ્તકોને બદલે એ પ્રકારની ફિલ્મો જોવાનો શોખ હોય, તેમના માટે પણ એ નામ અજાણ્યું નથી.

જે લોકો અંગ્રેજી પુસ્તકો કે અંગ્રેજી ફિલ્મોથી દૂર હોય અને હિન્દી પુસ્તકો અને ફિલ્મોથી ટેવાયેલા હોય, તેમના માટે પણ અગાથા ક્રિસ્ટી એક પરિચિત નામ હશે- જેમ કે મનોજ કુમારની ‘ગુમનામ,’ સંજય ખાનની ‘ધૂંધ,’ શર્મિલા ટાગોરની ‘શુભ મહુરત.... ’ કહેવાનો ભાવાર્થ એ કે ભારત હોય કે દુનિયાનો બીજો કોઈ દેશ, અગાથા ક્રિસ્ટી એક એવું નામ છે જે કોઈને કોઈ સ્વરૂપે તેમની ચેતનામાં હશે.

૮૫ વર્ષનું આયુષ્ય ભોગવનાર અગાથાનો વૈશ્વિક વારસો તેમની ૬૬ જાસૂસી નવલકથા અને ૧૪ ટૂંકી વાર્તામાં ફેલાયેલો છે. તેમની આ કથાઓ એટલી આકર્ષક છે કે અલગ-અલગ ભાષાઓમાં અને અલગ-અલગ કળા સ્વરૂપોમાં તે આજે પણ જીવતી છે અને એટલે જ તેમના ચાહકો આ વર્ષે અગાથાની ૫૦મી મૃત્યુજયંતી ઉજવી રહ્યા છે.

અગાથાની વિદાયને આજે પચાસ વર્ષ થઈ ગયાં, પણ દુનિયા આજે પણ એ ખામોશીમાં શ્વાસ લે છે- એ ખામોશી જેમાં કોઈ હત્યા છુપાયેલી છે, કોઈનું નકલી હાસ્ય છે અને સત્ય બહુ શાલીનતાથી કોઈ પડદા પાછળ બેઠું ઇંતેજાર કરી રહ્યું છે. આ ખામોશી અગાથા ક્રિસ્ટીની ઓળખ છે. ૧૨ જાન્યુઆરી ૧૯૭૬માં મર્ડર મિસ્ટરીની આ મહારાણીનું અવસાન થયું પણ તેમણે સર્જેલી રહસ્યમય દુનિયા આજે પણ એવી જ રીતે જીવિત છે, જેવી રીતે ડ્રોઇંગ રૂમમાં ટીક-ટીક કરતી વોલ-ક્લોક.



અપરાધ અને રહસ્યની દુનિયામાં લેખકો તો અનેક થયા, પણ અગાથાનો વટ કંઈક અલગ જ રહ્યો. તેનું કારણ એ હતું કે તે કેવળ અપરાધ કથાઓની લેખિકા જ નહોતી, પણ માનવ સ્વભાવની સૂક્ષ્મ નિરીક્ષક હતી. તેમના માટે અપરાધ ખૂનામરકીનો ઉત્સવ નહોતો, બલ્કે મનુષ્યની કમજોરી, લાલચ, ઈર્ષા અને ભયમાંથી પરિણમતી ઘટના હતી. તેમણે આપણને એ નહોતું બતાવ્યું કે અપરાધ કેવી રીતે થાય છે; તેમનું જોર એ બતાવવા પર હતું કે અપરાધ કેમ થાય છે એટલા માટે જ તેમની વાર્તાઓ વાંચતો માણસ હિંસાથી વિચલિત નથી થતો, બલ્કે માનસિક ખેલમાં ગૂંચવાતો જાય છે.

ઇંગ્લેન્ડની ડેવોન કાઉન્ટીમાં આવેલા ટૉર્કે નામના સમુદ્રી શહેરમાં ૧૫ સપ્ટેમ્બર ૧૮૯૦ના રોજ જન્મેલી અગાથા મેરી ક્લેરિસા મિલરે યુદ્ધો, અસ્થિરતા અને નૈતિક સંકટોથી ભરેલા વીસમી સદીના પહેલા ભાગમાં લેખન શરૂ કર્યું હતું. એ સંયોગ નથી કે તેમની વાર્તાઓ અંતે વ્યવસ્થા તરફ આવીને પૂરી થાય છે; હત્યા થાય, અવ્યવસ્થા ફેલાય, અંતે સત્ય ઉજાગર થાય અને ન્યાય સ્થાપિત થાય. આ કેવળ કહાની નહોતી- આ એ સમયના વાચકોને એક પ્રકારનું સાહિત્યિક સાંત્વન હતું. આજે પણ, જ્યારે દુનિયા વધુ જટિલ અને ક્રૂર થઈ ગઈ છે, ત્યારે અગાથાનું આ ‘નૈતિક માળખું’ લોકોને ટાઢસ બંધાવે છે કે સૌ સારાં વાનાં થશે.

અગાથા ક્રિસ્ટીની કથાઓમાં અપરાધ ઘણીવાર બંધ કમરાઓમાં, સીમિત સ્થળોમાં અથવા નાના સમુદાયો વચ્ચે  થાય છે.

ટ્રેન, જહાજ, હોટેલ, ગામ- આ બધાં સ્થળો સંયોગ નહીં, પરંતુ ઇરાદાપૂર્વકની પસંદગી છે. અપરાધસ્થળની સંકુચિતતા વાચકને એવી અનુભૂતિ કરાવે છે કે જાણે તે પણ એમાં પુરાઈ ગયો છે અને તે પણ એમાં એક શંકાસ્પદ છે.

રહસ્ય કથાલેખનની આ અદ્‌ભુત રણનીતિ છે, જેમાં વાચક માત્ર દર્શક નથી રહેતો, પરંતુ પોતે જ એક પાત્ર બની જાય છે. કદાચ એટલા માટે જ અગાથાને વાંચવું એક બુદ્ધિક આનંદ છે, કેવળ રોમાંચ નહીં.

આજકાલ અપરાધ પર આધારિત નવલકથાઓ અને વેબ-સિરીઝો ઘણી વખત અતિશય હિંસા, તેજ ગતિ અને સનસનાટી પર આધાર રાખે છે. એમાં લોહી વહે છે અને કેમેરો હટતો નથી. તેનાથી વિપરીત, અગાથાની કથાઓમાં હત્યા પછીનું દૃશ્ય શાંત થઈ જાય છે. ધ્યાન મૃતદેહ પર નહીં, જીવિત લોકો પર જાય છે-  એ લોકો કેવી પ્રતિક્રિયાઓ આપે છે, એ ક્યાં શબ્દો ચૂકી જાય છે અને તેમના વ્યવહારમાં કેવી વિસંગતતાઓ છે તેનું અગાથા ધ્યાનપૂર્વક વર્ણન કરે છે.

આ સૂક્ષ્મતા આજે પણ તાજી લાગે છે, કારણ કે તેમાં વાચકની બુદ્ધિનું સન્માન થાય છે.

એક વાત એ પણ નોંધવા જેવી છે કે અગાથાએ ક્યારેય અપરાધનો મહિમા ગાયો નથી. તેમના હત્યારાઓ ઘણીવાર સાવ સામાન્ય લોકો હોય છે- સન્માનીય, પરિચિત અને વિશ્વસનીય. આવાં પાત્રો, એક વાચક તરીકે, આપણને એ યાદ અપાવે છે કે બુરાઈ બહારથી નથી આવતી -તે આપણી વચ્ચે જ જન્મ લે છે.

આ દૃષ્ટિ આજના સમાજ માટે વધુ પ્રાસંગિક છે, જ્યાં અપરાધને ઘણીવાર બીજા લોકો સાથે સાંકળી લેવામાં આવે છે.

કદાચ એ જ કારણ હતું કે ક્રિસ્ટીની પહેલી જ ક્રાઇમ નવલકથા ‘ધ મિસ્ટીરિયસ અફેર એટ સ્ટાઇલ્સ’ અંગ્રેજોના ફેવરિટ હિલ સ્ટેશન મસૂરીની ઘટનાથી પ્રેરાઈને રચાઈ હતી. ૧૫ જાન્યુઆરી ૧૯૧૧ના રોજ મસૂરીની પ્રખ્યાત સેવોય હોટેલમાં ૪૯ વર્ષીય મહિલા ફ્રાન્સિસ ગાર્નેટ ઓર્મ મૃત હાલતમાં મળી આવી હતી. આ વાસ્તવિક અને વણઉકેલ્યા હત્યાકાંડથી પ્રેરાઈને અગાથા ક્રિસ્ટીએ પહેલી ડિટેક્ટિવ નવલકથા લખી હતી, જેમાં અનેક શંકાસ્પદ પાત્રો, અનેકવિધ માનસિક રમત અને અંતે ચોંકાવનારો ખુલાસો જોવા મળે છે. આ ઘટનાએ તેમની સાહિત્યિક કારકિર્દીની દિશા નક્કી કરી અને વિશ્વપ્રસિદ્ધ રહસ્યકથાઓના યુગની શરૂઆત કરી.

અગાથાની લોકપ્રિયતાનું એક મોટું કારણ તેમની ભાષા અને વાર્તારચના છે. તેમની વાર્તાઓ જટિલ છે, પરંતુ ગૂંચવણભરી નથી. વાચકને એવું ન લાગે કે તે ખોવાઈ ગયો છે -ઊલટાનું તેને એવું મહેસૂસ થાય છે કે તે પણ રહસ્ય શોધવામાં મદદગાર છે. તેમની વાર્તાઓમાં દરેક સંકેત, દરેક સંવાદ અને દરેક નાની ઘટનાનો અંતે કોઈને કોઈ અર્થ જરૂર હોય છે. આ કારીગરી છે- એવી કારીગરી, જે સરળ દેખાય છે, પરંતુ અત્યંત શિસ્તબદ્ધ દિમાગની માગ કરે છે.

ભારત સહિત આખા વિશ્વમાં અગાથા ક્રિસ્ટી આજે પણ વાંચવામાં આવે છે. કદાચ એટલા માટે કે તેમનાં પુસ્તકો પરિવારમાં સૌ વચ્ચે ફરતા રહે છે- કિશોર પણ વાંચી શકે છે, વયસ્ક પણ. તેમાં અશ્લીલતા નથી, અનાવશ્યક ક્રૂરતા નથી, પરંતુ છતાં ઊંડી ઉત્તેજના છે. આ સંતુલન આજે દુર્લભ બની ગયું છે.

પચાસ વર્ષ પછી પણ અગાથા ક્રિસ્ટી આજે પણ પ્રાસંગિક છે, કારણ કે તેમણે માનવ સ્વભાવ અને વૃત્તિઓનો ગહન અભ્યાસ કર્યો હતો. ટેક્નોલોજી બદલાઈ ગઈ છે, સમાજ બદલાયો છે, પરંતુ લાલચ, પ્રેમ, ભય અને અપરાધવૃત્તિ આજે પણ એમની એમ અણનમ  છે. તેમણે આ સ્થાયી તત્ત્વો પર વાર્તાઓ રચી હતી, અને એટલે જ તે સમયથી આગળ રહી છે. ■

ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# શેરબજાર પર કોની અસર પડશે... બજેટની કે ટ્રમ્પની?

**આજે બજેટ જાહેર થવાનું છે, પરંતુ બજેટ બાદ પણ શેરબજાર પર ટ્રમ્પની કેટલીક અસર તો પડશે જ... આવા સંજોગોમાં ભારતમાં આવતા રહેલા અને આવનાર રોકાણ પ્રવાહને ધ્યાનમાં રાખી ઈન્વેસ્ટમેન્ટ પ્લાન કરવામાં સમજદારી રહેશે.**

બજેટનો દિવસ આવી ગયો. આજે ૧૧ વાગ્યાથી નાણાંપ્રધાન નિર્મલા સિતારમણનું બજેટ વકતવ્ય શરૂ થવાની સાથે બજાર પર અસરો પણ શરૂ થઈ જશે. જોકે આ વખતે લોકોને બજેટ પાસે નવી આશા તો છે, પણ  સાથે-સાથે ટ્રમ્પના ટેરિફ આક્રમણનો ભય પણ ઊભો જ છે. ગ્લોબલ અનિશ્ચિતતાની તલવાર પણ લટકેલી જ છે. વેપાર -ઉદ્યોગથી લઈ સામાન્ય જન સુધી અને બજારો પર કેવી અસર થશે એ ચર્ચા ચાલી રહી છે ત્યારે યુએસ ઈકોનોમીની ડોનલ્ડ ટ્રમ્પના બેફામ લેવાતા યા બદલાતા નિર્ણયોની અને વૈશ્વિક સંજોગોની ચર્ચા પણ ચાલુ છે. મોટાભાગના લોકો માને છે કે યુએસનું અને વૈશ્વિક ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી ભારતીય અર્થતંત્ર અને શેરબજાર સામે ચોકકસ સવાલો અને પડકારો તો ઊભા જ રહેશે , જેમકે તાજેતરમાં ‘દાવોસ’માં યોજાયેલી ઈકોનોમિક સમિટ વિશ્વભરમાં ચર્ચાનો વિષય બની હતી,

જયાં ઈન્ડિયા માટે જે વાતો થઈ તેમાંથી ભારતીય અર્થતંત્રના ફંડામેન્ટલ્સના નક્કર પુરાવા કે સમર્થનના સંકેત બહાર આવ્યા છે. ‘દાવોસ’ ઉપરાંત ઓવરઓલ પણ તાજેતરના સમયમાં ફાઈનાન્સિયલ સેકટરની વિવિધ ગ્લોબલ હસ્તીઓ તરફથી થયેલા નિવેદનોની માત્ર એક ઝલક જોઈએ તો જેમને પણ ભારતના આર્થિક વિકાસ સામે શંકા છે તેમને જવાબ મળી જશે તો વાત આગળ વધારતા પહેલાં આવા કેટલાંક વિધાન-નિવેદન પર નજર કરી લઈએ...

- ભારત હવે ઈમરજિંગ (ઊભરતું બજાર) માર્કેટ રહ્યું નથી, તેની દિશા વધુ ઊંચે જઈ મજબુત બની રહી છે

  – ગ્લોબલ એસેટસ મેનેજર કંપની બ્લેકસ્ટોનના ચેરમેન સ્ટીફન

- ભારત અમુક જ દાયકાઓમાં વિશ્વની વિશાળ ઈકોનોમી બની જશે..

  – યુએસ સ્થિત પ્રાઈવેટ ઈકિવટી ગ્રુપ કાર્લિલ ગ્રૂપના કો-ફાઉન્ડર

ભારત વિશ્વમાં રોકાણ માટેનું બીજું સૌથી પસંદગીપાત્ર (મોસ્ટ પ્રિફર્ડ) ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે ઊભરી રહ્યું છે..

– પ્રાઈસ વોટર હાઉસ (પીડબલ્યુસી)નો ગ્લોબલ સર્વે.

- ભારત અને યુરોપ વચ્ચેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ બે અબજ લોકો માટે માર્કેટ ઊભી કરશે...

  –યુરોપિયન કમિશન પ્રેસિડન્ટ યુરસુલા વોન ડેર

### ભારતીય અર્થતંત્રનું મહત્ત્વ:

આ તમામ વિધાન-નિવેદનો કે અભિપ્રાય આર્થિક ક્ષેત્રે વૈશ્વિક સ્તરે સિદ્ધહસ્ત હસ્તીઓનાં છે.... ભારતના વડા પ્રધાન કે નાણાપ્રધાનના નથી, શાસકપક્ષના રાજકીય નેતાઓના નથી. આવા તો અનેક મતો અને નિવેદનો વિશ્વભરમાંથી વ્યકત થતાં રહે છે.

ભારત વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં તો જઈ રહ્યું છે, પરંતુ એ પહેલાં પણ ભારત ઘણાં બેન્ચમાર્ક હાંસલ કરવાના માર્ગે આગળ વધી રહ્યું છે. આજે યુએસએ, યુરોપ, રશિયા, ચીન, જપાન, યુએઈ, સહિતના દેશો ભારત સાથે સંબંધ રાખવામાં અને વધારવામાં સાર જુએ છે. યુએસ પ્રેસિડન્ટ ટ્રમ્પ ભલે એક યા બીજા કારણસર ટૅરિફના નામે ભારત સામે બાંયો ચડાવતા હોય, આખરે ભારતનો સાથ તેમને પણ જોઈએ છે. ભારતની યુવાધન, ટેલેન્ટ, વિરાટ બજારો, વૈવિધ્યકરણ, વપરાશની ક્ષમતા, માગની ઊંચી સંભાવના, ઉત્પાદન શક્તિ, લેબર વર્ગ અને નીતિવિષયક સુધારા, ઈકોનોમિક રિફોર્મ્સના સાતત્યના કારણો ભારતને વિશ્વમાં અનેરું સ્થાન અપાવવા માટે હાજર છે.

### ગ્લોબલ સાહસોની ભારત પર નજર :

એક અહેવાલ મુજબ ભારતમાં ત્રણ નવા ગ્લોબલ સાહસ પ્રવેશવાની તૈયારીમાં છે. આ બધા ભારતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (જીસીસી) સ્થાપવાની યોજના ધરાવે છે. આ ત્રણ સાહસમાં ઝુમ, ટી-મોબાઈલ અને સાઉથવેસ્ટ એરલાઈન્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ હાલમાં દેશનાં વિવિધ રાજયો સાથે ચર્ચામાં હોવાનું જાણવા મળે છે. આ કંપનીઓ તેમને કયાં બેસ્ટ ટેલેન્ટ અને વર્ક ફોર્સ મળશે એની તપાસ કરી રહી છે.

ભારતમાં જીસીસી સાથેની અગ્રણી કંપનીઓમાં માઈક્રોસોફ્ટ, એમેઝોન, ગોલ્ડમેન સાશ, જેપી મોર્ગન, ડેલોઈટ, શેલ, એનવિડીયાનો સમાવેશ થાય છે. ભારત યુએઈ સાથે પણ વ્યૂહાત્મક ડિફેન્સ પાર્ટનરશિપ કરી રહ્યું છે.

વૈશ્વિક ગ્રૂપ કેકેઆર આગામી પાંચથી દસ વરસમાં ભારતમાં અબજો ડૉલરનું રોકાણ કરવાનું પ્લાનિંગ કરી રહ્યું હોવાની જાહેરાત થઈ છે. ભારતમાં તેમને વપરાશ અને વૃદ્ધિની દૃષ્ટિએ ઊંચી સંભાવના દેખાય છે. આ ગ્રૂપ જાપાન પર પણ નજર રાખે છે.

એશિયામાં તેને ભારત અને જાપાન બે મહત્ત્વની માર્કેટ દેખાય છે. યુએસ જયારે હાલ ભારતની નિકાસને નેગેટિવ અસર થાય એવા પગલાં ભરી રહ્યું છે ત્યારે ભારતના અમુક સેકટર્સ માટે યુરોપની બજારો નવી આશા તરીકે ઊભરી રહી છે. યુરોપિયન યુનિયન સાથેના મુકત વેપાર કરારને પગલે ઈલેકટ્રિક વેહિકલ્સ, ઓટો પાર્ટસ, વગેરેની નિકાસ માટે મોટો અવકાશ ઊભો થવાની ઉમ્મીદ જાગી છે.

### ટ્રમ્પની ચિંતા કરતા લૉંગ ટર્મ વિચારો :

ગ્લોબલ એકસપર્ટ વર્ગ માને છે કે ટ્રમ્પની નીતિઓને કારણે બદલાઈ રહેલા વૈશ્વિક વેપારના સમીકરણો વચ્ચે ભારત પોતાનું આગવું સ્થાન બનાવી શકે એમ છે. એક રીતે જોવા જઈએ તો અમેરિકા જે રીતે પોતાની ટૅરિફ નીતિ આડેધડ ચલાવી રહ્યું છે અને લગભગ દરેક દેશોને ટૅરિફના નામે ધમકાવી-ડરાવી રહ્યું છે, જે અત્યારે તો અન્ય દેશોને એક કરવામાં નિમિત્ત બની રહ્યું છે ત્યારે ભારતના લાંબા ગાળાના વિકાસને કેન્દ્રમાં રાખીને અને ભારતની ગ્રોથસ્ટોરીમાં  વિશ્વાસ રાખીને લૉંગટર્મ ઈન્વેસ્ટમેન્ટનું વિચારજો અને બજેટને આધારે નવા રોકાણ વ્યૂહ તૈયાર કરજો. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ભારતના વેનિસ ને નેધરલેન્ડ્સ છે કેરળમાં!





વાઉઉઉ, માવજીભાઈ વેનિસ ગયા. ને શિલ્પા તો નેધરલેન્ડ્સ પહોંચી ગઇ હોં. સરસ. આ બંનેએ કે તમે આપણા પોતીકા વેનિસ કે નેધરલેન્ડ્સ જોયા છે? શું ભારતમાં વેનિસ ને નેધરલેન્ડ્સ?!

કુટ્ટનાડ શા માટે ભારતનું નેધરલેન્ડ્સ કહેવાય છે? ડચ લોકોએ પાણી સાથે જીવવાની રીત શોધી, એ રીતે અહીંના ખેડૂતોએ પણ આધુનિક એન્જિનિયરિંગની બોલબાલાથી તે અગાઉ જ બંધ, કેનાલો જેવી સ્માર્ટ પાણી નિયંત્રણ પદ્ધતિઓ વિકસાવી લીધી હતી. આજે કુટ્ટનાડમાં જવું કોઈ પ્રવાસ કરતા વધારે, એક અલૌકિક શાંતિભર્યો ચમત્કાર છે.

યસ. ક્યાં છે ભારતના વેનિસ તથા નેધરલેન્ડ્સ એવો સવાલ પૂછાય એ અગાઉ શરૂ કરી દઇએ મુસાફરી. વિમાનની મુસાફરી પસંદ હોય તો કોચિન ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચી જાઓ. ત્યાંથી આ જગ્યા લગભગ ૪૦ કિમી દૂર છે. અને સીધા અલપ્પુઝા સુધી એરપોર્ટથી બાય રોડ ૧.૫ કલાકમાં પહોંચી શકાય. જો મજા રેલ પ્રવાસમાં આવતી હોય તો અલપ્પુઝા રેલવે સ્ટેશન ભારતના મોટા શહેરો સાથે જોડાયેલું છે. અહીંથી સ્થાનિક પરિવહનથી સીધું આપણા લોકેશન પહોંચી જવાય. અને બાય રોડમાં તો અલપ્પુઝા ચંગનાસેરી માર્ગ પર ડ્રાઇવિંગની જ એક અનોખી મજા છે. સતત ગામડાંનું જીવન, મસ્ત ખેતરો, પાણી ભરેલી કેનાલ જોતા મંઝિલ ભણી આગળ વધતા રહો...

અને લો તમે પહોંચી ગયા વેનિસ, નેધરલેન્ડ્સ કે અંડરવોટર વિલેજ. સબુર, ભારતનું આ અંડરવોટર વિલેજ કોઈ પાણીમાં ડૂબેલું અવશેષ નથી. એય કેરળનો અનોખો પ્રદેશ છે. નામ છે એનું કુટ્ટનાડ. આ અહીંના વ્યાપક કેનાલ નેટવર્ક, તળાવો અને પાણી સાથે જોડાયેલી અનોખી જીવનશૈલીથી સભર છે. આથી જ એ ભારતનું વેનિસ કે નેધરલેન્ડ્સ કહેવાય છે.



અહીં જીવનો આધાર અને સર્વસ્વ પાણી, જળ, નીર, વોટર છે. માનવામાં ન આવે પણ ચોમેર પાણી હોવા છતાં ખેતી થાય છે. ને ખેતરો પાછા સમુદ્રની સપાટીથી નીચે હોય. ખરેખર, ખેતી સમુદ્ર સપાટીથી લગભગ ૨ મીટર નીચે થાય છે. અહીં રસ્તા કે મોટર નથી, ઠેરઠેર પાણી ને નાવડી છે. માત્ર કેનાલો છે. જાણે એક તરતું વિશ્વ - વોટર વર્લ્ડ જોઇ લો.

હકીકતમાં અહિ કેરળના બેકવોટર્સમાં વાસ્તવિક ગામડાંનું જીવન જોવા મળે છે. આ કુટ્ટનાડની મુખ્ય વિશેષતાઓ સમજવા જેવી છે. સ્થાનિક ખેડૂતો ખાસ પ્રકારના ચોખા જેવું ધાન ઉગાડે છે.

આ ખેતરોને માટીના બંધ દ્વારા સુરક્ષિત રાખવામાં આવે છે. આ પ્રકારની ખેતી દુનિયામાં વિશ્વમાં બહુ ઓછી જગ્યાએ થાય છે. આ વિસ્તાર કેરળનો ભાતનો ભંડાર ગણાય છે. ઉપરાંત કુટ્ટનાડ તેની વિશિષ્ટ ધાન ખેતી માટે પ્રખ્યાત છે, જેમાં કુટ્ટનાડ મટ્ટા જેવી ખાસ જાતો ઉગાડવામાં આવે છે.

ભેજવાળા પ્રદેશોની આસપાસ માટીના બંધ બનાવીને બંધ ખેતીભૂમિ તૈયાર થાય છે. આ ખેતરો પાણી વચ્ચે આવેલા ટાપુઓ જેવા લાગે ને ઓળખાય પાડશેખરમ તરીકે.

આ લગભગ જમીન-રસ્તા વિહોણો વિસ્તાર છે. સૌ નાવ દ્વારા જ અવરજવર કરે, માલસામાન મેળવે-મોકલે અને ટપાલ મેળવે છે. આને એક સંપૂર્ણ પાણી આધારિત સમુદાય કહી શકાય.

કુટ્ટનાડવાસી નથી પાણીથી ડરતા કે નથી એની સામે લડતા. બલકે પાણી સાથે સહ-અસ્તિત્વ દિલથી સ્વીકારી લીધું છે, એની સાથે દોસ્તી કરી લીધી છે. ■


સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સંસ્કૃત- હિન્દી- ગુજરાતીમાં ગઝલ અવતારતા બહુઆયામી કવિ હર્ષદેવ માધવ

દેવવાણી સંસ્કૃત એ ભારતની તમામ ભાષાઓની જનની છે. સરસ્વતીનું મહાન વરદાન પામેલા બહુ ઓછા સાત્ત્વિક મનુષ્યો ગીર્વાણગિરાના કૃપાપાત્ર હોય છે એમાં એક મહત્ત્વનું નામ છે હર્ષદેવ માધવ. સમગ્ર ભારતના શૈક્ષિણક અને સાહિત્ય જગતમાં એમનું નામ અને કામ બોલે છે. વિદ્વતા અને સર્જકતાનો સુભગ સમન્વય એમના સર્જનમાં નેત્રદીપક બની રહે છે.

ગીત અને ગઝલમાં સમાન ગતિથી કાર્યરત આ કવિનું વ્યક્તિત્વ બહુ આયામી છે. એમના વિશે પ્રથમ થોડી વિગતો જાણવી જરૂરી છે તેથી ખબર પડે કે એમનો કાવ્યપિંડ કેવી રીતે બંધાયો છે.

આ કવિનું મૂળ નામ હર્ષવદન મનસુખલાલ જાની છે. ભાવનગરની બાજુમાં સોળેક કિલોમીટર દૂર સમુદ્રકાંઠે આવેલા વરતેજમાં ૨૦ ઑક્ટોબર, ૧૯૫૪માં જન્મેલા આ કવિના માતા પ્રાથમિક શિક્ષિકા હતાં. નાનપણથી વાચનનો શોખ. જૂની ચોપડીઓ મળે તો પસ્તીમાંથી લઈ આવે અને આખેઆખી પી જાય. ઉમર ખય્યામ અને ચેખોવ જેવા સર્જકો વાચ્યા અને અગિયારમા ધોરણમાં હતા ત્યારે કવિતાઓ પ્રકાશિત થવા લાગી. કાવ્ય સાહિત્યનાં તમામ સ્વરૂપોમાં વિહાર કરતા આ કવિ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં કાવ્યો ઉતારે છે. અનુવાદ નહીં પણ અનુસર્જન કરે છે. ભાષાની પ્રવાહિતા



સુસંસ્કૃત અને સરળ છે. એમણે પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે એમ.એ. તથા બી.એડ્ કર્યું. ઈ.સ. ૧૯૯૦ 'મુખ્ય પુરાણોમાં શાપ અને તેનો પ્રભાવ' વિષય પર તેઓ પીએચ.ડી. થયા હતા.

જ્ઞાન પામવાનો અને પ્રદાન કરવાની શૈક્ષણિક કારકિર્દી અમદાવાદની એચ.કે. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી છે. ભારતની છ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે કામ કર્યું છે.

હર્ષદેવનો પહેલો ગીત-ગઝલ સંગ્રહ 'હાથ ફંફોસે આંધળા સુગંધને' ઈ.સ. ૧૯૮૫માં તથા પ્રયોગશીલ ગઝલોનો સંગ્રહ 'પાન સરનામું ન જાણે ઝાડનું આ દેશમાં' ઈ.સ. ૧૯૯૭માં પ્રગટ થયો હતો. તેમાં તેમની નાટ્ય સૂચિવાળી ગઝલ, ચાડિયાની ગઝલ, ઋતુ સંહાર ગઝલોનું ગુચ્છ, ઝુરાપાની ગઝલ, જન્માષ્ટમી, તેમજ નરસિંહ મહેતાનો ચોરો જોઈને - વગેરે ગઝલો વિશિષ્ટ રદીફ અને પ્રયોગશીલ અભિગામને લીધે વાચકોનું - અભ્યાસીઓનું ધ્યાન ખેંચે છે. 'કાલોડસ્મિ' ઈ.સ. ૨૦૦૦માં આપે છે તેમાં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષામાં પોતે જ રચેલા અનુવાદિત કાવ્યો સમાવેશ થાય છે. 'તન્હાઈયોં કી પરવરિશ'નામનો હિન્દી ગઝલ-સંગ્રહ પ્રગટ થયો છે. આ કવિ ગીત-ગઝલ, છાંદસ-અછાંદસ ઉપરાંત હાઈકુ, તાતન્કા, ત્રિપદી, મોનોઈમેજ, વ્યંગ જેવા વિવિધ કાવ્ય સ્વરૂપોમાં અધિકારપૂર્ણ વિહાર કરે છે. સર્જનની સહજતા જેટલી સંસ્કૃતમાં છે એટલી જ ગુજરાતી, હિન્દીમાં પણ છે. એમની કલમમાંથી બિનઆયાસ છંદ અવતરે છે એમ જ લય પણ લહેરાય છે. ભાષાની, ભાવની અને અભિવ્યક્તિની તાજગી આકર્ષક છે. ગીતોમાં લોકલય છે તો સાથે સાથે સંવેદનાને અનુરૂપ લય નિરૂપ્યો છે. સંસ્કૃત કાવ્યનો અભ્યાસ આ કવિને પરંપરા સાથે નાતો રાખવા પ્રેરે છે, પણ નવીન ગઝલની આધુનિકતાનું આકર્ષણ બીજી બાજુ ખેંચે છે એટલે આ કવિ બન્ને પલડામાં સમતોલ રહીને એમની વિશિષ્ટ શૈલીમાં, તાજગી સભર ભાષામાં અને અસલી મિજાજમાં ગઝલો આપે છે.

ગઝલના બાહ્યસ્વરૂપને અને આંતરતત્ત્વને નિભાવીને, નીખારીને, ગઝલની ખુમારી અને ખુદ્દારીને તરાશીને, રંગે તગઝ્ઝૂલ અને તરવુફના તેવરને બરકરાર રાખીને ગઝલના પોતને બેરંગ કર્યા વગર સાંગોપાંગ ગઝલ કહેવી એ કસાયેલી કલમનું કામ છે. હર્ષદેવ પાસેથી આવી સંઘેડાઉતાર સાંગોપાંગ ગઝલ મળે છે અને મળતી રહેશે. એવી અપેક્ષા છે. ત્રણ ભાષામાં ગઝલ પ્રગટાવીને અનેક પ્રયોગો કરીને આ કવિ પોતાના કવિત્વને અને પ્રયોગશીલતાને ઉજાગર કરે છે. નવી પરિભાષા અને ગુજરાતી, ઉર્દૂ, તત્સમ અને અંગ્રેજી શબ્દોનો છોછ રાખ્યા વગર ગઝલના બાહ્યસ્વરૂપને જુદો જ પરિવેશ આપે છે.

ગીતમાં અવનવા પ્રયોગો કરે છે તો સંસ્કૃત નાટ્યનાં પાત્રો અને શકુંતલા કાવ્યો આપે છે. 'શકુંતલાનું સંવેદન' ગીતમાં 'સખી, મને વલ્કલ જરાક ઢીલું બાંધ...' 'એવા ઉપાડથી શકુંતલાની લાગણીઓને વહેતી કરે છે:'

પગવાસી થાકને હું રસ્તો પૂછું તો પછી
પાંપણમાં ઝરણું છલકાય
મારી છાતીમાં મારા પાળેલા હરણાની
ઠેક મને આજે અથડાય

અને 'શકુંતલાનું ગીત આ રીતે આવે છે:'

પાણીની માયાવી પાથરેલી જાળ
એમાં દુર્ભાગી હું છું કે દરિયા ?
પથ્થર ફેકું કે ફૂલ સંભવે તરંગ કેમ?
સગપણમાં પથ્થર છે અહીંયાં

કવિની સામાજિક નિસબત અને દરેક પાત્રમાં ઊપસતી વિડંબના અને પીડા આબેહૂબ વર્ણનથી સાકાર થાય છે જેમ કે 'ઢોલીનું ગીત':

થાપીના ઘાવ કાળા ડમ્મર ઝીંકાય
મારા ખાલીપા તોય નથી તૂટતા
દાંડિયુંની ત્રમઝૂટે દોથો પોલાણ મારા
ચામડાનાં કેમ નથી ફૂટતા?

હર્ષદેવને અનેક માન-અકરામ, એવોર્ડ પ્રાપ્ત થયા છે. અનેક સંપાદનોમાં એમની રચનાઓને સ્થાન મળ્યું છે. એમના કેટલાક ચુનંદા શેરને માણીએ:

હજુ પાંપણો બંધ ને બંધ છે તો-
અચાનક ઉઘાડી રહ્યું કોણ ડેલી?
***
બ્હાવરી દોડી જતી મનની નદી
મોસમી વાતાવરણ દરિયા સુધી
***
જળ ને નાજુક ફીણ વચ્ચે એમ સ્પર્ધા
થાય છે
ચાંદનીનું વસ્ત્ર કોનાથી તરત પ્હેરાય છે
***
કાંગરા ખરશે કદી શ્રદ્ધા તણાં
એ પછી તારો ય ઈશ્વર તૂટશે
***
ભીંતમાં અજવાસની બારી ખૂલે,
કોણ મારામાં જ છલકાવે મને?
***
ક્યાં ઝરણ ફૂટી રહ્યું છે પ્હાડમાં,
આજ ચોમાસું છે હાડેહાડમાં.
***
તું ભલે ધસમસ નદીનું નામ આપે છે મને
હું ય દરિયાના કહે તે વેશમાં આવી શકું
***
મેં કોઈ એક ઝાડને બોલાવવા કહ્યું
ત્યારે મને મળી ગયું ટહુકામાં એક ઝાડ
***
ગેરહાજર હોય છે જળ આમ તો મળવા
વિશે
ક્યાંક માણસમાં ખારાપાટ જેવું હોય છે
***
સ્વપ્ના શાહી ઝરૂખે યાદની બાંદી લઈ
તું કહે તો વીંઝણામાં જીવ ઢોળીશું તને
***
નામ તો મારું લખેલું બારણા ઉપર હશે
ઘર ખરું જોવા જશો તો ત્યાં વ્યથાનું
આવશે
***
ઓટલાઓ હાથ ઘસતા હોય છે શેરી મહીં
સામ-સામા બે ઝરૂખે વેર જેવું છે કશું?
***
કોઈ જુએ સ્વપ્ન, કોઈ આગ, કોઈ
આગિયા
પ્રેમની પણ જાત છે જાહેર અથવા
ખાનગી
***
નહીં તો ઉદાસીઓ રહેત કોના આશરે
મારા સિવાય કોણ અહીં ખાનદાન છે?
***
એકલી જાતી નદીને વાદળાં
આંતરી રસ્તે જ લૂંટી જાય છે ■
***

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# અણગમતી લાગે એવી ઘટના પાછળ કુદરતનો કોઈ સંકેત હોઈ શકે...

થોડા દિવસો અગાઉ એક પરિચિત યુવાનનો ઉત્સાહભેર કોલ આવ્યો કે 'તમને આમંત્રણ આપવા કોલ કર્યો છે. મેં એક પોશ સોસાયટીમાં મોટો ફ્લેટ લીધો છે એમાં પૂજા રાખી છે. તમારે આવવાનું જ છે.'

મેં તેને અભિનંદન આપ્યા. તેણે કહ્યું, 'મને તમારી વાત યાદ આવે છે કે 'તારી નોકરી ગઈ એની પાછળ કદાચ કોઈ સારો સંકેત હશે.' હવે મને લાગે છે કે એ વખતે સહકર્મચારીઓએ મારી વિરુદ્ધ ખટપટ કરીને મને નોકરી છોડવાની ફરજ પાડી એ ઘટના 'બ્લેસિંગ ઇન ડિસગાઈસ' જેવી હતી. જો મેં નોકરી ન છોડી હોત તો હું હજી એ જ ઓફિસમાં, એ જ ખટપટ વચ્ચે નોકરી કરી રહ્યો હોત!'

થોડાં વર્ષો અગાઉ તે યુવાને કોલ કર્યો હતો. એ વખતે તે હતાશ થયેલો હતો. તેણે ફરિયાદના સૂરે કહ્યું હતુંઃ 'હું બેકાર થઈ ગયો છું. હું મારું કામ નિષ્ઠાથી કરતો હતો, પણ ઓફિસમાં આંતરિક રાજકારણને કારણે મારે નોકરી ગુમાવવી પડી. મારા પગારને કારણે મારું ઘર ચાલે છે. હવે મારી નોકરી ગઈ એટલે મારા કુટુંબનું ગુજરાન કેમ ચાલશે.?'

એ વખતે તે ખૂબ અફસોસ કરી રહ્યો હતો કે ઓફિસના કેટલાક દુષ્ટ કર્મચારીઓએ તેની સાથે રાજકારણ રમીને એવી સ્થિતિ ઊભી કરી કે તેણે રાજીનામું આપવું પડે. નહીં તો મેનેજમેન્ટ તેને નોકરીમાંથી કાઢી મૂકે.

એ વખતે મેં સાંત્વના સાથે સલાહ આપતાં કહ્યું હતુંઃ 'તારી સાથે આ કદાચ સારા માટે પણ બન્યું હોઈ શકે. તું તેજસ્વી યુવાન છે. નોકરી કરવાને બદલે તારો પોતાનો વ્યવસાય શરૂ કર.'

તે યુવાને નાના પાયે એક વ્યવસાય શરૂ કર્યો. થોડાં સંઘર્ષ પછી તેને એ વ્યવસાયમાં સફળતા મળી અને ધીમેધીમે તેણે પોતાનો બિઝનેસ જમાવી દીધો. હવે તે સફળ બિઝનેસમેન બની ગયો છે અને જીવનને માણી શકે છે.



જીતેન્દ્ર

તે યુવાનનો કોલ આવ્યો હતો ત્યારે મેં તેને કેટલાક કિસ્સાઓ કહ્યાં હતાં, જેમાં કોઈ તબક્કે માણસને કોઈ સ્થિતિ અણગમતી લાગે પણ પાછળથી તેને સમજાય કે એ સ્થિતિ તેના સારા માટે સર્જાઇ હતી.

તે યુવાન સાથે વાત થઈ ત્યારે મને ફિલ્મ અભિનેતા જીતેન્દ્રએ કહેલો એક કિસ્સો યાદ આવી ગયો. તેમના જીવનનો એ કિસ્સો વાચકોએ પણ જાણવા જેવો છે.

જીતેન્દ્ર ૧૯૭૬માં દક્ષિણના જાણીતા ફિલ્મમેકર ડી. રામા નાયડુની એક ફિલ્મમાં અભિનય કરી રહ્યા હતા. એ ફિલ્મના શૂટિંગ માટે તેમણે મુંબઈથી ચેન્નાઈ જવાનું હતું. તેમની ફ્લાઈટ સાંજના સાત વાગ્યાની હતી, પરંતુ એ એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે તેમને ખબર પડી કે ફ્લાઇટ બે કલાક મોડી છે. જીતેન્દ્રએ એરપોર્ટ પરથી પત્ની શોભાને કોલ કર્યો. શોભાજીએ કહ્યું કે 'આજે કરવા ચોથ છે અને કુદરત પણ ઈચ્છે છે કે તમે કરવા ચોથમાં ચંદ્ર ઊગે ત્યારે મારી સાથે હો. હવે તમારી પાસે સમય છે તો ઘરે આવી જાવ.'

જીતેન્દ્રએ વિચાર્યું કે આમ પણ ફ્લાઇટ મોડી થઈ છે તો થોડીવાર માટે ઘરે જતો રહું.

એ વખતે તેઓ પાલી હિલ રહેતા હતા અને પાંચ દાયકા અગાઉ મુંબઈમાં આટલો હેવી ટ્રાફિક પણ નહોતો રહેતો. તે પાછા ઘરે જતા રહ્યા. ઘરે પહોંચ્યા એ વખતે શોભાજી ચંદ્ર ઊગવાની રાહ જોઈ રહ્યાં હતાં. તેમણે જીતેન્દ્રને કહ્યું કે 'હવે તમે આજે ચેન્નાઈ ન જતા. આમ પણ ફ્લાઈટ મોડી છે એટલે તમે મોડા નીકળશો તો રાતે મોડા પહોંચશો અને સવારે પાછું તમારે શૂટિંગ માટે સેટ પર પહોંચવાનું છે. એના કરતાં તમે વહેલા ઊંઘી જાવ અને સવારની ફ્લાઈટ લઈને ફ્રેશ મૂડમાં ચેન્નાઈ પહોંચજો.' પત્નીના આગ્રહથી જીતેન્દ્ર રોકાઈ ગયા.

થોડીવાર પછી પત્ની સાથે તેમના ઘરની બાલ્કનીમાં ગયા. એ વખતે તેમણે જોયું કે એરપોર્ટ પર આકાશમાંથી આગનો ગોળો નીચે રનવે તરફ જઈ રહ્યો છે!

એ પછી થોડીવારમાં તો જીતેન્દ્રના ઘરનો ફોન સતત રણકવા લાગ્યો. ત્યારે ખબર પડી કે તે જે ફ્લાઈટમાં જવાના હતા એ ટેક ઓફ થઈ એ સાથે જ તૂટી પડી હતી!

જેમને ખબર હતી કે જીતેન્દ્ર આ ફ્લાઈટમાં ચેન્નાઈ જવાના છે તે બધા જીતેન્દ્રના ઘરે કોલ કરવા લાગ્યા હતા. તેમને ધ્રાસકો પડ્યો હતો કે જીતેન્દ્ર આ ફ્લાઈટમાં છે, પરંતુ પત્નીના આગ્રહને કારણે જીતેન્દ્ર રોકાઈ ગયા હતા એટલે બચી ગયા હતા!

એ ફ્લાઇટ આગની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ હતી અને એ પ્લેનમાં સવાર તમામ ૯૬ વ્યક્તિઓ મૃત્યુ પામી હતી! જીતેન્દ્રની સહઅભિનેત્રી રાની ચંદ્રા એ ફ્લાઈટમાં હતી તેનું પણ અકાળે મૃત્યુ નીપજ્યું હતું.

એ કિસ્સો યાદ કરતા જીતેન્દ્રએ કહ્યું હતું કે 'મને ફ્લાઇટ મોડી થઈ ત્યારે થોડી અકળામણ થઈ હતી કે હું ચેન્નાઈ મોડો પહોંચીશ અને સવારે પાછું મારે વહેલા ઊઠીને સેટ પર પહોંચવું પડશે, પરંતુ શોભાના આગ્રહને કારણે હું રોકાઈ ગયો અને મેં સવારની ફ્લાઈટમાં જવાનું નક્કી કર્યું એને કારણે હું બચી ગયો.'

આપણા જીવનમાં ઘણી વખત એવી ઘટના બનતી હોય છે કે જે ઘટના આપણને અણગમતી લાગે, પરંતુ પછી એ ઘટનાને કારણે આપણા પરથી મોટી ઘાત ટળી જાય અથવા તો આપણું અહિત થતાં રહી જાય એવું પણ બનતું હોય છે.

આપણે ત્યાં કહેવત છે કે 'જે થાય એ સારા માટે.' એટલે ઘણી વખત આપણને જે વાત કે ઘટના અણગમતી લાગતી હોય એની પાછળ કુદરતનો કોઈ સંકેત હોઈ શકે.■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# મહામશ્કરો માર્ક ટ્વેનઃ મજૂરીથી મહોબ્બતનો મતવાલો

*ટાઇટલ્સઃ*
*જોકર રાજ કરે તો ભૂખી પ્રજા પણ ખુશ. (છેલવાણી)*

---------------------------

**'નેતાઓ અને 'ડાયપરો'(બાળોતિયાંઓ) સમય-સમય પર બદલ્યે રાખવાનાં, કારણ કે બેઉ માટે કારણ સરખાં જ છે.'**

---------------------------

**'સાહિત્યનો પુરસ્કાર લેવાની ના પાડવી એટલે વધારે હોબાળો કરી એનો એ પુરસ્કાર લેવાની ચતુરાઇ છે.'**

---------------------------

**'ધારો કે તમે ભૂખથી મરતા કૂતરાને બચાવીને માલદાર બનાવશો તો એ તમને કરડશે નહીં. પણ માણસ? મનુષ્ય ને કૂતરામાં આ જ સૈદ્ધાંતિક ફરક છે.'**

---------------------------

**'ખુલ્લું મગજ, ખુલ્લા વિચારો રાખવા, પણ બહુ વધારે પડતું ખુલ્લુ મગજ રાખવું નહીં કે જેથી કોઈપણ આવીને પોતાનો કચરો ઠાલવી જાય!'**

---------------------------

કોઇ અજાણ્યો આગંતુક, નાનાં શહેરમાં દાઢી કરાવવા ગયો ને દાઢી કરનારને પૂછ્યું, 'અલ્યા, આજે શહેરમાં શેની ચહેલ-પહેલ છે?'

'સાહેબ, તમે બહુ નસીબદાર છો કે આજે પધાર્યા... બહુ મોટા લેખક માર્ક ટ્વેનનું અહીં લેક્ચર છે. તમે એની ટિકિટ લીધી?'

'ના... પણ લઇ લઇશ' આગંતુકે કહ્યું.

'તો તો સાહેબ, તમારે ઊભા ઊભા સાંભળવું પડશે, કારણ કે હોલ તો હાઉસફૂલ છે!'


આગંતુકે કહ્યું, 'મારું નસીબ જ ખરાબ છે. જ્યાં પણ સાલા 'માર્ક ટ્વેન'નું વ્યાખ્યાન હોય છે. મારે ઊભા જ રહેવું પડે છે.'

'એટલે?'

'દોસ્ત... હું જ માર્ક ટ્વેન છું!' આગંતુકે આંખ મારીને કહ્યું.

દંતકથા સમા હાસ્યવ્યંગકાર ને વિવાદપ્રેમી માર્ક ટ્વેન, આજે એટલે યાદ આવે છે કે આજકાલ દેશમાં હાસ્યવ્યંગ પર અગાઉ ક્યારેય નહીં એટલી ચર્ચાઓ ચાલે છે. થોડા વખત પહેલાં યુટયૂબ પર છવાયેલ કોઇ બદઝુબાન જુવાન, સોશ્યલ મીડિયા પર સેક્સ વિશે ઘટિયા વલ્ગર વાત કરે છે એનાથી સમાજ સહેમી જાય છે! સારી વાત છે. આજે લોકો હાસ્યમાં ગંદકીનો વિરોધ કરે છે તો કાલે કદાચ હિંસાનોયે વિરોધ કરશે કે પછી રાજકારણમાં ગંદકીનોયે વિરોધ કરશે, કદાચ!

(આ કેવળ વ્યંગ છે, આમાં આશાવાદ નથી જ નથી.)



...પણ વ્યંગકાર માર્ક ટ્વેન કમાલના લેખક હતા. એમની વાતવાતમાં 'પંચ' હતા, જે 'પ્રપંચ'થી પ્રજાને જાગૃત કરતા. જો કે આજે ભલે માર્ક ટ્વેનને 'ધ એડવેન્ચર્સ ઓફ ટોમ સોયર'ના લેખક તરીકે યાદ કરવામાં આવે, પણ માર્ક ટ્વેન, મહાન અમેરિકન લેખક હતા, જે પાછાં અમેરિકાની જ સતત ટીકા કરતા. હથિયારના સોદાગર, એવા અમેરિકાની યુદ્ધખોરી નીતિ માટે માર્કે ચાબખા મારેલા : 'ઇશ્વરે જાનલેવાં યુદ્ધનું સર્જન જ એટલે કર્યું જેથી અભણ અમેરિકાને દુનિયાની ભૂગોળ સમજાય.'

(આપણે ત્યાં આવું લખીએ તો વાક્ય પતે એ પહેલા જ 'દેશવિરોધી' ઘોષિત!)

***ઇન્ટરવલઃ***
*પહેલે હર બાત પે આતી થી હંસી*
*અબ કિસી બાત પે નહીં આતી (ગાલિબ)*

માર્ક ટ્વેન, હાસ્યલેખક હતા, પણ જીવનમાં બહુ રડેલા. પરિવાર ખૂબ ગરીબ અને કહેવાય છે કે 'ગરીબી, રમૂજની પાઠશાળા છે.' માર્ક ટ્વેને, નાનપણથી જ ગદ્ધાવૈંતરું કરેલું. કદીક પ્રિન્ટિંગ પ્રેસમાં તો ક્યારેક સ્ટીમરમાં નોકરી, પછી ચાંદીની ખાણમાં મજૂરી, ભૂખ, બેકારી, દેવાદારી ને આ બધાંનાં નિચોડ રૂપે આખરે, જાત ને જગત પર હસતાહસાવતા લેખક તરીકે સફળતા મળી.

'જોકે કરુણતામાંથી જ હાસ્ય જન્મે છે.' એ જ નિયમે, માર્ક ટ્વેને પોતાની આંખ સામે ભાઈનું મોત જોયેલું, ૪માંથી ૩ બાળક મરી ગયેલા, પૈસાની મોટી છેતરપિંડીમાં નાદારી નોંધાવીને રોડ પર આવવું પડેલું. જીવનનાં જાનલેવાં જખમોને લીધે જ માર્ક ટ્વેનનાં હાસ્યવ્યંગને વલૂરતી વેદનાની ધાર મળેલી.

માર્ક ટ્વેનને કંગાળીના દિવસોમાં એક 'ઓલિવિયા' નામની કન્યાનો ફોટો જોઈને ઇંસ્ટંટ ઇશ્ક થઈ ગયેલો ને અઠવાડિયામાં જ એણે ૧૦ વરસ નાની અમીર ઓલિવિયા સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો!

બેકાર કંગાળ માર્કની ભાષા કે રીતભાત જરાયે 'ક્લાસી' કે ભદ્ર નહોતી. અમીર ઉમરાવ ઓલિવિયાને માર્ક અને એમની લેખન પ્રતિભા ગમતી, પણ એટલાથી કંઇ પરણાય થોડું? માર્ક ટ્વેને, ફરી પ્રયત્ન કરી જોયો, પણ ઓલિવિયાએ કહ્યુંઃ

'સોરી, તમારામાં ધાર્મિક વિચારોનો અભાવ છે.'

માર્કે તરત પંચ માર્યો : 'બસ આટલું જ? તો આજથી હું ચુસ્ત ખ્રિસ્તી, હવે બોલ!' છતાંયે ઓલિવિયાએ ફરી ના પાડી.

ઓલિવિયાને બેતહાશા પ્રેમમાં માર્કે લખેલું :

'જો ઓલિવિયા કહે કે 'મોજાં પહેરવા અનૈતિક છે'-
તો હું તરત જ મારા મોજા બાળી નાખીશ.'

આખરે માર્ક શહેર છોડવા સ્ટેશન તરફ જઈ રહ્યા હતા ને એમની ઘોડાગાડી ઊંધી પડી ગઇ. આ સિચ્યુએશનમાં, માર્ક ટ્વેન ખૂબ ઘવાયેલા હોય એમ ઓલિવિયાના ઘરે પહોંચી ગયા. પછી ત્યાં ઓલિવિયાએ સારવાર કરી ત્યારે માર્ક ટ્વેને પ્રપોઝ કર્યું ને ત્યાં સુધી તો ઓલિવિયા પણ મશ્કરા માર્કના પ્રેમમાં પડી ગયેલી!

મહોબ્બતમાં મતવાલો માર્ક, પત્નીને એ હદે ચાહતો કે એને જે વાર્તાઓ ના ગમે એ કેંસલ! આમ ને આમ માર્કનાં લખેલા ૧૫,૦૦૦થી વધુ પાનાં અપ્રકાશિત રહ્યા. સમાજ, સંપાદક કે સેંસરથી પહેલાં માર્કની અર્ધાંગિની ઓલિવિયા અલ્ટિમેટ આલોચક!

પત્ન ીઘેલા માર્ક ટ્વેને કહેલું, 'જો મને ખબર હોત કે લગ્નજીવન આટલું સુખદ હોઈ શકે તો મેં દાંત ઉગાડવામાં મારો સમય બગાડવાને બદલે ૩૦ વર્ષ પહેલાં જ લગ્ન કરી લીધા હોત.'

બાય ધ વે, ત્યારે માર્ક ૩૨ જ વર્ષના હતા. જોક સમજાયો?

***ઍંડ-ટાઇટલ્સઃ***
*ઈવઃ મારે મહાકુંભમાં જવું છે.*
*આદમઃ 'ખોવાઇ જવાનું' પ્રોમિસ?* ■

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# જ્વાળામુખીની ટોચે બેઠેલી માનવજાતઃ ડૂમ્સ-ડે નજીક છે?

ગજબનો વિચિત્ર વર્તમાન આપણે જોઈ રહ્યા છીએ. આવો સમય તો વડીલોએ પણ નહીં જોયો હોય. સવાર પડે ને આખી દુનિયામાં કંઈક અજુગતું થયું હોય. દુનિયા કાળરાત્રીની નજીક છે. આ કવિતા નથી પણ શાબ્દિક હકીકત તો છે જ... કાળરાત્રી એટલે વિનાશનો સમય, જે બહુ જ નજીક આવી ગયો છે. એવું કોઈ નેતા નહીં કે લેખક નહીં, પણ આ ડૂમ્સ- ડે કલોક કહે છે. દુનિયાભરમાં આ કલોક સૌથી વધુ મશહૂર છે. હમણાં જ દુનિયાભરના છાપાની હેડલાઇનમાં આ સમાચાર આવેલા કે ડૂમ્સ-ડે કલોક ભયજનક સમય બતાવી રહી છે. બાર વાગવામાં માત્ર નેવું સેકન્ડની વાર છે. ડૂમ્સ- ડે કલોકનો કાંટો આટલો નજીક ક્યારેય આવ્યો ન હતો જેટલો હવે આવી રહ્યો છે. આવું ઇતિહાસમાં ક્યારેય થયું નથી. તેનો મતલબ થયો કે માનવજાત પ્રતીકાત્મક રીતે સ્વ-વિનાશની નજીક આવી છે.

આ ઘડિયાળ મુજબ મધ્યરાત્રિનો અર્થ નવો દિવસ નથી થતો પણ એનો અર્થ વિનાશ થાય છે. આ સમાચાર નાટકીય કે ફિલ્મી લાગી શકે, પરંતુ તેની પાછળ રહેલી ગર્ભિત ચેતવણી છે.

ડૂમ્સ- ડે ઘડિયાળ એક સમયે અજાણી હતી, પણ હવે લગભગ બધા જાણે છે. તે ક્યાંક દીવાલ પર ટીક ટીક કરતી ડ્રોઈંગ રૂમની સામાન્ય ઘડિયાળ નથી. તે ૧૯૪૭ માં 'બુલેટિન ઓફ ધ એટોમિક સાયન્ટિસ્ટ્સ' સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકો દ્વારા બનાવવામાં આવેલ એક પ્રતીકાત્મક ગેજ (માપનું સાધન) છે. આ એ જ વિજ્ઞાનીઓ જેમાંથી ઘણાએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પ્રથમ અણુ બોમ્બનું નિર્માણ કરેલું! આ અણુવિજ્ઞાનીઓ પોતાની જ વિનાશક શક્તિથી ડરતા હતા. તેમને ડર હતો અને વાજબી હતો કે આ અણુબોમ્બ નામનો ભસ્માસુર આપણને સૌને ભરખી જશે માટે આ વૈજ્ઞાનિકો માનવજાતને તેમના પોતાના ઉત્પાદન એટલે કે અણુબોમ્બનાં જોખમો વિશે ચેતવણી આપવા માટે એક સરળ પણ અસરકારક રીત જાહેરમાં મૂકવા ઇચ્છતા હતા. તેના માટે ઘડિયાળ પસંદ કરી, કારણ કે સમય સાર્વત્રિક છે અને દુનિયાનો દરેક માણસ સમય સાથે સંધાન સ્થાપી શકે. તો આ વિજ્ઞાનીઓએ એવી ઘડિયાળની ડિઝાઇન કરી જેમાં પંદર મિનિટનો જ સમયગાળો હોય - ૧૧:૪૫ થી ૧૨:૦૦ સુધીનો. જો આ ઘડિયાળનો કાંટો બાર વાગવાની નજીક આવે તો સમજવાનું કે ખતરો વધ્યો. આજ સુધી તો આ ઘડિયાળમાં બાર વાગ્યા નથી પણ જે દિવસે પણ એમાં બાર વાગે તે દિવસ 'કયામતનો દિવસ' હશે એમ સમજવાનું. તે સમયે માનવજાત બચી નહીં શકે, દુનિયા તહેશનહેશ થઈ ગઈ હશે-નષ્ટ પામશે અને દુનિયાનો અંત કુદરતના પ્રકોપથી નહીં, પરંતુ મનુષ્યોના ખોટા







નિર્ણયો જેવા કે - યુદ્ધ, ટેક્નોલોજી, ઘમંડ અને બેદરકારી કે અસમાનતાને કારણે આવ્યો હશે.

દાયકાઓથી, આ ડૂમ્સ- ડે ઘડિયાળના કાંટાઓ આગળ પાછળ ફરતા રહે છે અને તેના કાંટાનું આગળ વધવું કે પાછળ જવું વૈશ્વિક તણાવ અને રાહતને પ્રતિબિંબિત કરે છે. ૧૯૫૩માં યુએસ અને સોવિયેત યુનિયને હાઇડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યા પછી ડૂમ્સ- ડે ક્લોકમાં બાર વાગવામાં માત્ર બે મિનિટની વાર હતી. આ સમય અણુ બોમ્બ કરતાં પણ વધુ ખતરનાક હતો. એના પછી ૧૯૬૨માં ક્યુબન મિસાઇલ કટોકટી દરમિયાન, વિશ્વ પરમાણુ યુદ્ધની અણી પર ઊભું હતું. એક ખોટી ચાલ, એક ખોટું સિગ્નલ અને ઇતિહાસ અલગ રીતે લખાઈ ગયો હોત. આ સમયે પણ ડૂમ્સ- ડે કલોક બાર વાગ્યાની નજીક પહોંચી ગઈ હતી. રાહતનો સમય આવ્યો ૧૯૯૧માં જ્યારે રશિયા અને અમેરિકા વચ્ચે કોલ્ડ વોરનો અંત આવ્યો. અને તરત જ આ ઘડિયાળના કાંટાઓએ પીછેહઠ કરેલી. ૧૯૯૧માં, બાર વાગવામાં ૧૭ મિનિટ સુધીની વાર હતી જે અત્યાર સુધીનો સૌથી સુરક્ષિત સમય કહેવાય છે. થોડા સમય માટે આ દુનિયા માનતી થઈ ગઈ હતી કે સંઘર્ષ પર સહકારનો વિજય થયો છે. જોકે આ આશા લાંબા સમય સુધી ટકી શકી ન હતી.

અત્યારે બાર વાગવામાં ચંદ સેકન્ડો બાકી છે એવું બતાવે છે. પ્રવર્તમાન સમય ખતરનાક છે એવું એટલા માટે કહેવામાં આવે છે કે અત્યારે માત્ર એક જ કટોકટી નથી પણ દુનિયામાં ઘણા બધા ક્રાઇસિસ કે ઇમરજન્સી સિચ્યુએશન ઊભી થઈ છે. પરમાણુ હુમલાનું ટેન્શન, પાંચ-સાત જગ્યાએ યુદ્ધની સ્થિતિ, બીજા દેશ ઉપર આક્રમણ, કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ, જંગલમાં અચાનક લાગતો દાવાનળ વગેરે જૂનાં કારણો તો ખરા જ, પણ એક મુખ્ય કારણ પણ છે. એ છે માનવજાતનાં નૈતિક મૂલ્યોનું પતન. આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ, સાયબર વોરફેર, બાયોએન્જિનિયરિંગ અને ફેક ન્યૂઝ અને પ્રોપેગેન્ડા ફિલ્મો લોકશાહીને અસ્થિર કરી શકે છે અને સરકારી સંસ્થાઓ તેની પ્રતિક્રિયા આપે તે પહેલાં જ સિવિલ વોર પણ શરૂ કરી શકે છે. અફવા, ડીપફેક અથવા હેક કરેલી સિસ્ટમ હવે તે ઊહાપોહ સર્જી શકે છે જે એક સમયે સૈન્ય કરતું હતું.

અંતે, દેશો વચ્ચે, સમાજોની અંદર અને નાગરિકો અને સત્યતા વચ્ચે પણ વિશ્વાસનો સેતુ તૂટી રહ્યો છે. ધ્રુવીકરણ, અપપ્રચાર અને ટૂંકા ગાળાની મલિન રાજકીય વિચારસરણીને કારણે દુનિયામાંથી માનવતાનું તત્ત્વ ઓછું થઈ રહ્યું છે. અત્યારે બધા દેશોએ એક થવાની, એકતા લાવવાની અને સમદ્રષ્ટિ રાખવાની બહુ જ જરૂર છે. પણ આજે કોઈને બીજા માણસ ઉપર ભરોસો રહ્યો નથી.

આ ડૂમ્સ- ડે ક્લોક આપણને એક કઠોર સત્યની યાદ અપાવે છેઃ આજે આપણે જે સૌથી મોટા જોખમોનો સામનો કરીએ છીએ તે ઉલ્કાપિંડ કે ભૂતપ્રેત નથી. તે નિર્ણયો છે જે સરકારો, કોર્પોરેશનો અને સમાજો દ્વારા લેવામાં આવે છે. માનવજાતને ખબર છે છતાં પણ પગ ઉપર કુહાડી મારી રહી છે. આપણે તો એ જ આશા રાખવી રહી કે આ ઘડિયાળમાં ક્યારેય બાર ન વાગે, જો એના બાર વાગશે તો આપણા-દુનિયાના બાર વાગી જવાના! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# રેવ પાર્ટીસ આઉટ... ભજન ક્લબિંગ ઈન!

## આ નવા ટ્રેન્ડમાં વિભિન્ન બ્રાન્ડ્સ માટે કેવી અને કેટલી તક?

૧૯૬૦ - ૭૦ ના દાયકામાં યુવાનોને હિપ્પી કલચરમાં 'હરે રામ હરે કૃષ્ણ 'ની ધૂન પર ઝુમતા જોયા હશે અથવા તેના વિશે સાંભળ્યું હશે. તેના પર એક ફિલ્મ પણ બની હતી અને તેનું પ્રખ્યાત ગીત 'દમ મારો દમ...' આજે પણ પાર્ટીઓમાં ગુંજે છે.


આને યાદ કરવાનું કારણ આજનો વિષય છે. થોડા સમયથી યુવાનોએ મનોરંજનની નવી રાહ પકડી છે, જે 'ભજન ક્લબિંગ'ના નામે પ્રચલિત છે. આ વિષયનો ઉલ્લેખ આપણા પ્રધાન મંત્રીએ તેમના 'મનકી બાત શો'માં પણ કરી. તેમણે કહ્યું કે 'ભજનની પવિત્રતા જાળવી રાખીને આધ્યાત્મિકતાને આધુનિકતા સાથે જોડવાનો આ અદ્ભુત પ્રયાસ છે.'

કલ્પના કરો કે આ પાર્ટીમાં નિયોન કે સ્ટોબ લાઇટ્સ નહીં, પણ દીવાઓ ઝળહળતા હોય.આ વાતાવરણ મોટા અવાજોથી નહીં, પણ ભાવનાત્મક ભજનના ધબકારાઓથી ભરેલુ હોય. યુવાનો પાર્ટીના પોશાકોની જગ્યાએ પારંપરિક વસ્ત્રોમાં અથવા યોગ્ય કપડાઓ પહેરી આવે. લોકો ડાન્સ ફલોર પર નહિં, પણ સામૂહિક આનંદમાં આંખો બંધ કરીને ડોલતા હોય, ઘણા લોકો જમીન પર આસન બિછાવી પલાઠી વાળી બેઠા હોય. ડીજે EDM કે રેપ નથી વગાડી રહ્યા-એ પરંપરાગત હિન્દુ ભક્તિ ગીતો (ભજન અને કીર્તન) ને આધુનિક ઇલેક્ટ્રોનિક બીટ્સ, લોક ફ્યુઝન અને ટ્રાન્સ તત્ત્વો સાથે રિ-મિક્સ કરી રહ્યા હોય....

આ ભજન ક્લબિંગ છે, જેમાં ભારતની પ્રાચીન આધ્યાત્મિકતા અને આધુનિક સંગીત સંસ્કૃતિનું અભૂતપૂર્વ મિશ્રણ જોવા મળે છે. એમ કહી શકાય કે ભારતમાં પરંપરા અને ટ્રેન્ડનો સમન્વય થઇ રહ્યો છે. આ ફક્ત એક નવો નાઇટલાઇફ ટ્રેન્ડ નથી. આજના ઝડપી ગતિશીલ વિશ્વમાં ભારતના યુવાનો શ્રદ્ધા અને સંબંધને કેવી રીતે ફરીથી જીવિત કરી રહ્યા છે તેની એક અભિવ્યક્તિ છે.

આજના યુવાનો માટે, ભજન ક્લબિંગ પરંપરાગત નાઇટલાઇફનો વિકલ્પ આપે છે. આપણે કહીશું કે આપણે ત્યાં ભજનો થતા હોય છે, નવરાત્રિમાં લોકો ગરબા ગાય છે તો આમાં નવું શું છે? ભજનમાં મુખ્યત્વે તમને મોટી ઉંમરના લોકો જોવા મળશે અને પરંપરાગત ભજનો સામાન્ય રીતે ધીમી ગતિવાળા અને પ્રાર્થના પર કેન્દ્રિત હોય છે. તેનાથી વિપરીત, ભજન ક્લબિંગ સામૂહિક ઉલ્લાસ અને એકબીજા સાથે જોડાવાની ભાવના જગાડવા માટે સહિયારી આધ્યાત્મિક ઊર્જા દ્વારા રચાયેલ છે.

આ વલણને આગળ ધપાવનારા લોકો મોટાભાગે યુવાન છેઃ જનરેશન ઝેડ અને મિલેનિયલ્સ, સામાન્ય રીતે ૧૮ થી ૪૦ની વચ્ચે. આ એવી વ્યક્તિઓ છે જે ઘણીવાર નવા નવા અનુભવોની શોધમાં હોય છે. કોકટેલને બદલે ચા, છાશ અથવા તાજગીભર્યા રસ પીતા આ યુવા જોવા મળશે. આનું એક કારણ ભારતીય યુવાનોમાં પોતાના સાંસ્કૃતિક મૂળ સાથે ફરી







જોડાવાની અને ગર્વથી સ્વીકારવાની ભાવના હોઈ શકે. બીજું કારણ, ભજન ક્લબિંગ પરંપરાગત પાર્ટીઓના નહિં, પણ ભાવનાત્મકતા અને આધ્યાત્મિકતા તરફ જવાનો એક અનોખો રસ્તો પૂરો પાડે એ હોઈ શકે છે.

આજની પેઢી જયારે આ રંગે રંગાવા જઈ રહી છે ત્યારે એ બધા વચ્ચે બ્રાન્ડ માટે ઘણી તક છે. આપણે અગરબત્તી, ધૂપ, કપૂર જેવી બ્રાન્ડની જાહેરાતો જોતા હશું. જે એક સમયે કોમોડિટી હતી તે આજે બ્રાન્ડ તરીકે ઊભરી પોતાને માર્કેટમાં સ્થાપિત કરે છે. આવા સમયે આવી અને અધ્યાત્મને લગતા બીજા ઘણા પ્રોડક્ટ જેવા કે ઘી, સ્પિરિચ્યુઅલ ટૂરિઝમ, દૂધ, અત્તર, સાત્વિક ખાદ્ય પદાર્થો, પૂજા હવન વખતે પહેરતા પોશાકો વગેરે પોતાને આવી ઇવેન્ટ સાથે જોડી શકે છે. આના માટે શીખ દારૂ અને સિગારેટ બ્રાન્ડ પાસેથી લેવી પડશે, જે રીતે આવી ઇવેન્ટ ઊભી કરી પોતાની બ્રાન્ડ કઈ રીતે પ્રમોટ કરતા દિશામાં વિચારવું પડશે. આધ્યાત્મિકતા છે તેથી સરળ કોમ્યુનિકેશન બનાવવું તેમ પણ નહિ, ટ્રેન્ડને પારખી યુવાને આકર્ષે તેવા કોમ્યુનિકેશન બનાવવા પડશે. પેકેજિંગ પર કામ કરવું પડશે, ડિસ્ટ્રિબ્યુશન તેમને અનુકૂળ બનાવવું પડશે. જેમ આજકાલ બધી બ્રાન્ડ પરપઝ- હેતુની વાત કરે છે અર્થાત્ સમાજ કલ્યાણ માટે કોઈને કોઈ રીતે જોડાશે, બસ, આજ રીતે આને લગતી વળગતી બ્રાન્ડસ આ માન્યતાને દિલથી સ્વીકારે છે તેમ સાબિત કરવું પડશે. આવી બ્રાન્ડ સાથે યુવા સહેલાઈથી જોડાશે.

બ્રાન્ડ માટે આ તક છે ત્યારે ઘણી બ્રાન્ડ આમાં જોડાશે કે કેમ તે સવાલ થઇ શકે કારણ આ ટ્રેન્ડને અમુક માન્યતા સાથે જોડવામાં આવશે અને તેથી ઘણા યુવાનો આની સાથે નહિ જોડાય તેવી માન્યતા. આ ઉપરાંત ઘણી બ્રાન્ડ ઈચ્છા હોવા છતાં પોતાને અમુક માન્યતા સાથે સંલગ્ન થયા છે તેવી છાપ ઊભી કરવા નહિ માગે અને તેથી દૂર પણ રહેશે.

ભજન ક્લબિંગ એ દર્શાવે છે કે કેવી રીતે યુવા ભારતીયો શ્રદ્ધા, સંસ્કૃતિ અને મનોરંજનને એક સ્તરે લાવી રહ્યા છે. આ એવી પેઢી છે જે પોતાની શરતો પર આધ્યાત્મિકતા શોધે છે. બ્રાન્ડ્સ માટે તક ભજનને માર્કેટિંગ યુક્તિઓ તરીકે નહિ પરંતુ તે સમજવામાં છે કે આ ફોર્મેટ શા માટે પ્રચલિત થઇ રહ્યું છે અને જાહેર જીવનમાં ભક્તિને કેવી રીતે ફરીથી નવી રીતે સમજાવવામાં આવી રહી છે. જેમ જેમ ભજન ક્લબિંગ વિકસિત થશે તેમ તેમ તે ભારતની પરંપરાગત બ્રાન્ડન્સ માટે પણ એક અભ્યાસ પૂરો પાડશે કે કઈ રીતે એ બધા પણ તેમની પરંપરાને જાળવી આજની પેઢીને સુસંગત થઇ પોતાની તરફ આકર્ષી શકે. ■

કરિયર

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# હેલ્થ કેર સપોર્ટ પ્રોફેશન એટલે ઓછા જોખમ સાથે પ્રતિષ્ઠિત કારકિર્દી...

આજના તીવ્ર સ્પર્ધા અને અનિશ્ચિત નોકરીઓના યુગમાં હેલ્થ કેર સપોર્ટ વ્યવસાય ઓછું જોખમ, કાયમી માગ અને પ્રતિષ્ઠિત કારકિર્દી વિકલ્પ બનીને ઊભરી આવ્યો છે. ડોક્ટરો અને નર્સો સાથે ખભેખભો મિલાવીને કામ કરતાં આ વ્યાવસાયિકોમાં લેબ ટેક્નિશિયન, રેડિયોલોજી ટેક્નિશિયન, ફાર્મસી અને નર્સિંગ આસિસ્ટન્ટ, હોસ્પિટલ એડમિન સપોર્ટ વગેરેનો સમાવેશ થાય છે. હકીકતમાં આ લોકો સારવારની એકંદર વ્યવસ્થાને સૂચારું બનાવે છે. આ ક્ષેત્રની સૌથી મોટી તાકાત તેની સતત જરૂરીયાત છે. બીમારીઓ, નિદાન, રિહેબિલિટેશન અને સંભાળ આ બધા કામ આ વ્યાવસાયિકોના કારણે અટકતા નથી. આ જ કારણ છે કે આર્થિક વધઘટની અહીં મર્યાદિત અસર થાય છે. આ ક્ષેત્રમાં ઓછું શિક્ષણ હોવા છતાં અને કૌશલ્ય-આધારિત તાલીમ બાદ નોકરી મળી જાય છે. પ્રારંભિક પેકેજ ભલે મધ્યમ હોય, પરંતુ અનુભવ અને સ્પેશિયલાઇઝેશન સાથે આવક અને હોદો બંનેમાં સતત વધારો થતો રહે છે. તેથી જે લોકો સમાજ ઉપયોગી કામ સ્થિરતા અને આત્મસન્માન સાથે કારકિર્દી ઇચ્છે છે તેઓ માટે હેલ્થ સપોર્ટ પ્રોફેશન આજના ભારતમાં સલામત, વિશ્વસનીય અને ભવિષ્યલક્ષી માર્ગ પ્રદાન કરે છે.

વર્ષ ૨૦૨૬માં હેલ્થ કેર સપોર્ટ વ્યવસાયો ઝડપથી ઊભરી રહેલી કારકિર્દીની શ્રેણી છે. વધતી વસ્તી, વયસ્ક થતી વસ્તી અને જીવનશૈલી સંબંધિત બિમારીઓને કારણે ખાનગી હોસ્પિટલોની વધતી સંખ્યા, ટેલિ મેડિસિન અને ડાયગ્નોસ્ટિક સેવાઓના વિસ્તરણે આ ક્ષેત્રમાં સ્થિરતા અને સન્માનજનક નોકરીઓની માગમાં અનેક ગણો વધારો કર્યો છે. હાલ આ ક્ષેત્ર એટલા માટે ખાસ છે કારણ કે ડાયગ્નોસ્ટિક અને પ્રિવેન્ટિવ કેર પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. નિદાન, સ્ક્રીનિંગ અને સમયસર સારવાર માટે ટેક્નિશિયન અને સહાયકોની માગ વધી છે. હોસ્પિટલો અને ક્લિનિકોનો વિસ્તાર થયો છે. શહેરોમાં નવી હોસ્પિટલો, ડે કેર સેન્ટર અને ડાયગ્નોસ્ટિક લેબ ખુલી રહી છે. આ સાથે ડિજિટલ હેલ્થનું વિસ્તરણ થઇ રહ્યું છે. જેમ કે ઇ-હેલ્થ રેકોર્ડ, ટેલિ-રેડિયોલોજી, રિમોટ મોનિટરિંગથી આઇટી સપોર્ટ અને ડેટા હેન્ડલિંગની ભૂમિકાઓ વધી છે. આ સાથે કાસ્ટ ઇફેક્ટિવ કેર પણ આ વ્યવસાયની વધતી માગ પાછળનું એક પ્રેરક બળ છે. હકીકતમાં ડોક્ટરોનો સમય બચાવવા માટે આજે નાના શહેરોથી લઇને મહાનગરો સુધી પ્રશિક્ષિત તબીબી સહાય સ્ટાફની જરૂરિયાત અનેક ગણી વધી છે.

### મુખ્ય હેલ્થ કેર સપોર્ટ પ્રોફેશન

* મેડિકલ લેબ ટેક્નિશિયન(એમએલટી)- લોહી, પેશાબ, પેથોલોજી અને માઇક્રોબાયોલોજી ટેસ્ટ કરે છે. તેમની માગ ડાયગ્નોસ્ટિક લેબ અને હોસ્પિટલો વગેરે બંને જગ્યાએ રહે છે.

* રેડિયોલોજી/ઇમેઝિંગ ટેક્નિશિયન- એક્સરે, સિટી સ્કેન, એમઆરઆઇ, અલ્ટ્રાસાઉન્ડ જેવી મશીનો ઓપરેટ કરે છે. તાજેતરના દિવસોમાં આધુનિક હોસ્પિટલોમાં આ સપોર્ટ સ્ટાફની ડિમાન્ડ સૌથી ઝડપથી વધી રહી છે.

* ફાર્મસી આસિસ્ટન્ટ- દવાઓનો સંગ્રહ, વિતરણ અને રેકોર્ડ જાળવવા માટે ફાર્મસી સહાયકોની જરૂર પડે છે. હોસ્પિટલ ફાર્મસી, રિટેલ ચેન અને ઓનલાઇન ફાર્મસીઓમાં






તેમની માગમાં નોંધપાત્ર વધારો થયો છે.

* નર્સિંગ આસિસ્ટન્ટ/જીએનએમ સપોર્ટ- આ લોકો મૂળભૂત સંભાળ, મોનિટરિંગ, દસ્તાવેજીકરણમાં નર્સોની મદદ કરે છે. હોસ્પિટલો, કેર હોમ્સ અને હોમ હેલ્થના ક્ષેત્રમાં તેમની માગ ઝડપથી વધી છે.

* હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન સપોર્ટ- ફ્રન્ટ ઓફિસ, બિલિંગ, મેડિકલ રેકોર્ડ, ઇન્શ્યોરન્સ કો-ઓર્ડિનેશન વગેરે ક્ષેત્રોમાં તેમની સતત માગ રહે છે. ખાસ કરીને મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને કોર્પોરેટ હેલ્થ સેટઅપમાં તેમની ભારે ડિમાન્ડ રહે છે.

* ફિઝિયોથેરાપી આસિસ્ટન્ટ/રિહેબ સપોર્ટ- તેઓ રિકવરી અને રિહેબિલિટેશનમાં મદદ કરે છે. તેથી તેમની જરૂર ઓર્થોપેડિક, ન્યૂરોરિહેબ અને સ્પોર્ટ્સ ક્લિનિકમાં રહે છે.

### યોગ્ય લાયકાત અને કૌશલ્યો

* મેડિકલ સપોર્ટ પ્રોફેશન માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ૧૦+૨(સાયન્સ) છે- જે મોટાભાગની ટેક્નિકલ સપોર્ટ ભૂમિકાઓ માટે જરૂરી હોય છે.

* આ ઉપરાંત ડિપ્લોમા/સર્ટિફિકેટ- આ લાયકાત મલ્ટી લેબ ટેક્નોલોજી, રેડિયોલોજી, ફાર્મસી આસિસ્ટન્ટ અને નર્સિંગ અસિસ્ટન્ટ માટે જરૂરી છે.

* હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન અથવા સ્પેશિયલાઇઝ્ડ ટેક્નિશિયન ભૂમિકાઓમાં ઉત્તમ તકો ઉપલબ્ધ છે. ટેક્નિકલ અને સોફ્ટ સ્કિલની વાત કરીએ તો આ ક્ષેત્ર માટે બેસિક મેડિકલ નોલેજ અને ઇન્ફેક્શન કંટ્રોલ સ્કિલ જરૂરી છે. આ ક્ષેત્રના પ્રોફેશનલ્સ માટે મશીન હેન્ડલિંગ, ડેટા એન્ટ્રી અને ઇ-હેલ્થ રેકોર્ડમાં નિપુણતા પણ જરૂરી છે. કોમ્યુનિકેશન, પેશન્ટ હેન્ડલિંગ, ટીમવર્ક અને શિફ્ટમાં કામ કરવાની ક્ષમતા તથા પ્રોફેશન એથિક્સ પણ આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માગતા ઇચ્છુકો માટે જરૂરી કુશળતા છે.

### ક્યાં નોકરી મળશે

સરકારી અને ખાનગી હોસ્પિટલો, ડાયગ્નોસ્ટિક લેબ, ઇમેઝિંગ સેન્ટર, ડે-કેર અને રિહેબ સેન્ટર જેવા નર્સિંગ હોમ અને હેલ્થ હોમ કેરની એજન્સીઓમાં આ પ્રકારના વ્યાવસાયિકો માટે હંમેશાં તકો રહે છે. પ્રારંભિક પેકેજ અને આવકનું માળખું આ પ્રકારનું છે.

- ડિપ્લોમા લેબલ સપોર્ટ સ્ટાફને વાર્ષિક ૨ થી ૩.૫ લાખ રૂપિયાનું પેકેજ મળી રહે છે.
- જ્યારે સ્પેશિયલાઇઝ્ડ ટેક્નિશિયનને વાર્ષિક ૩ થી ૫ લાખ રૂપિયાનું પેકેજ મળી રહે છે અને હોસ્પિટલ એડમિન સપોર્ટ સ્ટાફને શરૂઆતના તબક્કામાં ૩ થી ૪.૫ લાખ રૂપિયાનું વાર્ષિક પેકેજ મળી રહે છે.
- મોટા શહેરોમાં નાઇટ શિફ્ટ અને સ્પેશિયલ સ્કીલ જેવા એમઆરઆઇ, સિટી સ્કેન, એમઆઇસીયૂ, સપોર્ટ પર પેકેજ વધુ મળે છે.

### ભવિષ્યની સંભાવના

સ્પેશિયલાઇઝેશન અને એડવાન્સ સર્ટિફિકેટથી પગાર અને જવાબદારી બંને વધે છે. જ્યારે સુપરવાઇઝર કે લીડ રોલ અનુભવી સ્ટાફ સાથે ટીમ લીડ અથવા શિફ્ટ ઇન્ચાર્જના રૂપમાં આ વ્યાવસાયિકો માટે નોકરીના દરવાજા ખોલે છે. આ રીતે હોસ્પિટલ ઓપરેશન, ક્વોલિટી ઇન્શ્યોરન્સની એડમિન અને મેનેજમેન્ટમાં પ્રગતિની નોંધપાત્ર સંભાવના રહે છે. આ વ્યાવસાયિક પાસે વિદેશમાં, ખાસ કરીને ખાડીના દેશો અને એશિયા પેસિફિકના ક્ષેત્રમાં ખૂબ જ સારી તકો ઉપલબ્ધ છે. આ વ્યવસાયમાં નિપુણતા મેળવ્યા પછી સ્વરોજગારી પણ સરળતાથી કરી શકાય છે. ખાસ કરીને ડાયગ્નોસ્ટિક કલેક્શન અને સેન્ટર હોમ સર્વિસ વગેરેના ક્ષેત્રમાં.

### યોગ્ય કારકિર્દી

જે લોકો સ્થિર નોકરી કરવા માગે છે અને સમાજમાં પોતાના માટે કાયમી અને ઉપયોગી ભૂમિકા ઇચ્છે છે તેમના માટે આ કારકિર્દી ખૂબ જ યોગ્ય છે. જેઓમાં દર્દીઓ સાથે કામ કરવાની ધીરજ અને સંવેદનશીલતા છે, જે લાંબા અભ્યાસ વિના કૌશલ્ય આધારિત કારકિર્દી ઇચ્છે છે, તે બધા માટે વર્ષ ૨૦૨૬માં હેલ્થ સપોર્ટ પ્રોફેશન ઓછા જોખમ અને કાયમી માગ સાથે એક પ્રતિષ્ઠિત કારકિર્દી છે. ■




# થોડું જાણો...થોડું જતું કરો

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

ધનસુખલાલને આજે દુકાનેથી આવતા થોડું મોડું થયું. જમનાબહેન રાહ જોઈને જ બેઠાં હતાં, ધનસુખલાલ આવે

એટલી વાર. એટલામાં ધનસુખલાલ આવ્યાં ને જમનાબહેને એમનો ઉધડો લેવાનું શરૂ કર્યું, આજકાલ રોજ મોડા

આવો છો, મારે ક્યાં સુધી રસોડુ પકડી રાખવાનું, મારા સમયની તો કંઈ કિંમત જ નથી તમને, તમને બસ રસ્તામાં ચાર ભાઈબંધો મળી જાય એટલે જમનાને ભૂલી જવાની આટઆટલું સહન કરું છું પણ તમને એમ ના થાય કે મોડું થવાનું છે તો ઘેર પહેલેથી જાણ કરી દઉં

બિચારા ધનસુખલાલને સફાઈનો એક મોકો પણ ના મળ્યો.

જમનાબહેનને વાંધો ધનસુખલાલ મોડા આવ્યાનો નહોતો પણ એમને જાણ ના કર્યાનો હતો એ સ્પષ્ટ હતું.

બીજી બાજુ ચિંતને નવા ધંધાનાં બિઝનેસ કાર્ડ છપાવ્યા. હોંશે હોંશે ચિંતન એના પપ્પા રાજેશભાઈને આ કાર્ડ્સ બતાવ્યા. રાજેશભાઈનો પિત્તો ગયો. બિઝનેસ અને એનાં કાર્ડ તો બાજુ પર, પણ રાજેશભાઈએ ચિંતનને ખખડાવવાનું શરૂ કર્યું :

હા તમારા પપ્પાએ તો પૈસાનું ઝાડ વાવ્યું છે ને કે આ ખર્ચો કરીને આવ્યા, કોને વહેંચવાના છે આટલા બધા કાર્ડ. અને એમાં રંગએ પાછો કાળો પસંદ કર્યો. કોને લઈ ગયો'તો સાથે? આ બધા ખર્ચા કરતા પહેલાં મને પૂછવું'તું તો ખરું! પણ ના ભાઈ મોટા થયા છે એટલે હવે મા- બાપની સલાહ લેવાનું બંધ કરી દીધું છે. બોલ, કોના ચડાયે ચડી ગયો છે તું કે મા- બાપને આટલું પૂછતાંય હવે શરમ આવે છે તને?!

પિતાના આવા અણધાર્યા આક્રોશથી ચિંતન બઘવાઈ ગયો. એ કંઈ ના બોલી શક્યો. પણ પિતાનાં આ વલણથી નિરાશ થઈ ત્યાંથી જતો રહ્યો. અહીં પણ રાજેશભાઈનો ગુસ્સો કાર્ડ છપાવ્યા સામે તો નહોતો, પરંતુ એમને પૂછ્યું નહીં એની સામે હતો.

ત્રીજા દાખલામાં હરીશભાઈએ લગ્ન માટે દીકરીને એણે પસંદ કરેલા છોકરાની ના પાડતાં દીકરીએ ભાગીને લગ્ન કરી લીધાં. છોકરો ખૂબ સારો, મહેનતુ અને દીકરીને સાચવે એવો હતો તેમ છતાં હરીશભાઈએ કેટલાંય વર્ષો જમાઈને ના સ્વીકાર્યો. પિતા તરીકે પ્રેમ, હક અને ચિંતાની સાથે ક્યાંક અહંકાર પણ ઘવાયો હતો 'કેમ મારી દીકરી મારી ઈચ્છા વિરુદ્ધ કંઈ કરે?!' આમ અહીંયા વિરોધ વિશ્વાસ અને અહંકાર ઘવાયાનો હતો.

માણસનું મન, સ્વભાવ, માનસિકતા કળવા એ અભ્યાસનો વિષય છે, પણ એનાં પાયામાં સામેવાળી વ્યક્તિને કેન્દ્રમાં રાખીએ તો કામ સરળ બને. જ્યાં વર્તુળનું કેન્દ્ર આપણે પોતે હોઈએ ત્યાં અન્ય કોઈને સાચી રીતે સમજવું કે સ્વીકારવું અઘરું બને છે. ઉપરોક્ત ત્રણેય ઉદાહરણમાં અસંતોષ અને પોતાનું ધાર્યું ના થવુંની ભાવના છતી થાય છે. અમુક લોકોનો 'મને બધી જાણ કરવાની, મને પૂછીને જ કંઈ કરવાનું, મારી પરવાનગી વિના કંઈ નહીં કરવાનું, મારી સલાહ લેવાની, તમારી દુનિયા પણ હું કહું એમ ચાલવી જોઈએ, મારો અનુભવ, મારી શ્રેષ્ઠતા, મારી સમજણ, મારા ઉપાયો' વગેરે, વગેરેનો દુરાગ્રહ હોય છે. જો કોઈ એમને પૂછે નહીં, સલાહ ના લે, એમની જાણ બહાર કે ઈચ્છા વિરુદ્ધ કંઈ કરે તો એ સામેવાળી વ્યક્તિનું અપમાન કરતાં ખચકાતાં નથી.

આ પ્રકારની માનસિકતા ધરાવતા લોકોની દુનિયાનું કેન્દ્રબિંદુ એ પોતે અથવા તો એમનો અહંકાર હોય છે એમ કહી

શકાય. કોઈવાર એમના આવા સ્વભાવને એ પોતે પણ નથી સમજી શકતાં અને માટે અન્ય લોકો સાથેનું એમનું વર્તન

વર્ચસ્વવાળું લાગે છે. તે હંમેશાં પોતાને પાવરફૂલ પોઝિશનમાં જુએ છે અને એમ માને પણ છે કે આસપાસનાં સહુએ એમના કહ્યામાં રહેવાનું. સ્વાભાવિક છે કે આવા લોકોને પોતાની પોઝિશન ગમે, પરંતુ જેમની પર એ લોકો પોતાનાં નિર્ણયો કે સલાહ સૂચનો થોપી બેસાડે છે એમનો અલગ દૃષ્ટિકોણ હોય જે જાણવો જરૂરી છે. એ સમજવું પણ જરૂરી છે કે જે લોકોને પોતાનો અહં સંતોષવા વાપરે છે એ પણ પોતાની રીતે વિચારીને નિર્ણય લઈ શકે છે.

ઘરની કે સમાજની બધી જ વાત જાણવાની અને જાણીને એમાં પોતાની સલાહો ઉમેરવાની જરૂર નથી હોતી. સાચા સુખ અને શાંતિ થોડું ના જાણવામાં, થોડું જતું કરવામાં અને થોડું લોકોને પોતાનું કામ પોતાની રીતે કરવાની સ્વતંત્રતા આપવામાં છે. આમ કરવાથી કોઈનાં મન પર કોઈ બોજ નથી રહેતો, સંબંધોમાં તણાવ ઓછો થાય છે અને સાથે એકબીજામાં વિશ્વાસ રોપાય છે કે જે બંને પક્ષનાં માનસિક સ્વાસ્થ્ય માટે સારું છે.

આ વિશે બોલો, તમે શું કહો છો? ■

## અભિનંદન ગુજરાતઃ

# 'છારીઢંઢ-કન્ઝર્વેશન રિઝર્વ' ગુજરાતની પાંચમી રામસર સાઈટ

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

પંખીઓ સૃષ્ટિનાં આરંભથી જ આ ધરાને 'વસુધૈવ કુટુંમ્બકમ'ની ભાવનાથી જોતા આવ્યા છે અને એ ક્રમ આજ દિન સુધી ચાલતો આવ્યો છે. યુરોપિયન દેશોમાંથી ભારત આવતા વિવિધ પક્ષીઓની મુસાફરીનું વિજ્ઞાન અચરજ પમાડે તેવું હોય છે. આ સૃષ્ટિના સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતાં આવ્યાં છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીના એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પતઝડની મોસમ બેસતાં જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાના જીવનના અસ્તિત્વને ટકાવી રાખવું. જીવનનાં દરેક પાસાઓનો ખૂબ જ ઓછા સમયમાં અનુભવ કેળવીને કોઈ પણ જાતના સ્વાર્થ વિના બધી જ હકારાત્મક અને નકારાત્મક શક્યતાઓને તેઓ પોતાની આગલી પેઢીને શીખવે છે. આ જ પક્ષીઓ સરળ અને સફળ લાંબી એટલે કે હજારો માઈલની મુસાફરી માટેની વ્યૂહરચનાને દરેક સાથીદારોના મગજમાં ઠસ્સાવી દે છે અને સઘળાં પક્ષીઓ એક સાથે મુસાફરી આદરે છે. મારા પપ્પા ખેતરમાં ઊંચે નજર માંડીને કહેતા કુંજડાં આવવાનાં શરૂ થઇ ગયાં એટલે હવે શિયાળો બેઠો સમજો. આ કુંજ ગજ્જબના મુસાફર જીવડાં હો ભાઈ. શિયાળાનું પાકું એંધાણ જ આ પક્ષીઓ આપે. આપણા પ્રદેશમાં શિયાળુ મોંઘેરા મહેમાન કુંજનાં આગમનની શરૂઆત થઇ ચૂકી છે. સદીઓથી પક્ષીઓ આ સૃષ્ટિ પર રાજ કરતા આવ્યા છે. પક્ષીઓનાં માઈગ્રેશન રૂટ સેન્ટ્રલ એશિયન ફલાયવેનો મહત્ત્વનો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે એટલે હવે અવનવા પક્ષીઓ મુસાફર બનીને ગુજરાત આવે છે. પંખીઓનાં આવા વિશ્વને શ્રી ધ્રુવ ભટ્ટે અદ્ભુત શબ્દો આપ્યા છે.

*પાંખમાં ભરીને ચલો આખું આકાશ કોઈ તગતગતા સરોવરમાં ઢોળીએ*
*ભાંગતા કિનારાનું ભાંગે એકાંત એવી કલબલતી કોઈ વાત બોલીએ*
*માળાનો હોય નહીં આપણને સાદ સાવ ટૂંકા રોકાણ છીએ આપણે*
*યાયાવર ગાન છીએ આપણે...*

-ધ્રુવ ભટ્ટ





શિયાળો બેસે કે ગુજરાત અને રાજસ્થાનના રણ વિસ્તાર, ઘાસિયાં મેદાનો અને સરોવરોની આસપાસનાં ખેતરોમાં કુંજનો કલરવ ગુંજવા માંડે. વહેલી સવારે ઊંચે આકાશમાં નજર માંડો કે એકમેકની પાછળ શિસ્તબદ્ધ શેપમાં ઉડાન ભરતા નજરે ચઢે. દેખાવે આકર્ષક લાગતા કુંજ મોટા ભાગનો સમય ખોરાક શોધવામાં જ વિતાવતા હોય છે. પોતાની લાંબી અને મજબૂત ચાંચનો ઉપયોગ કરીને જમીનમાં ઉગેલા ઝાંખરાઓનાં મૂળ ખોદીને તેઓ ખાતા હોય છે. આ સિવાય ખેતરમાં જમીનમાં રહી ગયેલાં મૂળિયાઓમાંથી અને રણ વિસ્તારનાં ઝાંખરાંઓમાંથી તેઓ ખોરાક મેળવતા હોય છે. તેઓનું દિશા જ્ઞાન અચરજ પમાડે તેવું છે. જે રૂટનો ઉપયોગ કર્યો હશે એ જ રસ્તેથી તેઓ પરત ફરે છે અને એ જ પ્રક્રિયા વર્ષોવર્ષ સુધી ચાલ્યા જ કરે છે. તેઓ નવી પેઢીનાં પક્ષીઓને રસ્તા અને રસ્તા પર આવતા સંકટ વિષે માહિતગાર કરતા હશે. મોટાભાગે તેઓ ૨૫૦૦ મીટર કરતા વધારે ઊંચાઈ વાળા વિસ્તારો પરથી ઉડવાની પ્રક્રિયાને ટાળતા હોય છે જેથી યોગ્યતા માત્રામાં હવાની મદદ મળી રહે અને શક્ય એટલા ઓછા સમયમાં યોગ્ય સ્થળે વિરામ માટે ઉતરાણ પણ કરી શકાય. યુરોપિયન દેશોમાં વધુ માત્રામાં જોવા મળતું આ પક્ષી ભારતમાં રાજસ્થાન અને ગુજરાતને પોતાનું શિયાળુ આવાસ બનાવે છે. કચ્છનાં મોકળા બન્નીનાં ઘાસિયાં મેદાનો તેઓ માટે સ્વર્ગ છે. નળ સરોવર આસપાસનાં ખેતરોમાં, કાઠિયાવાડનાં ભાલ વિસ્તારના મગફળીનાં ખેતરોમાં, કચ્છનાં નાના રણનાં ખુલ્લાં મેદાનોમાં આ પક્ષીઓ ખૂબ જ મોટા સમૂહમાં ઊતરે છે. આ પક્ષીઓની ઉડાનને જોઈને જાણે પળવાર માટે જગ વિસરી જવાય એવો એનો નાદ હોય છે અને અનન્ય પ્રકારની ઉડાન જોવા મળે છે.

અસંખ્ય પક્ષીઓ એક સાથે ઝડપથી ઉડતા હોવા છતાં એકમેક સાથે એવો તાલમેળ જાળવે છે. તેઓ એકબીજાને મદદ કરીને સુરક્ષિત રીતે હજારો કિમી જેટલી મુસાફરી દિવસ દરમ્યાન સતત ઉડાન ભરીને પાર પાડે છે અને રાત થતા જ સુરક્ષિત વિસ્તાર પસંદ કરીને આરામ કરે છે અને દિવસની શરૂઆત થતા જ ફરી ઉડાન શરૂ કરે છે. પરત ફરતી વખતે ગુજરાતથી નીકળીને પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને છેલ્લે કઝાકિસ્તાન પહોંચે છે અને ફરી પાછા ગુજરાતનાં નળ સરોવર સુધી પરત ફરે છે. કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે. અફઘાનિસ્તાન વિસ્તાર પર પસાર થતી વખતે તેઓ ખાસ સાવચેતી રાખીને ઓછામાં ઓછો વિશ્રામ કરીને પસાર થાય છે.



નખત્રાણા તાલુકામાં ફુલાય ગામ પાસે આવેલ અલિપ્ત વિશ્વમાં એક સમયે વિશ્વ વિખ્યાત પક્ષી વિદ ડો. સલીમ અલીએ અસંખ્ય પ્રજાતિઓની ઓળખ કરી હતી. કચ્છનાં છારી ઢંઢનાં વિશાળ મેદાનો પંખીઓ માટે સ્વર્ગ સમાન છે. આ અદ્ભુત સ્થળ સદીઓથી પ્રકૃતિનો વારસો સાચવીને બેઠું છે. આજે આપણે ગૌરવ સાથે કહી શકીએ, છારીઢંઢની રામસરમાં સમાવેશ થયો એ પ્રકૃતિનાં જ આશીર્વાદ અને રાજ્ય સરકારના સંરક્ષણની દિશામાં કરવામાં આવતા અવિરત પ્રયત્નો જ છે. ૩૦૦ થી વધુ પ્રજાતિનાં પક્ષીઓ અહીં મહેમાન બનીને પોતાનાં જીવનનું અસ્તિત્વ ટકાવી રાખે છે. ઢંઢ એટલે રકાબી, ભૌગોલિક રીતે રકાબી જેવો આકાર ધરાવતા આ વિસ્તારમાં આશરે ૪૦ જેટલી ઘાસની પ્રજાતિઓનું વૈવિધ્ય જોવા મળે છે. રકાબી જેવો આકાર ધરાવતા વિસ્તારમાં ચોમાસા દરમ્યાન અઢળક પાણીનો ભરાવો થાય છે અને અહીં એક વિશાળ પ્રાકૃતિક સરોવરનું નિર્માણ થાય છે, જેના કારણે અહીં વિવિધ વનસ્પતિ અને પ્રાણીજાતિઓ માટે અનુકૂળ પરિસ્થિતિતંત્ર વિકસે છે. હજારો પ્રવાસી અને સ્થાયી પક્ષીઓની હાજરીને કારણે આ સ્થળ પક્ષી નિરીક્ષણ અને વન્યજીવ ફોટોગ્રાફી માટે અત્યંત લોકપ્રિય છે. છીછરા મીઠાં અને ખારા પાણીના સરોવરમાં કેટલુંયે જૈવિક વૈવિધ્ય ધરાવતી શેવાળ અસંખ્ય પંખીઓને ખોરાક પૂરો પાડે છે. આ જ પંખીઓ બીજા શિકારી પક્ષીઓને અહીં આકર્ષે છે.

સામાન્ય રીતે માઈગ્રેશન શિયાળાની શરૂઆતમાં થતું હોય છે પણ અહીં તો ચોમાસા બાદ તરત જ ઓગસ્ટ મહિનામાં જ પેસેજ માઈગ્રેશન શરૂ થઈ જાય છે. યુરોપિયન પ્રદેશો, સાઈબિરીયા, રશિયા જેવા ઠંડા પ્રદેશોમાંથી પંખીઓ ધરતીનાં એક ગોળાર્ધમાંથી બીજા ગોળાર્ધ તરફ મુસાફરી આદરે છે, વચ્ચે એકાદ પખવાડિયું આરામ કરવા માટે કોઈ સુરક્ષિત સ્થળે ઉતરાણ કરે છે જ્યાં યોગ્ય માત્રામાં પાણી અને ખોરાક મળી રહે જેથી તેઓ આગળનો પ્રવાસ સરળતાથી ખેડી શકે. આ પ્રકારનાં ટૂંકા રોકાણને 'પેસેજ માઈગ્રેશન' તરીકે ઓળખવામાં આવે છે. યુરોપિયન નાઇટજાર, રૂફસ સ્ક્રબ્ડ રોબિન, રેડ ટેઇલ્ડ શ્રાઇક, ટ્રમ્પેટર ફિંચ જેવા અસંખ્ય પંખીઓ અહીં પેસેજ માઈગ્રેશન દરમિયાન આવે છે. ત્યાર બાદ શિયાળો બેસતા જ કુંજ, હંજ, ગુલાબી પેણ, રાજહંસ, ગાજહંસ, લટોરો, મસ્કતી લટોરો જેવાં કેટલાંયે પક્ષીઓ યાયાવર ગાન ગાતા ગાતા અહીંના વિશ્વને રંગબેરંગી અને મધુર લયબદ્ધ કરી મૂકે છે. છારી ઢાંઢને વર્ષ ૨૦૦૮થી સંરક્ષણ આરક્ષિત વિસ્તાર (Conservation Reserve) તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને રામસર દરજ્જો મળવાથી કાયદાકીય તથા પર્યાવરણીય સુરક્ષા વધુ મજબૂત બનવાની શક્યતા છે.

રામસાર સાઇટ એવી જળભૂમિને કહેવાય છે જેને રામસર કન્વેન્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી માનવામાં આવે છે. આ સંધિ વિશ્વના અનેક દેશો દ્વારા જળ ભૂમિના સંરક્ષણ અને એની પ્રાકૃતિક જાળવણી માટે કરવામાં આવે છે. રામસર માન્યતા મળવાથી આ સ્થળને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે છે, સંરક્ષણ માટેના આર્થિક ભંડોળની શક્યતાઓ વધે છે તેમજ જૈવિક અને વૈજ્ઞાનિક સંશોધન માટેની નવી તકો અવસરો સર્જાય છે, જે લાંબા ગાળે પર્યાવરણીય વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવે છે. આશા રાખીએ કે પર્યાવરણ સંરક્ષણ અને પર્યટન વિકાસ વચ્ચે સંતુલન સાધતા, ભવિષ્યમાં છારી ઢાંઢ એક સમૃદ્ધ અને જીવંત કુદરતી આવાસ તરીકે વિકસશે.

# સોડા કે કોલ્ડ ડ્રિંક્સ પીવામાં ભલે લાગે સારા, પરંતુ ...

ફોકસ
રાજકુમાર 'દિનકર'
feedback@
bombaysamachar.com

શું તમને પણ થોડી તરસ લાગતાં પાણીને બદલે સોફ્ટ ડ્રિંક પીવી વધારે ગમે છે? શું લગ્ન-પ્રસંગો કે પાર્ટીઓમાં ઘણી વાર ભારે ભોજન કર્યા પછી તેને પચાવવા માટે તમને એ પણ યાદ નથી રહેતું કે તમે કેટલા ગ્લાસ સોફ્ટ ડ્રિંક પી લીધી? જો એવું છે, તો મોટાપો, બેડોળ ફિગર, મૂડ સ્વિંગ્સ અને સતત શરીરમાં લાગતા થાક માટે તમારે શારીરિક અને માનસિક રીતે તૈયાર રહેવું પડશે. આજે બાળકોમાં જ નહીં, યુવાનોમાં પણ કોલ્ડ ડ્રિંક્સનો શોખ ખૂબ વધી ગયો છે. કોલ્ડ ડ્રિંક્સ પ્રત્યે વધતી પસંદગીના કારણે બજારમાં અનેક ફ્લેવર્સમાં કોલ્ડ ડ્રિંક્સ ઉપલબ્ધ છે. અમેરિકામાં તાજેતરમાં થયેલા એક અભ્યાસમાં ખુલાસો થયો કે કોલ્ડ ડ્રિંક્સના વેચાણે હેલ્થ સ્પોર્ટ્સ ડ્રિંક્સના વેચાણને પણ પાછળ છોડી દીધું છે. આ એક એવી આદત છે, જે થોડા શોખથી શરૂ થાય છે અને ધીમે ધીમે આદત બની જાય છે. તેને પીવાથી શરીરને કોઈ ફાયદો તો નથી થતો, પરંતુ કેલરી અને ખાંડથી ભરપૂર હોવાના કારણે તેના નુકસાનની યાદી ઘણી લાંબી છે.

### કોલ્ડ ડ્રિંકમાં શું હોય છે?

ફિઝી સોફ્ટ ડ્રિંક તરીકે ઓળખાતી કોલ્ડ ડ્રિંક્સમાં કેફીન, એસિડ, ખાંડ, સિટ્રિક એસિડ, ફોસ્ફોરિક એસિડ, કૃત્રિમ રંગ, કૃત્રિમ સ્વાદ અને કાર્બોનેટેડ પાણી હોય છે, જેના કારણે તેમાં બબલ્સ બને છે.

### કોલ્ડ ડ્રિંક અને પાચન ક્રિયા

જો તમે ક્યારેક-ક્યારેક તેને લો તો કોઈ વાંધો નથી. પરંતુ જો તમે રોજ તેને પીધા વગર રહી ન શકો, તો છાતીમાં બળતરા, પેટમાં દુખાવો, કબજિયાત જેવી સમસ્યાઓ થઈ શકે છે. ૬૦૦ મિલીલિટર કોલ્ડ ડ્રિંકની એક બોટલમાં લગભગ ૨૨૬ કેલરી હોય છે. જે લોકો રોજ તેનું સેવન કરે છે, જો કેલરીની ગણતરી કરવામાં આવે તો વર્ષમાં આશરે ૧૨ કિલો વજન વધી શકે છે. તેના કારણે પેટ પણ વધી જાય છે.

કોલ્ડ ડ્રિંક્સમાં આર્ટિફિશિયલ હાઈ ફ્રુક્ટોઝ કોર્ન સીરપનો ઉપયોગ થાય છે, જેના કારણે પેટ સતત ભરેલું લાગે છે અને તેને પીધા પછી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. ફિઝી હોવાના કારણે તેમાંના બબલ્સથી પેટમાં ગેસની અનુભૂતિ થાય છે, જેના કારણે પાચન ક્રિયા ધીમી પડી જાય છે.

### આંતરડામાં સોજો

કાર્બોનેટેડ કોલ્ડ ડ્રિંક્સમાં જોવા મળતાં તત્ત્વો આપણા આંતરડાના લેયર પર ખરાબ અસર કરે છે. તેમાં રહેલા કૃત્રિમ સ્વીટનર આપણા આંતરડાના સારા બેક્ટેરિયાને નુકસાન પહોંચાડે છે. વિવિધ અભ્યાસો આ વાતની પુષ્ટિ કરે છે કે મહિલાઓમાં ટાઈપ-ટુ ડાયાબિટીસ અને મોટાપાનું એક મોટું કારણ વધુ કોલ્ડ ડ્રિંકનું સેવન છે.

### પ્રેગ્નન્સી

પ્રેગ્નન્સી દરમિયાન વધુ કોલ્ડ ડ્રિંક્સ માતા અને બાળક બંનેના આરોગ્ય પર ખરાબ અસર કરે છે. આ સમયગાળામાં થતી ડાયાબિટીસને જેસ્ટેશનલ ડાયાબિટીસ કહેવામાં આવે છે, જે માતા અને બાળક બંનેના સ્વાસ્થ્યને અસર કરે છે. કોલ્ડ ડ્રિંક્સમાં કોઈ વિટામિન કે મિનરલ નથી હોતાં. તે પીવાથી માતાનું પેટ તો ભરાઇ છે, પરંતુ ગર્ભમાં રહેલા બાળકને કોઈ ફાયદો થતો નથી. કોલામાં રહેલું કેફીન ગર્ભમાં બાળકના વિકાસને ધીમો કરી તેને નુકસાન પહોંચાડે છે.

### ટીનએજર યુવતીઓને થતું નુકસાન

યુવાનોમાં વધતા સોડા કે કોલ્ડ ડ્રિંક્સના સેવનની ખરાબ અસર ટીનએજર યુવતીઓ પર પણ પડે છે. આ ઉંમરે કોલ્ડ ડ્રિંક સાથેની મિત્રતા આગળ જઈને હાડકાંને નબળા કરે છે. કોલ્ડ ડ્રિંક્સમાં રહેલાં તત્ત્વો શરીરમાં કેલ્શિયમ શોષાતું અટકાવે છે. સોડા આધારિત પીણાં કેલ્શિયમ સપ્લિમેન્ટ્સ પર ખરાબ અસર કરે છે, જેના કારણે શરીરને તેનો પૂરો ફાયદો મળી શકતો નથી. પરિણામે હાડકાં નબળાં થઈ જાય છે અને વારંવાર ફ્રેક્ચર થાય છે. રોજ સોડાયુક્ત ડ્રિંક્સ પીવાથી સૌથી વધુ અસર દાંત પર પડે છે. તે દાંતના ઇનેમલને ઓગાળી દે છે, જેનાથી દાંત નબળા પડીને સડવા લાગે છે. યુનિવર્સિટી ઓફ મિશિગન દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, જે લોકો દરરોજ એક કે એકથી વધુ કોલ્ડ ડ્રિંક્સ પીવે છે, તેમના દાંત અન્ય લોકોની સરખામણીમાં ૬૨ ટકા વધુ ખરાબ થાય છે.



### સોડાની આદત છોડો

જો તમને કોઈ કોલ્ડ ડ્રિંક ઓફર કરે તો તે પીવાનું ટાળો. જો પીવું જ હોય તો અઠવાડિયામાં ફક્ત એક જ વાર પીઓ. તેને ભોજન સાથે ન લેતા અન્ય કોઈ સમયે લો. ઠંડા પાણીમાં કાકડી, પાઈનેપલ, સફરજનની સ્લાઈસ અથવા અન્ય કોઈ પણ વસ્તુ નાખીને પીઓ. કોલ્ડ ડ્રિંકને બદલે મેંગો શેક, મિલ્ક શેક, બનાના શેક, તરબૂચ, ટેટી, કીવી, મોસંબી, સંતરા, નાળિયેર, લીંબુ, ફુદીનો, જલજીરા જેવા પીણાં લો, જેમાં ખાંડને બદલે થોડો ગોળ ઉમેરી શકાય છે. આનાથી તમારું પેટ પણ ભરેલું રહેશે. ઉનાળામાં મળતાં ફળોના જ્યુસ, આનો સારો વિકલ્પ છે. જો બાળકોને આપવું જ હોય તો તેને ઓછામાં ઓછી માત્રા આપો. ■

હાસ્ય વિનોદ

# ટીવીમાંથી ભૂત નીકળે ખરું?




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

લેખકોને કેટલાક લોકો જિજ્ઞાસાથી પૂછતા હોય છે કે તમને દાળ ભાવે કે કઢી? રસગુલ્લા વધુ પ્રિય કે ગુલાબજાંબુ? લાલ બૂટ પહેરવા ગમે કે કાળા? ગાયનું દૂધ વધારે માફક આવે કે ભેંસનું? તમે ભૂત-પ્રેતમાં માનો છો? એક સામયિક દ્વારા અમને આ છેલ્લો સવાલ પૂછવામાં આવ્યો ત્યારે અમે એક ગંભીર માંદગીને લીધે હૉસ્પિટલમાં પહોંચી ગયા હતા ને ભૂત (કાળ) થવાની તૈયારીમાં જ હતા.

ભૂત માટે કોઈકે કહ્યું છે કે સાચો પ્રેમ એ ભૂત જેવો છે. દરેક જણ એના વિશે વાતો કરતાં હોય છે પણ એને જોનારા બહુ ઓછા હોય છે. ઈશ્વરથી નહીં ડરનારા ઘણા માણસો ભૂતથી ડરતા હોય છે કેમકે ઈશ્વર કોઈને વળગતો નથી.

અને અમારી વાત કરીએ તો ભૂતથી અમે ડરતા નથી. ભૂત અમારાથી ગભરાય છે કે નહીં તેની અમને ખબર નથી પણ ભૂત-પ્રેતની વાતો સાંભળવી કે વાંચવી (અલબત્ત, દિવસના ભાગમાં) અમને ગમે છે... થોડા સમય પહેલાં જ ભૂત-પ્રેતના થયેલ અનુભવો વિશેનો મુંબઈના એક પરિવારનો કિસ્સો વાંચવા મળ્યો. ટીવીમાંથી ભૂત નીકળે એ વાત જ આમ તો રોમાંચક છે. આપણા દૂરદર્શન પર ઘણી વાર પ્રધાનો દેખા દેતા હોય છે. ટીવીમાંથી તે બહાર પણ આવતા હોય છે, પરંતુ ભૂત આ રીતે ટીવીમાંથી બહાર આવી કોઈના ઘરમાં ઘૂસી જાય એ ઘટના કોઈ રૅશનાલિસ્ટના ગળે નહીં ઊતરે... ઝી ટીવીના હૉરર શોમાંથી નીકળીને કેટલાંક ભૂતો મુંબઈના પરાં વિસ્તાર ગોવંડીમાંના એક ઘરમાં વગર પાઘડીએ ઘૂસી ગયા ને એ પરિવારની ૬૦ વર્ષની વૃદ્ધા, બે દીકરા અને બે પુત્રવધૂઓનાં નાકે દમ લાવી દીધો. કોઈ માણસ ગમે તેના ઘરમાં ઘૂસી જાય તો તેને ગેરકાયદે પ્રવેશનો ગુનો ગણી કાયદો એ ઘર-માલિકના હક્કનું રક્ષણ કરે છે, પણ ભૂત બાબતે કાયદો આવું રક્ષણ આપી શકતો નથી. હા, ભૂતકાળમાં એટલે કે સત્તરમી સદીના એક ન્યાયાધીશે, કોર્ટમાં ધોળા દિવસે હાજર થઈ એક પ્રેતે આપેલી જુબાની માન્ય રાખી હતી, પણ એ વાત અહીં કરવા જેવી નથી.

અહીં જેની વાત કરી એ કુટુંબના સભ્યોને ટીવી પર ઝી હૉરર શો જોવાની લત પડી ગઈ હતી. એક પણ હપ્તો તે ચૂકતા નહીં. અને ભૂતો પણ તેમને ટીવીના માધ્યમથી કાયમ જોતાં હોવાથી આ બધાં સાથે રહેવાની તેમની ઈચ્છા થઈ ગઈ હોય પણ તે આ ઘરમાં આવીને ભૂતની જેમ જ વર્તવા માંડ્યાં ને તેમની હરકતોથી તંગ આવીને એ લોકો પોતાનું ઘર છોડીને બીજે રહેવા ચાલ્યાં ગયાં.

એક રવિવારે ઝી હૉરર શો જોયા બાદ મોડી રાતે વૃદ્ધા સૂઈ ગયાં તો ઊંઘમાં તેમને લાગ્યું કે કોઈ તેમને પથારીમાંથી ધક્કા મારીને બહાર હડસેલી રહ્યું છે, પણ કોઈ શરીર દેખાયું નહીં... અરે એક રાતે આ માજીને મોટા માથાવાળો એક રાક્ષસ દેખાયો. તેમને પૂછવામાં આવ્યું કે દેખાવમાં એ રાક્ષસ કેવો હતો? પેલી ટીવી કંપનીની જાહેરખબરમાં આવે છે એવો ? માજીએ કહ્યું કે ના, આ તો પહેલી વાર જ તેમના ઘરમાં આવ્યો હતો. માથું તડબૂચ જેટલું મોટું હતું ને દાંતની જગ્યાએ ડંખ હતા, પણ તેણે માત્ર દર્શન આપીને માજીને બિવડાવ્યાં. કદાચ આટલું જ કામ તેને સોંપાયું હશે!

આ ભૂતોએ કામની વહેંચણી કરી લીધી હોય તેમ તે જુદી જુદી વ્યક્તિઓને અલગ અલગ પરચો આપતાં. વૃદ્ધાના દીકરાને મા કરતાં જરા જુદો અનુભવ થયો. મોડી રાતે કોઈ તેની છાતી પર ચડી બેઠું. આથી તેનો શ્વાસ રૂંધવા લાગ્યો. તેને થયું કે કોઈ ચોર-બદમાશ તિજોરી-કબાટની ચાવી મેળવવા માટે તેને આ રીતે ડરાવતો હશે, પણ કોઈ માણસ નજરે પડતો નહોતો... જ્યારે બન્ને પુત્રવધૂઓએ એકસાથે ફરિયાદ કરી કે મોડી રાતે કોઈ જાણે અમારી ગળચી પકડતું હતું. પહેલાં તો અમને એમ થયું કે કદાચ સાસુ હશે, પણ એ સાસુ નહોતાં. (સાસુ હોત તો ગળચી જરા વધારે સખતાઈથી પકડત!) ગરદન પકડીને એમને બેઠાં કરી દેવામાં આવતાં... અને આ બધાંને ઘરમાં કોઈનાં ભારે પગલાં અવારનવાર સંભળાયા કરતાં.

પરંતુ તેમના પાડોશીઓ ઈર્ષાથી કે પછી ગમે તે ભાવથી કહે છે કે ભૂત હોય તો અમારા ઘેર ન આવે? એ લોકો તો હપ્તેથી ટીવી લાવ્યા છે, જ્યારે અમે તો ઍટ એ સ્ટ્રોક પેન્ટ કરીને એમનાથીય મોંઘું ટીવી ખરીદ્યું છે. અમે આખો દિવસ ટીવી ચલાવીએ છીએ ને મોડી રાત સુધી બારણાંય ખુલ્લાં રાખીએ છીએ. આ બધાં એકસાથે પાગલ થઈ ગયાં હોય એવું લાગે છે.

એક મનોવિજ્ઞાનિકની સલાહ માગી તો તેણે આ પરિવારના સભ્યોને જણાવ્યું કે તમારે ભૂતોને તમારા ઘરમાંથી હાંકી કાઢવાં હોય તો તમારો ટીવી કાઢી નાખો, પણ આ લોકોને તો ટીવી પણ એટલું જ વળગ્યું છે. એટલે પછી ડૉક્ટરના વિકલ્પે તેમણે ભૂવાની મદદ લીધી. ભૂવાએ ઘરમાં અમુક જગ્યાએ ખાડો ખોદી થોડાંક હાડકાં બહાર કાઢીને આ લોકોને બતાવી માહિતી આપી કે આ મકાન ભલે નાનું છે, તમને પાંચ જણને રહેવામાં સંકડાશ પડતી હશે પણ ૧ ૩થી ય વધારે ભૂતો આ મકાનમાં રહેતાં હતાં. એમાં પણ છેલ્લું ભૂત તો બહુ જ જક્કી હતું. માંડ ગયું. પણ પેલી કહેવત પ્રમાણે ભૂતો આ ઘર ભાળી ગયાં છે એટલે ટીવીમાંથી નીકળીને તમને પજવ્યા કરે છે. આ કારણે ઘરમાં તમે બન્ને સાથે નહીં રહી શકો. એટલે પછી આ પરિવારને ખાતરી થઈ કે ભૂતો તો અહીંથી નહીં જ જાય તેથી આ લોકો બીજે, જ્યાં ભૂત ન હોય ત્યાં રહેવા ચાલ્યાં ગયાં છે. પણ જો ટીવી કે ઘરને બદલે ભૂત તેમના મગજમાં જ રહેવા આવી ગયાં હશે તો કોઈ પણ ઘર તેમને ભૂત વગરનું નહીં ભાસે... મંછા ભૂત ને શંકા ડાકણ... એવી પણ એક કહેવત આપણે ત્યાં પ્રચલિત છે.

આપણે અહીં જે પરિવારની વાત કરી તે પરિવાર વહેમી કે અલ્પશિક્ષિત હોઈ શકે, પણ ભણેલ-ગણેલ ને વિચારશીલ માણસોય ભૂત-પ્રેત જોયાની વાત કરે ત્યારે થાય કે ભૂત સાલું હોય તો હોય પણ ખરું. આપણી હિન્દી ફિલ્મના અમર ગાયક કુન્દનલાલ સાયગલે પોતે પણ તેમના જીવનમાં આવો બનાવ બની ગયાનું એ દિવસોમાં જાહેર કર્યું હતું. એક વાર તે મોડી રાતે પોતાની કારમાં જતા હતા. રસ્તામાં કાર ખોટવાઈ ગઈ. તેમણે વિચાર્યું કે ચાલીને ઘેર જાઉં, મિકેનિક કાલે ગાડીને ગૅરેજમાં લઈ જશે. ચાલતા ચાલતા તે એક ઘટાદાર વૃક્ષ નીચેથી પસાર થતા હતા, ત્યાં વૃક્ષ પરથી અવાજ આવ્યોઃ

સાયગલસાહબ તો નહીં? તેમણે અવાજની દિશામાં ઉપર જોયું, કોઈ દેખાયું નહીં. 'હું તમારા ગળાનો આશિક છું. અંગત કારણસર મેં આત્મહત્યા કરી હતી. હવે હું આ ઝાડ પર રહું છું. મને તમારું પેલું ગીત સંભળાવશો?' પેલાએ ફરમાઈશ કરી ને સાયગલે ત્યાં ઊભા રહીને પેલાનું પ્રિય ગાયન સંભળાવ્યું.

ગીત પૂરું થયું અને બીજી જ ક્ષણે ઉપરથી હીરાની એક કીમતી વીંટી પડી. પેલાએ તે ઈનામ પેટે રાખી લેવાની વિનંતી કરી. સાયગલે તે રાખી લીધી ને કહેવાય છે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે એ વીંટી પહેરી હતી... જોકે સાયગલ એ વખતે તેમનું અતિ પ્રિય પીણું પીને કારમાં નીકળેલા કે કેમ એવું તેમને કોઈએ પૂછ્યું નહીં હોય... ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બેવડો જજિયો ને મહાજનની ફતેહ

આજે પહેલી ફેબ્રુઆરી. ગ્રેગોરિયન કેલેન્ડરના બીજા મહિનાનો પ્રારંભ. બેનો મહિમા અનંત છે. **બે પગે** ચાલીને ઈશ્વરના ધામમાં પહોંચ્યા **બે કર** જોડી નમન - વંદન કરવામાં આવે છે. પ્રભુ પણ **બે હાથે** આશીર્વાદ આપી તથાસ્તુ કહે છે. વર્તમાન સમયમાં મોટેભાગે બે હાથ જોડવા પાછળનો આશય **બે પાંદડે** થવાનો હોય છે. **બે પાંદડે થવું** એટલે ગુજરાન ચલાવી શકાય એવી આર્થિક સ્થિતિ પ્રાપ્ત કરવી. વાંઢા માણસો પણ **એકના બે થવા** એટલે કે પરણેતર મળે એ માટે બે હાથ જોડતા હોય છે. માણસ **બેપગું** જાનવર કહેવાય છે. મુંબઈમાં એક સ્થળેથી બીજે સ્થળે બે પગે ચાલીને પહોંચતા લોકો મજાકમાં અગિયાર નંબરની બસમાં આવ્યા એમ કહેતા હોય છે. આંકડામાં **અગિયાર એટલે બે એકડા.** આમ એમાં પણ બેની હાજરી છે. શબ્દકોશમાં બસોની ઉપરની સંખ્યા માટે બે સાથેના કેટલાક જાણવા જેવા શબ્દો આપ્યા છે. **બે તીલંતર** એટલે ૨૦૩, **બે દાબોતેર** એટલે ૨૧૦, **બે તેંતાળા** એટલે ૨૪૩, **બે તોતરાં** એટલે ૨૭૩.

તમે જો ગુજરાતી માધ્યમની શાળામાં ભણ્યા હશો તો માસ્તર શરારતી બાળકને 'જો વધુ તોફાન કર્યા તો **બે કાન** વચ્ચે માથું કરી દઈશ.' એમ કહેતા સાંભળ્યા હશે. બે કાન વચ્ચે માથું કરવું એટલે સાન ઠેકાણે લાવવી. જોકે, **બે કાન વચ્ચે માથું રાખીને ચાલવું** એટલે પ્રામાણિક હોવું એવો અર્થ થાય છે.



**બેગણી વસ્તુ માટે બેવડો** શબ્દ વપરાય છે. આ સંદર્ભની એક કહેવત અને એની પાછળ રહેલી નાનકડી કથા જાણવા જેવી છે. **બેવડો જજિયો ને મહાજનની ફતેહ.** કથા એવી છે કે વહોરાઓને મહાજનને એક કર દૂર કરાવવા રજૂઆત કરી. કર નાબૂદીમાં તેમને સફળતા તો મળી, પણ બીજી તરફથી તેમને માથે બેવડો જજિયાવેરો લાગ્યો. ઇસ્લામીઓ સ્વધર્મી રાજ્ય માટે લડવા આવી રાજ્યની સેવા બજાવે છે અને પરધર્મીઓ તે સેવા ન બજાવતા હોવાથી રાજ્યનું રક્ષણ મેળવવા અન્ય ધર્મના લોકોએ જજિયાવેરો આપવો જોઈએ એવું ફરમાન અરબસ્તાનના ખલીફાઓએ જારી કર્યું હતું. આ જજિયાવેરો લાગ્યો હોવા છતાં કર નાબૂદી બદલ વહોરાઓ રાજી રાજી થઈ ગયા. આ પ્રસંગકથા પરથી કોઈ કામ ઉપરછલ્લું ફાયદાકારક લાગે, પણ સરવાળે નુકસાનકર્તા હોય ત્યરે **બેવડો જજિયો ને મહાજનની ફતેહ** કહેવત વપરાય છે.

**બીજું ફરવરદેગનજશન** એટલે જરથોસ્તી વર્ષના નવમા મહિનાના ઓગણીશમાં દિવસ ફરવરદીનના રોજ આવતો એ નામે એક પારસી તહેવાર. આ દિવસે પારસીઓ બંદગી કરે છે. મૃત્યુ પામેલા લોકોને સંભારવાનો દિવસ છે. કોઈ વ્યક્તિના અવસાનની જાણ જો સગાંવહાલાંને ન થઈ હોય તો ફરવરદીન રોજ એટલે કે મહિનાનો ઓગણીશમો દિવસ તેના મૃત્યુનો દિવસ માનવામાં આવે છે. કયા મહિનામાં મૃત્યુ થયું એની જાણ પણ ન હોય તો અવસાનના મહિના તરીકે આ નવમો મહિનો ગણવામાં આવે છે. ટૂંકમાં જે વ્યક્તિના મૃત્યુના દિવસ કે મહિનાની જાણ ન હોય એની સંવત્સરી તરીકે નવમા માસનો ઓગણીશમો દિવસ લેવામાં આવે છે.

## दोनच्या म्हणी

મરાઠીમાં બે માટે 'દોન' શબ્દ છે. માનવ શરીરમાં પણ બે - જોડી મહત્ત્વ ધરાવે છે. **माणसाला दोन हात, दोन पाय, डोन डोळे, दोन मेंदु, दोन आतडे असताता** માણસને બે હાથ, બે પગ, બે આંખ, બે મગજ અને બે આંતરડા હોય છે. આ શબ્દ પરથી રૂઢિપ્રયોગ પણ અસ્તિત્વ ધરાવે છે. **दोन घटका** એટલે બે ઘડી, ટૂંકમાં બહુ ઓછો કે નજીવો સમય. એના પરથી શબ્દપ્રયોગ છે કે **दोन घटकांचा सोबती.**

જેનો અર્થ થાય છે બે ઘડીનો પરોણો કે બે ઘડીનો મહેમાન. મરવાની અણીપર હોય એના માટે આ પ્રયોગ વાપરવામાં આવે છે.दोन घडीचा डाव એટલે બે ઘડીનો ખેલ. **दोन घडीचा डाव त्याला जीवन ऐसे नाव** વાક્યમાં જીવનની ફિલસૂફીનું વર્ણન છે કે આયુષ્ય તો બે ઘડીનો ખેલ છે. જીવનમાં આપણને એવા કેટલાક લોકોનો ભેટો થાય છે જે બે તરફની ઢોલકી વગાડવા માટે જાણીતા હોય છે. આ પ્રકારના લોકો માટે **दोन डगरींवर हात ठेवणे** કહેવત વપરાય છે. મતલબ કે દૂધમાં ને દહીંમાં એમ બંનેમાં પગ રાખવો. **दोन डोळयांची भीड** એટલે બે આંખની શરમ, રૂબરૂ હાજરીની અસર. કોઈ બાબત, અસર ક્ષણજીવી હોય અથવા એનું ઝાઝું આયુષ્ય ન હોય એને માટે **दोन दिवसांचा** પ્રયોગ વપરાય છે. ચાર દિવસ એટલે કે થોડો સમય ચાલે એટલું. **काही लोकांच्या आयुष्यांत आनंदाचा वेळ दोन दिवसांचा असतो** કેટલાક લોકોના જીવનમાં સુખનો કે આનંદનો સમય ઝાઝો ટકતો નથી. **दोन बोट स्वर्ग उरणे** એટલે બે આંગળ સ્વર્ગ બાકી રહેવું, ખૂબ આનંદ થવો કે ગર્વનો પાર ન હોવો, અભિમાની બની જવું. **परिक्षेत मिळालेले अनपेक्षित गुण पाहुन मंदारला जणू स्वर्ग दोन बोटेच उरला होता** પરીક્ષામાં અણધાર્યા માર્ક મળતા મંદાર રાજીનો રેડ થઈ ગયો. **दोन हातांचे चार हात होणे** એટલે બે હાથ ચાર હાથ થવા, બીજા શબ્દોમાં કહીએ તો પરણવું, લગ્ન થઈ જવા.

---

હિંગ્લિશ VINGLISH

## सख्त बातें कहना या डांटना
## Give a piece of one's mind

રૂઢિપ્રયોગ અથવા કહેવતોની ભાષા અલગ અલગ હોઈ શકે છે. રજુઆતમાં વપરાયેલા રૂપક પણ ભિન્ન હોઈ શકે છે, પણ અંતે જે વાત કહેવાની છે, એના ભાવાર્થમાં સામ્ય હોય એ જરૂરી છે. હિન્દી અને અંગ્રેજી ભાષામાં એવા પ્રયોગ જોવા મળે છે જેમાં ભાષાભેદ હોવા છતાં ભાવભેદ નથી. એક ઉદાહરણ જોઈએઃ **'दोनो हाथों में लड्डु होना' मुहावरे का अर्थ दोहरा लाभ होना, हर प्रकार से फायदा होना या दोनों तरफ से लाभ प्राप्त करना है। यह उस स्थिति को दर्शाता है जब किसी व्यक्ति को एक ही समय में दोतरफा लाभ मिले, यानी हर स्थिति में लाभ ही लाभ हो।** બેય હાથમાં લાડવા જેવી વાત થઈ. આવો જ ભાવાર્થ ધરાવતી કહેવત છે ને કે આમ કે આમ ગુટલિયોં કે ભી દામ. એનું ઉદાહરણ જોઈએ. **नौकरी के साथ-साथ अच्छा व्यवसाय चल जाने पर तो सुरेश के दोनों हाथों मे लड्डु हो गए हैं.** નોકરીની સાથે સાથે બિઝનેસ પણ સારો ચાલવા લાગતા સુરેશને તો બેય હાથમાં લાડવા થઈ ગયા. આને સમકક્ષ અંગ્રેજી કહેવત છે **To have the best of both worlds. This is an idiom meaning a situation where you enjoy the advantages of two different, often contrasting, things at the same time, without experiencing any of their drawbacks. It's a win-win scenario, like having a great job in the city but living in the peaceful countryside, getting the benefits of both worlds simultaneously.** જે બાજુ નજર નાખો લાભ જ લાભ છે એ આ અંગ્રેજી કહેવતનો ભાવાર્થ છે. બીજું ઉદાહરણ તપાસીએ. **सख्त बातें कहना या डांटना : डांट तो पिताजी से मिलती है, शिक्षक से मिलती है और औफिस में बोंस से भी मिलती है. लेकिन हर डांट में फर्क होता है. किसी को अनुशासित करने या सुधारने का एक तरीका माना जाता है, लेकिन इसके गहरे मनोवैज्ञानिक और भावनात्मक प्रभाव हो सकते हैं.** વઢામણ તો પિતાશ્રી, શિક્ષક કે ઓફિસના બોસ પાસેથી પણ ખાવી પડે છે. અલબત્ત એના ભાવમાં અને એના ટોનમાં ફરક હોય છે. જોકે, મુખ્ય હેતુ, આકરા વેણથી સામી વ્યક્તિને



સુધારવાનો હોય છે. ભૂલનું પુનરાવર્તન અટકાવવાનો હોય છે. અંગ્રેજીમાં આ કહેવત **Give a piece of one's mind** તરીકે જાણીતી છે. **If you give someone a piece of your mind, you tell them very clearly that you think they have behaved badly.** કોઈ વ્યક્તિએ ખરાબ વર્તન કર્યું હોય ત્યારે એને ઠમઠોરવામાં આવે છે એ આ અંગ્રેજી કહેવતનો ભાવાર્થ છે. **दोराहे पर खडा होना : दुविधा में होना (निर्णय न ले पाना). एक ऐसी चुनौतीपूर्ण स्थिति है जहाँ व्यक्ति जीवन के महत्त्वपूर्ण मोडों पर दो या अधिक सही विकल्पों के बीच भ्रमित होता है, जिससे निर्णय लेने में दुविधा उत्पन्न होती हैं। यह आत्म-सम्मान, करियर, या रिश्तों के बीच चुनाव करने की दुविधा हो सकती है, जहाँ स्पष्ट लक्ष्य का अभाव और भावनाओं का आकर्षण प्रमुख बाधाएं हैं।** જીવનમાં ઘણી વાર દ્વિધા ઊભી થાય છે. બે વિકલ્પ સામે હોય ત્યારે કયો રસ્તો પસંદ કરવો કે અપનાવવો એની મથામણ થાય છે. વિશેષ કરીને કારકિર્દી માટે વિટંબણા ઊભી થતી હોય છે. અંગ્રેજીમાં આ પ્રયોગ Standing at Crossroads સ્વરૂપે હાજર છે. **Standing at crossroads means being at a critical point in life, career, or a project where a significant decision must be made. Similar to a literal intersection, it signifies a moment requiring a choice between multiple, often life-altering, directions, where the path taken will heavily influence future outcomes.** ■

---

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# નેતાને કાર્યક્રમમાં ભાષણ કરવાની ના પડાય?

એક જ્ઞાતિના સંમેલનમાં નિમંત્રણને માન આપી ધારાસભ્ય ધનંજયે શરીફ ફરમાવી. ધનંજય કોઠાકબાડામાં પાવરધા હોઇ લોકો તેને 'ધનંદય ધૂર્ત' તરીકે જ ઓળખતા હતા. ધનંજય ધૂર્ત કાર્યક્રમમાં દાખલ થયા કે એનાઉન્સરે સ્વાગત કાર્યક્રમની કાર્યવાહી અટકાવી. ધારાસભ્યના આગમનની નોંધ આ રીતે લીધીઃ

'આપણા લોકલાડીલા ધારાસભ્ય ધનંજયભાઇ સાહેબ આપણા આમંત્રણને માન આપી પધાર્યા છે. આપણા કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી છે. ધારાસભ્ય સાહેબનું સ્વાગત, અભિવાદન, અભિનંદન,આવકારવિધિ આપણા પ્રમુખ ગણપતભાઇ દામોદર રબ્બર એટલે કે ગદાર કરશે.' ઉત્સાહી એનાઉન્સર અમિતે જાહેરાત કરી. એનાઉન્સરનું પણ અલગ વિશ્વ હોય છે. વક્તાને બે બોલ બોલવા આદેશ કરે અને પછી પોતે બે કલાક બકબક કરતા રહે.


ધારાસભ્ય ધનંજયને સ્ટેજ પર પહેલી હરોળમાં સ્થાન આપવામાં આવ્યું. ઘણીવાર મંચ પર સોફા-ખુરશીની પાંચ પાંચ લાઇનમાં ઓગણત્રીસ ગણમાન્ય આમંત્રિતો મંચસ્થ હોય છે. જ્યારે ઓડિયન્સની અઢી લાઇનમાં ગણીને અઢાર લોકો હોય. એક કાર્યકરે ધારાસભ્યને મોટો બુકે આપ્યો. કોઇએ સૂતરની આંટી આપી. સંસ્થાના મહામંત્રીએ ધનંજયને શાલ ઓઢાડી. ધારાસભ્યને ચાંદીના શ્રીફળનો મોમેન્ટો અપાયો. ધારાસભ્યને આવા સન્માનની નવાઇ ન હોય. જો ધારાસભ્ય મોભા મુજબ સ્વાગત પામીને સંતુષ્ટ થયા. તેણે કૂકડાની જેમ ગરદન ઊંચી કરી. એનાઉન્સરે ધારાસભ્યનો પરિચય આપ્યો. કોઇ મંચસ્થ મહાનુભાવે મિનિટ ટુ મિનિટ કાર્યક્રમની રૂપરેખા આપી.

ધારાસભ્ય ધનંજયે કફનીના ગજવામાં રાખેલ ચશ્માંના ઘરમાંથી કાઢ્યા. ચશ્માં મોં સુધી લઇ ગયા. ચશ્માંને એક હાથે પકડ્યા. મોઢાથી ચશ્માંના કાચ પર ફૂંક મારી. કફનીના છેડાથી ચશ્માં સાફ કર્યા. ચશ્માં આંખ પર ટેકવ્યા. મિનિટ ટુ મિનિટ કાર્યક્રમનું અધ્યયન કરવાનો આરંભ કર્યો.

વક્તાની યાદી ધારાસભ્ય ધનંજયે બે વાર વાંચી. તેની આંખ ફાટીને ફાટી રહી ગઇ. એણે ફરીવાર કાગળિયું વાંચ્યું એના પેટમાં ઊકળતું તેલ રેડાયું. તેના હાથની મુઠી વળી ગઇ. એનો મતલબ એ કે તેને શોભાનો ગાંઠિયો બનાવ્યો છે. તેની કફનીના ખિસ્સામાં ગ્લોસી પેપર પર મોટા ફોન્ટમાં તેણે ટોકિંગ પોઇન્ટ તૈયાર કરેલ. એ બધું ગઇ ભેંસ પાણીમાં જેવું થયું. ધનંજયે કાર્યક્રમના આયોજકને મંચ પર બોલાવ્યો.

'મારે ક્યારે બોલવાનું છે? મારું ભાષણ વહેલું કરાવજો. મારે એક અગત્યના ફંકશનમાં ચીફ ગેસ્ટ તરીકે જવાનું છે. તેમાં સીએમ સાહેબ પણ આવવાના છે.' ધનંજયે કાર્યક્રમના આયોજક અમથાભાઇને રોફ ઝાડી કહ્યું.

'સાહેબ, આ તો બહુ જ નાનો કાર્યક્રમ છે. જ્ઞાતિનો મેળાવડો છે. જેમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટે સલાહ સૂચનો




કરવાનાં છે. એક પણ રાજકીય નેતા પાસે ભાષણ નહીં કરાવવું એવું અમે સર્વાનુમતે નક્કી કરેલ છે. એટલે આપે ભાષણ કરવાનો સવાલ ઊભો થતો નથી.' ધનંજયના કાનમાં અમથાભાઇએ કહ્યું.

ધનંજય લાલપીળા થઇ ગયા. નેતાને કાર્યક્રમમાં બોલાવે અને એની સાથે આવો વ્યવહાર. કોઇ વ્યક્તિ શ્વાસ લીધા વિના જીવી શકે તો નેતા ભાષણ કર્યા વિના જીવી શકે. નેતા અને માઇકનો સંબંધ શરીર અને આત્મા જેવો અતૂટ હોય છે. નેતા લોગ ચાર કલાક ભાષણ ન કરે તો તેમને ભાષણના બાટલા ચડાવા પડે.

'તમે માથું કાપીને પાઘડી પહેરાવે છે. તમે નેતાને કાર્યક્રમમાં બોલાવો છો. પછી કૂવામાં ઉતારી દોરડું કાપી નાંખવા જેવું કામ કરો છો. હું અહીં આવવા કયાં નવરાધૂપ હતો?' ધનંજય વધારે ભડક્યો

આ સમયે ધનંજયને બાબુ બુટલેગરના સ્ટેન્ડનું લોકાર્પણ કરી પ્યાસીઓના ગળા ભીના કરવાના હતા. જેલમાં રહેલ આગેવાન સાથે શરાબના ધંધાનો હિસાબ સેટ કરવાનો હતો. એ બધું છોડીને ધનંજય અહીં આવેલ. બદલામાં તેને શું મળ્યું?

'સાહેબ, આપણી પાસે સમય ઓછો છે. બોલનાર વક્તા વધારે છે. જો કાર્યક્રમ લંબાઇ જાય તો હાજર રહેનાર ઊઠીને ચાલ્યા જશે.' કાર્યક્રમના આયોજક અમથાભાઇએ સ્થિતિ સમજાવી.

'એટલે મારે, કાર્યક્રમમાં માત્ર શોભામાં અભિવૃધ્ધિ જ કરવાની છે? જો આવું હતું તો તમારે ફોન કરીને મને કહેવું જોઇતું હતું.' ધનંજય ધગી ગયા.

'સાહેબ તમે સમજવાની કોશિશ કરો.' અમથાભાઇએ હાથ જોડી વિનંતી કરી.

'મને બે મિનિટ બોલવાની તક આપો.' ધનંજયે વિનંતી કરી.

'સાહેબ, એ શક્ય નથી.' અમથાભાઇએ નમ્રતાથી ના પાડી.

'હું મંચ પરથી નહીં- મંચ પરથી ઊતરી જઇને બોલીશ. મને બોલવાની તક આપો.'

ધનંજયના ચહેરા પર અકળામણ હતી. મોઢું બોલવા ફાટફાટ થતું હતું. ધનંજયે મોઢા પર હાથ મૂકી ગળામાંથી બહાર ધસી આવવા મથતા શબ્દોને દબાવી રાખ્યા.

'એ શક્ય નથી.' અમથાભાઇ મક્કમ હતા.

'બંધારણે મને ભાષણ કરવાનો મૂળભૂત અધિકાર આપ્યો છે. હું તો બોલીશ' બાળ વાર્તાની જેમ ધનંજયે 'હું તો બોલીશ'ની બાળહઠ પકડી.

'સાહેબ, તમે સમયને માન આપો. બીજા કાર્યક્રમમાં તમને બે કલાક આપશું.' અમથાભાઇએ પ્રોમિસ કર્યું.

'અમથાભાઇ, તમે કોઇ કાર્યક્રમમાં નેતાના મોં પર ટેપ મારી હોય કે નેતા બોલતા ન હોય તેવું જોયું છે?' ધનંજયે પૂછ્યું.

'સાહેબ, તમારી વાત સોળ આના સાચી છે, પરંતુ સમય નથી. તમે નેતાભાઈઓ ભાષણ કરવાનું શરૂ કરો પછી ઘડિયાળ સામે જોતા નથી. લોકો કંટાળીને હુરિયો બોલાવે છે.' અમથાભાઇએ આયનો ધર્યો.

'ભઇ, મને બધી ખબર છે. મારા છોકરાએ સરકારી કામમાં ગોટાળા કર્યા એટલે મારું મંત્રીપદ ગયું. હવે હું ધારાસભ્ય છું. એટલે તમે મારી સાથે દાવ કરો છો.' ધનંજયે અસલી ભડાશ કાઢી. ધનંજય પગ પછાડતાં કાર્યક્રમના સ્થળેથી વોકઆઉટ કરી ગયા.

કહે છે કે ધારાસભ્ય ધનંજયે ભાષણ કરવાની ના પાડનાર સંસ્થા સામે નેતાના ભાષણ કરવાના મૂળભૂત અધિકારના ભંગ બદલ કોર્ટમાં રિટ પિટિશન ફાઇલ કરી છે... ■

સુનેત્રા પવારનાં નાયબ મુખ્ય પ્રધાન તરીકેના શપથ

# અજિતદાદાના વારસાને આગળ ધપાવતા, કર્તવ્યની ભાવના સાથે મહારાષ્ટ્રની સેવા કરવા તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નવનિયુક્ત નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા અજિત પવારે શપથ ગ્રહણ બાદ મીડિયાને સંબોધતાં જણાવ્યું હતું કે અજિત દાદાના વિચારો અને કાર્યોના વારસાને આગળ ધપાવતાં શિવ-શાહુ-ફૂલે-આંબેડકરના વિચારો પ્રત્યે વફાદારી રાખીને ફરજની ભાવના સાથે જવાબદારી સ્વીકારું છું અને મહારાષ્ટ્રની સેવા કરવા તૈયાર છું.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેતી વખતે, મારું હૃદય ખૂબ જ ભાવુક છે. દાદાના અકાળ અવસાનથી મારા અંગત જીવનમાં જ નહીં, પરંતુ સમગ્ર મહારાષ્ટ્રના હૃદયમાં દુઃખનો મોટો પહાડ આવ્યો છે. જોકે, ફરજ પ્રત્યેની વફાદારી, સંઘર્ષની શક્તિ અને તેમણે આપેલી લોકો પ્રત્યેની નિષ્ઠાવાન પ્રતિબદ્ધતા મારો સાચો ટેકો છે. આ પ્રસંગે હું તમને વિશ્વાસ આપું છું કે હું તેમના સ્વપ્નનું ન્યાયી, સમાન અને વિકસિત મહારાષ્ટ્ર બનાવવા માટે અતૂટ પ્રામાણિકતા, પારદર્શિતા અને લોકોલક્ષીતા સાથે કામ કરવાનું ચાલુ રાખીશ, એમ તેમણે કહ્યું હતું.

આ મુશ્કેલ સમયમાં મહારાષ્ટ્રના લોકો દ્વારા આપવામાં આવેલ પ્રેમ, વિશ્વાસ અને સમર્થન મારી સૌથી મોટી તાકાત છે. મારી શ્રદ્ધાના બળ પર, હું દાદાના વિચારોને નવી આશા અને નવી ઉર્જા સાથે આગળ ધપાવતી રહીશ. મારી ટોચની પ્રાથમિકતા ખેડૂતોના કલ્યાણ માટે, યુવાનોના તકો માટે, મહિલાઓના સશક્તિકરણ માટે અને સામાન્ય માણસના જીવનધોરણમાં સુધારો કરવા માટે સરકારની દરેક યોજનાને અસરકારક રીતે અમલમાં મૂકવાની રહેશે.

રાજ્ય સરકાર દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના ખ્યાલને મજબૂત કરવા અને દેશના માનનીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્રના સર્વાંગી વિકાસને પ્રાપ્ત કરવા માટે હંમેશા તૈયાર રહેશે. ઉપરાંત, આપણે બધા નવા મહારાષ્ટ્રના શિલ્પી સ્વ. યશવંતરાવ ચવ્હાણ સાહેબના વિચારોના વારસાને ખૂબ જ નિષ્ઠાપૂર્વક આગળ ધપાવવાની જવાબદારી નિભાવીશું, એમ પણ તેમણે કહ્યું હતું. ■

## સુનેત્રા પવાર એનસીપીનાં વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા

મુંબઈઃ રાજ્યસભાના સભ્ય સુનેત્રા પવારને તેમના પતિ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાનના ત્રણ દિવસ પછી શનિવારે મહારાષ્ટ્રમાં એનસીપી વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા.

એનસીપીના વિધાનસભા પક્ષના નેતા તરીકે સુનેત્રા પવારનું નામ વરિષ્ઠ નેતા દિલીપ વળસે-પાટીલ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું અને અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન છગન ભુજબળ દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું હતું.

દક્ષિણ મુંબઈમાં વિધાન ભવન સંકુલના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્વ. અજિત પવારના કાર્યાલયમાં યોજાયેલી પાર્ટીના વિધાનસભા પક્ષની બેઠક દરમિયાન તેમની પસંદગી કરવામાં આવી હતી.

દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન અને નાણાં પ્રધાન રહેલા અજિત પવારનું ૨૮ જાન્યુઆરીએ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં ચાર અન્ય લોકો સાથે મૃત્યુ થયું હતું.

સુનેત્રા પવારે સભા ખંડમાં તેમના સ્વર્ગસ્થ પતિના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી. તેમનો નાનો પુત્ર જય પણ હાજર હતો.

વિધાનભવન સંકુલમાં પ્રવેશતા ઘણા પ્રધાનો અને વિધાનસભ્યોની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. ■

## રાજકારણીની લૉ પ્રોફાઇલ પત્નીથી કેન્દ્ર સ્થાનેઃ સુનેત્રા પવારની નાયબ મુખ્યમંત્રી પદ સુધીની સફર

મુંબઈઃ મહારાષ્ટ્રના સૌથી શક્તિશાળી રાજકીય પરિવારોમાંના એકના પડછાયામાંથી ચર્ચામાં આવેલી સુનેત્રા પવાર શનિવારે રાજ્યની પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન બન્યાં છે, કારણ કે તેમના પતિ અજિત પવારના દુઃખદ અવસાન પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનું નેતૃત્વ કરવાની આકરી જવાબદારી તેમના પર છે.

૬૨ વર્ષનાં રાજ્યસભા સાંસદને ભાજપના નેતૃત્વ હેઠળના રાજ્ય પ્રધાનમંડળમાં નંબર-બેના પદ પર બઢતી મળવાથી એનસીપી માટે એક નવા અધ્યાયની શરૂઆત પણ થશે.

૨૮ જાન્યુઆરીએ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં એનસીપી પ્રમુખ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાન બાદ, સુનેત્રા પવારને શનિવારે એનસીપી વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેમણે સાંજે નાયબ મુખ્યપ્રધાનપદના શપથ લીધા હતા.

મરાઠવાડા ક્ષેત્રના ધારાશિવ (અગાઉ ઉસ્માનાબાદ તરીકે ઓળખાતું)ના તેરા ગામની વતની, સુનેત્રા પવાર એક રાજકારણી પરિવારમાંથી આવે છે, પરંતુ તેમણે પોતાના જીવનના મોટા ભાગના સમય દરમિયાન રાજકારણમાં સક્રિય રીતે ભાગ લીધો ન હતો. તેમના ભાઈ પદમસિંહ પાટીલ, એનસીપીના સિનિયર નેતા છે.

તેમના પિતા બાજીરાવ પાટીલ હૈદરાબાદ રાજ્યના ભારતીય સંઘમાં વિલિનીકરણ પહેલાના મરાઠવાડા મુક્તિ સંગ્રામમાં સામેલ હતા.

વાણિજ્ય શાખાના સ્નાતક, સુનેત્રાને (જુઓ પાનું ૪) ▶▶

# હવે એનસીપીના મર્જરની પ્રક્રિયામાં અવરોધ આવી શકેઃ શરદ પવાર

પુણેઃ શરદ પવારે શનિવારે કહ્યું હતું કે, અજિત પવારના મૃત્યુને કારણે એનસીપી (એસપી) અને એનસીપીના મર્જરની પ્રક્રિયામાં અવરોધ આવી શકે છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું ૨૮ જાન્યુઆરીએ તેમના વતન બારામતી ખાતે લિયરજેટ ૪૫ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં ચાર અન્ય લોકો સાથે મૃત્યુ થયું હતું.

બધી ચર્ચાઓ તેમના સ્તરે થઈ હતી, પરંતુ હવે એવું લાગે છે કે (વિમાન) અકસ્માત બાદ પ્રક્રિયામાં અવરોધ આવી શકે છે. વાટાઘાટો સકારાત્મક દિશામાં આગળ વધી રહી હતી, પરંતુ અકસ્માતે પ્રક્રિયાને પ્રતિકૂળ અસર કરી છે, એમ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને શનિવારે કહ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, બંને જૂથો વચ્ચે સૌહાર્દપૂર્ણ વાતચીત સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વિલય પ્રક્રિયા ચાલુ રહેશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, શરદ પવારે કહ્યું કે તેમને ખબર નથી કારણ કે તેઓ આ ચર્ચાઓનો ભાગ નહોતા.

અજીતની ઇચ્છા બે જૂથોને એક કરવાની હતી, અને હવે અમારી ઇચ્છા છે કે તેમની ઇચ્છા પૂર્ણ થાય, એમ પવારે કહ્યું હતું.

આપણે અજિતને પાછા લાવી શકતા નથી. આપણે તેમને ગુમાવી દીધા છે. હવે આપણે જોવાનું છે કે પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો, એમ પણ તેમણે ભારપુર્વક જણાવ્યું હતું. ■



**બેઠક યોજાઈ હતી કે નહીં?:** બન્ને એનસીપીના વિલિનીકરણ માટે અજિત પવારની હાજરીમાં શરદ પવાર તથા અન્યો સાથે બારામતીમાં બેઠક યોજાઈ હોવાનો દાવો કરાયો છે ત્યારના વીડિયોનો આ સ્ક્રીન શોટ હોવાનું કહેવાઈ રહ્યું છે, પણ આ ફોટો કેટલો સાચો હોવાની પૃષ્ટિથઈ નથી. (પીટીઆઈ)

## પવાર પરિવાર નારાજ, જ્યારે એનસીપીના વિલિનીકરણ વિરુદ્ધ હતા પાર્થ પવાર

મુંબઈઃ એનસીપીમાં થયેલા તાજેતરના સમગ્ર ઘટનાક્રમ અંગે પવાર પરિવારે નારાજગી વ્યક્ત કરી હતી. આવો મહત્વપૂર્ણ નિર્ણય લેતી વખતે પરિવાર સાથે ચર્ચા કરવી જરૂરી હતી એવો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે. સિવાય સૂત્રો પાસેથી માહિતી મળી છે કે એનસીપીના સંભવિત વિલીનીકરણ અંગેની ચર્ચામાં અજિત પવાર એકમાત્ર સક્રિય હતા.દરમિયાન પાર્થ પવારની ભૂમિકા પણ ચર્ચામાં આવી છે. બે રાષ્ટ્રવાદી કોંગ્રેસ ફરી ભેગા ન થવું જોઈએ એવું તેમની ઈચ્છા હતી એવું જાણવા મળ્યું છે. પાર્થ પવારની ભૂમિકા પાલિકા ચૂંટણી દરમિયાન બે રાષ્ટ્રવાદી કોંગ્રેસને સાથે લડતા અટકાવવાની પણ હતી એવું કહેવામાં આવ્યું છે. ■

## અજિત ૧૨ ફેબ્રુઆરી સુધીમાં એનસીપીનું વિલિનીકરણ ઈચ્છતા હતા

મુંબઈઃ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના દુઃખદ મૃત્યુના ત્રણ દિવસ પછી, તેમના કાકા અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) નેતા શરદ પવારે શનિવારે ખુલાસો કર્યો હતો કે તેમના ભત્રીજા એનસીપીના બે લડતા જૂથો વચ્ચે વિલીનીકરણની તરફેણમાં હતા.પવારે એમ પણ કહ્યું હતું કે બે એનસીપીના જૂથોના પુનઃએકીકરણ અંગે ચર્ચા છેલ્લા ચાર મહિનાથી ચાલી રહી હતી અને અજિતે ૧૨ ફેબ્રુઆરીને વિલિનીકરણ માટેનું લક્ષ્ય તારીખ તરીકે નક્કી કરી હતી.

આ અનુભવી નેતાએ સ્પષ્ટતા કરી હતી કે અજિત પવાર અને એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલ વચ્ચે વાતચીત ચાલી રહી હતી અને તેઓ પોતે આ વાટાઘાટોમાં સક્રિય રીતે સામેલ નહોતા.

પવારે કહ્યું હતું કે તેમને અજિતની પત્ની સુનેત્રાના ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે જોડાવાના નિર્ણયની જાણ નહોતી.

'મને આ વિશે કોઈ માહિતી નથી (ડેપ્યુટી સીએમ પદ માટે સુનેત્રા પવારનું નામ). તેમના પક્ષે નિર્ણય લીધો (જુઓ પાનું ૪) ▶▶

## સુનેત્રા પવારને ડેપ્યુટી સીએમ બનાવવાનો નિર્ણય યોગ્યઃ ભુજબળ

મુંબઈઃ અજીત પવારના મૃત્યુના માત્ર ૭૨ કલાક પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષમાં જબરી ચહલપહલ જોવા મળી છે. રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. શરદ પવારે એની સામે આંગળી ચીંધી છે. પવારે નિવેદન આપ્યું હતું કે સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવાનો નિર્ણય તેમને અંધારામાં રાખીને લેવામાં આવ્યો હતો. પવારના આ નિવેદન પછી મહારાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો છે. આ રાજકીય ગતિવિધિઓ વિશે હવે છગન ભુજબળે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવાનો અમારો નિર્ણય યોગ્ય હતો. એક વાત એ પણ છે (જુઓ પાનું ૪) ▶▶

## શરદ પવારની ૧૫ મિનિટની વિસ્ફોટક પ્રેસ કોન્ફરન્સઃ ચાર નેતાઓ બન્યા ખલનાયક

પુણેઃ અજિત પવારના મૃત્યુના માત્ર ૭૨ (બોંતર) કલાક પછી શપથ ગ્રહણ સમારોહ થઈ રહ્યો છે. ઉતાવળમાં પૂર્ણ થયેલા આ શપથ ગ્રહણ સમારોહ અંગે ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. દરમિયાન, શરદ પવારે શપથ ગ્રહણ પછી જ પ્રેસ કોન્ફરન્સ કરીને ખળભળાટ મચાવી દીધો છે. તેમની ૧૫ મિનિટની પ્રેસ કોન્ફરન્સમાં એવું જોવા મળ્યું હતું કે પવારે આડકતરી રીતે ચાર નેતાઓને ખલનાયક ચિતર્યા હતા.

સુનેત્રા પવારનો શપથ ગ્રહણ સમારોહ આજે થશે તેની અમને કંઈ ખબર નથી. આ નિર્ણય લેતા પહેલા અમે તમારી સાથે ચર્ચા કરવામાં આવી નહોતી. એમ જણાવતાં પવારે એવું સૂચવવાનો પ્રયાસ કર્યો કે આ નિર્ણય એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે, કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ, ધનંજય મુંડે અને પાર્થ પવાર દ્વારા લેવામાં આવ્યો (જુઓ પાનું ૪) ▶▶

## અંતિમસંસ્કાર થવા પહેલા જ રાજકીય સંસ્કારઃ બારામતીની હોટેલમાં ગુપ્ત બેઠકનું આયોજન

બારામતીઃ સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું બુધવારે સવારે અકસ્માતમાં અવસાન થયું. ગુરુવારે બપોરે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સુનેત્રા પવારનો નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ ગ્રહણ સમારોહ શનિવારે યોજવામાં આવ્યો. આ વાતાવરણમાં બારામતીમાં રાજકીય ઘટનાક્રમે વેગ પકડ્યો છે અને માહિતી મળી છે કે અંતિમ સંસ્કાર પહેલાં જ બારામતીની એક પ્રખ્યાત હોટલમાં ગુપ્ત બેઠક યોજાઈ હતી. અજિત પવારના મૃત્યુના ૪૮ કલાકમાં જ આ બેઠક માટે કોશિશ કરવામાં આવી હતી.અંતિમ સંસ્કાર સંપન્ન થતાની સાથે મહત્વપૂર્ણ ચાર નેતાની બારામતીની (જુઓ પાનું ૪) ▶▶



**આશા...:** આજે કેન્દ્રીય બજેટ રજૂ થવાનું છે ત્યારે એક ભાજીવાળાના હાથમાં દેખાતા આ પૈસાથી એવી મૂંઝવણ જાગી છે કે બજેટ નાગરિકોના હાથમાં પૈસા ટકવા દેશે કે નહીં? (પીટીઆઈ)

# મુંબઈગરાને મળશે ૧૦૦ નવી લોકલ ટ્રેન

## એસી લોકલ ટ્રેનો માટે પણ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ

મુંબઈઃ મુંબઈ લોકલ એ મુંબઈગરાની લાઈફલાઈન છે અને આવનારા સમયમાં આ લાઈફલાઈનનો ચહેરોમહોરો બદલાવવા જઈ રહ્યો છે. રેલવે દ્વારા પ્રવાસીઓની સુવિધા માટે હજારો કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. જોકે, આ બધા વચ્ચે આ તમામ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ આમ આદમીના ખિસ્સાને પોષાય એવી નોન એસી લોકલ સેવા કાયમ રાખવા માટે રેલવે દ્વારા નિયોજન કરવામાં આવી રહ્યું છે.

મુંબઈના સબર્બન રેલવે નેટવર્કમાં કેટલીય એવી લોકલ ટ્રેનો છે કે જેમને સેવામાંથી દૂર કરવાનો સમય આવી ગયો છે. પ્રવાસીઓની સુરક્ષાની દૃષ્ટિએ આ ખૂબ જ જરૂરી છે અને રેલવે દ્વારા આ લોકલ ટ્રેનોની જગ્યાએ નવી લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. રેલવે દ્વારા આગામી કાળમાં કેટલી નોન એસી લોકલ દોડાવવાની જરૂર પડશે, એનો સવિસ્તર અહેવાલ રેલવે પ્રશાસન દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અને આવનારા સમયમાં પ્રવાસીઓ ૧૦૦ નવી લોકલ ટ્રેનો મળે એવી શક્યતા છે. મુંબઈ રેલવે વિકાસ મહામંડળ (એમઆરવીસી દ્વારા) ૨૩૮ નવી એસી લોકલ ટ્રેનો માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને એમાંથી પહેલી એસી લોકલ ટૂંક સમયમાં દોડાવવામાં આવશે. જોકે, એસી લોકલની સંખ્યામાં વધારો કરવામાં આવશે તો સર્વસામાન્ય પ્રવાસીઓને પોષાય એવી નોન એસી લોકલ ટ્રેનોની બંધ ન થાય એની તકેદારી રેલવે પ્રશાસન દ્વારા લેવામાં આવી રહી છે.

પ્રાથમિક અંદાજ પ્રમાણે ૨૦૩૦ સુધી આશરે ૨૦૩૦ નોન એસી લોકલ ટ્રેનની આવશ્યકતા ઊભી થશે અને એને કારણે રેલવે દ્વારા નોન એસી લોકલ ટ્રેનોની સંખ્યા ટકાવી રાખવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે મધ્ય રેલવે દ્વારા હાલમાં દરરોજ ૧૮૨૦ સર્વિસ દોડાવવામાં આવે છે. પશ્ચિમ રેલવે પાસે હાલમાં ૧૪૦૬ સર્વિસ દોડાવવામાં આવે છે. આ ઉપરાંત પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં લઈને રેલવે દ્વારા ૧૨ ડબાની ટ્રેનને ભવિષ્યમાં ૧૫ ડબાની કરવાની યોજના પણ તૈયાર કરવામાં આવી છે. ■

### ₹ ૧૮,૩૬૪ કરોડના પ્રોજેક્ટ્સ અને સમયમર્યાદા

મુંબઈ મહાનગર ક્ષેત્રમાં હાલમાં ૪૦૦ કિમી લંબાઈના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જેમાં નવી લાઈનો અને આધુનિકીકરણનો સમાવેશ થાય છે. આ વિકાસકાર્યો પાછળ અંદાજે રૂ. ૧૮,૩૬૪ કરોડનો ખર્ચ થશે અને મોટાભાગના પ્રોજેક્ટ્સ આગામી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. મુંબઈ રેલવે વિકાસ મહામંડળ (ખ્ય્ઋઈ) દ્વારા વધારાની ૨૩૮ એસી લોકલ ટ્રેનો માટે પણ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

મુંબઈગરા માટે નૉ-ઑપ્શન

# ત્રણેય લાઇનમાં બ્લોક હોવાથી રોજ કરતા બદતર હાલત થશે આજે

મુંબઈઃ મુંબઈ લોકલ એ મુંબઈગરાની લાઈફલાઈન છે અને દર રવિવારની જેમ જ આ રવિવારે પહેલી ફેબ્રુઆરીના પણ સિગ્નલ અને ટ્રેક મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના કામકાજ માટે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. રેલવેના મેગા બ્લોકને કારણે રજાના દિવસે પણ લોકલ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

રેલવે અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર પહેલી ફેબ્રુઆરીના રોજ મધ્ય રેલવે પર થાણે-કલ્યાણ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના આ સમયગાળા દરમિયાન થાણે-કલ્યાણ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેનો કલવા, મુંબ્રા અને દિવા સ્ટેશન પર પણ હોલ્ટ લેશે, જેને કારણે તે પોતાના નિર્ધારિત સમય કરતાં ૧૫થી ૨૦ મિનિટ મોડી પડશે. આ સિવાય બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટી અને દાદરથી રવાના ડાઉન મેલ એક્સપ્રેસ અને કલ્યાણ બાદ અપ મેલ એક્સપ્રેસ ટ્રેનો થાણે કલ્યાણ વચ્ચે પાંચમી-છઠ્ઠી લાઈન પર દોડાવવામાં આવશે.

હાર્બર લાઈનની વાત કરીએ તો હાર્બર લાઈન પર કુર્લા-વાશી વચ્ચે સવારે ૧૧.૧૦ વાગ્યાથી બપોરે ૪.૧૦ વાગ્યા સુધી અપ-ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-વાશી, બેલાપુર-પનવેલ વચ્ચે ટ્રેનવ્યવહાર બંધ રહેશે. પ્રવાસીઓની સુવિધા માટે સીએસએમટી-કુર્લા અને પનવેલ-વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેનો બ્લોકના સમય દરમિયાન દોડાવવામાં આવશે.પશ્ચિમ રેલવે પર સવારે ૧૦.૩૫ વાગ્યાથી બપોરે ૩.૩૫ વાગ્યા સુધી ચર્ચગેટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર જમ્બો બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય અપ-ડાઉન ફાસ્ટ લોકલ ચર્ચગેટ-મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ સિવાય રવિવારના ટાઈમટેબલ પ્રમાણે લોકલ ટ્રેનો દોડાવવામાં આવવાની હોવાથી કેટલીક ટ્રેનો રદ પણ કરવામાં આવશે. ■

# માણસ કરતા ખુરશી વધુ મહત્ત્વનીઃ શિંદે સેનાના નેતાની ટીકા

મુંબઈઃ છેલ્લા બે દિવસનો રાજકીય ઘટનાક્રમ જોતાં એવું લાગે છે કે રાજકારણમાં વ્યક્તિ કરતાં ખુરશી વધુ મહત્વપૂર્ણ છે. વ્યક્તિ કરતા ખુરશીના વધુ લાડ છે. જાહેર જીવનમાં ખુરશીની બોલબાલા જોવા મળી છે અને એની સામે વ્યક્તિનું મૂલ્ય ઓછું આંકવામાં આવ્યું છે. સામાન્ય જનતાને આ બાબતો પસંદ નથી. સરકારએ ત્રણ દિવસનો શોક જાહેર કર્યો છે ત્યારે આ બધું બની રહ્યું છે. થોડો સમય પસાર થવા દેવો જોઈતો હતો.' શિંદે સેનાના નેતા (રાજ્ય સામાજિક ન્યાય પ્રધાન) સંજય શિરસાટે રાજ્યમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમ પર નારાજગી વ્યક્ત કરતા આ પ્રમાણે જણાવ્યું હતું. અજિત પવારના અવસાન બાદ તેમનાં પત્ની સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવા જે ઝડપે ગતિવિધિઓ થઈ એ સંદર્ભમાં સંજય શિરસાટે એક પત્રકાર પરિષદમાં આ સહિત વિવિધ મુદ્દાઓ પર ટિપ્પણી કરી. તેમણે જણાવ્યું હતું કે અજીત પવાર એનસીપીના સર્વેસર્વા હતા. તેમના નિર્ણય વિરુદ્ધ જવાનું સામર્થ્ય કોઈ નેતામાં નહોતું. જો અજિત પવાર અને શરદ પવાર (જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યમાં ૧૧,૦૦૦થી વધુ રોકાણકારો સાથે ૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી

## આર્થિક ગુના શાખાએ ગુજરાતથી દંપતી સહિત ત્રણની ધરપકડ કરી

થાણેઃ રાજ્યભરમાં પંદરસો પોલીસ કર્મચારીઓ સહિત ૧૧,૦૦૦થી વધુ રોકાણકારો સાથે ૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં થાણે પોલીસની આર્થિક ગુના શાખાએ ગુજરાતથી નાર્વેકર દંપતી અને તેમના સાગરીતને ઝડપી પાડ્યાં હતાં.

આર્થિક ગુના શાખાએ ગુરુવારે ગુજરાતમાંથી સમીર નાર્વેકર, તેની પત્ની નેહા નાર્વેકર અને તેમના સાગરીત અમિત પાલવની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓએ ૨૦૧૯માં પુણેમાં તેના વડામથક ખાતે ટ્રેડ વિથ જાઝ નામની ઇન્વેસ્ટમેન્ટ કંપની શરૂ કરી હતી. કંપની દ્વારા આકર્ષક વ્યાજની યોજનાઓ જાહેર કરાતાં ૧,૫૦૦ પોલીસ કર્મચારીઓ સહિત ૧૧,૦૦૦થી વધુ રોકાણકારોએ તેમાં રોકાણ કર્યું હતું.

આરોપીએ શેરબજારમાં ટ્રેડિંગ અને એવા બીજા રોકાણનાં સાહસો પર માસિક ચાર ટકાનું વળતર આપવાનું વચન આપ્યું હતું. આરોપીઓએ વિશ્વાસ સંપાદન (જુઓ પાનું ૪) ▶▶

## 'મ્હાડા'ની સાત હજાર ફ્લેટની લોટરી ટૂંક સમયમાં

મુંબઈઃ 'મારે પણ એક ઘર હોય' એવું સપનું જોતા મુંબઈના નાગરિકો માટે સારા સમાચાર છે. મ્હાડાનું મુંબઈ બોર્ડ અને કોંકણ બોર્ડ ટૂંક સમયમાં અંદાજે સાત હજાર ફ્લેટ માટે લોટરી જાહેર કરશે. આનાથી મધ્યમ વર્ગ અને સામાન્ય નાગરિકોને પોસાય તેવા ઘર મેળવવાની તક મળશે..

છેલ્લા કેટલાક દિવસોથી મ્હાડા હાઉસિંગ લોટરી વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. હવે મ્હાડા વહીવટીતંત્રે આ અંગે સત્તાવાર માહિતી આપી છે. પાલિકા ચૂંટણી અને આચારસંહિતા પૂર્ણ થયા પછી મ્હાડાએ હવે ઘર માટે લોટરીની પ્રક્રિયા ઝડપી બનાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૨૬ના માર્ચમાં મ્હાડાનું મુંબઈ બોર્ડ આશરે ત્રણેક હજાર ફ્લેટ માટે લોટરી કાઢશે. આ ફ્લેટ તળ મુંબઈ અને ઉપનગરના વિવિધ ભાગોમાં સ્થિત હશે. સાથે સાથે કોંકણ બોર્ડ થાણે, નવી મુંબઈ અને વિરાર વિસ્તારમાં લગભગ ચાર હજાર ફ્લેટ માટે લોટરી જાહેર કરશે. ■

## મુંબઈમાં ૮૫ દિવસનો બ્લોક, ઉત્તર મહારાષ્ટ્ર જતી ટ્રેનોને અસર

જળગાંવઃ મધ્ય રેલવે દ્વારા હાલમાં મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ના પુનર્વિકાસ માટે મોટા પાયે ફેરફારની કામ ચાલી રહ્યું છે. પરિણામે પ્લેટફોર્મ નંબર ૧૬ અને ૧૭ પર ૮૫ દિવસ માટે ટ્રાફિક અને પાવર બ્લોક મૂકવામાં આવશે. આનાથી વિદર્ભ તેમજ ઉત્તર મહારાષ્ટ્ર જતી કેટલીક ટ્રેનોને સીધી અસર થશે. સેન્ટ્રલ રેલવે એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશનનું પુનઃવિકાસ કાર્ય રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ચાલી રહ્યું છે. એ અનુસાર પ્લેટફોર્મ નંબર ૧૬ અને ૧૭ પર માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવી, માળખાકીય સમારકામ, ટ્રેક સુધારણા, ઓવરહેડ સાધનો અને આવશ્યક સલામતી સંબંધિત કાર્યો હાથ ધરવામાં આવશે. લગભગ ૮૫ દિવસ સુધી ચાલનારા આ બ્લોકથી મુખ્યત્વે ઉત્તર મહારાષ્ટ્ર અને વિદર્ભના મુસાફરોને અસર થશે. ટ્રાફિક અને પાવર બ્લોક પહેલી ફેબ્રુઆરીથી ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી અમલમાં આવશે. ■

# વર્લ્ડ કપ પહેલાંની અંતિમ મૅચમાં ભારતની દમદાર જીત

## ટીમ ઇન્ડિયાના બૅટ્સમેનોના ૨૩ છગ્ગા અને ૧૭ ચોગ્ગાઃ ઇશાન કિશનની પ્રથમ સદી, સૂર્યા સાથે ૧૩૭ રનની ભાગીદારીઃ અર્શદીપની પાંચ, અક્ષરની ત્રણ વિકેટ



તિરુવનંતપુરમઃ ભારતે (૫/૨૭૧) અહીં શનિવારે ન્યૂ ઝીલૅન્ડ (૧૯.૪ ઓવરમાં ૧૦/૨૨૫)ને અંતિમ ટી-૨૦માં ૪૬ રનથી હરાવીને સિરીઝની ટ્રોફી ૪-૧થી જીતી લીધી હતી. ફિન ઍલન (૮૦ રન, ૩૮ બૉલ, છ સિક્સર, આઠ ફોર)ની ફટકાબાજી એળે ગઈ હતી. અર્શદીપ સિંહે સૌથી વધુ પાંચ વિકેટ તથા અક્ષર પટેલે ત્રણ વિકેટ લીધી હતી. એક વિકેટ વરુણને અને છેલ્લે એક વિકેટ રિન્કુ સિંહને મળી હતી.

એ પહેલાં, ભારતના બૅટ્સમેનોએ ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાંની આ આખરી મૅચમાં જબરદસ્ત ફટકાબાજી કરીને કેરળવાસીઓનું મનોરંજન તો કર્યું જ હતું, કિવી બોલર્સની બોલિંગની ધુલાઈ કરીને તેમને વિશ્વ કપ પહેલાં ચિંતામાં મૂકી દીધા હતા. ભારતે પ્રથમ બૅટિંગ લીધા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૭૧ રન કર્યા હતા અને તેમની આતશબાજી છેવટે ફળી હતી. ભારતના એક પછી એક બૅટ્સમૅને ન્યૂ ઝીલૅન્ડના બોલર્સની બોલિંગની ઍનેલિસિસ બગાડી નાખી હતી. ભારતીય બૅટ્સમેનોએ કુલ મળીને ૨૩ છગ્ગા અને ૧૭ ચોગ્ગા ફટકાર્યા હતા.


સંજુ સૅમસન (છ રન, છ બૉલ, એક ફોર) ફરી એક વાર સારું રમવામાં નિષ્ફળ ગયો હતો. અભિષેક શર્મા (૩૦ રન, ૧૬ બૉલ, બે સિક્સર, ચાર ફોર) પછી ફટકાબાજીની જવાબદારી ઇશાન કિશને (૧૦૩ રન, ૪૩ બૉલ, દસ સિક્સર, છ ફોર) ઉપાડી લીધી હતી. તેણે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પહેલી સદી ફટકારી હતી.

કિશનની સાથે આતશબાજીમાં કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (૬૩ રન, ૩૦ બૉલ, છ સિક્સર, ચાર ફોર) પણ જોડાયો હતો. બન્ને વચ્ચે ત્રીજી વિકેટ માટે માત્ર ૫૮ બૉલમાં ૧૩૭ રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારી કિવીઓને ભારે પડી હતી.

સૂર્યાની વિકેટ બાદ કિશન સાથે હાર્દિક પંડ્યા (૪૨ રન, ૧૭ બૉલ, ચાર સિક્સર, એક ફોર) જોડાયો હતો અને બન્ને વચ્ચે ૧૮ બૉલમાં ૪૮ રનની પાર્ટનરશિપ થઈ હતી. ૧૮મી ઓવરમાં કિશન આઉટ થયો ત્યાર પછી હાર્દિક સાથે રિન્કુ સિંહ (આઠ અણનમ) જોડાયો હતો. બન્ને વચ્ચે બહુ મોટી ભાગીદારી નહોતી થઈ, પરંતુ જૅમીસનની ૨૦મી ઓવરમાં હાર્દિકની વિદાય બાદ રિન્કુ સાથે શિવમ દુબે જોડાયો હતો અને તેણે (દુબેએ) પણ ઇનિંગ્સના અંતિમ બૉલમાં છગ્ગો મારીને પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

૧૨મી ઓવર સ્પિનર ઇશ સોઢીની હતી જેમાં કિશને ચાર ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. એ ઓવરમાં એક વાઇડ સહિત કુલ ૨૯ રન બન્યા હતા.

છ કિવી બોલર્સની બોલિંગ ઍનેલિસિસ આ મુજબ હતીઃ મિચલ સૅન્ટનર (૬૦ રનમાં એક વિકેટ), કાઇલ જૅમીસન (૫૯ રનમાં એક વિકેટ), જેકબ ડફી (૫૩ રનમાં એક વિકેટ), ઇશ સોઢી (૪૮ રનમાં એકેય વિકેટ નહીં), લૉકી ફર્ગ્યુસન (૪૧ રનમાં બે વિકેટ) અને ગ્લેન ફિલિપ્સ (૧૦ રનમાં એકેય વિકેટ નહીં). ■



# રાયબાકિનાએ નંબર-વન સબાલેન્કા સામે બદલો લીધો અને વિક્રમજનક ૨૪.૭૫ કરોડ રૂપિયા કમાઈ લીધા!



ટ્રોફી સાથે રાયબાકિના અને ફાઇનલમાં પરાજિત વર્લ્ડ નંબર-વન ખેલાડી સબાલેન્કા. (એપી)

મેલબર્નઃ રશિયાના મોસ્કોમાં જન્મેલી કઝાખસ્તાનની મહિલા ટેનિસ ખેલાડી એલેના રાયબાકિનાએ શનિવારે અહીં ઑસ્ટ્રેલિયન ઓપનની સિંગલ્સની ફાઇનલમાં બેલારુસની વર્લ્ડ નંબર-વન અરીના સબાલેન્કાને ૬-૪, ૪-૬, ૬-૪થી હરાવીને ૨૭ લાખ ડૉલર (૨૪.૭૫ કરોડ રૂપિયા)ની વિક્રમજનક ઇનામી રકમ જીતી લીધી હતી. એ સાથે, રાયબાકિનાએ સબાલેન્કા સામે ૨૦૨૩ની હારનો બદલો લેવાની સાથે પહેલી વખત આ ચૅમ્પિયનશિપનું ટાઇટલ જીતી લીધું. ૨૦૨૫માં વિજેતા મેડિસન કીઝને જેટલી ઇનામી રકમ મળી હતી એના કરતાં રાયબાકિનાને આ વખતે વધુ ૬,૦૦,૦૦૦ ડૉલર (અંદાજે ૫.૫૦ કરોડ રૂપિયા) મળ્યા છે.

૨૦૨૩માં આ જ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં સબાલેન્કાએ રાયબાકિનાને હરાવીને પહેલી વખત ગ્રૅન્ડ સ્લૅમ વિજય માણ્યો હતો. જોકે શનિવારે એ જ સ્થળે રાયબાકિના સામે સબાલેન્કાએ પરાજય જોવો પડ્યો અને પહેલી વાર આ ચૅમ્પિયનશિપનો તાજ જીતી લીધો. રનર-અપ તરીકે સબાલેન્કાને ૧૪ લાખ ડૉલર (૧૨.૮૪ કરોડ રૂપિયા)નું બીજા નંબરનું ઇનામ અપાયું હતું.

વર્લ્ડ નંબર-થ્રી રાયબાકિના આ અગાઉ માત્ર એક ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી હતી. ૨૦૨૨ના વિમ્બલ્ડનના ખિતાબ પછી હવે તેની પાસે ઑસ્ટ્રેલિયન ઓપનની ટ્રોફી પણ આવી ગઈ છે. બન્નેની ફાઇનલ બે કલાક અને ૧૮ મિનિટ સુધી ચાલી હતી. રાયબાકિના પાવરફુલ સર્વ માટે પ્રખ્યાત છે અને રૉડ લેવર અરીના ખાતે ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં તેણે એસ (પ્રથમ સર્વમાં જ પૉઇન્ટ મેળવવો)નું ફરી એક વાર જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. તેણે વિજયની ઉજવણી શરૂ કરતાં પહેલાં એસથી ચૅમ્પિયનશિપ પૉઇન્ટ મેળવ્યો હતો.

સબાલેન્કા સતત ચોથી વખત ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં પહોંચી હતી અને લાગલગાટ બીજી વાર પરાજિત થઈ. તે ૨૦૨૩ તથા ૨૦૨૪માં અહીં ફાઇનલ જીતી હતી, પરંતુ ૨૦૨૫ની ફાઇનલમાં મેડિનસ કીઝ સામે હારી ગઈ હતી અને શનિવારે રાયબાકિનાએ તેને પરાજિત કરી. પ્રથમ સેટમાં રાયબાકિનાએ શરૂઆતથી તેના પર માનસિક દબાણ લાવીને તેને ૬-૪થી હરાવી હતી. બીજા સેટમાં સબાલેન્કા વધુ સ્ટ્રૉન્ગ પર્ફોર્મન્સ સાથે ૬-૪થી જીતી ગઈ હતી, પણ નિર્ણાયક સેટમાં રાયબાકિનાએ તેની સર્વિસ તોડતાં રહીને છેવટે એ સેટ પણ ૬-૪થી જીતી લીધો હતો.

મેન્સમાં રવિવારે નોવાક જૉકોવિચ અને કાર્લોસ અલ્કરાઝ વચ્ચે ટક્કર થશે. જૉકોવિચ પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલની તલાશમાં છે. અલ્કરાઝ પહેલી જ વખત ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં પહોંચ્યો છે. ■

# આજે ભારત-પાકિસ્તાન ટક્કર, જાણો સેમિ ફાઇનલ માટે કોને કેટલો ચાન્સ છે...

બુલવૅયોઃ અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપમાં રોમાંચની ચરમસીમા આવી રહી છે જેમાં ફાઇનલથી પણ વિશેષ ગણાતા ભારત વિરુદ્ધ પાકિસ્તાનના મુકાબલાનો સમય નજીક આવી ગયો છે. આજે (બપોરે ૧.૦૦ વાગ્યાથી) આયુષ મ્હાત્રેના નેતૃત્વમાં ભારત અને ફરહાન યુસફના સુકાનમાં પાકિસ્તાનની જુનિયર ટીમ વચ્ચે આ હાઇ-પ્રોફાઇલ મુકાબલો છે. બેમાંથી જે ટીમ જીતશે એને સેમિ ફાઇનલમાં જવા સીધો માર્ગ મળશે.

સુપર-સિક્સ રાઉન્ડમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ઇંગ્લૅન્ડ જીતીને સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે જેને પરિણામે ભારત કરતાં પાકિસ્તાનનું સેમિમાં પહોંચવું વધુ મુશ્કેલ થઈ ગયું છે.

સુપર-સિક્સ રાઉન્ડમાં બે ગ્રૂપ છે અને પ્રત્યેક ગ્રૂપમાં છ-છ ટીમ સામેલ છે. બન્ને ગ્રૂપની ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં જાય એવી વ્યવસ્થા વચ્ચે ગ્રૂપ-૧માંથી ટોચના બે દેશ ઑસ્ટ્રેલિયા તથા અફઘાનિસ્તાન સેમિમાં પહોંચી ગયા છે, જ્યારે શ્રીલંકા, વેસ્ટ ઇન્ડિઝ, સાઉથ આફ્રિકા અને આયરલૅન્ડ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે. ગ્રૂપ-૨માંથી થૉમસ ર્યૂના સુકાનમાં ઇંગ્લૅન્ડ સૌથી વધુ આઠ પૉઇન્ટ સાથે સેમિમાં પહોંચી ગયું છે અને બાકીના એક સ્થાન માટે હવે ભારત-પાકિસ્તાન વચ્ચે હરીફાઈ છે. આ ગ્રૂપમાંથી બાંગ્લાદેશ, ન્યૂ ઝીલૅન્ડ અને ઝિમ્બાબ્વે ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે. ■

### ભારતને પાકિસ્તાન કરતાં વધુ તક

ગ્રૂપ-૨માંથી ઇંગ્લૅન્ડ સૌથી વધુ આઠ પૉઇન્ટ સાથે સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે. હવે આ ગ્રૂપમાંથી વધુ એક જ ટીમ સેમિ ફાઇનલમાં જશે અને એ માટે ભારત-પાકિસ્તાન વચ્ચે સ્પર્ધા છે. ભારતના છ પૉઇન્ટ અને +૩.૩૩૭નો રનરેટ છે. પાકિસ્તાનના ચાર પૉઇન્ટ અને +૧.૪૮૪નો રનરેટ છે. રવિવારે ભારત જીતશે તો સેમિમાં એની એન્ટ્રી પાક્કી જ છે, પરંતુ જો ભારત હારી જશે તો પાકિસ્તાન સાથે એના પણ છ પૉઇન્ટ રહેશે અને ત્યારે બન્નેમાંથી જેનો રનરેટ બેસ્ટ હશે એ સેમિમાં જશે. ■

### પાકિસ્તાનનો ખેલાડી ટૂર્નામેન્ટની બહાર

પાકિસ્તાનની ટીમને બહુ મોટો ઝટકો લાગ્યો છે, કારણકે એના વિકેટકીપર-બૅટ્સમૅન મોહમ્મદ શેયાન ઈજાને કારણે વર્લ્ડ કપની બહાર થઈ ગયો છે. નેટ પ્રૅક્ટિસ દરમ્યાન શેયાનને ફાસ્ટ બોલરનો બૉલ નાક પર વાગ્યો હતો અને તેના નાકનું હાડકું તૂટી જતાં તેણે ટૂર્નામેન્ટમાંથી નીકળી જવું પડ્યું છે. ■

### પાકિસ્તાનને કેવી રીતે ઓછો ચાન્સ?

પાકિસ્તાન આજે ભારતને હરાવશે તો એના ભારત જેટલા છ પૉઇન્ટ થશે, પરંતુ રનરેટમાં એણે ભારતને પાછળ રાખવું જ પડશે. જો આજે પાકિસ્તાન પ્રથમ બૅટિંગ કરશે તો એણે ૧૦૫ કે વધુ રનના માર્જિનથી જીતવું પડશે. જો પાકિસ્તાન લક્ષ્યાંક ચેઝ કરતું હશે તો એણે બહુ ઝડપથી એ મેળવી લેવો પડશે. ઉદાહરણ તરીકે, પાકિસ્તાને ૨૫૧ રનનો લક્ષ્યાંક ૨૯.૪ કે એનાથી ઓછી ઓવરમાં મેળવી લેવો પડશે. જો આવું થશે તો ભારતને બદલે પાકિસ્તાન સેમિમાં જશે. જો પાકિસ્તાનને ૨૫૧થી ઓછો ટાર્ગેટ મળ્યો હશે તો એણે વધુ ઝડપથી (૨૯.૪ કરતાં ઓછી ઓવરમાં) એ મેળવવો પડશે. ■

# સચિને મૉટિવેટ કર્યા પછી ભારતીય જુનિયર ક્રિકેટરો પાકિસ્તાન સામે બદલો લેવા વધુ જુસ્સેદાર બન્યા



શનિવારે સચિન સાથેની વર્ચ્યુઅલ ચર્ચા દરમ્યાન વીવીએસ લક્ષ્મણ (એકદમ ડાબે) પણ હાજર હતો.

બુલવૅયોઃ ડિસેમ્બરમાં દુબઈમાં એશિયા કપની ફાઇનલમાં ભારતની અન્ડર-૧૯ ટીમ ૧૯૧ રનથી હારી ગઈ હતી, પરંતુ આજે ભારતીય ટીમ ઝિમ્બાબ્વેના બુલવૅયોમાં વન-ડે વર્લ્ડ કપની મહત્ત્વની મૅચમાં પાકિસ્તાન સામે એ હારનો બદલો લેવાના જબરદસ્ત જોશ સાથે મેદાન પર ઊતરશે, કારણકે આ મુકાબલા પહેલાં આયુષ મ્હાત્રે ઍન્ડ કંપનીને ગઈ કાલે સચિન તેન્ડુલકર સાથેની ચર્ચામાં ઘણું મૉટિવેશન મળ્યું હતું.

ભારત સુપર-સિક્સ રાઉન્ડમાં આજે જીતશે તો વિશ્વ કપની સેમિ ફાઇનલમાં પહોંચી જશે. જોકે રનરેટ નબળો હોવાને કારણે પાકિસ્તાને ભારતને બહુ મોટા માર્જિનથી હરાવવું પડશે એ જોતાં સેમિ ફાઇનલમાં પહોંચવાની ભારતની સંભાવના વધુ છે.

બીસીસીઆઇએ એક્સ પરની એક પોસ્ટમાં લખ્યું હતું, ' ભારતના અન્ડર-૧૯ ખેલાડીઓએ ક્રિકેટ જગતના લેજન્ડ સચિન તેન્ડુલકર સાથે વર્ચ્યુઅલ સેશન દરમ્યાન ચર્ચા કરી હતી જેમાં સચિને તેમને ખૂબ સારું માર્ગદર્શન આપ્યું હતું. સચિને તેમને પોતાના બહુમૂલ્ય અનુભવોને આધારે સફળતા વિશે તેમ જ લાંબી કારકિર્દી બાબતમાં અગત્યની સલાહ આપી હતી. સચિને તેમને ટેક્નિકલ કૌશલ્ય વિશે તેમ જ ફિટ રહેવા બાબતમાં પણ માર્ગદર્શન આપ્યું હતું. એટલું જ નહીં, સચિને તેમને એકાગ્રતા, શિસ્ત, વિનમ્રતા રાખવાની તેમ જ સફળતા મળતાં અતિઉત્સાહમાં આવીને માનસિકતા ન બદલવાની પણ સલાહ આપી હતી.'

ભારતની અન્ડર-૧૯ ટીમ વર્તમાન વિશ્વ કપમાં અમેરિકા, બાંગ્લાદેશ, ન્યૂ ઝીલૅન્ડ અને ઝિમ્બાબ્વેને હરાવ્યા બાદ હવે પાકિસ્તાન સામે રમવા મેદાન પર ઊતરશે. ■

# અમેરિકાનો કૅપ્ટન મોનાંક પટેલ એક સમયે બુમરાહ-અક્ષર સાથે રમ્યો, હવે સાતમી ફેબ્રુઆરીએ વાનખેડેમાં હરીફ બનીને રમશે



મુંબઈઃ દોઢ દાયકા પહેલાં મોનાંક પટેલ ગુજરાતની અન્ડર-૧૯ ટીમના એ સમયના સાથી ખેલાડી જસપ્રીત બુમરાહ સાથે વાનખેડે સ્ટેડિયમના મેદાન પર ઊતર્યો ત્યારે મોનાંકે કલ્પના પણ નહીં કરી હોય કે એક સમય એવો આવશે જ્યારે બુમરાહ ભારતનો તમામ ફૉર્મેટ માટેનો ગ્રેટેસ્ટ-એવર ફાસ્ટ બોલર બની ગયો હશે અને પોતે તેની જ સામે આ જ મેદાન પર હરીફ દેશના ખેલાડી તરીકે રમશે.

જોકે મોનાંકે ત્યારે ભલે કલ્પના નહીં કરી હોય, પરંતુ હકીકત એ છે કે શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ ટી-૨૦ વર્લ્ડ કપના મુકાબલામાં (સાંજે ૭.૦૦ વાગ્યાથી) મોનાંક પટેલ અમેરિકાના કૅપ્ટન તરીકે વાનખેડેના મેદાન પર જોવા મળશે અને બુમરાહ તેની ટીમના એકેય બૅટ્સમૅનને મચક ન આપવાના સંકલ્પ સાથે રમશે. શનિવારે વિશ્વ કપમાં ભારતનો પ્રથમ મુકાબલો અમેરિકા સામે થશે જેમાં મોનાંકની યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસએ)ની ટીમ સાથે સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતની ટીમ ટક્કર લેશે. બુમરાહ ભારતનો મુખ્ય ફાસ્ટ બોલર છે, જ્યારે અક્ષર વાઇસ-કૅપ્ટન છે.

મોનાંક પટેલ અને તેની ટીમનો ફાસ્ટ બોલર સૌરભ નેત્રાવલકર ભૂતકાળમાં જુનિયર ક્રિકેટર તરીકે વાનખેડે સ્ટેડિયમમાં ઘણી મૅચો રમી ચૂક્યા છે. ખરું કહીએ તો અમેરિકાની વર્તમાન વર્લ્ડ કપ ટીમમાં ભારત, પાકિસ્તાન ઉપરાંત શ્રીલંકા અને સાઉથ આફ્રિકન મૂળના જ ખેલાડીઓનો સમાવેશ છે. ■

### મોનાંક-અક્ષર બન્ને ખેલાડી આણંદમાં જનમ્યા

મોનાંક દિલીપભાઈ પટેલ ૩૨ વર્ષનો છે. બુમરાહ પણ ૩૨ વર્ષનો છે, જ્યારે ૨૦૧૧ની સાલમાં તેઓ ગુજરાત વતી અન્ડર-૧૯ મૅચ રમ્યા હતા ત્યારે તેમની ઉંમર ૧૭ વર્ષની હતી. એ સમયે ગુજરાતની ટીમમાં અક્ષર રાજેશભાઈ પટેલ પણ હતો અને તે ૧૬ વર્ષનો હતો. બુમરાહનો જન્મ અમદાવાદમાં થયો હતો, જ્યારે મોનાંક તથા અક્ષરના જન્મ આણંદમાં થયા હતા. ■

### બુમરાહ સાથે બે વર્ષ રમ્યો છુંઃ મોનાંક

મોનાંક પટેલ પીટીઆઇને મુલાકાતમાં કહે છે, ' બુમરાહ અને અક્ષર સાથે એક જ ટીમ વતી હું રમી ચૂક્યો છું અને એ સમયની પળેપળ મને બરાબર યાદ છે. ત્યારે ગુજરાત વતી અન્ડર-૧૯માં હું પહેલી વખત રમ્યો હતો. હું બુમરાહ સાથે ગુજરાતની અન્ડર-૧૯ ટીમ વતી અને એ પહેલાં અક્ષર સાથે અન્ડર-૧૬ ટીમ વતી રમ્યો હતો. બુમરાહ સાથે હું જુનિયર લેવલમાં બે વર્ષ રમ્યો હતો. અમે બન્ને ગુજરાત વતી ઘણી મૅચો સાથે રમ્યા હતા. બુમરાહ ત્યારે પણ બોલિંગમાં અત્યાર જેવો જ અસરદાર હતો. જુનિયર સ્તરે રેડ બૉલ અને વાઇટ બૉલ બન્નેની મૅચોમાં તેની બોલબાલા હતી. હું તેની બોલિંગ જોઈને ત્યારે જ સમજી ગયો હતો એક દિવસ આ બોલર વિશ્વના ટોચના બોલર્સમાં ગણાશે.' ■

### ૨૦૧૩માં ક્રિકેટ છોડી દેવા વિચારેલું

મોનાંક પટેલ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન અને વિકેટકીપર છે. તે ૨૦૧૩માં ભારતથી અમેરિકામાં કાયમ માટે સ્થાયી થયો ત્યારે તેણે ક્રિકેટ છોડી દેવા વિચારેલું. તેને ગ્રીન કાર્ડ ૨૦૧૦માં જ મળી ગયું હતું. હું ત્યારે ભારત પાછો આવ્યો હતો અને ગુજરાત વતી રણજી ટ્રોફીમાં રમવા મળે એની તક ચકાસી હતી. જોકે મોકો ન મળ્યો એટલે પાછો અમેરિકા જતો રહ્યો અને ત્યાં મેં રેસ્ટોરાં શરૂ કરી હતી. જોકે ક્રિકેટનો ક્રેઝ મારામાંથી જરાય ઓછો નહોતો થયો. અમેરિકામાં ક્રિકેટનો નંબર ટોચની ૧૦ રમતમાં પણ નથી આવતો અને મને ત્યારે થયું કે જુનિયર ખેલાડીમાંથી પ્રોફેશનલ ક્રિકેટર બનવું સહેલું તો નથી જ. કારણ એ હતું કે આ રમતમાં ત્યારે કમાણી જેવું ખાસ કંઈ નહોતું. ૨૦૧૮માં અમે આખું વર્ષ ક્રિકેટ નહોતા રમતા. જોકે ૨૦૨૦માં અમેરિકાને વન-ડેનો દરજ્જો મળ્યો ત્યારથી અમારા માટે આ રમત આર્થિક રીતે ઊપજે એવી હોવા ઉપરાંત એમાં તક પણ બહુ હતી. અમેરિકા વતી આ રમતમાં હું સફળ થઈ રહ્યો છું એ માટે હું સંપૂર્ણ યશ મારા પરિવારને આપીશ. હવે અમેરિકામાં ક્રિકેટની રમતને કરીઅર તરીકે ગણવામાં આવે છે. અમેરિકામાં દર વર્ષે મોટી સંખ્યામાં ક્રિકેટ ઍકેડેમીઓ શરૂ થાય છે. અમારી મેજર લીગ ક્રિકેટ (એમએલસી) લોકપ્રિય લીગ ટૂર્નામેન્ટ છે અને એમાં રમીને ખેલાડીઓને સારા પૈસા પણ મળે છે.' ■

# સૌરાષ્ટ્ર ક્વૉર્ટર ફાઇનલની નજીક

ચંડીગઢઃ સૌરાષ્ટ્રએ રણજી ટ્રોફીમાં શનિવારે ત્રીજા દિવસે ચંડીગઢને એક દાવ અને ૫૬ રનથી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં સ્થાન લગભગ પાક્કું કરી લીધું હતું. ચંડીગઢની ટીમ બીજા દાવમાં સૌરાષ્ટ્રના ચિરાગ જાની અને ધર્મેન્દ્રસિંહ જાડેજાની ચાર-ચાર વિકેટને કારણે માત્ર ૨૬૧ રનમાં આઉટ થઈ ગઈ હતી.

બાંદરામાં દિલ્હીના પ્રથમ દાવના ૨૨૧ રનના જવાબમાં મુંબઈએ ૩૧૭ રન કર્યા ત્યાર બાદ શનિવારે બીજા દાવમાં દિલ્હીએ ચાર વિકેટે ૨૦૬ રન કરીને ૧૧૦ રનની સરસાઈ મેળવી હતી. રવિવારના છેલ્લા દિવસે આ મૅચમાં રસાકસી થવાની સંભાવના છે.

અગરતલામાં ગુજરાતના પ્રથમ દાવના ૩૫૨ રનના જવાબમાં ત્રિપુરાએ ૪૨૭ રન કરીને ૭૫ રનની લીડ લીધી હતી. બીજા દાવમાં ગુજરાતે ૫૩ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી.

સાલેમમાં બરોડાના ૩૭૫ રનના જવાબમાં તમિળનાડુએ પ્રથમ દાવમાં સાત વિકેટના ભોગે ૪૧૧ રન બનાવ્યા હતા. તમિળનાડુ સરસાઈમાં આવી ચૂક્યું છે.

# ડબ્લ્યૂપીએલમાં આજે દિલ્હી-યુપી વચ્ચે રસાકસી



શુક્રવારે મુંબઈને ગુજરાતે પહેલીવાર હરાવ્યું

વડોદરાઃ શુક્રવારે ગુજરાત જાયન્ટ્સે પહેલી જ વખત મુંબઈ ઇન્ડિયન્સને વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં પરાજિત કરીને પ્લે-ઑફમાં સ્થાન પાક્કું કરી લીધું હતું. ગુજરાતે ચાર વિકેટે ૧૬૭ રન કર્યા બાદ બે વખત વિજેતા બની ચૂકેલી હરમનપ્રીત કૌરની મુંબઈની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૬ રન કરી શકી હતી. કૅપ્ટન હરમનના અણનમ ૮૨ રન એળે ગયા હતા.

ગુજરાત ઉપરાંત સ્મૃતિ મંધાનાની બેંગ્લૂરુની ટીમ પણ પ્લે ઑફમાં પહોંચી ગઈ છે. ખરેખર તો બેંગ્લૂરુએ સીધો ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

આજે દિલ્હી કૅપિટલ્સ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે મુકાબલો છે અને એમાં જીતીને દિલ્હીને પ્લે-ઑફમાં જવાનો મોકો મળશે. આજે દિલ્હી જીતશે તો મુંબઈ આઉટ થઈ જશે. જોકે યુપી જીતશે તો મુંબઈને પ્લે-ઑફ માટે તક મળશે. પ્લે-ઑફ (એલિમિનેટર)માં ગુજરાત સામે કોણ રમશે એ આજે નક્કી થશે. મંગળવારની એલિમિનેટરમાં જીતનારી ટીમ ગુરુવારે બેંગ્લૂરુ સામે ફાઇનલમાં રમશે. ■

# પાકિસ્તાનનું નવું નાટકઃ વર્લ્ડ કપની જર્સીનું લૉન્ચિંગ મોકૂફ રાખ્યું

લાહોરઃ બાંગ્લાદેશ એક સ્પષ્ટ અભિગમ અપનાવીને આગામી ટી-૨૦ વર્લ્ડ કપની બહાર થઈ ગયું એને ઘણા દિવસ થઈ ગયા, પણ પાકિસ્તાનનું એક પછી એક નાટક ચાલુ જ છે અને નવા ડ્રામામાં એણે પોતાના વિશ્વ કપના ખેલાડીઓની જર્સીના લૉન્ચિંગનો જે સમારોહ રવિવારે (પહેલી ફેબ્રુઆરીએ) રાખવાનું નક્કી કર્યું હતું એ સમારોહ છેલ્લી ઘડીએ અચાનક મુલતવી રાખ્યો છે.

પાકિસ્તાનના આ નવા નાટકને પગલે ક્રિકેટ જગતમાં ચર્ચા થવા લાગી છે કે બાંગ્લાદેશના ટેકામાં શું પાકિસ્તાન વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે? જોકે કરોડો રૂપિયાના આર્થિક નુકસાનને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન વિશ્વ કપનો બહિષ્કાર કરશે એની સંભાવના ઓછી છે.

પાકિસ્તાનમાં ઑસ્ટ્રેલિયાની 'બી' ગ્રેડની ટીમ ટી-૨૦ સિરીઝ રમવા આવી છે અને એ ટીમ સામે રવિવારે લાહોરમાં રમાનારી ત્રીજી મૅચ પહેલાં પાકિસ્તાની ખેલાડીઓના જર્સીના લૉન્ચિંગનો સમારંભ રાખવાનું નક્કી થયું હતું. જોકે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે સ્પષ્ટ કારણ આપ્યા વગર આ કાર્યક્રમ મોકૂફ રાખી દીધો હતો.

કહેવાય છે કે પાકિસ્તાની ટીમને વર્લ્ડ કપમાં રમવા શ્રીલંકા જવા માટે હજી સુધી વિદેશ મંત્રાલયની પરવાનગી ન મળી હોવાથી ક્રિકેટ બૉર્ડે રવિવારની ઇવેન્ટ મુલતવી રાખી હતી. વર્લ્ડ કપમાં પાકિસ્તાનની તમામ મૅચો શ્રીલંકામાં રમાવાની છે. ■

# અનાપશનાપ તેજી પશ્ચાત્ વૈશ્વિક સોના-ચાંદી માટે બ્લેક ફ્રાઈડેઃ અમેરિકી ફેડરલના નવાં અધ્યક્ષની જાહેરાત સાથે સોના-ચાંદી આસમાનેથી પટકાયા

અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના અનુગામી તરીકે ફેડરલ રિઝર્વના ભૂતપૂર્વ ગવર્નર કેવિન વાર્શની પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી હોવાના નિર્દેશો સાથે તેઓ ભવિષ્યમાં સત્તા ગ્રહણ કરતાં તંગ નાણાનીતિ અપનાવે તેવી ભીતિ સપાટી પર આવતા ગત શુક્રવારે વૈશ્વિક બજારમાં સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓ સહિત કોપરના ભાવમાં જે અનાપશનાપ તેજી જોવા મળી હતી તે પટકાઈ ગયા હતા. તેમાં પણ ખાસ કરીને સોના અને ચાંદીમાં વર્ષ ૧૯૮૦ પછીનો સૌથી મોટો કડાકો બોલાઈ ગયો હતો અને રોકાણકારો માટે બ્લેક ફ્રાઈડે પુરવાર થયો હતો. આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ ગત ગુરુવાર સુધી એકતરફી તેજી જોવા મળ્યા બાદ શુક્રવારે ભાવમાં કડાકા બોલાઈ ગયા હતા. સ્થાનિક બજારમાં ગત ગુરુવાર સુધીમાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હોવાથી માત્ર રોકાણલક્ષી માગને બાદ કરતાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી, જ્યારે શુક્રવારે વધુ ભાવઘટાડાના આશાવાદે માગ શાંત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, હવે બજાર વર્તુળોની નજર આવતીકાલે (રવિવારે) જાહેર થનારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રના પ્રસ્તાવો પર સ્થિર થઈ છે. તાજેતરમાં સોના અને ચાંદીના ભાવ વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હોવાથી નાણાં પ્રધાન દાણચોરીના દૂષણને ડામવા ડ્યૂટીમાં ઘટાડો કરવા જેવું કોઈ પગલું લે છે કે નહીં તેના પર બજાર વર્તુળોની મીટ છે. જોકે, સ્થાનિક જેમ્સ અને જ્વેલરી ક્ષેત્ર અંદાજપત્રમાં એવા પગલાંની અપેક્ષા રાખે છે કે જે ખર્ચ ઘટાડે, વેપાર પ્રક્રિયાઓને સરળ બનાવે, સ્થાનિક માંગમાં વધારો કરે અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં પણ વધારો કરે.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૩મી જાન્યુઆરીના રૂ. ૧,૫૪,૩૧૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૫૯,૦૨૭ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૫૮,૯૦૧ અને ઉપરમાં રૂ. ૧,૭૬,૧૨૧ની નવી ઊંચી સપાટી સુધી પહોંચીને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૧૧,૪૮૫ના અથવા તો ૭.૪૪ ટકાના સુધારા સાથે રૂ. ૧,૬૫,૭૯૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંતના કિલોદીઠ રૂ. ૩,૧૭,૭૦૫ના બંધ સામે ઉછાળા સાથે રૂ. ૩,૪૨,૫૦૭ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૩,૮૫,૯૩૩ સુધી ઉછળ્યા બાદ સપ્તાહના અંતે રૂ. ૩,૩૯,૩૫૦ની નીચી સપાટીએ બંધ રહ્યા હતા. આમ ચાંદીમાં સાપ્તાહિક ધોરણે રૂ. ૨૧,૬૪૫નો અથવા તો ૬.૮૧ ટકાનો સુધારો નોંધાયો હતો.



અત્યાર સુધી સોનામાં જોવા મળેલી તેજીના મુખ્ય કારણોમાં સૌ પ્રથમ તો અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિને કારણે વૈશ્વિક બજારમાં વેપાર અંગે અનિશ્ચિતતા પ્રમાણ વધવાને કારણે સલામતી માટેની માગમાં વધારો થયો હતો. વધુમાં રશિયા-યુક્રેન અને ઈઝરાયલ હમાસ વચ્ચેના યુદ્ધ ઉપરાંત તાજેતરમાં અમેરિકાએ વેનેઝુએલાની તેલની અનામતો પર નિયંત્રણ મેળવ્યા બાદ ગ્રીનલેન્ડ કબજે કરવાના મુદ્દે વધેલા ભૂરાજકીય તણાવને કારણે સોના અને ચાંદીની તેજીને ઈંધણ મળ્યું હતું. આ સિવાય છેલ્લાં ઘણાં સમયથી ખાસ કરીને ઊભરતા અર્થતંત્રો સહિતના અન્ય દેશોની કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં જળવાઈ રહેલી લેવાલી તેજી માટેનું મુખ્ય પરિબળ પુરવાર થયું છે. જોકે, તાજેતરમાં જોવા મળેલા ઘટાડા માટે માત્ર એક જ પરિબળ રહ્યું છે અને તે છે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ તરીકે કેવિન વાર્શ. બજાર વર્તુળોનું માનવું છે કે તેઓ નાણાનીતિમાં સાવચેતીનો અભિગમ અપનાવશે અર્થાત્ તેઓ તંગ નાણાનીતિ અપનાવશે અને વ્યાજદરમાં અપેક્ષિત કપાત જોવા નહીં મળે તેવી ભીતિ સપાટી પર આવતા સોના, ચાંદી અને કોપર જેવી ધાતુઓના ભાવ કડડડભૂસ થયા હતા. એકંદરે ભૂરાજકીય તણાવ, વર્તમાન ટૅરિફના દર અને ટ્રમ્પની ટૅરિફની ધમકીઓ જેવાં કારણોસર અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ગત સાલ કરતાં વધુ માત્રામાં વધારો જોવા મળ્યો હોવાનું એબીસી રિફાઈનરીનાં ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટના હેડ નિકોલસ ફ્રેપેલે જણાવતાં ઉમેર્યું હતું કે જ્યારે તમારી પાસે અસ્ક્યામત તરીકે સોનું હોય તો તે ડેબ્ટ, બૉન્ડ કે ઈક્વિટી સાથે સંકળાયેલું નથી હોતુ અથવા તો કંપનીની કામગીરીને કારણે થતી સકારાત્મક-નકારાત્મક અસરોથી સોનું મુક્ત હોય છે. આથી જ અનિશ્ચિતતાના સંજોગોમાં રોકાણ તરીકેના શ્રેષ્ઠ સાધનમાં સોનાનો સમાવેશ થાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજરમાં સોનાના ભાવ પાંચ ટકા જેટલા ઘટીને ઔંસદીઠ ૪૮૬૪.૩૫ ડૉલર આસપાસ અને હાજરમાં ચાંદીના ભાવ ૧૧ ટકા જેટલા ઘટીને ઔંસદીઠ ૮૪.૬૫ ડૉલરના મથાળે રહ્યાના અહેવાલ હતા. નોંધનીય બાબત એ છે કે ગત જાન્યુઆરી મહિનામાં સોનાના ભાવમાં અંદાજે ૧૭ ટકાનો અને ચાંદીના ભાવમાં ૩૯ ટકાનો ઉછાળો આવ્યો હતો. તાજેતરમાં બન્ને કિંમતી ધાતુઓમાં જોવા મળેલી અનાપશનાપ તેજી બાદ સટ્ટાકીય વેચવાલીના દબાણે કડાકા બોલાઈ ગયા હતા. જોકે, સટ્ટોડિયાઓ સુપેરે જાણે છે કે આ બેતરફી બજાર છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે લંડન ખાતે કોપરના ભાવ જે ગુરુવારે વધીને ટનદીઠ ૧૪,૫૨૭.૫૦ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા તે શુક્રવારે ૧.૧ ટકાના ઘટાડા સાથે ૧૩,૪૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે જાન્યુઆરી મહિનામાં કોપરમાં ૧૧ ટકાનો ભાવવધારો જોવા મળ્યા બાદ છ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

જોકે, આગામી સમયગાળા દરમિયાન કોપર અને અન્ય કિંમતી ધાતુઓમાં ફંડોનો પ્રવાહ જળવાઈ રહેતાં ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળે તેવો આશાવાદ એલાઈસ ફોક્સનાં વિશ્લેષક મેક્વેરીએ વ્યક્ત કર્યો હતો, જ્યારે અમુક વિશ્લેષકોનું માનવું છે કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોના-ચાંદીમાં ભારે ચંચળતાનું વલણ જળવાઈ રહેશે.

નોંધનીય બાબત એ છે કે હાલની અફરાતફરીના માહોલમાં ચાઈનીઝ પંટરો વાયદામાં નવી પોઝિશન લેવાથી દૂર રહ્યા હોવાના અહેવાલો વહેતા થયા હતા.

## ખાંડમાં માગને ટેકે વધુ ₹૧૦થી ૩૦ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૦થી ૩૭૨૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પ્રબળ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૦નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગ પ્રબળ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૮૫૨થી ૩૮૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૩૨થી ૩૯૮૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૮૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૯૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

## વિદેશી હૂંડિયામણની અનામત આઠ અબજ ડૉલર વધીને ઐતિહાસિક ટોચે

મુંબઈઃ ગત ૨૩મી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૮.૦૫૩ અબજ ડૉલર વધીને ૭૦૯.૪૧૩ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧૪.૧૬૭ અબજ ડૉલરના વધારા સાથે ૭૦૧.૩૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વે વિદેશી હૂંડિયામણની અનામત સપ્ટેમ્બર, ૨૦૨૪માં ૭૦૪.૮૯ અબજ ડૉલરની ઊંચી સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ગબડતા રૂપિયાને અંકુશ હેઠળ રાખવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ક્રમશઃ ઘટાડો થયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૨.૩૬ અબજ ડૉલર વધીને ૫૬૨.૮૮૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૫.૬૩૫ અબજ ડૉલર વધીને ૧૨૩.૦૮૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. આ સિવાય ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩.૩ કરોડ ડૉલર વધીને ૧૮.૭૩૭ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૮ કરોડ ડૉલર વધીને ૪.૭૦૩ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

## ભારત-ઈયુ કરારઃ ફૂટવૅર અને લેધરની નિકાસ વધશે

ચેન્નાઈઃ ભારત અને યુરોપિયન યુનિયિન (ઈયુ) વચ્ચેના મુક્ત વેપાર કરાર થકી ફૂટવૅર અને લેધર ઉદ્યોગને પ્રોત્સાહન મળશે અને નિકાસ માટેની નવી તકે ખૂલશે, એમ કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટસ (સીએલઈ)ના એક અધિકારીએ જણાવ્યું હતું.

યુરોપિયન યુનિયન ભારતીય ફૂટવૅર અને લેધર ક્ષેત્ર માટેની મોટી બજાર છે જે કુલ નિકાસનો ૪૩ ટકા હિસ્સો ધરાવે છે, એમ કાઉન્સિલના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર આર સેલ્વમે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ વાણિજ્ય મંત્રાલયના નેજા હેઠળ કાર્ય કરે છે અને દેશનાં લેધર અને લેધર ઉત્પાદન ક્ષેત્ર માટે ટોચનું વેપાર પ્રોત્સાહન આપતુ સંગઠન છે.

ભારત-ઈયુ મુક્ત વેપાર કરાર થકી યુરોપિયન યુનિયનના રાષ્ટ્રોમાં શૂન્ય ટકા આયાત જકાત રહેતાં ભારતીય ફૂટવૅર અને લેધરના નિકાસકારો માટે નવી તકો ખૂલશે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૪ અબજ ડૉલરની નિકાસનો લક્ષ્યાંક હાંસલ કરવામાં મદદરૂપ થશે, એમ સેલ્વમે જણાવ્યું હતું.

વધુમાં તેમણે પત્રકાર વર્તુળોને કહ્યું હતું કે આ કરાર થકી ભારત અને ઈયુ વચ્ચે માત્ર સહકાર જ નહીં વધે, પરંતુ રોકાણ પણ પ્રોત્સાહિત થશે. નોંધનીય બાબત એ છે કે ગત ૨૭મી જાન્યુઆરીના રોજ એક સિમાચિહ્નરૂપ મુક્ત વેપાર કરાર થયો, જેને મધર ઑફ ઑલ ડીલ્સ અથવા તો તમામ કરારોની માતા તરીકે ઓળખ આફવામાં આવી હતી. તેમ જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈયુનાં ટોચના અધિકારીઓએ વેપાર તથા સંરક્ષણ સહકાર સઘન બનાવવા અને નિયમો આધારિત વિશ્વ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટેના એક વ્યાપક એજન્ડાની જાહેરાત કરી હતી.

કાઉન્સિલે કેન્દ્રને ફૂટવૅર અને લેધર ક્ષેત્ર માટે પ્રોડક્ટ આધારિત સ્કીમ અમલી બનાવવા અરજ કરી હોવાનું જણાવતાં સેલ્વમે જણાવ્યું હતું કે ઉદ્યોગે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૬ અબજ ડૉલરના સ્થાનિક અને ૧૪ અબજ ડૉલરની નિકાસ સહિત કુલ ૫૦ અબજ ડૉલરના ટર્નઓવરનો લક્ષ્યાંક રાખ્યો હોવાથી ઉત્પાદન આધારિત સ્કીમની આવશ્યકતા છે. હાલમાં ફૂટવૅર અને લેધર ક્ષેત્રનું ટર્નઓવર ૨૪.૬ અબજ ડૉલરનું છે જેમાં સ્થાનિક ૧૯ અબજ ડૉલરના ટર્નઓવર અને ૫.૬ અબજ ડૉલરની નિકાસનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે અત્રે આગામી પહેલી ફેબ્રુઆરીથી યોજાનાર ૩૯માં ઈન્ડિયા ઈન્ટરનેશનલ લેધર ફેર (આઈઆઈએલએફ) ૨૦૨૬માં હાજરી આપવા માટે કાઉન્સિલના ચેરમેન રમેશ જૂનેજા અને સેલ્વમ ઉપસ્થિત રહ્યા હતા.

## ઑક્ટોબરથી જાન્યુઆરી દરમિયાન ખાંડનું ઉત્પાદન ૧૮.૩૫ ટકા વધ્યુંઃ ઈસ્મા

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ૩૧મી જાન્યુઆરી સુધીમાં દેશમાં ખાંડનું ઉત્પાદન ગત મોસમના સમાનગાળાના ૧.૬૪૭ કરોડ ટન સામે ૧૮.૩૫ ટકા વધીને ૧.૯૫ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું ઔદ્યોગિક સંગઠન ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ઈસ્મા)એ તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર હાલ દેશમાં ૫૧૫ ખાંડ મિલોમાં પિલાણ ચાલી રહ્યું છે અથવા તો કાર્યરત છે, જ્યારે ગત મોસમના સમાનગાળામાં ૫૦૧ ખાંડ મિલો કાર્યરત હતી. સમીક્ષા હેઠળના સમયગાળામાં અર્થાત્ ગત ૩૧મી જાન્યુઆરી સુધી દેશનાં અગ્રણી ખાંડ ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં ખાંડનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાની તુલનામાં ૪૨ ટકા વધીને ૭૮.૭ લાખ ટનના સ્તરે રહ્યું છે. તેમ જ રાજ્યમાં ૨૦૬ ખાંડ મિલો કાર્યરત છે, જ્યારે ગત સાલના સમાનગાળામાં ૨૦૬ મિલો કાર્યરત હતી.

વધુમાં દેશના બીજા ક્રમાંકના ઉત્પાદક રાજ્ય ઉત્તર પ્રદેશમાં ખાંડનું ઉત્પાદન ગત સાલ કરતાં પાંચ ટકા વધીને ૫૫.૧૦ લાખ ટનના સ્તરે રહ્યું છે, જ્યારે ત્રીજા ક્રમાંકના રાજ્ય કર્ણાટકમાં પણ પિલાણ વેગીલું બન્યું છે અને ઉત્પાદનમાં પણ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૧૫ ટકાનો વધારો થયો હોવાનું ઈસ્માએ યાદીમાં ઉમેર્યું છે.

વધુમાં એસોસિયેશને વર્તમાન મોસમમાં ખાંડનું ઉત્પાદન આગલી મોસમના ૨.૬૧ કરોડ ટન સામે ૧૮.૬ ટકા વધીને ૩.૦૯૫ કરોડ ટન આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે.

## વિશ્વ બજાર પાછળ ધાતુમાં જળવાતું ઑલ ફોલ ડાઉન

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પસંદ કરેલા ફેડરલ રિઝર્વનાં નવાં ગવર્નર કેવિન વાર્શ તંગ નાણાનીતિ અપનાવે તેવી ભીતિ સપાટી પર આવતા ગઈકાલે વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓ સહિત કોપર જેવી અન્ય ધાતુઓના ભાવમાં કડાકા બોલાઈ ગયાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ઑલ ફોલ ડાઉન જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. નવથી ૫૦ સુધીનો ઘટાડો નોંધાયો હતો. જોકે, આજે સતત બીજા સત્રમાં પણ ભાવઘટાડાનું વલણ જળવાઈ રહ્યું હોવાથી વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ગુરુવારે લંડન ખાતે કોપરના ભાવ જે વધીને ટનદીઠ ૧૪,૫૨૭.૫૦ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યા હતા તે શુક્રવારે ગગડી ગયા હતા અને આગલા બંધ સામે ૧.૧ ટકાના ઘટાડા સાથે ટનદીઠ ૧૩,૪૬૫ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ ઘટાડાતરફી વલણ રહ્યું હતું.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ સાર્વત્રિક સ્તરેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો. જેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૫૦ ઘટીને રૂ. ૧૬૩૭, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૬ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૨૦ અને રૂ. ૧૨૭૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૩૫ ઘટીને રૂ. ૧૨૦૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૩૪ ઘટીને રૂ. ૧૨૧૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૧૨૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને અનુક્રમે રૂ. ૭૨૦ અને રૂ. ૩૧૮, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૪૯૦૦, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૮૨૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૩૨૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪૦ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

## યુરોપિયન યુનિયન સાથેના કરારથી ચાની નિકાસની તક ખૂલશે, પરંતુ ખર્ચમાં વધારો ચિંતાનો વિષય

કોલકતાઃ ભારત-યુરોપિયન વચ્ચેનાં મુક્ત વેપાર કરાર ભારતીય ચા ઉદ્યોગ માટે નિકાસની નવી તકો ખોલે તેવી શક્યતા છે. જોકે, નિયમનકારી પાલન અને વધતા ખર્ચ ચિંતાનો મુખ્ય વિષય હોવાનું ટી એસોસિયેશન ઑફ ઈન્ડિયા (ટીઆઈએ)એ તાજેતરમાં જણાવ્યું હતું.

સત્તાવાર ધોરણે આ કરારને ભારત-યુરોપિયન યુનિયન વેપાર અને રોકાણ કરાર નામ આપવામાં આવ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ ટૅરિફ ઘટાડીને, વેપારને અવરોધતા ટૅરિફ સિવાયના અંતરાયો દૂર કરવા અને નિયમનકારી સહકાર મજબૂત કરી દ્વીપક્ષીય વેપાર અને રોકાણને સઘન બનાવવાનો છે.

આ કરારથી યુરોપિયન યુનિયનની બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા વધશે અને ભારતીય ચાનો વિસ્તારિત ધોરણે પ્રવેશ થતાં ખાસ કરીને લીલી ચાની કેટેગરીમાં ડ્યૂટી દૂર થવાની શક્યતા એસોસિયેશનના પ્રમુખ શૈલજા મહેતાએ જણાવ્યું હતું.

ભારત વર્ષે અંદાજે ૧.૯થી ૨.૧ કરોડ કિલોગ્રામ ચાની યુરોપિયન યુનિયન ખાતે નિકાસ કરે છે. જેમાં જર્મની અને પોલેન્ડનો હિસ્સો બહોળો છે. હાલમાં પણ યુરોપ ખાતે કાળી ચા પરની ડ્યૂટી શૂન્ય છે તેમ છતાં કરારમાં અમુક લીલી ચાની ડ્યૂટી દૂર કરવામાં આવતાં નિકાસ વધુ મજબૂત થશે, એમ મહેતાએ જણાવવાની સાથે ટૅરિફ સિવાયના અંતરાયો નિકાસ સામેના પડકારો બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. યુરોપિયન યુનિયનના રેસિડ્યુ (અવશેષ) મર્યાદા, ખાદ્ય સલામતી, ટ્રેસિબિલિટી, પૅકેજિંગ અને લેબલિંગ સંબંધિત નિયમો ભારતીય નિકાસકારો માટે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ઉદ્યોગ નિયમનકારી, પારદર્શકતા અને વિજ્ઞાન આધારિત ધોરણોને સુનિશ્ચિત કરી જોગવાઈઓની અપેક્ષા રાખે છે. તેમ જ નવા નિયમો રજૂ કરવામાં આવે તે પૂર્વે સમયસર ઉદ્યોગ સાથે સરકાર સલાહમસલત કરે તેવો આશાવાદ રાખે છે.

## ૧૦૦ અબજ ડૉલરનો લક્ષ્યાંક હાંસલ કરવા સ્થિર કૃષિ નિકાસ નીતિની આવશ્યકતાઃ આર્થિક સર્વેક્ષણ

નવી દિલ્હીઃ ભારતે કૃષિ નિકાસ વધારવા માટે નીતિઓ સ્થિર રાખવી જોઈએ અને પુરવઠા સ્થિતિને ખંડિત કરતા અને એક વિશ્વસનીય પુરવઠાકાર તરીકે દેશની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે એવા કામચલાઉ ધોરણે લાદવામાં આવતા વેપાર પ્રતિબંધોને દૂર કરવા જોઈએ, એમ ગત ગુરુવારે આર્થિક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું હતું.

એકંદરે કૃષિ નિકાસ ઓછા પ્રમાણમાં નિકાસ ક્ષમતા સાથે ઓછા ફળદાયી છે અને ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે લાભ ધરાવે છે. આથી સર્વેક્ષણમાં સ્થાનિક માગ અને નિકાસ વૃદ્ધિને સંતુલિત કરતી નીતિ પર ભાર મૂકવામાં આવ્યો છે. નોંધનીય બાબત એ છે કે ભારતે આગામી ચાર વર્ષમાં કૃષિ, દરિયાઈ ઉત્પાદનો અને ખાદ્ય અને પીણાંઓ સહિતની નિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં ૫૧.૧ અબજ ડૉલર સામે વધારીને ૧૦૦ અબજ ડૉલરની સપાટી સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની આંકડાકીય માહિતી અનુસાર મૂલ્યની દૃષ્ટિએ કૃષિ ઉત્પાદનમાં વિશ્વમાં બીજો ક્રમાંક ધરાવતા દેશ ભારતનો વૈશ્વિક કૃષિ નિકાસમાં હાલ માત્ર ૨.૨ ટકા હિસ્સો ધરાવે છે જે વર્ષ ૨૦૦૦માં ૧.૧ ટકાનો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કૃષિ નિકાસનો કમ્પાઉન્ડ ધોરણે વૃદ્ધિદર મર્ચન્ડાઈઝ નિકાસના ૬.૯ ટકાના દર સામે વધીને ૮.૨ ટકાના સ્તરે રહ્યો હતો. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન કૃષિ નિકાસ સ્થિર રહી હતી, જ્યારે વૈશ્વિક કૃષિ વેપાર વર્ષ ૨૦૨૨નાં ૨.૩ ટ્રિલિયન ડૉલર સામે વર્ષ ૨૦૨૪માં વધીને ૨.૪ ટ્રિલિયન ડૉલરના સ્તરે રહ્યો હતો.

છાશવારે નીતિમાં થઈ રહેલા બદલાવને કારણે નિકાસની પુરવઠાચેઈન વિક્ષેપિત થતી હોય છે. તેમ જ તેને કારણે બજારમાં અનિશ્ચિતતા સર્જાતા વિદેશી ખરીદદારો અન્ય સ્રોત તરફ વળી જતાં હોય છે. આથી સર્વેક્ષણમાં ચેતવણી આપવામાં આવી હતી કે એક વખત નિકાસ બજાર ગુમાવ્યા બાદ ફરીથી તેને હાંસલ કરવી બહુ કઠિન હોય છે.

સ્થાનિક સ્તરે ફુગાવો અંકુશમાં રાખવા અથવા તો ભાવ નિયંત્રણમાં રાખવા માટે ભારત અવારનવાર નિકાસ પ્રતિબંધ અથવા તો લઘુતમ નિકાસભાવ લાદતું હોય છે તેને કારણે કામચલાઉ ધોરણે ભાવમાં સ્થિરતા આવતી હોય છે, પરંતુ લાંબાગાળે વિશ્વ બજારમાં પ્રતિષ્ઠાને હાનિ પહોંચતી હોય છે.

## ફાર્માસ્યુટિકલના ત્રણ ઘટકો પર આયાત નિયંત્રણ

નવી દિલ્હીઃ આજે સરકારે પેનેસિલિન ક્લાસ એન્ટિબાયોટિક્સના ઉત્પાદનમાં વપરાતા ત્રણ ઘટકો (ઈનગ્રેડિયન્ટ્સ) પર લઘુતમ આયાત ભાવની મર્યાદા લાદી છે. આ ત્રણ ઘટકોમાં પેનેસિલિન જી-પોટેશિયમ, ૬-એપીએ અને એમોક્સિસિલિન ટ્રાઈહાઈડ્રેટનો સમાવેશ થતો હોવાનું એક નોટિફિકેશનમાં જણાવાયું છે.

આ ત્રણેય ઈનગ્રેડિયન્ટ્સને એક વર્ષ સુધી નિયંત્રિત ચીજોની યાદીમાં રાખવામાં આવ્યા હોવાનું નોટિફિકેશનમાં જણાવતા ઉમેર્યું હતું કે જી-પોટેશિયમ, ૬-એપીએ અને એમોક્સિસિલિન ટ્રાઈહાઈડ્રેટનું સીઆઈએફ (કોસ્ટ, ઈન્સ્યોરન્સ અને ફ્રેઈટ) ધોરણે કિલોદીઠ લઘુતમ મૂલ્ય અનુક્રમે રૂ. ૨૨૧૬, રૂ. ૩૪૦૫ અને રૂ. ૨૭૩૩ નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ લઘુતમ આયાત ભાવના નિયંત્રણ નોટિફિકેશન જાહેર થયાના અર્થાત્ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬થી એક વર્ષ સુધી અમલી રહેશે, એમ ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે નોટિફિકેશનમાં જણાવ્યું હતું. જોકે, આ આયાત નિયંત્રણ ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમો, એસઈઝેડ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન) ખાતેના એકમો અને એડવાન્સ ઑથોરાઈઝેશન સ્કીમ હેઠળ આયાત કરનારને આયાત થયેલ ઈનપૂટ્સને સ્થાનિક ટૅરિફ વિસ્તારમાં વેચાણ ન કરી શકે તેવી શરત સાથે આ નિયંત્રણમાંથી છૂટ આપવામાં આવી છે.



રાજકોટ મહાનગરપાલિકાની કચેરીમાં ટ્રાફિક પોલીસની ટીમે વાહનચાલકોનું હેલ્મેટ ચેકિંગ શરૂ કરતા વાતાવરણ ગરમાયું હતું. આ કામગીરીને પગલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને વિરોધ નોંધાવ્યો હતો, જેને પગલે તરત જ પોલીસ કર્મચારીઓ ત્યાંથી નીકળી ગયા હતા.



રાજકોટમાં વિશ્વકર્મા જયંતી નિમિત્તે શાસ્ત્રીમેદાન ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી... (તસ્વીરોઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## માંડવીમાં વૃક્ષનું છેદન કરનારા ચાર આરોપીને બે ગણા વૃક્ષારોપણનો મામલતદારની કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય માંડવી શહેરમાં આવેલા અંદાજે ૧૫૦ વર્ષ પુરાણા પીપળાના ઘેઘુર વૃક્ષના ગેરકાયદેસર છેદન કરવા બદલ, મામલતદારની અદાલત દ્વારા સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારા૧૯૫૧ના ભંગ બદલ ચાર જણને રૂ. ૧૦૦૦નો દંડ તથા ફરજિયાત બે ગણા વૃક્ષારોપણનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ અંગે માંડવીના કે.ટી. શાહ રોડ પર રહેતા વીરેન ઝવેરીલાલ શાહ દ્વારા મામલતદાર કોર્ટ સમક્ષ દાખલ કરેલી ફરિયાદ મુજબ, ભંડારીવાળી ડેલી, મંછાદેવી મંદિર સામે આવેલા વિસ્તારમાં ૧૫૦ વર્ષ જૂનું પીપળાનું વૃક્ષ નગરપાલિકાની મર્યાદિત મંજૂરી હોવા છતાં સંપૂર્ણપણે કાપી નાખવામાં આવ્યું હતું. કોર્ટ સમક્ષ માંડવી નગરપાલિકાનો પત્ર, મામલતદાર કચેરીના રોજકામ તથા સ્થળની તસ્વીરો સહિતના પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે આરોપીઓએ ગેરકાયદેસર રીતે ફરિયાદીની મિલકતમાં પ્રવેશ કરી આખું વૃક્ષ છેદન કરીને લાકડાનું વેચાણ પણ કર્યું હતું, જેના કારણે મિલકતને નુકસાન પહોંચ્યું હતું.

સંજય દેવજી મહેતા, જીતેન્દ્ર દેવજી મહેતા, પ્રતીક જીતેન મહેતા અને ભરતભાઈ દેવજીભાઈ મહેતા દ્વારા દલીલ કરવામાં આવી હતી કે વૃક્ષ જોખમરૂપ હોવાથી માત્ર નડતરરૂપ ડાળીઓનું ટ્રિમિંગ કરવામાં આવ્યું છે અને વૃક્ષ કે લાકડાનું વેચાણ કરવામાં આવ્યું નથી.

કોર્ટ સમક્ષ સર્કલ ઓફિસર દ્વારા કરાયેલા પંચનામા તથા નગરપાલિકાના પત્રની તપાસ પરથી સ્પષ્ટ થયું હતું કે, પીપળાનું વૃક્ષ માત્ર ટ્રિમિંગ નહીં પરંતુ સંપૂર્ણપણે છેદન કરવામાં આવ્યું છે, જે સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારા ૧૯૫૧નો સ્પષ્ટપણે ભંગ છે. મામલતદાર પી.એ. જેઠવા દ્વારા સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારા ૧૯૫૧ની કલમ ૩(૧) (ખ) હેઠળ આરોપીઓને રૂ.૧૦૦૦/- દંડ ફટકારવામાં આવ્યો છે. સાથે જ કાપેલા વૃક્ષના બદલે બે ગણા વૃક્ષો વાવી તેમનો યોગ્ય ઉછેર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જો દંડની રકમ ૭ દિવસમાં ભરપાઈ ન થાય તો મિલકત પર બોજા તરીકે દાખલ કરવાની કાર્યવાહી કરાશે. ■

## કચ્છમાં મહત્તમ તાપમાન ઊંચું આવતાં ઠંડીમાં રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છને છેલ્લા બે માસથી સતત ધ્રૂજાવતી મારકણી ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહ્યો છે અને મહત્તમ અને લઘુતમ ઉષ્ણતામાનનો આંક છથી સાત ડિગ્રી સેલ્સિયસ જેટલો ઉપર આવતાં ઠારમાં નોંધપાત્ર ઘટાડો થતાં જનજીવન ધીરે-ધીરે થાળે પડી રહ્યું છે.

પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં બે દિવસ અગાઉ નોંધાયેલા નવ ડિગ્રી ન્યૂનતમ તાપમાન સામે શનિવારે ૧૨ ડિગ્રી સે. જેટલું લઘુતમ તાપમાન, જયારે ૨૯ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં તીવ્ર ટાઢોળાને કારણે મૂર્છિત થઇ ગયેલા જનજીવને ભારે રાહત અનુભવી હતી.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે, જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં લઘુતમ ૧૬ ડિગ્રી અને મહત્તમ તાપમાનનો આંક ૩૦.૧ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચો નોંધાતા આ ઐતિહાસિક શહેરે રાહતનો દમ લીધો હતો. મહાબંદર કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૫ ડિગ્રી સે. પર પહોંચી જતાં સમગ્ર કંડલા-ગાંધીધામ સંકુલ જાણે ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યું છે. ■

## રાજકોટમાં રૂ.૪૫૦૦૦ની લાંચ લેતા ભુજના નિવૃત્ત આયકર ઇન્સ્પેક્ટર સહિત ત્રણ અધિકારી એસીબીના છટકામાં ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજકોટ ખાતે રૂ.ચાર લાખના એરિયર્સ બિલને મંજૂર કરવાની અવેજમાં રૂ.૪૫ હજારની લાંચ માગનારા કેન્દ્રીય નાણાં મંત્રાલયના અધિકારી તથા ભુજના નિવૃત્ત ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર શૈલેશ કરસન ચૌહાણ સહિત ત્રણ અધિકારીઓને લાંચ રુશ્વત વિરોધી શાખાએ છટકું ગોઠવીને રંગેહાથ ઝડપી પાડતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

ગુજરાતમાં પ્રવર્તમાન ભ્રસ્ટાચારનું વરવું સ્વરૂપ દર્શાવતા આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદીનું રૂ. ચાર લાખનું એરિયસ બિલ મંજૂર કરવાના કામ માટે આરોપી રવિકુમાર સુરેશકુમાર જાંગીડ (આસિ. એકાઉન્ટ્સ ઓફિસર, વર્ગ-૨, ઝોનલ એકાઉન્ટ્સ ઓફિસ,મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, રાજકોટ)એ બિલના ૨૦ ટકા લેખે રૂ. ૮૦,૦૦૦ની લાંચની માગણી કરી હતી. 'ભાવતાલ'ના અંતે રૂ. ૫૦,૦૦૦ લાંચ આપવાનું નક્કી થયું હતું, જે પેટે રૂ.૫,૦૦૦ એડવાન્સમાં લેવાયા હતા. બાકીના રૂ. ૪૫,૦૦૦ ગત તા. ૩૦-૦૧ના રોજ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોઈ આ બાબતે તેઓએ લાંચ રૂશ્વત વિરોધી શાખાને જાણ કરતાં ગીરનાર ટોકીઝ પાસે, ઇન્કમટેક્સ ઑફિસની સામે આવેલી 'બજરંગ ઇમિટેશન' દુકાન પાસે મદદનીશ નિયામક જે.ડી. મેવાડના સુપરવિઝનમાં પોલીસ ઇન્સ્પેક્ટર આર. આર. સોલંકી અને તેમની ટીમના નેતૃત્વમાં છટકું ગોઠવાયું હતું.

આરોપી રવિકુમાર જાંગીડના કહેવાથી મૂળ ભુજના નિવૃત્ત ઇન્કમટેક્સ ઇન્સ્પેક્ટર શૈલેશ કે. ચૌહાણે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી હતી અને ત્યારબાદ ત્રીજા આરોપી અક્ષયભાઈ શૈલેશ વાગડિયા (કન્ટીજન પટાવાળા, ઇન્કમટેક્સ ઓફિસ, રાજકોટ)એ રૂ.૪૫,૦૦૦ની લાંચ સ્વીકારી એ વેળાએ ત્રણેય આરોપીને દબોચી લેવાયા હતા. આ ત્રણેય આરોપી વિરુદ્ધ એસીબીએ ગુનો નોંધી આગળની તપાસ હાથ હોવાનું એસીબીના વડા પીયૂષ પટેલે જણાવ્યું હતું. ■

## અબડાસાના વિંગાબેરમાં ૨૦૭ એકર ગૌચર જમીન પર પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા શખસ દ્વારા થયેલા અનધિકૃત દબાણોને હટાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના છેવાડાના વિંગાબેર ગામમાં સ્થિત ગૌચરની કિંમતી જમીન પર ચણી દેવામાં આવેલાં દબાણોને હટાવવા માટે સ્થાનિક વહીવટી તંત્રએ મેગા ઓપરેશન હાથ ધર્યું હતું. પશ્ચિમ કચ્છ વિસ્તારના પોલીસ વડા વિકાસ સુંડાની સૂચના બાદ, પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા આરોપી દ્વારા પચાવી પાડવામાં આવેલી અંદાજે ૨૦૭ એકર જેટલી સરકારી ગૌચર જમીનને પોલીસ અને મહેસૂલ વિભાગના સંયુક્ત કાફલાએ ભારે મશીનરીની મદદ વડે દબાણમુક્ત કરાવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, વિંગાબેર ગામના સર્વે નંબર ૨૧૫, ૨૧૮ અને ૨૨૦ ઉપર આવેલી ગૌચરની જમીન પર પ્રોહિબિશનના બે જેટલા ગુનામાં સંડોવાયેલા વનરાજાસિંહ ટપુભા સરવૈયા દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવ્યું હતું. અસામાજિક તત્ત્વો તેમ જ રાજકીય ઓઠા હેઠળ ફાવી ગયેલા ભૂમાફિયાઓ વિરુદ્ધ પશ્ચિમ કચ્છ પોલીસવડા વિકાસ સુંડાએ આદરેલી ઝુંબેશના ભાગરૂપે આ દબાણ હટાવવા માટે વહેલી સવારથી જ ઉચ્ચ અધિકારીઓનો કાફલો સ્થળ પર ત્રાટક્યો હતો. આ દબાણ હટાવવાની કામગીરીમાં ડી.વાય.એસ.પી. બી.બી. ભગોરાનાં માર્ગદર્શન હેઠળ નલિયા પી.આઈ. વી.બી. ઝાલા, કોઠારા પી.આઈ. પી.કે. રાડા અને જખૌ પી.એસ.આઈ. રાજવીરાસિંહ ગોહિલ સહિતનો પોલીસ કાફલો ચુસ્ત બંદોબસ્ત સાથે તૈનાત રહ્યો હતો. આ દબાણ હટાવો કામગીરીમાં અંદાજે ૨૦૭ એકર જેટલી વિશાળ જમીનને ખુલ્લી કરવામાં આવી હતી જેનો ઉપયોગ ગાયોનાં ચરિયાણ માટે ગૌચર તરીકે થશે. પ્રોહિબિશનના આરોપી દ્વારા સરકારી જમીન દબાવીને કરાતી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર તંત્રએ બ્રેક લગાવી દેતા પંથકના ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

## ભાવનગર સાઇકલ કલબ દ્વારા વિશ્વ કૅન્સર દિવસ અંતર્ગત આજે જનજાગૃતિ સાઇકલ રાઇડ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વિશ્વ કૅન્સર દિવસ અંતર્ગત સમાજમાં જનજાગૃતિ ફેલાવવાના હેતુથી ભાવનગર સાઇકલ કલબ દ્વારા ૧૨ કિ.મી.ની સાઇકલ રાઇડનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે તા.૪ ફેબ્રુઆરીને વિશ્વ કૅન્સર દિવસ તરીકે મનાવવામાં આવે છે જેથી તેના ભાગ રૂપે તા.૧ ફેબ્રુઆરી રવિવારના રોજ આ સાઇકલ રાઇડનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાઇકલ રાઇડ વેલેન્ટાઇન સર્કલથી શરૂ થઈ પાણીની ટાંકી, જવેલ સર્કલ, નિલમબાગ સર્કલ, જશોનાથ, ઘોઘા ગેટ, હાઈ કોર્ટ રોડ, ક્રેસન્ટ, ઘોઘા સર્કલ, રૂપાણી, આતાભાઇ અને સેન્ટ્રલ સોલ્ટ માર્ગે ફરી વેલેન્ટાઇન સર્કલે પૂર્ણ થશે. રાઇડનું ફ્લેગ ઑફ સવારે ૭:૦૦ કલાકે વેલેન્ટાઇન સર્કલ પરથી કરવામાં આવશે.

રાઇડ પૂર્ણ કરનાર તમામ સભ્યોને ભાવનગર સાઇકલ કલબ તરફથી ઈ-સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શહેરના નાગરિકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવી, કૅન્સર જેવા ગંભીર રોગ અંગે જનચેતના ફેલાવવી તથા સાઇકલિંગને દૈનિક જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રોત્સાહન આપવાનો છે. આ જનહિતકારી કાર્યક્રમમાં જોડાવા માટે ભાવનગર સાઇકલ કલબ દ્વારા શહેરના તમામ સાઇકલપ્રેમી નાગરિકોને અપીલ કરવામાં આવી છે. ■

## પૂર્વ કચ્છમાં સંગઠિત ગુના આચરતા ત્રણ શખસ વિરુદ્ધ અંજાર પોલીસ દ્વારા 'ગુજસીટોક' દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક હબ સમા પૂર્વ કચ્છમાં સંગઠિત થઇને ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા રહેતા ત્રણ શખસ વિરુદ્ધ અંજાર પોલીસ દ્વારા 'ગુજસીટોક' હેઠળ કાર્યવાહી કરતાં અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સિન્ડીકેટ બનાવીને અવારનવાર ગુના આચરતા રહેતા આરોપીઓ 'ધી ગુજરાત કંટ્રોલ ઑફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ ઍક્ટ ૨૦૧૫' હેઠળ, શિક્ષાપાત્ર ગુનાની વ્યાખ્યામાં આવતા હોઈ, તેમની સામે કડક કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષક સાગર બાગમારએ આદેશ કર્યા હતા. અંજારમાં રહેતા કિશોર ઉર્ફે રામ નાનુગર બાવા (ગુંસાઇ), દેવાંગ દિલીપ ચાવડા તથા મેઘપર બોરીચી લખુબાપા નગરના ખુશાલ રમેશગર ગોસ્વામી નામના શખસ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ આરોપીઓ લૂંટ, પ્રોહિબિશન, એટ્રોસિટી, મારામારી સહિતના ગુનાઓમાં સંડોવાયેલા છે. ખુશાલ વિરુદ્ધ સાત, દેવાંગ વિરુદ્ધ ચાર તથા કિશોર વિરુદ્ધ ત્રણ ગુના અગાઉ નોંધાયેલા છે. આ ટોળકી વિરુદ્ધ ગુજસીટોકની દરખાસ્ત તૈયાર કરી પોલીસે ન્યાયાલયની પરવાનગી માગી હતી. આ દરખાસ્ત મંજૂર થતાં આ ટોળકી સામે ગુજસીટોકની કલમો તળે ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

## કચ્છમાં પ્રવાસન સીઝનની પીક વચ્ચે સપ્તાહમાં બે વાર દોડતી ભુજ-મુંબઈ વિશેષ ટ્રેન ફેબ્રુઆરીના અંત સુધી દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભાતીગળ પ્રદેશ ધોરડો ખાતે ચાલી રહેલા રણોત્સવને માણવા માટે બહોળી સંખ્યામાં આવી રહેલાં પ્રવાસીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા કચ્છ-મુંબઈ વચ્ચે સપ્તાહમાં બે વખત દોડાવવામાં આવતી વિશેષ ટ્રેનને ફેબ્રુઆરી મહિનાના અંત સુધી લંબાવવામાં આવી છે.

આ અંગે રેલવેના જનસંપર્ક અધિકારીના જણાવ્યા અનુસાર, ૦૯૦૩૭ નંબરની વિશેષ ટ્રેન સપ્તાહમાં દર ગુરુવારે અને શનિવારે બાંદ્રાથી ઉપડી બીજા દિવસે સવારે ૫.૫૦ કલાકે ભુજ પહોંચે છે. બાંદ્રાથી તા.૫,૭,૧૨,૧૪,૧૯,૨૧ અને તા.૨૬ સુધી દોડાવવાનો હાલ નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ, ૦૯૦૩૮ નંબરની સ્પેશિયલ ટ્રેન ભુજથી દર શુક્રવારે અને રવિવારે સાંજે ૫.૪૦ કલાકે ઉપડી બીજા દિવસે સવારે ૮.૩૦ કલાકે બાંદ્રા પહોંચે છે. આ ટ્રેન આગામી ફેબ્રુઆરીમાં તા. ૬,૮,૧૩,૧૫,૧૯, ૨૨ અને તા. ૨૬ સુધી દોડાવવામાં આવશે.

આ ટ્રેનને પ્રવાસી વર્ગ તરફથી મળી રહેલા સારા પ્રતિસાદના લીધે ફેરા વધારવામાં આવ્યા હોવાનું જનસંપર્ક અધિકારીએ ઉમેર્યું હતું. ■

## મોરબીમાં મનપાના પૂર્વ ઉપાધ્યક્ષ પિતા-પુત્રની હત્યાના કેસના આરોપીને આજીવન કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીમાં નગરપાલિકાના માજી ઉપપ્રમુખ અને તેમના પુત્રની ૨૦૨૧માં થયેલી હત્યાનો ચુકાદો આવ્યો હતો. આ હત્યાના ચાર આરોપીને આજીવન કેદની સજા આપવામાં આવી હતી અને સાથે રૂ. ૩૦,૦૦૦નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. મોરબીના વિસીપરા મદીના સોસાયટીમાં રહેતા નગરપાલિકાના માજી ઉપપ્રમુખ ફારૂકભાઈ મોટલાણી અને તેમના પુત્ર ઈમ્તિયાઝ મોટલાણીની તેમના જ ઘરમાં ઘૂસીને હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ ફારૂકભાઈનાં પત્ની રઝિયાબેને મોરબી બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપી આસિફ રહીમભાઈ સુમરા, રફીક તાજમામદ જેડા, અસો જાકમભાઈ ભટ્ટી, જુસો જાકમભાઈ ભટ્ટીએ નગરપાલિકાની ચૂંટણી દરમિયાન થયેલા મતભેદોને કારણે ઘરમાં ઘૂસી હત્યા કરી હતી. પોલીસે ઉપરોક્ત ચારેય આરોપીઓની ધરપકડ કરી હતી. કોર્ટે તેમને દોષી કરાર ઠરાવી આજીવન કેદની સજા ફટકારી હતી. ■

## સુરેન્દ્રનગરના માલવણ હાઈવે પર એક કરોડથી વધુના દારૂ સાથે એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાંથી મોટો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે સુરેન્દ્રનગરના માલવણ હાઈ વે પરથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો હતો. હાઈ વે પર આવેલી એક હોટેલના કમ્પાઉન્ડમાંથી અંદાજે રૂ. ૧.૫૦ કરોડ રૂપિયાની કિંમતનો દારૂ મળી આવ્યો હતો. આટલા મોટા જથ્થામાં દારૂ ભરેલી ટ્રક મળતા ચર્ચા જાગી હતી. ચોક્કસ બાતમીના આધારે એસએમસીની ટીમે માલવણ હાઈવે પર આવેલી હોટલના કમ્પાઉન્ડમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અહીં પાર્ક કરેલી એક શંકાસ્પદ ટ્રકની તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. એસએમસીની ટીમને બાતમી મળી હતી અને તેના આધારે તેમણે સર્ચ ઑપરેશન હાર્થ ધરતા ટ્રક મળી આવી હતી, જેમાં તપાસ કરતા રૂ. ૧.૫૦ કરોડની કિંમતના દારૂની બોટલના બોક્સ મળી આવ્યાં હતાં. પોલીસે ઉત્તર પ્રદેશથી આવેલા ટ્રક ડ્રાઇવરની પૂછપરછ કરી હતી અને વિશેષ તપાસ હાથ ધરી હતી. ■

## ભાવનગરની જેલમાં જયરાજ આહિરને હવે ઘરનું ટિફિન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બગદાણાના કોળી યુવાન નવનીત બાલથિયા ઉપર થયેલ હુમલામાં ઝડપાયેલ જયરાજ આહિર હાલ ભાવનગર જેલમાં છે. જયરાજને જેલમાં ઘરનું ટિફિન આપવાની મંજૂરી આપવામાં આવી છે.

ભાવનગર જિલ્લાના બહુચર્ચિત બગદાણાના કોળી યુવક નવનીત બાલધિયા પર હુમલા પ્રકરણમાં ૨૫ જાન્યુઆરીના રોજ આરોપી જયરાજ આહિર ધરપકડ થયા બાદ ભાવનગર જેલ માં એન્ટ્રી થઈ હતી. મળતી માહિતી અનુસાર જયરાજ આહીરને પ્રથમ ભાવનગર જિલ્લા જેલની અંદર આફ્ટર બેરેકમાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૭ જાન્યુઆરીના રોજ જયરાજ આહિરને ૧૧ નંબરની બેરેક ફાળવવામાં આવી છે. જયરાજ આહિરના પરિવારજનોએ તેની માટે બિસ્તરા અને ટિફિન માટે અરજી કરી હતી, જે મંજૂર કરવામાં આવી છે. છ દિવસ જેલનું ભોજન લીધા બાદ હવે જયરાજને ઘરનું જમવાનું મળશે. ■

## બાળસિંહ ૫૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબક્યું ભારે જહેમત બાદ બહાર કઢાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર-ગઢડાના જંગલ વિસ્તારમાં રહેતા જંગલી પ્રાણીઓનું જંગલ બહાર હરવા ફરવાનું સાવ સામાન્ય થઈ ગયું છે. જોકે આ પ્રાણીઓને લીધે જેમ સામાન્ય લોકો માટે ખતરો ઊભો થાય છે, તેમ પ્રાણીઓ પર પણ જીવનું જેખમ રહે છે. આવી જ એક ઘટનામાં ગીરના ઝાંઝરીયા ગામની સીમમાં એક છએક માસનું સિંહબાળ કૂવામાં પડી ગયું હતું. વન વિભાગે મહામહેનતે તેને બહાર કાઢ્યું હતું. ઝાંઝરિયા ગામની સીમમાં આશરે ૪૫થી ૫૦ ફૂટ ઊંડો કૂવો આવેલો છે. અહીં રસ્તો ભટકેલું સિંહબાળ આવી ચડ્યું હતું અને કૂવામાં ખાબકી પડ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ વાડીમાલિકે જસાધાર વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગ માટે આ રેસ્કયુ ખૂબ જ જોખમી હતું. સિંહબાળ બહાર નીકળવા માટે હવાતિયાં મારતું હતું અને પાણી હોવાથી મોઢું જ બહાર દેખાતું હતું. વનકર્મીઓએ પોતાના શરીર પર દોરડા બાંધી, કૂવામાં ઊતરી સિંહબાળને બચાવ્યું હતું. ■